# પ્રસ્તાવના

જગતમાં પ્રાણીમાત્રને આશ્રયસ્થાનની આવશ્યકતા રહે છે. પ્રાગૈતિહાસિકકાળમાં પર્વતોની ગુફાઓમાં અને સપાટ પ્રદેશો કે જંગલોમાં ઘાસની પર્ણકૂટિ બનાવીને મનુષ્યો રહેતાં હતાં. જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ મનુષ્યો ઘર બાંધીને રહેવા લાગ્યાં. પક્ષીઓ પણ વૃક્ષ ઉપર માળા બાંધીને રહે છે. જીવજંતુઓ પણ ખૂણો ખાંચરો શોધી કાઢી આશ્રયસ્થાન બનાવી લે છે.

મનુષ્યોના વસવાટ માટે ગામો અને નગરો થતાં ગયાં. જેમાં સામાન્યથી લઈ રાજભવનો સુધીનાં મનુષ્યો માટેનાં ગૃહો બંધાવાની સાથે દેવમૂર્તિની કલ્પના અને તેમની સ્થાપના માટે દેવાલયો પણ બંધાવા લાગ્યાં. રાજાઓ અને શ્રીમંતોનાં ભવનો ઘણાં સુખ-સગવડવાળાં બંધાવા માંડયાં. આમ બાંધકામ વિદ્યાનો (વાસ્તુશાસ્ત્રનો) વિકાસ થયો છે. वसनिवासे ધાતુ ઉપરથી વાસ્તુ શબ્દ ઉદ્‌ભવ્યો છે અને તેના એક દેવની કલ્પના પૂર્વાચાર્યોએ કરી તેનાં અંગ-ઉપાંગો ઉપર દેવતાઓનો વાસ માન્યો (કલ્પ્યો) છે. આ બધું સમજીને ભૂમિની પરીક્ષા કરી વિધિપુરઃસર (નિયમાનુસાર) તે બધું સંપન્ન થાય તે માટેનું શાસ્ત્રીય જ્ઞાન આપવા માટે અનેક ગ્રંથોની રચના કરવામાં આવી છે.

આ ગ્રંથમાં ભૂમિપરીક્ષાથી લઈ વાસ્તુના મર્મોપમર્મ વગેરે સમજાવી પુર, નગર કે ગ્રામ વસાવવા માટે પહેલાં તેની ભૂમિની પરીક્ષા કરવાનું કહ્યું છે. વાસ્તુના શરીરનાં મર્મસ્થાન સંભાળીને તે છોડી દઈ ભવનના નકશાની (પ્લાનની) રચના કરવી જોઈએ એમ કહેવામાં આવ્યું છે. અને તે માટે યોગ્ય ભૂમિની સમજણ અને શલ્ય શોધન પણ દર્શાવ્યું છે.

ષોડશ ગૃહોની ઉત્પત્તિ લઘુગુરુના પ્રસ્તાર ભેદથી કહી છે. કાવ્ય અને સંગીતમાં પણ લઘુગુરુના ક્રમ ભેદની રચનાથી જુદાં જુદાં રાગ-રાગિણી ઉત્પન્ન થાય છે. આપણા પૂર્વાચાર્યોએ આ રીતે શાસ્ત્રોની સુંદર રચના કરી છે. તેથી આ ગ્રંથમાં તેનું ખાસ વિવેચન કર્યું છે.

સભાષ્ટક, સિંહાસન, વેદિકા, છાદ્યના ષડ્‌છંદ, ગવાક્ષના પ્રકાર અને તેની પરિભાષાઓ, પ્રાસાદ-વાસ્તુનાં અંગો-ઉપાંગો, સ્તંભ વિભાગ, વિતાન (ઘુંમટ)ના થરો, જુદા જુદા પ્રકારના મંડપોની રચનાના પ્રકાર, જુદા જુદા પ્રકારના વેધ વિચાર, દોષો, ગૃહાદ્‌ભુત અને વૃક્ષાદ્‌ભુતથી થતા વેધ દોષો, પુર-નગરના જુદા જુદા પ્રકારો, તેમનાં સ્વરૂપો, માર્ગ-વ્યવસ્થા, દુર્ગ લક્ષણ, જુદા જુદા પ્રકારનાં જલાશયો, વાવ-કૂવા, તળાવ, કુંડ વગેરે, વાસ્તુદ્રવ્યોનાં નામકરણ, હસ્તલક્ષણ, માન-પ્રમાણ, પ્રતિમા-વિધાન, ત્રિમૂર્તિ, ગણેશ, માતૃકા, દુર્ગા, સૂર્ય, નવગ્રહ, દિક્‌પાલ વગેરે દેવો, દેવાંગનાઓ, દેવકન્યાઓ, દેવોનાં આયુધો, ષોડશ આભરણો, જૈન તીર્થંકરો, યક્ષયક્ષિણી, વિદ્યાદેવીઓ એમ વિષયો આપી પછીના અધ્યાયમાં ભારતના પ્રાચીન દેશોનાં નામો સંખ્યા સંજ્ઞા, વૃક્ષકાષ્ટ વગેરે ઉપયોગી વાસ્તુવિદ્યાના વિષયો ઉપર વિવરણ કરી શિલ્પના રત્નાકરસાગરને નિઘંટુ નામની ગાગરમાં સમાવવા પ્રયત્ન કરેલો છે અને તેથી આ ગ્રંથને વાસ્તુ-નિઘંટુ એવું નામ આપવામાં આવ્યું છે.

વાસ્તુનિઘંટુ–શિલ્પ સ્થાપત્યની પરિભાષાવાળા શબ્દકોશની આવશ્યકતા વિષે ઘણા વિદ્વાનોએ તે વિષય હાથ ઉપર લેવા મને અવાર નવાર કહેલું, તેઓનું કહેવું એમ હતું કે પારિભાષિક શબ્દકોશનું નિર્માણ તે વિષયોનો જ્ઞાતા જ સારી રીતે કરી શકે. શિલ્પ સ્થાપત્યની પરિભાષાના વાસ્તવિક જ્ઞાનની અપેક્ષાથી અમારા ઉપર કોશ રચવાનો ભાર મૂકતો આગ્રહ ઘણા વખતથી હતો. પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝીયમના ડાયરેક્ટર સ્વ. શ્રી મોતીચંદભાઈએ અને ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે પણ મને આ વિષય ઉપર લખવા કહ્યું, તેના પરિપાક રૂપે આજે આ કૃતિ રજૂ કરું છું.

ગુજરાત યુનિવર્સિટીએ પારિભાષાના શબ્દો અંગેની કમિટીમાં વિદ્વાનોની નિમણૂંક કરેલી, તેમાં મારી નિમણૂંક થઈ હતી. મારા જ્યેષ્ઠ પુત્ર બળવંતરાયને ગુ. યુનિવર્સિટીએ કમિટીમાં લીધેલા. કેટલુંક કામ તેમણે કરેલું, પણ કમનસીબે બળવંતરાયનું હિમાલયમાં નિધન થવાથી એ કાર્ય પડી રહેલું. જેથી સમય મળતાં મેં સ્વર્ગસ્થની ઇચ્છાનુસાર આ કાર્ય તેમની સ્મૃતિમાં ગ્રંથ રૂપે કર્યું છે.

વાસ્તુશિલ્પસ્થાપત્યના કેટલાક શબ્દો શિલ્પીઓની ભાષાના છે. તેનો શિલ્પીઓની વ્યવહારુ ભાષામાં અનુવાદ કરેલો છે. આથી તેના વ્યાકરણ દોષાદિ તરફ વિદ્વાનોને દુર્લક્ષ સેવવા વિનંતિ કરું છું. સંસ્કૃત વ્યાકરણ શુદ્ધિ યથાશક્ય સાચવી છે.

આ ગ્રંથમાં બાર જુદા જુદા વિભાગ પાડેલા છે. પ્રત્યેક વિષય ઊપર સામાન્ય વિવેચન કરી પાછળ તેના પારિભાષિક શબ્દો આપી તેમના સરલ ભાષામાં અર્થ આપેલા છે. પ્રત્યેક વિષય ઉપર સામાન્ય વિવેચન આપવાથી તે વિષય વાચકના લક્ષમાં ઉતરે અને તે પછી શબ્દોનું સ્થાન આપેલું હોવાથી વિષયનું જ્ઞાન થયા પછી તેનો વ્યવહારિક અર્થ બરાબર સમજાય તેમ છે. આથી મેં વિષયો ઉપર વિવેચન લખેલું છે. અહીં કેટલાક શબ્દો બે ત્રણ વખત પણ આવી જાય છે. કારણ કે તે પ્રથમ વિષય સાથે અને પછી શબ્દ સંગ્રહમાં આવે છે, તે છે.

આમ પ્રત્યેક વિષય પછી તેને લગતો શબ્દસંગ્રહ આપેલો છે, તેમજ અકારાદિ ક્રમે પાછળથી કેટલાક શબ્દો આપેલા છે. આ પારિભાષાના શબ્દોનો અંગ્રેજી અનુવાદ તે ભાષાના મારા જ્ઞાનની બહારની વાત હોવાથી મારાથી આપી શકાયો નથી.

સંવત ૨૦૩૪ **પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા**

અમદાવાદ સ્થપતિ, શિલ્પવિશારદ

# સંપાદકીય

સને ૧૯૭૪ના પાછલા ભાગમાં શ્રી. પ્રભાશંકરભાઈ સોમપુરા સાથે મારો પરિચય થયો. તે વખતે તેઓશ્રીએ વાસ્તુનિઘંટુની પ્રેસકોપી લગભગ તૈયાર કરી દીધી હતી અને બીજાં બે ત્રણ પુસ્તકો તૈયાર કરી રહ્યા હતા. જેમાંના એક બે માટેનું પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ સાહિત્ય મેળવવા તેમણે છેક નેપાળ સુધી પ્રયત્ન કરેલો તેની તેમણે મને વાત કરી તેમજ તેમનાં ગ્રંથો શુદ્ધ અને સુઘડ બને તેવી ઇચ્છા દર્શાવી તે પુસ્તકો મને જોઈ જવા આપ્યાં હતાં.

મારા જ્યોતિષ્ શાસ્ત્રના અભ્યાસ દરમ્યાન બૃહત્સંહિતા અને મૂહૂર્તોના ઘણા ગ્રંથોમાં વાસ્તુપ્રકરણ એક ખાસ વિભાગ તરીકે આવતું હોવાથી મને તેનો અભ્યાસ હતો, તેમજ રાજવલ્લભ, આયતત્ત્વ, જયપૃચ્છા વગેરે ગ્રંથોનો મને ઠીકઠીક પરિચય હોવાથી અને મારામાં શિલ્પશાસ્ત્ર પ્રત્યે સ્વાભાવિક રુચિ હોવાથી તેમની સાથેના વાર્તાલાપમાં મને રસ પડતો, તેથી તેમનું સોંપેલું કાર્ય મેં સહર્ષ સ્વીકારી લીધું હતું. પરંતુ સને ૧૯૭૫ની સાલમાં મને આંખે મોતીઓ આવવો શરૂ થયો હતો અને વાંચવા લખવામાં અડચણ પડવા લાગી હતી, છતાં શાસ્ત્રીય અભ્યાસની અભિરુચિને કારણે હું તેમના સોંપેલા કાર્યને પુરું કરવા પ્રયત્નશીલ રહ્યો હતો.

આ વખતે નાગદામાં બિરલા શેઠ તરફથી (ગ્વાલિયરરેયોન તરફથી) શેષશાયી ભગવાનનું ભવ્ય મંદિર તેઓ બાંધી રહ્યા હતા. તેમાં શિલાસ્થાપનથી લઈ દેવપ્રતિષ્ઠા પર્યંતનાં કાર્યો તેમણે મારા હાથે સંપન્ન કરાવ્યાં હતાં, અને આમ તેમનો અને મારો સંબંધ ગાઢ બની ગયો હતો.

તેઓશ્રીએ તૈયાર કરેલી વાસ્તુનિઘંટુની પ્રેસકોપીમાં મને કેટલીક ભાષાકીય ક્ષતિઓ દેખાવાથી મેં તેની નવેસરથી પ્રેસકોપી કરી આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમણે તે સ્વીકારી તેમના વાસ્તુસાર પુસ્તકના સંશોધનનું કાર્ય પણ હું કરી આપું તેવી ઇચ્છા પણ દર્શાવી. પરંતુ આ સમયે મારી આંખો વધારે બગડતી જવાથી તે બંને કામ મારી દિકરી ભારતીબહેને મારી દેખરેખ નીચે તૈયાર કરી આપ્યાં. પરંતુ આ અરસામાં શ્રીસોમપુરાજીનો સને ૧૯૭૮માં સ્વર્ગવાસ થવાથી અને સને ૧૯૮૦ માં મારી બન્ને આંખોમાં મોતીયાનાં ઓપરેશનોના કારણે લગભગ ૨૭ ફરમા જેટલું કામ છપાઈ ગયું હતું, છતાં આગળનું કામ મારાથી થઈ શકયું નહિ, આનો મને ખેદ રહ્યા કરતો હતો.

છેવટે મેં મારા મિત્ર બનાસકાંઠા કૉલેજ પાલનપુરના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ શ્રી નટવરલાલ એસ. યાજ્ઞિક પાસે શ્રીસોમપુરાજીએ પસંદ કરેલા શબ્દોનાં લિંગ, આદિ સાથે ગુજરાતી અર્થો લખવાનું કાર્ય નવેસરથી કરાવી ગ્રંથને પુરો કરાવ્યો છે. અને આજે તે સંપૂર્ણ થઈ વિદ્વાનો અને શિલ્પરસિકોની સમક્ષ મૂકવાનો પ્રસંગ મળ્યો છે તે માટે પરમાત્માની ખુબ ખુબ અનુકંપા અનુભવું છું.

શ્રીચંદ્રકાન્તભાઈએ તેમના દાદાનું અધુરું રહેલું આ કાર્ય જલ્દી પુરુ થાય તેવી પ્રબળ ઇચ્છા રાખી ગ્રંથ છપાઈને પુરો થાય તે માટે મને અવારનવાર કહેતા રહ્યા હતા. આજે તેમના ઉત્સાહથી આ કાર્ય પૂર્ણ થયું છે, જેથી તેઓ અને તેમના પરિવારના બીજા સજ્જનો શિલ્પશાસ્ત્રના પોતાના પરંપરાગત જ્ઞાનને વિકસાવી રહ્યા છે અને શિલ્પશાસ્ત્રના રસિકોના તથા વિદ્વાનોના આશીર્વાદના ભાગી બન્યા છે.

અશ્વિન શુકલ ૫ શુક્રવાર, સંવત ૨૦૪૧
૧૩, કામદુર્ગા સોસાયટી વિભાગ ૧
નારણપુરા ચાર રસ્તા પાસે, **અમદાવાદ ૧૩**

**હિમ્મતરામ મહાશંકર જાની**

# ગ્રંથકર્તાનો સંક્ષિપ્ત પરિચય

સ્થપતિ શ્રી. પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા શિલ્પવિશારદનો જન્મ સૌરાષ્ટ્રમાં આવેલા સુપ્રસિદ્ધ જૈન તીર્થસ્થળ પાલિતાણામાં પ્રસિદ્ધ કલામર્મજ્ઞ શિલ્પી કુટુંબમાં સંવત ૧૯૫૨ ના અધિક જેઠ સુદ ૧ ને બુધવાર તા. ૧૩-૫-૧૮૯૬ ના રોજ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ઓઘડભાઈ ભવાનજીભાઈ સોમપુરા અને માતાનું નામ શિવકુંવરમા હતું ગોત્ર ભારદ્વાજ અને અટક પાઠક હતી. સોમપુરા શિલ્પીઓ પોતાની શિલ્પકળા માટે ભારત વર્ષમાં ખૂબ જાણીતા છે. શૈવ, વૈષ્ણવ, અને જૈન આદિ ધર્મનાં અનેક રમણીય અને અમૂલ્ય કલાકૃતિથી શોભતાં મંદિરોના સર્જકો મોટે ભાગે સોમપુરા શિલ્પીઓ જ હોય છે. શ્રી પ્રભાશંકરભાઈના પૂર્વજોએ આવાં અમૂલ્ય સર્જનો સર્જેલાં છે. તેમની ચોથી-પાંચમી પેઢીએ થઈ ગયેલા શ્રી રામજીભાઈએ શેત્રુંજા પર્વતની ટોચ ઉપર શેઠ મોતીશાની ટુંકનું જૈન મંદિર આદિ ઘણું કામ પોતાની અનુપમ કલાથી સર્જી બતાવ્યું છે, તેથી તેની સ્મૃતિમાં મંદિરોના પ્રવેશદ્વારને રામજીપોળ એવું નામ આપવામાં આવ્યું છે. શ્રી પ્રભાશંકરભાઈના પિતાશ્રી ઓઘડભાઈએ સૌરાષ્ટ્રમાં થાનની પાસે ત્રિનેત્રેશ્વર મહાદેવનું (તરણેતરનું) પ્રખ્યાત મંદિર બાંધ્યું છે, જે પોતાની શિલ્પકળાથી અદ્વિતીય જેવું છે.

શ્રી. પ્રભાશંકરભાઈએ સાત ગુજરાતી સુધી તથા થોડોક સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી નાનપણથી પોતાના વંશપરંપરાગત કારોબારમાં ઝંપલાવ્યું હતું. એક જન્મસિદ્ધ કુશળ કારીગર હોવા છતાં તેમનામાં શિલ્પશાસ્ત્રનું સાંગોપાંગ જ્ઞાન મેળવવાની તીવ્ર અભિરૂચિ હોવાથી તેમણે પોતાના ઘરમાં પૂર્વજોએ સંગ્રહેલા શિલ્પશાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ કરવા માંડયો હતો. પોતાના સંસ્કૃત ભાષાના અપૂર્ણ અભ્યાસને કારણે પડતી અડચણોની પરવા કર્યા વગર જિજ્ઞાસુ ભાવે અનુભવી શિલ્પીઓ તેમજ સંસ્કૃત ભાષાના વિદ્વાનોનો સંપર્ક સાધી પોતાના અભ્યાસને આગળ ધપાવી રાખ્યો હતો અને કલા કૌશલ્ય ભરેલા શાસ્ત્રીય રીતિ મુજબનાં દેવ પ્રાસાદો રચવાની ઉત્કૃષ્ટ ઇચ્છા ધરાવી હતી

સને ૧૯૪૭ માં ભારતને સ્વાતંત્ર્ય મળ્યા બાદ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રબળ પ્રેરણાથી ઈતિહાસ પ્રસિદ્ધ પ્રભાસપાટણના મહંમદ ગીઝની દ્વારા નષ્ટ-ભ્રષ્ટ થયેલા સોમનાથ મંદિરનું તેના મૂળ સ્થળે નવનિર્માણ કરવા માટે શ્રી. ક. મા. મુન્શી અને જામનગરના નામદાર જામસાહેબ જેવા મહાનુભાવોની એક કમિટિ બની હતી. એ કમિટિએ શ્રી પ્રભાશંકરભાઈની તે કાર્યના મુખ્ય સ્થપતિ તરીકે વરણી કરી અને શ્રી પ્રભાશંકરભાઈએ પોતાનો અભ્યાસ, અનુભવ અને આંતરિક અભિરુચિ ત્રણેનો સુમેળ સાધી રૂા. પચાસ લાખના ખર્ચે શ્રી. સોમનાથ ભગવાનનો ભવ્ય મહામેરૂ પ્રાસાદ બાંધ્યો અને

તે સમયના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે ભગવાન સોમનાથની સને ૧૯૬૦માં પુનઃ પ્રતિષ્ઠા થઈ. આ પ્રસંગે શ્રી સોમપુરા શિલ્પસાહિત્યને લગતો દીપાર્ણવ નામે એક ગ્રંથ રચી પ્રસિદ્ધ કર્યો હતો. જેથી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીના હસ્તે તેમને શાલ દુશાલા સાથે રૂ. ચાર હજારની બક્ષીસ આપી બહુમાન કર્યું હતું અને જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજીએ શિલ્પવિશારદની પદવી આપી હતી.

આ પછી તો તેમની કીર્તિ ચારે તરફ ફેલાઈ ગઈ અને અનેક મંદિરો બાંધવાનો તેમને સુયોગ પ્રાપ્ત થયો. જેમાં કલ્યાણનું વિઠોબા મંદિર, (મહારાષ્ટ્ર) લકુલીશ મંદિર (કાયાવરોહણ, કારવણ જીલ્લો વડોદરા), પંચાસરાનું જૈન મંદિર પાટણ (ઉત્તર ગુજરાત), આગમ મંદિર પાલિતાણા (સૌરાષ્ટ્ર), ઉમા મહેશ્વર મંદિર રેણુગુંદા (આન્ધ્ર), મહાદેવનું મંદિર કાશી નજીક મીરઝાપુર, (ઉત્તર પ્રદેશ), ભવ્ય શેષશાયી ભગવાનનું મંદિર નાગદા (મધ્ય પ્રદેશ) અને દ્રવિડ શૈલીનું શિવ મંદિર એલિસબ્રીજ પશ્ચિમ છેડે અમદાવાદ (ગુજરાત) આદિ પ્રખ્યાત મંદિરો તેમણે બાંધ્યાં છે. નાનાં મોટાં અનેક શૈવ, વૈષ્ણવ અને જૈન મંદિરો તેમણે બાંધ્યાં છે, શિલ્પશાસ્ત્રના લગભગ ૨૦ થી અધિક સંસ્કૃત પ્રાચીન ગ્રંથોનું સંપાદન (ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાન્તર, પુષ્કળ વિવેચન સાથે) અને પ્રકાશન કરવાની પ્રવૃત્તિ તેમણે હાથ ધરી હતી જેમાંથી ૧૪ ગ્રંથો પ્રસિદ્ધ થઈ ચૂકયા છે.

તેમની આ બધી પ્રવૃત્તિની કદર કરી ભારત સરકારે સને ૧૯૭૩માં તેમને પદ્મશ્રીનો ઇલકાબ આપ્યો હતો. આવા સ્વભાવસિદ્ધ ભારતીય શિલ્પવિદ્યાના તેજસ્વી તારાનો સંવત ૨૦૩૪ ના વૈશાખ વદ ૭ ને રવિવાર તા. ૨૮-૫-૧૯૭૮ ના રોજ અસ્ત (સ્વર્ગવાસ) થવાથી ભારતને ન પુરાય તેવી ખોટ પડી છે.

શ્રી સોમપુરાનાં સંતાનોમાં (૧) બળવંતરાય (૨) વિરેન્દ્રભાઈ (૩) હર્ષદભાઈ અને (૪) ધનંજયભાઈ (ધનુભાઈ) એમ ચાર પુત્રો તથા (૧) રમાબહેન અને (૨) કૃષ્ણાબહેન એમ કુલ ૭ સંતાનો થયા છે. તેમની પત્નીનું નામ મોતીબહેન હતું જેમનો દેહવિલય આ વર્ષે જ થયો છે. આમાંથી પુત્ર સ્વ. શ્રી બળવંતરાય પ્રભાશંકર સોમપુરા શિલ્પશાસ્ત્રવિશારદનો જન્મ તા. ૧૩-૧-૧૯૧૯ ના રોજ અને સ્વર્ગવાસ તા. ૧૬-૯-૧૯૬૯ ના રોજ થયો છે.

તેઓશ્રી નાનપણથી જ પોતાના વંશપરંપરાગતના શિલ્પીના વ્યવસાયમાં જોડાઈ ગયા હતા. તેઓ આ વ્યવસાય કરતાં કરતાં મકાનોના બાંધકામનું કાર્ય પણ કરતા હતા.

તેઓએ ઘણાં જૈન તેમજ વિષ્ણુ મંદિરો બાંધ્યા છે. જેમાં મુખ્યત્વે રામજી મંદિર ચાફળ (મહારાષ્ટ્ર), વિઠોબા મંદિર (કલ્યાણ), શામળાજી મદિરનો જીર્ણોદ્ધાર (શામળાજી), રેણુકેશ્વર મહાદેવ મંદિર

રેણુંકૂટ, (ઉ. પ્ર), જૈન દેરાસર (માટુંગા મુંબઈ), વગેરે છે. તદુપરાંત પલિતાણામાં નાનાં મોટા બીજાં ઘણાં જૈન મંદિરો તેમણે બનાવ્યાં છે. દિલ્હીમા ગાંધીદર્શન પ્રદર્શનમાં "માય લાઇફ ઇઝ માય મેસેજ પેવેલીયન"નું પત્થરનું બધું કામ તેમણે કરેલું હતું.

આ ગ્રંથ વાસ્તુનિઘંટુ બનાવવા પાછળ તેમણે શરૂઆતમા ખૂબ મહેનત કરી છે. ગુજરાત યુનિવર્સિટીએ ઘણાં વર્ષો પહેલાં એક કમિટિ સ્થાપી હતી જેમાં શિલ્પ–સ્થાપત્ય તેમજ લલિતકલાના પારિભાષિક શબ્દો અંગે એક પુસ્તક તૈયાર કરવાનું હતું. પરંતુ સંયોગવશાત્ તે પુરૂં થઇ શક્યું નહિ. તે વખતે સ્વ. શ્રી બળવંતરાયે આ ગ્રંથમાંના ઘણા શબ્દો માટે મહેનત કરી હતી. તેમની એ મહેનત જોઈને જ આ ગ્રંથ તૈયાર કરવા માટે મારા દાદા શ્રી પ્રભાશંકરભાઇને ઇચ્છા થયેલી અને તે તેમણે તેમની હયાતિમાં પુરો કર્યો હતો. આ ગ્રંથની પ્રેસ કોપી થતી હતી તેવામાંજ તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો અને કામ અટકી પડયુ હતું. જે હવે બહાર પડે છે ત્યારે મારા પિતાશ્રી બળવંતરાય અને દાદાશ્રી પ્રભાશંકર ભાઈની મહેનત ફળીભૂત થયાનો આનંદ થાય છે.

**ચંદ્રકાન્ત બળવંતરાય સોમપુરા**



---

**શુદ્ધિપત્ર :**

આ પુસ્તકમાં જોડણીઓમાં ભૂલો રહી ગઈ છે પણ તેથી શબ્દનો ખોટો અર્થ થાય તેવું નહી હોવાથી શુદ્ધિપત્ર આપ્યું નથી, વાંચકે ભૂલો સુધારી વાંચવા વિનંતિ છે.

# પ્રકરણનુક્રમણિકા


| પ્રકરણ ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | વાસ્તુનાં અષ્ટાંગ | ૧ |
| ૨ | ભૂમિપરીક્ષા ( ભૂમિનાં લક્ષણો ) | ૩ |
| ૩ | વાસ્તુપુરુષ અને મર્મોપમર્માદિ | ૧૩ |
| ૪ | ગૃહ (ગૃહસ્થોનાં ઘર) | ૩૩ |
| ૫ | રાજભવન–રાજવેશ્મ–રાજમહેલ | ૩૮ |
| ૬ | દેવપ્રાસાદ | ૪૬ |
| ૭ | વેધદોષવિચાર | ૧૭૨ |
| ૮ | નગર વિધાન અને દુર્ગવિધાન | ૧૮૩ |
| ૯ | જલાશય | ૧૯૪ |
| ૧૦ | પ્રતિમાવિધાન | ૨૦૦ |
| ૧૧ | જૈન ચોવિશ તીર્થંકરોનાં લાંછન તથા યક્ષ–યક્ષિણી | ૨૧૩ |
| ૧૨ | ભારતના પ્રાચીન દેશોનાં વર્તમાનમાં નામ અને શબ્દોના અર્થ | ૨૧૫ |

# વિષયાનુક્રમણિકા


| પ્રકરણ વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **૧ વાસ્તુનાં અષ્ટાંગ** | ૧ |
| અષ્ટાંગ વાસ્તુ | ૧ |
| વાસ્તુવિદ્યાની અંગર્ગત સ્થાપત્ય અને સ્થાપત્યની અંતર્ગત શિલ્પ | |
| પ્રાચીન આચાર્યોએ કહેલા અષ્ટ-આઠ અંગોમાં સંક્ષેપમાં નીચે પ્રમાણેનાં અર્થ સમાયેલા હોય છે. | ૨ |
| **૨ ભૂમિપરીક્ષા** (ભૂમિનાં લક્ષણો) | ૩ |
| ભૂમિપરીક્ષા | ૩ |
| વર્ણ (જાતિ) પ્રમાણે ગ્રહણ કરવાયોગ્ય ભૂમિ | ૩ |
| ભૂમિપરીક્ષા માટે સમરાંગણ સૂત્રધારમાં કહેલી વિશેષતા | ૪ |
| ઉત્તમ ભૂમિનું લક્ષણ (શુદ્ધભૂમિ) | ૪ |
| ભૂમિના દોષ | ૫ |
| પ્લવ | ૫ |
| દુષ્ટભૂમિ (શલ્યદોષ) | ૬ |
| શલ્યશોધન પ્રકાર | ૮ |
| વર્ગદર્શક કોષ્ટક | ૮ |
| ગૃહારંભકાલ | ૯ |
| શિલાસ્થાપન કાલ | ૯ |
| કાર્યારંભવિધિ | ૯ |
| શિલાન્યાસ (શિલાસ્થાપન ખાતપૂજન) | ૯ |
| કૂર્મસ્થાપન | ૯ |
| શિલાઓનાં નામ, ચિહ્ન અને દિશાઓનું કોષ્ટક | ૧૦ |

| પ્રકરણ વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **૩ વાસ્તુપુરુષ અને મર્મોપમર્માદિ** | ૧૩ |
| આધારશિલા (લક્ષણ) | ૧૧ |
| શિલાવિન્યાસ પ્રકાર | ૧૨ |
| વાસ્તુપુરુષની ઉત્પત્તિ | ૧૩ |
| વાસ્તુપુરુષનું સ્વરૂપ | ૧૩ |
| વાસ્તુપુરુષના અંગ વિભાગ અને દેવો (પદ) | ૧૫ |
| પદની સંખ્યાના ભેદથી ૧૧ પ્રકારનાં વાસ્તુમંડળ | ૧૬ |
| ચોસઠ પદનું વાસ્તુમંડળ | ૧૭ |
| એકાશી પદનું વાસ્તુમંડળ | ૧૮ |
| સો પદનું વાસ્તુમંડળ | ૧૯ |
| વાસ્તુક્ષેત્ર (મંડળ)ના ૭ પ્રકાર | ૨૦ |
| ભિન્નભિન્ન વાસ્તુમંડળનો ઉપયોગ પ્રકાર | ૨૦ |
| વાસ્તુક્ષેત્ર કલ્પના માટે પ્રાચીનાચાર્યોના મત | ૨૦ |
| વાસ્તુમર્મોપમર્મજ્ઞાન | ૨૦ |
| વાસ્તુપુરુષનાં ૭ મહામર્મસ્થાન | ૨૧ |
| દ્રવિડ ગ્રંથોનો મત | ૨૧ |
| રાજવલ્લભોક્ત ૮૧ પદના વાસ્તુમંડળમાં મર્મોપમર્મ | ૨૨ |
| અપરાજિત સૂત્રોક્ત ૮૧ પદના વાસ્તુ-મંડળના મર્મોપમર્મ | ૨૩ |
| બૃહત્સંહિતોક્ત (વરાહમિહિરોક્ત) ૮૧ પદના વાસ્તુમંડળનાં મર્મોપમર્મ ચિત્ર | ૨૪ |
| બ્રહ્મસંહિતોક્ત) ૮૧ પદના વાસ્તુ-મંડળના મર્મોપમર્મ | ૨૫ |
| સમરાંગણ સૂત્રોક્ત ૮૧ પદના વાસ્તુ-મંડળનાં મર્મોપમર્મ | ૨૫ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| | વાસ્તુ મંડળના મર્મોપમર્મ ક્યાં ક્યાં જોવા ? | ૨૬ |
| | રાજવલ્લભના મત મુજબનાં ૬૪ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ | ૨૭ |
| | અપરાજિતના મતમુજબના ૬૪ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ | ૨૭ |
| | બૃહત્સંહિતમાં ૬૪ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ કહ્યા નથી. | ૨૮ |
| | સમરાંગણ સૂત્રધારના મત મુજબ ૬૪ પદના વાસ્તુના મર્મોપમર્મ | ૨૮ |
| | ઉપરોક્ત શિરા, વંશ મર્માદિ માટે બીજા કેટલાક ગ્રંથકારોએ આપેલી સંજ્ઞાઓ–મતમતાન્તરો | ૨૮ |
| | મર્મસ્થાનોનું પ્રમાણ | ૨૯ |
| | વરાહમિહિરમાં વિશેષતા | ૨૯ |
| | મર્મસ્થાન માટે વિશેષ કથન (ગ્રન્થાન્તર) | ૨૯ |
| | વીથિ | ૨૯ |
| | ભિન્નભિન્ન વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં કહેલા ૬૪ પદના વાસ્તુમંડળમાં શિરા આદિનાં ભિન્નભિન્ન લક્ષણો | ૨૯ |
| | ભિન્નભિન્ન ગ્રંથોક્ત ૮૧ પદના મર્મોપ–મર્મનાં ભિન્નભિન્ન લક્ષણ | ૩૧ |
| ૪ | **ગૃહ-ગૃહસ્થોનાં ઘર** | ૩૩ |
| | ધ્રુવ ધાન્યાદિ ઘરોની ઉત્પત્તિ છંદથી થાય છે, તે માટે પ્રસ્તારનું સ્વરૂપ અને વિવેચન. | ૩૩ |
| | પ્રસ્તાર વિધિ | ૩૩ |
| | ઉદ્દિષ્ટની રીતિ | ૩૪ |
| | નષ્ટ રીતિ | ૩૪ |
| | છંદ અથવા પ્રસ્તાર | ૩૫ |
| | છંદ (ઉપરથી ઘરની સંજ્ઞા) | ૩૫ |
| | ઘર બાંધતા લઘુગુરુનો ઉપયોગ | ૩૫ |
| | સોળ પ્રકારનાં ગૃહોનાં સ્વરૂપ | ૩૬ |
| ૫ | **રાજભવન-રાજમ-રાજવેશ્મહેલ** | ૩૮ |
| | રાજવેશ્મના ૪૬૭૬ (ભેદ) | ૩૮ |
| | રાજસભાષ્ટક-રાજસભા ભવનનાં આઠ પ્રકાર | ૩૮ |
| | વેદિકા લક્ષણ (સિંહાસનયુક્ત) | ૩૯ |
| | રાજપ્રાસાદ-ત્રિવિધ નૃપસિંહાસન (રાજવલ્લભોક્ત) | ૩૯ |
| | સિંહાસન પર ગાદી (રાજ્યાસન) | ૩૯ |
| | ગવાક્ષ–ગોખ ઝરૂખાના સોળ પ્રકાર (રાવલ્લભોક્ત) | ૪૦ |
| | ગવાક્ષના છાદ્યના ચાર પ્રકાર (પરિભાષા) | ૪૦ |
| | છાદ્ય (છાપરાના) ઢાંકણના છંદભેદ (રાજવલ્લભોક્ત) | ૪૦ |
| | છાદ્યના ૭ છંદ (અપરાજિતસૂત્રોક્ત) | ૪૫ |
| | બીજી રીતે છાદ્યના ૭ પ્રકાર | ૪૫ |
| | રાજભવનમાંના કેટલાક મુખ્ય પદાર્થો | ૪૫ |
| ૬ | **દેવપ્રાસાદ** | ૪૬ |
| | પ્રાસાદના મુખ્ય બે ભેદ | ૪૬ |
| | દેવપ્રાસાદનાં મુખ્ય અંગો | ૪૭ |
| | જગતી–આયતન | ૪૭ |
| | જગતી આયતનમાં પંચાયતન દેવોની દેવકૂલિકાઓનાં સ્થાન | ૪૮ |
| | જગતીનાં સ્વરૂપ અને નામ (સ્વરૂપ અને વિસ્તારથી કુલ ૧૦ ભેદ પડે છે) | ૫૭ |
| | સ્થિરશિલા–ખરશિલા | ૫૭ |

| પ્રકરણ વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભિટ્ટ | ૫૭ |
| પીઠ | ૫૮ |
| મહાપીઠ | ૫૮ |
| કામદપીઠ | ૫૯ |
| કર્ણપીઠ | ૫૮ |
| મંડોવર | ૬૧ |
| મંડોવરના સ્તર (થર)નું પ્રમાણ | ૬૩ |
| મેરુમંડોવરની રચના પ્રકાર | ૬૪ |
| સાંધાર પ્રસાદની અંદર મંડોવર અને મંડપના સ્તંભોનો પ્રકાર | ૬૪ |
| શિખર | ૭૧ |
| શિખરના વિભાગોના નામ | ૮૧ |
| ધ્વજદંડ | ૮૭ |
| ધ્વજદંડના લંબાઈના પાંચ પ્રમાણો અને નામો | ૮૭ |
| ધ્વજદંડનાં પર્વ પ્રમાણે ૧૩ નામ | ૮૭ |
| દ્વાર | ૮૯ |
| ગર્ભગૃહ–નિજમંદિર | ૧૦૦ |
| કપોડ કોળ | ૧૦૧ |
| મંડપ | ૧૦૨ |
| ગૂઢ મંડપ | ૧૦૨ |
| ત્રિકમંડપ ત્રિલોકઆખ્યા | ૧૦૨ |
| નૃત્યમંડપ | ૧૦૨ |
| પુષ્પકાદિ ૨૭ મંડપોનાં નામ અને સ્તંભ સંખ્યા | ૧૦૨ |
| પ્રાગિવાદિ ૧૨ મંડપો | ૧૦૫–૧૦૬ |
| આઠ ગૂઢ મંડપો | ૧૦૯ |
| સ્તંભ | ૧૧૧ |
| સ્તંભના વિભાગ | ૧૧૧ |

| પ્રકરણ વિષય | પૃષ્ઠ |
|---|---|
| તોરણ | ૧૨૩ |
| કક્ષાસન | ૧૨૫ |
| વિતાન–કરોટક–(ઘુંમટ) | ૧૩૧ |
| વિતાનના અનેક ભેદ | ૧૩૭ |
| વિતાય (કરોટક)નાં ૧૧૧૩ ભેદ–(સંખ્યા) | ૧૩૭ |
| લૂમાની વિતાન પ્રમાણે નવ સંજ્ઞાઓ | ૧૩૮ |
| પદ્મકોષભવ આઠ વિતાન | ૧૩૮ |
| નાતિ ચ્છંદોદ્ભવ આઠ વિતાન | ૧૩૯ |
| સભામાર્ગોદ્ભવ આઠવિતાન | ૧૪૦ |
| મંદારકોદ્ભવ આઠવિતાન | ૧૪૦ |
| સ્થાપ્ય દેવતા પ્રમાણે વિતાનોનો વિભાગ | ૧૪૧ |
| મંડપોર્ધ્વ–સંવરણા | ૧૪૧ |
| મંડપો પ્રમાણે સંવરણાનો ક્રમ | ૧૪૨ |
| નામ–ઘંટિકા–કૂટ–અને સિંહની સંખ્યા બીજાં કેટલાંક ઉપાંગો | ૧૪૫ |
| પ્રાસાદનાં ઉપાંગો (ફાલના) | ૧૪૫ |
| નિર્ગમ | ૧૪૫ |
| નાસિકા | ૧૪૫ |
| વિભક્તિ–તલ–છંદ | ૧૪૫ |
| પ્રાસાદના ઉપાંગો માટે કલિંગ શિલ્પ શાસ્ત્રની વિશેષતા | ૧૪૬ |
| પ્રાસાદની અંગો ઉપરથી ઉપજતી સંજ્ઞાઓ | ૧૪૬ |
| પ્રતિહાર | ૧૪૭ |
| બલાણક | ૧૪૭ |
| ષડ્રચ્છંદ–શિલ્પશાસ્ત્રોક્ત કેટલાક ષડ્રચ્છંદ | ૧૪૮ |
| પ્રાસાદની જાતિ (શૈલી) | ૧૪૯ |
| નાગરાદિ પ્રાસાદ લક્ષણ | ૧૪૯ |
| લતિનશૈલી | ૧૫૦ |
| ભૂમિજશૈલી | ૧૫૩ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ફાસનાકાર શૈલી | ૧૫૫ |
| | વલ્લટ શૈલી | ૧૫૬ |
| | વિમાન શૈલી | ૧૫૬ |
| | મિશ્રક શૈલી | ૧૫૬ |
| | સાંધાર શૈલી | ૧૫૬ |
| | વિમાતનાગર શૈલી | ૧૫૬ |
| | પ્રાસાદોની ચૌદ જાતિ હોવા છતાં મુખ્ય આઠ જાતિ | ૧૫૯ |
| | દેશાનુક્રમે પ્રાસાદ વિધાન | ૧૫૯ |
| | દેશાનુચાર પ્રાસાદોની ઉત્પત્તિ અને જાતિ વિષયક વિશેષો | ૧૫૯ |
| | પ્રાસાદની જાતિઓ | ૧૬૦ |
| | પ્રાસાદોના જાતિવાર શબ્દ | ૧૬૦ |
| | દ્રવિડમાં ચાર શિખર | ૧૬૧ |
| | (દ્રવિડ) પ્રાસાદની જાતિના શબ્દો | ૧૬૧ |
| | વૃત્તશિખરનો બીજો પ્રકાર | ૧૬૧ |
| | દ્રવિડનાં અષ્ટ શિખર | ૧૬૧ |
| | વલભીપ્રાસાદ | ૧૬૨ |
| | ફાસનાકાર શિખર (ત્રિપટ્ટ) ભૂમિજ ભૂમિના પ્રાસાદ શિખર | ૧૬૨ |
| | સંવરણા | ૧૬૨ |
| | આમલસારક | ૧૬૩ |
| | નાગરપ્રાસાદ શિખર | ૧૬૩ |
| | કલિંગ (ઉડિયા)ના પ્રાસાદનું શિલ્પ | ૧૬૩ |
| | રેખાપ્રાસાદનાં ઉપાંગો | ૧૬૪ |
| | ઉડિયાપ્રાસાની રચના | ૧૬૫ |
| | કલિંગ (ઉડિયા)માં શિલ્પના કેટલાક શબ્દો | ૧૬૭ |
| **૭** | **વેધદોષ વિચાર** | ૧૭૨ |
| | તલવેધ-તલમાર | ૧૭૨ |
| | તાલવેધ-તાલુવેધ | ૧૭૨ |
| | દ્રષ્ટિવેધ | ૧૭૨ |
| | તુલાવેધ | ૧૭૩ |
| | તાલુવેધ | ૧૭૩ |
| | સ્તંભવેધ | ૧૭૩ |
| | હૃદયવેધ | ૧૭૩ |
| | મર્મવેધ | ૧૭૩ |
| | માર્ગવેધ | ૧૭૪ |
| | વૃક્ષવેધ | ૧૭૪ |
| | છાયાવેધ | ૧૭૪ |
| | દ્વારવેધ | ૧૭૪ |
| | સ્વરવેધ | ૧૭૪ |
| | કિલવેધ | ૧૭૪ |
| | કોણવેધ | ૧૭૪ |
| | ભ્રમવેધ | ૧૭૫ |
| | દીપાલયવેધ | ૧૭૫ |
| | કૂપવેધ | ૧૭૫ |
| | દેવસ્થાનવેધ | ૧૭૫ |
| | ખાદિકવેધ ખાદકવેધ | ૧૭૫ |
| | શ્રેષ્ટિભંગ | ૧૭૫ |
| | સમવેધ | ૧૭૫ |
| | સમુલવેધ | ૧૭૫ |
| | વિભ્રમવેધ | ૧૭૫ |
| | કુક્ષિદ વેધ | ૧૭૫ |
| | ઉચ્છ્રિતવેધ | ૧૭૬ |
| | શિરોવેધ-કપાલવેધ | ૧૭૬ |
| | વિષમપદ | ૧૭૬ |
| | પદલોપ | ૧૭૬ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| | ગર્ભલોપ | ૧૭૬ |
| | થરભંગ | ૧૭૬ |
| | વિષમસ્તંભવેધ | ૧૭૬ |
| | દિશિલોપ–દિગ્મૂઢ–દિશામૂઢ | ૧૭૬ |
| | અંતકવેધ | ૧૭૬ |
| | માનહીન-માનાધિક | ૧૭૬ |
| | દીર્ઘમાન–હ્રસ્વમાન | ૧૭૬ |
| | ગજદંતવેધ | ૧૭૬ |
| | સમૂત–યમચુલ્લી | ૧૭૭ |
| | ગૃહસંવદ | ૧૭૭ |
| | કપાલવેધ | ૧૭૭ |
| | મર્મવેધ | ૧૭૭ |
| | વેધદોષનું ફળ | ૧૭૭ |
| | વાસ્તુસાર પ્રમાણે વેધદોષ | ૧૭૭ |
| | કયા દેવોની કઈ બાજુ ભવનન કરવું. | ૧૭૮ |
| | વેધદોષ નિર્ણય (વિશ્વકર્મપ્રકાશ) | ૧૭૮ |
| | અન્ય દશ વેધ (વિશ્વકર્મોક્ત) | ૧૭૯ |
| | કેવા પ્રકારના જુના ઘરમાં વાસ ન કરવો ? | ૧૮૦ |
| | ઘરમાં ભૂતદોષ | ૧૮૧ |
| | વૃક્ષમાં ભૂતો આદિનો દોષ કયાં કયાં લાગતા નથી | ૧૮૨ |
| ૮ | **નગરવિધાન અને દુર્ગ વિધાન** | ૧૮૩ |
| | ભૂધરાદિ બ્રહ્મનગર | ૧૮૩ |
| | પુરલક્ષણ | ૧૮૩ |
| | અશુભ સાત નગરો | ૧૮૩ |
| | (નીચેના સાત નગરો અશુભ જાણવા) | ૧૮૩ |
| | માર્ગ | ૧૮૪ |
| | મંડન સૂત્રધારોક્ત અને રાજવલ્લભમાં કહેલાં નગરની આકૃતિના વીશ ભેદ | ૧૮૪ |
| | રાજા મહારાજાઓની ગ્રામ સમૃદ્ધિ પ્રમાણે (રાજવલ્લભ પ્રમાણે) સંજ્ઞાઓ | ૧૮૫ |
| | સમરાંગણ સૂત્રધારમાં કહ્યા પ્રમાણે રાષ્ટ્રની ગ્રામસમૃદ્ધિ | ૧૮૫ |
| | નગરના માનસાગર પ્રમાણે બાર ભેદ | ૧૮૬ |
| | નગર | ૧૮૬ |
| | રાજધાની | ૧૮૬ |
| | પત્તન (પુટભેદન) | ૧૮૬ |
| | દુર્ગ | ૧૮૬ |
| | ખેટ–ખેટક | ૧૮૭ |
| | ખર્વટ | ૧૮૭ |
| | શિબિર | ૧૮૭ |
| | સ્થાનીય | ૧૮૭ |
| | દ્રોણમુખ | ૧૮૭ |
| | કોટમ કોલન | ૧૮૭ |
| | નિગમ વ્યાપાર | ૧૮૭ |
| | મઠ વિહાર | ૧૮૮ |
| | કામિકાગમમાં ૧૫ અને માનસાર તેમજ મયમત પ્રમાણે નગર ભેદ | ૧૮૮ |
| | નગર વિધાન અંગે અપરાજિતસૂત્ર વગેરે શિલ્પ ગ્રન્થોમાં કહેલા મહારાજાધિરાજ આદિ પુરનિવેશ | ૧૮૮ |
| | પુરનાં વિવિધ માન | ૧૮૮ |
| | માર્ગો | ૧૮૮ |
| | દુર્ગ | ૧૮૯ |
| | ભવનની રચના | ૧૮૯ |
| | કીર્તિસ્તંભ | ૧૯૦ |
| | નગરનો બ્રહ્મરંધ્ર | ૧૯૦ |
| | મહાભારતના ષડ્દુર્ગ | ૧૯૧ |
| | રાજવલ્લભે કહેલા ચાર પ્રકારના દુર્ગ | ૧૯૧ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | સમરાંગણ સૂત્રધાર ગ્રંથ અનુસાર દુર્ગ | ૧૯૧ |
| | વિશ્વકર્માપ્રકાશોક્ત આઠ પ્રકારના દુર્ગ | ૧૯૨ |
| | યંત્રભેદ (સંગ્રામના યંત્રો સાઠ ભેદ) | ૧૯૩ |
| | કિલ્લાપ્રાકારના સંગ્રામયંત્રનાં આઠ પ્રકારનાં યંત્રો | ૧૯૩ |
| | યંત્રવિભાગ | ૧૯૩ |
| ૯ | જલાશય | ૧૯૪ |
| | ચાર પ્રકારની વાપિકા–વાવડી | ૧૯૪ |
| | (એકા)દશ પ્રકારના કૂવા | ૧૯૪ |
| | છ પ્રકારનાં સરોવર | ૧૯૪ |
| | તળાવના છ પ્રકાર | ૧૯૫ |
| | ચાર પ્રકારના કુંડ | ૨૯૫ |
| | શ્રીધર મંડપ | ૧૯૫ |
| | પ્રવેશ | ૧૯૫ |
| | વિશ્વકર્મા–પ્રકાશોત–વાસ્તુ દ્રવ્ય | ૧૯૬ |
| | હસ્તકમ્બિકા લક્ષણ–માનોન્માન–માનભેદ | ૧૯૬ |
| | શિલ્પીનાં અષ્ટવિધ સૂત્રો | ૧૯૮ |
| | જીનદર્શનમાં માનપ્રમાણ અંગુલ પ્રમાણ ત્રણ પ્રકારનાં બતાવેલાં છે | ૧૯૯ |
| ૧૦. | પ્રતિમા વિધાન | ૨૦૦ |
| | બ્રહ્માના ચાર સ્વરૂપ | ૨૦૦ |
| | બ્રહ્માના આઠ પ્રતિહાર | ૨૦૦ |
| | વિષ્ણુનાં ચોવીસ નામ | ૨૦૦ |
| | વિષ્ણુના પ્રાસંગિક દશાવતાર | ૨૦૧ |
| | વિષ્ણુનાં ચાર મુખ | ૨૦૧ |
| | વિષ્ણુનાં સ્વરૂપો અને તેથની ભુજાઓ | ૨૦૧ |
| | વિષ્ણુના વિશેષ અવતારો (ભાગવતમાં કહ્યા મુજબ) | ૨૦૧ |
| | દ્રવિડ પ્રદેશ અને મહારાષ્ટ્રમાં વિષ્ણુનાં સ્વરૂપો | ૨૦૧ |
| | ઉત્તર ભારતમાં વિષ્ણુનાં સ્વરૂપો | ૨૦૧ |
| | વિષ્ણુનાં ૨૪ નામ અને તેમનાં આયુધો | ૨૦૪ |
| | વિષ્ણુનું વાહન | ૨૦૫ |
| | લોકપાલ | ૨૦૬ |
| | શિવ–પ્રતિમાઓ | ૨૦૬ |
| | અવ્યક્ત–વ્યક્તાવ્યક્તલિંગ | ૨૦૬ |
| | રત્નલિંગ | ૨૦૬ |
| | ધાતુલિંગ | ૨૦૬ |
| | કાષ્ટલિંગ | ૨૦૬ |
| | પાષાણુલિંગ | ૨૦૬ |
| | વકત્રલિંગ | ૨૦૬ |
| | પ્રાર્થિવલિંગ | ૨૦૬ |
| | શાશ્વતલિંગ | ૨૦૬ |
| | રાજલિંગ (ઘટિત) | ૨૦૬ |
| | લિંગના દશ પ્રકાર | ૨૦૬ |
| | રાજલિંગના ચતુર્વિધ | ૨૦૬ |
| | વિષ્કંભ | ૨૦૬ |
| | લિંગ–શિરોવર્તન | ૨૦૭ |
| | લિંગનાં પાંચ સૂત્ર | ૨૦૭ |
| | રાજલિંગ–ઘટિત લિંગના ઉદયના ત્રણ ભાગ | ૨૦૭ |
| | ૧. બ્રહ્મશિલા | ૨૦૭ |
| | ૨. કૂર્મશિલા | ૨૦૭ |
| | ૩. વિષ્કંભ | ૨૦૭ |
| | પીઠિકા, જળાધારીનાં દશ પ્રકાર અને નામ સ્વરૂપ | ૨૦૭ |
| | શિવ (મહેશનાં) વ્યક્ત સ્વરૂપ | ૨૦૭ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | દ્રવિડ પ્રદેશમાં શિવનાં નીચેના સ્વરૂપો પૂજાય છે | ૨૦૮ |
| | ભૈરવ | ૨૦૮ |
| | ગણેશ | ૨૦૯ |
| | કાર્તિક સ્વામી | ૨૧૦ |
| | દેવપરિકર | ૨૧૦ |
| | દેવી-શક્તિ | ૨૧૦ |
| | સપ્તમાતૃકાઓ | ૨૧૧ |
| | ચોવિશ ગૌરી સ્વરૂપ | ૨૧૧ |
| | બારગૌરી સ્વરૂપ | ૨૧૧ |
| | વિવિધ દેવીઓ | ૨૧૧ |
| | સરસ્વતી સ્વરૂપ | ૨૧૧ |
| **૧૧** | **જૈન ચોવિશ તીર્થંકરોનાં લાંછન તથા યક્ષ-યક્ષિણી** | **૨૧૩** |
| | સમવસરણ | ૨૧૬ |
| | મેરૂગિરિ | ૨૧૭ |
| | અષ્ટાપદ | ૨૧૭ |
| | નંદીશ્વરદ્વીપ | ૨૧૬ |
| | જૈનોની ષોડશ વિદ્યા દેવીઓ | ૨૧૬ |
| | પાંચ પૂજ્ય વીસદિ | ૨૧૮ |
| | જૈન અષ્ટમંગલ | ૨૧૮ |
| | ચૌદ સ્વપ્ન | ૨૧૮ |
| | જીનાયતન | ૨૧૮ |
| | જૈન પ્રતિમા અને પરિકર મલ્લિકાતોરણ | ૨૧૮ |
| | જૈન પ્રતિમાનું સમચતુરસ્ર સૂત્ર | ૨૧૯ |
| | જૈન અષ્ટ પ્રતિહાર્ય | ૨૧૯ |
| | દેવાનુચર અસુરાદિનાં એકવીસ સ્વરૂપો | ૨૨૦ |
| **૧૨** | **ભારતના પ્રાચીન પ્રદેશોનાં વર્તમાનમાં નામ** | ૨૨૧ |
| | સંજ્ઞા, સંખ્યા-સંકેત | ૨૨૨ |
| | વૃક્ષ-કાષ્ટ | ૨૨૭ |
| | શબ્દોના અર્થ | |




**શબ્દ સંકેત-સમજ** પું પુંલિંગ, ત્રિ પુ-સ્ત્રી-નપુસંકમાં સં-સંસ્કૃત સ્ત્રી-સ્ત્રીલીંગ વપરાતા શબ્દો.
શિ-શિલ્પીઓની ભાષા. ન-નપુસકલિંગ.

# वास्तुनिघंटु

## પ્રકરણ–૧

### वस्तुनां अष्टांग

પ્રાચીન આચાર્યોએ વાસ્તુશાસ્ત્રને અષ્ટાંગ કહ્યું છે, તે આઠ અંગો અનુક્રમે ૧ વાસ્તૂત્પત્તિ, ૨ યક્ષોત્પત્તિ, ૩ ભૂપરિગ્રહ, ૪ સૂત્રપાત, ૫ વેશ્માધિકાર, ૬ સુરસદન (દેવાલય), ૭ લિંગ (અને મૂર્તિ આદિનું) વિધાન અને ૮ પ્રતિષ્ઠાવિધાન એ પ્રમાણે છે.

આ અંગોને સમજાવવા આ ગ્રંથમાં ઉપરનો અનુક્રમ ન રાખવા છતાં વિષયની સરલતાને અનુરૂપ પ્રકરણો આપી આઠે અંગોને સમજાવેલાં છે.

વાસ્તુવિદ્યામાં (સ્થાપત્યમાં) દેવભવન, રાજભવન, ગૃહ (ઘરો), જળાશય, નગર, દુર્ગ, માર્ગ, વાટિકા, ભૂમિપરીક્ષા, શલ્યજ્ઞાન, માન–પ્રમાણ, આયુધ, પ્રતિમા, લિંગ, આભૂષણ, ગણિત, જ્યોતિષ, છંદશાસ્ત્ર, નગર–પ્રતોલી (શહેરની પોળો અને શેરીઓ–ગલીઓ વગેરે), મંડપ, વિતાન (ચંદરવા અથવા ઘુંમટ), તોરણ, રાજભોગ્યસાધનો જેમ કે સુખાસન (પાલખી, મ્યાનો, આરામદાયક બેઠકો વગેરે), છત્ર, ચામર, વિમાન (દેવગૃહ), યાન (વાહન–રથાદિ), ચિત્રકર્મ, લેપકર્મ, કાવ્યકલા, સંગીત (સ્વર, રાગરાગિણી, વાદ્ય–વાજિંત્ર), નૃત્ય, તાલ આદિ કળાઓ વગેરેનો સમાવેશ થાય છે.

વાસ્તુવિદ્યાની અંતર્ગત સ્થાપત્ય અને સ્થાપત્યની અંતર્ગત શિલ્પ છે.

સ્થાપત્ય એટલે દેવપ્રસાદ, રાજપ્રાસાદ, જળાશય, કિલ્લા–દુર્ગ, દ્વાર–દરવાજા, મંડપ, જલબંધ–પાણીના બાંધ, સામાન્ય ઘર, આરામગૃહ આદિ.

વસ્તીને લગતાં બાંધકામ પણ સ્થાપત્યમાં ગણી શકાય છે, તેથી બાંધકામ એ વાસ્તુવિદ્યાનું મુખ્ય અંગ ગણાય છે અને સ્થાપત્યનું મહત્વપૂર્ણ કલાયુક્ત પાકું બાંધકામ કરવાની વિદ્યા તે શિલ્પવિદ્યા એમ કહેવાનો રિવાજ પડી ગયો છે.

આથી પ્રતિમા, લિંગ, આયુધ, આભૂષણ, અલંકૃત તોરણ (કમાન), સ્તંભ, કળાયુક્ત ઘુંમટ (વિતાન), દ્વાર, ઝરૂખા, ગોખ, સંવરણ (છાજ), પ્રાસાદની રૂપયુક્ત જંઘાઓ (જેનાં મનુષ્યો, દેવ–દેવીઓ, ઋષિ–મુનિ, તાપસ, યક્ષ, ગંધર્વ પશુ–પક્ષીઓ વગેરેનાં સ્વરૂપો અને શોભાયુક્ત અંગો આવે છે), તે બધાંને શિલ્પ કહેવામાં આવે છે. શાસ્ત્રકારોએ શિલ્પને સ્થાપત્યનું મુખ્યઅંગ કહ્યું છે. કાષ્ટ કે પાષાણની સુંદર રચનાનું કોતરકામ (પત્રવેલ આદિ) પણ શિલ્પ કહેવાય છે.

આમ વાસ્તુવિદ્યાની અંતર્ગત સ્થાપત્ય અને સ્થાપત્યની અંતર્ગત શિલ્પ આવે છે. છતાં કેટલાકો આ ત્રણે શબ્દોના અર્થોમાં ગોટાળો કરે છે. પરંતુ મૂળભૂત હકીકત તરીકે તે વાસ્તુવિદ્યામાં એકબીજાનાં અંગ-ઉપાંગ જ છે.

વાસ્તુ શબ્દ वस् ધાતુ ઉપરથી બન્યો છે. તેનો અર્થ નિવાસ એવો છે. આ ધાતુ પાણિનિએ ભ્વાદિગણમાં वस निवासे અર્થમાં આપ્યો છે. ચૂરાદિગણમાં स्नेहच्छेदापहरणेषु સ્નેહ-છેદના અને અપહરણના અર્થમાં આપ્યો છે. અદાદિગણમાં वस आच्छादने એવા અર્થમાં આપ્યો છે. પરંતુ અહીં ભ્વાદિગણવાળો ધાતુ લેવાનો છે અને તે ધાતુ ઉપરથી वस+तुण् થઈ वास्तु શબ્દ બને છે. જેનો અર્થ વસવાટ કરવાની જગ્યા એવો થાય છે, તેથી વસ=વાસ કરવાની જગ્યા એટલે ઘર, ભવન, આવાસ, નિવાસ આ બધા અર્થોમાં વાસ્તુ શબ્દ વપરાય છે. આમ વાસ્તુ માટેની વિદ્યા એટલે વાસ્તુવિદ્યા શબ્દ બને છે. જેનો અર્થ મકાન બાંધવાની (સ્થાપત્ય રચનાની) વિદ્યા એમ થાય છે. આ રીતે શિલ્પ=કારીગરી અથવા કળા તેમજ સ્થાપત્ય=બાંધકામ અને સ્થપતિ એટલે બાંધકામની કળાનો જાણકાર આવા અર્થો હોવાથી શિલ્પ, સ્થાપત્ય એ બંને વાસ્તુવિદ્યાનાં અંગોપાંગ જ છે. પ્રાચીનાચાર્યોએ કહેલાં અષ્ટ-આઠ અંગોમાં સંક્ષેપમાં નીચે પ્રમાણેના અર્થ સમાએલા હોય છે.

(૧) **વાસ્તૂત્પત્તિ** :-ઘર, નગર, દેવાલય આદિ માટે કેવી ભૂમિ પ્રાપ્ત કરવી તે સંબંધી પ્રકરણ.

(૨) **યક્ષોત્પત્તિ** :-વાસ્તુના અધિષ્ઠાતા દેવને વાસ્તુપુરુષ કહેવામાં આવે છે અને તેને યક્ષકોટિમાં ગણ્યો છે. આથી વાસ્તુદેવતાની ઉત્પત્તિ, પૂજનપ્રકાર ઉપરાંત તેનાં અંગઉપાંગ ઉપર સ્તંભ કે પાટડો આવવાથી વેધદોષ લાગે છે અને કર્તાને તથા વસનારને હાની થાય છે, તેથી તેનાં અંગ-ઉપાંગ આદિનું જ્ઞાન આપનાર પ્રકરણ તે યક્ષોત્પત્તિ.

(૩) **ભૂપરિગ્રહ** :- પૃથ્વીની ગ્રાહ્યાગ્રાહ્યતાનો વિચાર દર્શાવતું પ્રકરણ.

(૪) **સૂત્રપાત** :-સ્થપતિ ઘર, ભવન, દેવાલય, જળાશય આદિ માટે માપ નક્કી કરે તે સંબંધી સમજ આપનારું પ્રકરણ. ભૂમિપર આલેખન કરવું. નકશો કરવો.

(૫) **વેશ્માધિકાર** :- ઘર સંબંધી પ્રકરણ.

(૬) **સુરસદન** :- દેવાલયો સંબંધી પ્રકરણ.

(૭) **લિંગવિધાન** :- દેવમૂર્તિઓ સંબંધી પ્રકરણ.

(૮) **પ્રતિષ્ઠાવિધાન** :- દેવતાઓની પ્રતિષ્ઠા, જલાશયોનો લોકોપકારાર્થે ઉત્સર્ગ, નગરની સ્થિરતા થાય તે માટેની શાંતિક-પૌષ્ટિક ધર્મક્રિયાઓ, વાસ્તૂપૂજન ઈત્યાદિનું પ્રકરણ.

## પ્રકરણ--૨

## ભૂમિપરિક્ષા ( ભૂમિનાં લક્ષણો )

### ૧ ભૂમિપરિક્ષા :-

નગર અને ગ્રામ આદિની સ્થાપના કરતાં પહેલાં ભૂમિની પરીક્ષા કરવાના અનેક પ્રકારો શિલ્પગ્રન્થકારોએ કહેલા છે. પરંતુ તેમાં ચાર મુખ્ય છે. જેમકે (૧) રસ (૨) વર્ણ (૩) ગંધ અને (૪) પ્લવ એટલે ઢાળ.

કેટલાક ગ્રન્થકારોએ ભૂમિપરીક્ષામાં ધ્વનિને પણ એક કારણ ગણ્યું છે. પરંતુ અમારી દૃષ્ટિમાં તે અયોગ્ય લાગે છે. કારણ કે ભૂમિના દોષો ગણાવતાં ભૂમિનું પોલાણ એ એક મહત્ત્વનો દોષ છે. ભૂમિ પોલાણવાળી હોય તો ધ્વનિ ઉત્પન્ન થાય જ. એટલે પોલાણના દોષની અંદર ધ્વનિ આવી જતો હોવાથી તેને જુદો ગણવાની જરૂરિયાત રહેતી નથી.

વશિષ્ઠસંહિતા, નારદસંહિતા, મત્સ્યપુરાણ અને અગ્નિપુરાણાદિમાં ઉપર કહેલી ચાર પ્રકારની ભૂમિપરીક્ષા ઉપરાંત બીજપરીક્ષા, દીપપરીક્ષા, જળભૂમિશોષણગર્તપરીક્ષા, મૃત્તિકાપરીક્ષા આદિ પરીક્ષાઓ કહી છે. પરંતુ તે બધામાં વર્ણ પ્રમાણે ભૂમિની પરીક્ષા કરવાનો પ્રકાર સર્વાનુમતે સ્વીકૃત થએલો હોવાથી તે અહીં સ્પષ્ટતા પૂર્વક દર્શાવીએ છીએ.

### ૨ વર્ણ (જાતિ) પ્રમાણે ગ્રહણ કરવા યોગ્ય ભૂમિ.

| જાતિ (વર્ણ) | રંગ (વર્ણ) | ગંધ | રસ (સ્વાદ) | વિવેચન |
|---|---|---|---|---|
| બ્રાહ્મણ | શ્વેત | ઘૃત (ઘી) ની સુગંધ | મધુર | જે ભૂમિનો આ પ્રમાણે રંગ આદિ હોય તે બ્રાહ્મણીભૂમિ કહેવાય |
| ક્ષત્રિય | રક્ત | રક્તનો ગંધ | તીખો | ક્ષત્રિય ભૂમિ |
| વૈશ્ય | પીત | અન્નનો ગંધ | કડવો | વૈશ્યા ભૂમિ |
| શૂદ્ર | કૃષ્ણ | મદિરાનો ગંધ | તુરો | શૂદ્રા ભૂમિ |

બ્રાહ્મણી ભૂમિ સર્વ સુખને આપનારી હોય છે. ક્ષત્રિયા ભૂમિ રાજ્યલાભ કરાવનારી હોય છે. વૈશ્યાભૂમિ ધનધાન્ય આપનારી બને છે. એટલે આ ત્રણ પ્રકારની ભૂમિ નગર

કે ગામ વસાવતાં સ્વીકારવા યોગ્ય મનાઈ છે. શુદ્રા ભૂમિને નિંદિત ગણેલી હોવાથી તે ન લેવી જોઈએ.

બીજો એવો પણ મત છે કે (જુઓ વશિષ્ઠસંહિતા) શ્વેત ભૂમિ બ્રાહ્મણોને લાભ- કારક છે. રક્તભૂમિ ક્ષત્રિયોને લાભકારક હોય છે. પીળી ભૂમિ વૈશ્યોને લાભકારક હોય છે અને કાળી ભૂમિ શૂદ્રોને લાભકારક હોય છે.

## ૩ ભૂમિપરીક્ષા માટે સમરાંગણસૂત્રધારમાં કહેલી વિશેષતા.

સમરાંગણસૂત્રધારમાં ભૂમિપરીક્ષા માટે પ્રદેશો કહ્યા છે. જેમકેઃ- (૧) જાંગલ (૨) અનૂપ અને (૩) સાધારણ. તેમની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

(૧) जाङ्गल :- જ્યાં જળ ઊંડું કે દૂર હોય, વૃક્ષો નાનાં હોય કે કાંટાળાં હોય, ગરમ વાયુ વાતો હોય કે વારંવાર વાવાઝોડાં થતાં હોય એવા દેશને जाङ्गल કહે છે.

(૨) अनूप :- જ્યાં જળની વિપુલતા હોય, સુરમ્ય શીતલ સરિતાઓ ઘણી હોય, સુંદર ઊંચાં વૃક્ષો હોય તેને अनूप પ્રદેશ કહે છે.

(૩) साधारण :- ઉપરોક્ત બન્ને પ્રકારની મધ્યના (મિશ્ર) પ્રદેશને साधारण પ્રદેશ કહે છે.

આ ઉપરાંત સોળ પ્રકારની પોતપોતાની વિશેષતાઓ યુક્ત ભૂમિઓ કહી છે, પણ તે બધા ગુણદોષ અલ્પાધિક પ્રમાણમાં ઉપરોક્ત વિષયોમાં આવી જતા હોવાથી ખાસ વિશેષતા ધરાવતા નથી.

ભૂમિપરીક્ષા નગરો કે ગામોની સ્થાપના માટે જ આવશ્યક મનાઈ છે. કારણ મકાન (ભવન) ગ્રામ કે નગરની અંતર્ગત જ આવી જાય છે. છતાં કેટલાક ગ્રન્થકારોએ અમુક વર્ણ (જાતિ)ને માટે ગામ કે નગરની અમુક દિશા તેમજ રંગ (વર્ણ), સ્વાદ (રસ), વગેરે માટે આગ્રહ રાખેલો છે. પરંતુ તે શકયતા હોય તો જ મેળવી શકાય છે. અન્યથા ભૂમિની લબ્ધિ ઉપર આધાર રાખે છે. એટલે તેને ગૌણ માનવામાં આવે તો વાંધો નથી.

## ૪ ઉત્તમભૂમિનું લક્ષણ (શુદ્ધભૂમિ).

घर्मागमे हिमस्पर्शा या स्यादुष्णा हिमागमे ।
प्रावृष्युष्णा हिमस्पर्शा सा प्रशस्ता वसुंधरा ॥

જે ભૂમિ ઉનાળામાં ઠંડકવાળી લાગે અને શિયાળામાં હુંફાળી (ગરમ) લાગે, તેમજ ચોમાસામાં પણ હુંફાવી કે ઠંડકવાળી લાગે તે ભૂમિ ઉત્તમ પ્રકારની જાણવી.

समराङ्गणसूत्रधारे

### ૫ ભૂમિના દોષ :–

નીચેના અઢાર પ્રકારોવાળી ભૂમિ ઘર કે રાજભવન માટે દોષિત ગણાય છે. જેમ કે :–(૧) ક્ષારવાળી ભૂમિ (૨) જળપ્રવાહવાળી ભૂમિ (૩) ભેજવાળી ભૂમિ (૪) સ્મશાનભૂમિ (૫) પર્વતની ટોચ (૬) દેવસ્થાનભૂમિ (૭) સર્પના રાફડાવાળી ભૂમિ (૮) યુદ્ધભૂમિ (૯) મ્લેચ્છ, ચાંડાળ કે ધૂર્તના વાસવાળી ભૂમિ (૧૦) કુગ્રામ વાસ (૧૧) બે ઉભા પહાડો વચ્ચેની ભૂમિ (૧૨) જે ભૂમિમાં મોટાં છિદ્રો હોય તેવી ભૂમિ (૧૩) ખાડા કે કોતરવાળી ભૂમિ (૧૪) સર્પના આકારની વક્રભૂમિ (૧૫) દંડાકાર કે મૂશલાકાર ભૂમિ (૧૬) વાયુપીડિતભૂમિ (ઘણો પવન હોય તેવી) (૧૭) ચોરા પાસે કે મંત્રાલય (ન્યાયાલય) પાસેની ભૂમિ (૧૮) નગરથી ઘણે દૂર હોય તેવી ભૂમિ.

### ૬ પ્લવ :–

શિલ્પના એક ગ્રન્થમાં પ્લવ (પાણીના ઢાળને પણ એક કારણ ગણેલું છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋર્ત્ય, વાયવ્ય, ઉત્તર, ઈશાન અને મધ્ય એમ ચાર દિશાઓ અને ચાર ખૂણાઓ તથા મધ્યમાં ઢાળ હોય તો તેનું ફળ નીચે મુજબ હોય છે.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| પૂર્વ | અગ્નિ | દક્ષિણ | નૈઋર્ત્ય | પશ્ચિમ | વાયવ્ય | ઉત્તર | ઈશાન | મધ્ય |
| લક્ષ્મી | દાહ | મૃત્યુ | ધનહાનિ | પુત્રહાનિ | પ્રવાસ | ધનલાભ | વિદ્યાલાભ | અશુભ |

ખાસ કરીને મધ્ય, દક્ષિણ તથા પશ્ચિમમાં ઢાળ વાળી જમીન અશુભ છે. ચારે તરફ ઢાળવાળી ભૂમિ ઉત્તમ કહી છે.

### ૭ દુષ્ટભૂમિ (શલ્યદોષ)

સમરાંગણસૂત્રધારમાં દુષ્ટભૂમિના (દોષયુકત ભૂમિના) ૨૧ પ્રકાર કહ્યા છે. પરંતુ ઉપરોક્ત પ્રકારે શુદ્ધ ભૂમિમાં પણ જો શલ્ય હોય તો તે ભૂમિને શુદ્ધ કરી ઉપયોગમાં લેવાનું કહેલું છે. શલ્ય માટે શાસ્ત્રકારોનો મત છે કે :—

ભૂમિશુદ્ધિને શલ્યશુદ્ધિ પણ કહી છે. જે ભૂમિમાં હાડકાં, કોલસા, વાળ, કાષ્ટ, લોહ, રાખ, ધાન્ય (નાં ફોતરાં), સુવર્ણ, ધન (દ્રવ્ય) આદિ રહેલાં હોય તેમને શલ્ય કહ્યાં છે. આમાં ધાન્ય, સુવર્ણ કે ધન(દ્રવ્ય)ને દૂષિત ગણેલાં નથી. અન્ય પદાર્થોને દૂષિત ગણેલા છે. તેથી તે કાઢી નાખી ભૂમિને શુદ્ધ કરી દેવી જોઈએ. આ વિધિને ભૂમિશોધનવિધિ પણ કહે છે. સામાન્યનિયમ એવો છે કે સામાન્યગૃહો માટે એક માથોડા નીચે (કે તેથી વધારે ઊંડે) શલ્ય રહેલું હોય તો તેને દૂષિત ગણ્યું નથી. માટે તેટલી જમીન ખોદી નાખી દૂષિત પદાર્થો કાઢી નાખી, શુદ્ધ માટીથી પૂરણી કરી પછી મકાન બાંધવાં. પરંતુ પ્રાસાદ, દેવ-

મંદિર, અને રાજભવનમાં તો પાણી કે પત્થર આવે ત્યાં સુધી ભૂમિ ખોદી કાઢી શુદ્ધ મૃત્તિકાની પૂરણી કરી લેવી જોઈએ. શિલાસ્થાપન માટે પણ આવાં ભવનો માટે પત્થર કે પાણી આવે ત્યાં સુધી જમીન ખોદી લેવી જોઈએ અને તે સ્થળે શિલાસ્થાપન કરવું જોઈએ, તે ખાસ ધ્યાનમાં રાખવું એમ શાસ્ત્રકારોનો આદેશ છે.

## ૮ શલ્યશોધન પ્રકાર :-

જમીનનો ઘરધણી જ્યારે પોતાના ઘરમાં શલ્ય છે કે કેમ તે જાણવા પ્રશ્ન કરે ત્યારે જ્યોતિષ જાણકાર શિલ્પીએ તાત્કાલિક કુંડલી મૂકી તે કુંડળીના ગ્રહો ઉપરથી નીચે પ્રમાણે ફળ કહેવું.

लग्नस्थाने यदा राहुः सप्तमैके तु संभवः ।
लग्नमध्ये यदा सौरिरूष्ट्रशल्यं तदा भवेत् ॥ १ ॥

પ્રશ્નકુંડળીમાં લગ્નમાં રાહુ હોય અથવા કેટલાક આચાર્યોના મતમાં સાતમા સ્થાનમાં રાહુ હોય, અથવા લગ્ન સ્થાનમાં શનિ હોય તો જમીનમાં ઊંટના હાડકાનું શલ્ય હોય છે.

चतुर्थे इन्दुसौम्यौ च नवमे गुरुभार्गवौ ।
तृतीये च यदा शुक्रो नारिशल्यं तदा भवेत् ॥ २ ॥

પ્રશ્નકુંડળીમાં ચોથા સ્થાનમાં ચંદ્ર અને બુધ હોય તથા નવમા સ્થાનમાં ગુરુ અને શુક્ર હોય અથવા ત્રીજા સ્થાનમાં શુક્ર હોય તો જમીનમાં સ્ત્રીના હાડકાનું શલ્ય હોય છે.

सहजस्थाने यदा जीवो कर्मस्थाने यदा भृगुः ।
रिपुस्थाने यदा भौमो विप्रशल्यं तदा भवेत् ॥ ३ ।

ત્રીજા સ્થાનમાં ગુરુ હોય અને દશમા સ્થાનમાં શુક્ર હોય તેમજ છઠ્ઠા સ્થાનમાં મંગળ હોય તો બ્રાહ્મણના હાડકાનું શલ્ય હોય છે.

धर्मस्थाने यदा राहुः सिंहे भवति चन्द्रमाः ।
कर्मस्थाने यदा चान्द्री ह्यूष्ट्रशल्पं तदा भवेत् ॥ ४ ॥

નવમા સ્થાનમાં રાહુ હોય અને સિંહ રાશિમાં ચંદ્રમા હોય તથા દશમા સ્થાનમાં બુધ હોય તો ઊંટના હાડકાનું શલ્ય હોય છે.

व्ययस्थाने भवेद्राहुस्तनुस्थानेऽपि चन्द्रमाः ।
कर्मस्थाने भवेच्छुक्रः शल्यं भवति न संशयः ॥ ५ ॥

બારમા સ્થાનમાં રાહુ હોય, લગ્નમાં ચંદ્રમા હોય અને દશમા સ્થાનમાં શુક્ર હોય તો તે જમીનમાં જરૂર શલ્ય હોય છે.

आद्यस्थाने भवेत् सूर्यः तत्र स्थाने च चन्द्रमाः ।
लग्नस्थाने यदा सौरिः पंचमे चैव चन्द्रमाः ।
सप्तमे गुरुसौम्यौ च नागशल्यं तदा भवेत् ॥ ६ ॥

લગ્નમાં સૂર્ય અને તેની સાથે ચંદ્રમા હોય, અથવા લગ્નમાં શનિ હોય અને પાંચમા સ્થાનમાં ચંદ્રમા હોય તેમજ સાતમા સ્થાનમાં ગુરુ અને બુધ હોય તો તે જમીનમાં સર્પનું શલ્ય હોય છે.

अष्टमे च भवेद्भौमोऽष्टमे भवति चन्द्रमाः ।
तनुस्थाने यदा राहुर्दोषः स्वपुरुषात् भवेत् ॥ ७ ॥

આઠમા સ્થાનમાં મંગળ અને ચંદ્રમા હોય તેમજ લગ્નમાં રાહુ હોય તો પોતાના ગોત્રના માણસનું શલ્ય હોય છે.

આ પ્રમાણે પ્રશ્નકુંડળીથી જમીનમાં શલ્ય છે કે કેમ ? તેનો નિર્ણય કર્યા પછી તે શલ્ય જમીનના કયા ભાગમાં અને કેટલે ઊંડે છે, તે જાણવાનો પ્રકાર પણ શિલ્પ–ગ્રંથોમાં વર્ણવેલો છે. જેમાં 'રાજવલ્લભ' આદિ પ્રસિદ્ધ ગ્રંથોમાં પ્રશ્નકર્તાના પ્રશ્નાક્ષર ઉપરથી શલ્ય જાણવાનો પ્રકાર નીચે પ્રમાણે બતાવેલો છે. જમીનને સમચોરસ ક્ષેત્રરૂપે કલ્પી તેના નવ ભાગ પાડવા.

| | | |
|---|---|---|
| श / ઈ. | अ / પૂ. | क / અગ્નિ |
| ઉ. / य | મધ્ય / ह | દ. / च |
| વા. / प | પ. / त | નૈઋ. / ट |

(કોષ્ટકમાં ગુજરાતીમાં દિશા તથા ખૂણાઓ અને નાગરીમાં વર્ગનું નામ બતાવેલું છે.)

આ પ્રમાણે નવ ભાગ પાડ્યા પછી પ્રશ્નકર્તા (કે કુમારિકા) પાસે દેવ, વૃક્ષકે ફળના નામનો ઉચ્ચાર કરાવવો, તે દેવાદિશબ્દનો પહેલો અક્ષર કયા વર્ગનો છે, તે જોવું.

અકારાદિ વર્ગો પૂર્વાદિ દિશામાં મૂકવા એટલે પ્રશ્નકર્તાનો અક્ષર જે કોષ્ટકમાં આવતો હોય તે સ્થાનમાં શલ્ય હોય તેમ સમજવું.

બીજો પ્રકાર બતાવતાં એમ કહ્યું છે કે જો પ્રશ્નકર્તા 'क' વર્ગનો ઉચ્ચાર કરે તો અગ્નિખૂણામાં નાભિ જેટલે ઊંડે ગધેડાનું હાડકું હોય છે. આ શલ્યથી અનેક પ્રકારની પીડાઓ થાય છે. રાજ્યદંડ ભોગવવો પડે છે અને હેરાનગતિનો પાર રહેતો નથી. 'च' વર્ગનો ઉચ્ચાર કરે તો દક્ષિણ દિશાના ખાનામાં એક હાથ નીચે નાના બાળકના હાડકાનું શલ્ય હોય છે. જે ગૃહપતિનું મૃત્યુ કરાવે છે. 'त' વર્ગનો ઉચ્ચાર કરે તો પશ્ચિમ દિશાના ખાનામાં ગાયનું હાડકું હોય છે. જે ગૃહપતિને ઉદ્વેગ, ક્લેશ અને મૃત્યુનું કારણ બને છે. 'ट' વર્ગનો ઉચ્ચાર કરે તો નૈઋત્ય દિશાના ખાનામાં બકરાનું હાડકું એક હાથ નીચે હોય છે. જે ઘરમાલિકને વારંવાર મુસાફરી કરાવનાર બને છે. 'श' વર્ગનો ઉચ્ચાર કરે તો વાયવ્ય ખાનામાં ઊંટનું શલ્ય હોય છે અને તે ઘરને

અગ્નિભય કરે છે. 'अ' વર્ગનો ઉચ્ચાર કરે તો પૂર્વ દિશાના ખાનામાં વાળ, નખ ઈત્યાદિનાં શલ્ય નીકળે છે. તે હાનિકર્તા છે. 'य' વર્ગનો ઉચ્ચાર કરે તો ઉત્તર દિશાના ખાનામાં બ્રાહ્મણનું હાડકું હોય છે. જે અશુભ ફળ આપે છે. 'प' વર્ગના ઉચ્ચારમાં વાયવ્ય ખૂણામાં દોઢ હાથ નીચે ગાયનું શલ્ય હોવાનો સંભવ રહે છે અને તે ઘરમાલિકના પશુઓનો નાશ કરે છે. 'ह' વર્ગના ઉચ્ચારમાં મધ્યના ખાનામાં બે હાથ નીચે વાળ, રાખોડી ઇત્યાદિનું શલ્ય નીકળે છે. જે ઘરધણીનું મૃત્યુ કરાવનાર બને છે. અક્ષરોના વર્ગ નીચે પ્રમાણે છે.

૯ વર્ગદર્શક કોષ્ટક :–

| અનુક્રમ | વર્ગનું નામ | અક્ષરો |
|---|---|---|
| ૧. | अ | અ, આ ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ |
| ૨. | क | ક, ખ, ગ, ઘ, ઙ |
| ૩. | च | ચ, છ, જ, ઝ, ઞ |
| ૪. | ट | ટ, ઠ, ડ, ઢ, ણ, |
| ૫. | त | ત, થ, દ, ધ, ન |
| ૬. | प | પ, ફ, બ, ભ, મ |
| ૭. | य | ય, ર, લ, વ |
| ૮. | श | શ, ષ, સ. |
| ૯. | ह | હ, ક્ષ, જ્ઞ |

આ પ્રમાણે શલ્ય શોધવાના અનેક પ્રકારો છે. પરંતુ મુખ્ય પ્રકાર જે અમે પ્રથમ બતાવ્યો છે તે (જમીન ખોદી કાઢી શુદ્ધ માટીની પૂરણી કરવી તે) છે. પરંતુ શિલ્પીઓના આનંદની ખાતર આ અનુભવેલો પ્રકાર અમે અહીંયાં આપ્યો છે.

આમ જમીન શુદ્ધ કર્યા પછી નગર, પ્રાસાદ ગ્રામ કે ઘરનો આરંભ કરવા માટે શુભ મુહુર્તમાં શિલાન્યાસ કરવો જોઈએ.

## ૧૦ ગૃહારંભકાલ :–

ઘર, પ્રાસાદ, નગર કે જલાશયના આરંભ વખતે સ્થપતિએ સૂત્રપાત (માપણી) કરતાં ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, રોહિણી, પુષ્ય, મૃગશીર્ષ, અનુરાધા, રેવતી, ધનિષ્ઠા અને શતભિષા નક્ષત્ર હોય તે અને દિનશુદ્ધિ જોવી. શુભકાળમાં અને ઉક્ત નક્ષત્રમાં સૂત્રપાત (માપણી) કરવાથી નિર્વિઘ્ને કાર્ય પૂર્ણ થાય છે.

## ૧૧ શિલાસ્થાપનકાલ :–

શિલાસ્થાપન રોહિણી, શ્રવણ, હસ્ત, પુષ્ય, મૃગશીર્ષ, રેવતી અને ત્રણે ઉત્તરા નક્ષત્રોમાં કરવું.

## ૧૨ કાર્યારંભવિધિ :–

શાસ્ત્રકારોએ કહેલા માસમાં શુભ દિવસે કહેલાં નક્ષત્ર હોય ત્યારે (સંક્રાન્તિ મુજબ આવતો વત્સદોષ તથા નિષિદ્ધકાળ વર્જ્ય કરીને) કર્તાને ચંદ્રબળ તથા ભૌમાદિ પાંચ ગ્રહોનું બળાબળ જોઈ સારા લગ્નમાં પ્રાસાદાદિનો આરંભ કરવો.

આરંભ કરતાં પહેલાં ભૂમિને પાણી તથા પંચગવ્યથી પ્રોક્ષણ કરી શુદ્ધ કરવી. પછી ચોસઠ કે સોપદના વાસ્તુમંડળમાં વાસ્તુપુરુષનું તેમજ દિક્પાલ દેવતાઓ, ક્ષેત્રપાલ, ગણેશ અને ચંડિકાનું વિધિપૂર્વક પૂજન કરી કાર્ય આરંભવું.

## ૧૩ શિલાન્યાસ (શિલાસ્થાપન ખાતપૂજન)–

સારા ભવન માટે (ઈંટ કે પાષાણ–પત્થરના પાકા મકાન માટે) શિલાન્યાસ કરવાનું કહ્યું છે. શિલાસ્થાપન કરતાં કેટલી શિલાઓ રાખવી? તે માટે ચાર, પાંચ કે નવ શિલા પધરાવવાનું કહ્યું છે. છતાં ઘણુંખરું પાંચ શિલાઓ લેવામાં આવે છે. પ્રાસાદમાં પાંચ શિલા અને વિશેષ વિધિ તરીકે નવ શિલા પધરાવવામાં આવે છે. શિલાન્યાસ કરતી વખતે આધારશિલા પધરાવવાનું પણ કહ્યું છે.

## ૧૪ કૂર્મસ્થાપન :—

આધારશિલાના સ્થાપન વખતે તેની નીચે કૂર્મસ્થાપન કરવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે. આ કૂર્મ સુવર્ણ કે ચાંદીનો કરવો જોઈએ. તેનું પ્રમાણ એક હાથના દેવાલય માટે અર્ધ આંગળનો કૂર્મ કરાવવો, ત્યાર પછી પંદર હાથ સુધીની વૃદ્ધિ માટે પ્રત્યેક હાથે અર્ધા આંગળની વૃદ્ધિ કરવી. સોળથી એકત્રીસ હાથ સુધી પા ($\frac{1}{4}$) ભાગની વૃદ્ધિ કરવી. બત્રીસથી પચાસ હાથ સુધી એક દોરો ($\frac{1}{8}$ ભાગ) વૃદ્ધિ કરવી. પચાસ ગજના પ્રાસાદને ચૌદ આંગળનો કૂર્મ કરવો. આ મધ્યમ માન છે. આ માન (માપ)માં જો તેનો ચોથા ભાગ ઉમેરવામાં આવે તો શ્રેષ્ઠમાન થાય છે. અને ઓછો કરવામાં આવે તો તે કનિષ્ઠ માન થાય છે. બને ત્યાં સુધી મધ્યમ કે ઉત્તમ (શ્રેષ્ઠ) માન રાખવું.

પ્રથમ ઇશાનાદિ અષ્ટશિલાઓનું સ્થાપન કરી મધ્યશિલાના સ્થાપન વખતે પ્રથમ કૂર્મનું પૂજન તથા સ્થાપન કરી તેની ઉપર મધ્યશિલાનું સ્થાપન કરવું. આ વખતે વાજિંત્ર વગડાવવાં. મંગલગીતો ગવડાવવાં અને વાસ્તુ-દેવતાઓનું પૂજન તથા ઘી, ધાન્યાદિનું બલિ-પ્રદાન કરવું.

ચાર શિલાઓ, પાંચ શિલાઓ કે નવ શિલાઓ લેવામાં આવે છે અને તે દરેકનાં જુદાં જુદાં નામ તેમની ઉપર જુદાં જુદાં ચિહ્નો, તેમજ તેમને પધરાવવાની દિશાઓ (ખૂણાઓ) શાસ્ત્રકારોએ કહેલા છે, તે બધું નીચેનું કોષ્ટક જોવાથી સમજી શકાશે.

## ૧૫ શિલાઓનાં નામ, ચિહ્ન, અને દિશાઓનું કોષ્ટક

### (૧) ગૃહસ્થોનાં ઘરોમાં સ્થપાતી ચાર શિલાઓ

| નામ | નંદિની | સુભગા | શુભગતિ | ભદ્રંકરા |
|---|---|---|---|---|
| કોણ | ઇશાન | અગ્નિ | નૈઋર્ત્ય | વાયવ્ય |
| ચિહ્ન | કૂર્મ | શેષ | જનાર્દન | શ્રીધ્રુવ |

હવેલીઓ, રાજભવનો અને દેવમંદિરો માટે પાંચ કે નવ શિલાઓ સ્થપાય છે.

### (૨) પાંચ શિલાઓનાં નામ કોણ અને ચિહ્ન

| નામ | નંદા | ભદ્રા | જયા | રિક્તા | પૂર્ણા |
|---|---|---|---|---|---|
| કોણ | ઇશાન | અગ્નિ | નૈઋર્ત્ય | વાયવ્ય | મધ્ય ભાગ |
| ચિહ્ન | કમલ | સિંહાસન | તોરણ | છત્ર | વિષ્ણુ ભગવાન |

પાંચ શિલાઓ નીચે પાંચ કળશોની સ્થાપના થાય છે, તેમનાં નામ (૧) સમકલશ (૨) મહાપદ્મકલશ (કાશ્યપી) (૩) શંખકલશ (૪) વિજયકલશ અને (૫) સર્વતોભદ્રકલશ એમ છે. મહાપદ્મકલશને કાશ્યપીકલશ એમ પણ કહે છે.

### (૩) નવ શિલાઓનાં નામ કોણ અને ચિહ્ન

लहरं च मत्स्यं मण्डूकं मकरं ग्राहमेव च ।
शंखं सर्पं घटयुक्तं कूर्मो मध्येह्यलंकृतम् ॥

આઠ દિશાઓ અને મધ્ય એમ નવ દિશાઓમાં સ્થાપવાની શિલાઓ ઉપર પાણીની

લહેર જેવું, મત્સ્ય, દેડકું, મગર, ગ્રાહ (ઘડિયાલ એક જાતનો મગરમચ્છ) શંખ, સર્પ, ઘડો અને મધ્યમાં કાચબો એમ શિલાઓ ઉપર ચિહ્નો અલંકૃત કરવાનાં કહ્યાં છે.

| નામ | નંદા | ભદ્રા | જયા | વિજયા | અજિતા | અપરાજિતા | શુક્લા | સુભગા | ધરણી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દિશા કોણ | પૂર્વ | અગ્નિ | દક્ષિણ | નૈઋર્ત્ય | પશ્ચિમ | વાયવ્ય | ઉત્તર | ઈશાન | મધ્ય |
| ચિહ્ન | લહેર | માછલું | મંડૂક | મકર | ગ્રાહ | શંખ | સર્પ | કુંભ | કૂર્મ |
| કલશ | સુભદ્ર | વિભદ્ર | સુનંદ | પુષ્પદંત | જય | વિજય | કુંભ | પૂર્ણ | ઉત્તર |
| વર્ણ | પીત | લાલ | શ્યામ | જાંબલી | પાંડુ | સફેદ | લીલો | શ્વેત | લાલ |
| ચિહ્નો | વજ્ર | શક્તિ | દંડ | ખડ્ગ | પાશ | ધ્વજ | ગદા | ત્રિશૂલ | નવખંડ |

—क्षीरार्णव अ. १०१ श्लोक ४

નવ શિલાઓ સ્થાપવાની હોય ત્યારે નવ શિલાઓ ઉપર ચિહ્ન ન કરતાં મધ્યની શિલા ઉપર નવ ખાનાં પાડી તેમાં પૂર્વ, અગ્નિ ઇત્યાદિ ક્રમથી ઉપર કહેલાં ચિહ્નો કરવામાં આવે છે. મધ્યમાં કૂર્મ હોવાથી તેને મધ્યશિલા, ધરણીશિલા અથવા કૂર્મશિલા કહેવામાં આવે છે. દેવાલયોના સ્થાપનમાં કૂર્મ ઉપરથી દેવની ગાદી સુધી છિદ્ર રાખવામાં આવે છે. તેને નાભિ કહે છે. દેવસ્થાપન વખતે નીચેના મંત્ર ભણવાના આવે છે.

नाभिर्मेति च मंत्रेण स्थिरो भवेति वै तथा ।
प्रार्थनं च ततः कुर्यादागमोक्तेन मंत्रवित् ॥

विश्वकर्मप्रकाश अध्याय–१५ श्लो. २३

શિલાપર નાભિમાં આ મંત્ર અને સ્થિરોભવ એ મંત્ર ભણવો બાદ શાસ્ત્રોક્ત વિધિથી પ્રાર્થના કરવી.

पाषाणेष्टकागेहे प्रमाणमिह लक्षयेत् ।
अपरेषां गृहाणां तु शिलामानं न चिंतयेत् ॥


—विश्वकर्मप्रकाश

પાષાણ કે ઈંટના ઘરમાં (પાકા મકાનમાં) શિલાનું પ્રમાણ રાખવું. સામાન્ય ઘરોમાં (માટીનાં કે ઝૂંપડાંઓમાં) શિલાસ્થાપનની જરૂર રહેતી નથી.

**૧૬ આધારશિલા** (લક્ષણ)—

શિલાન્યાસ કરતાં પહેલાં પધરાવવાની શિલા જેની પર શિલાન્યાસ થાય તે એટલે શિલા નીચેની શિલાને આધારશિલા કહી છે.

## ૧૭ શિલાન્ન્યાસ પ્રકાર*




* ઘરના દ્વારને પૂર્વદિશા સમજવી અને તે પ્રમાણે અનુક્રમે બીજી દિશાઓની કલ્પના કરી લેવી. સ્થાયી પૂર્વાદિ દિશાઓ લેવાતી નથી. એ વિશેષતા ખાસ ધ્યાનમાં રાખવી.

દેવપૂજન વખતે પણ યજમાન (પૂજનકર્તા) અને દેવતાનું સ્થાપન તે બેની વચ્ચેની દિશાને પૂર્વ દિશા ગણવાનો સિદ્ધાંત છે. પરંતુ જ્યાં દિક્પાલ દેવતાઓનું પૂજન કરવાનું હોય છે ત્યાં તેમને માટે સ્થિર દિશાઓ લેવામાં આવે છે. જેમકે ઇન્દ્રનું સ્થાન અને પૂજન પૂર્વ દિશામાં (સૂર્યોદય જ્યાં થતો હોય તે સ્થિર પૂર્વ દિશામાં) કરવું. તેમજ ત્યાર પછી અનુક્રમે અગ્નિ, દક્ષિણ, નૈઋર્ત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર અને ઈશાન એમ ખૂણાઓ તથા દિશાઓ ગણવી આમ શાસ્ત્રકારોનો આદેશ છે.

—ગ્રન્થકર્તા

# પ્રકરણ–૩
## वास्तुपुरुष अने मर्मोपमर्मादि

### ૧. વાસ્તુપુરુષની ઉત્પત્તિ

નાગરશિલ્પો જણાવે છે. કે અંધક નામના દૈત્યની સાથે સંગ્રામ કરતાં મહાદેવજીને પરસેવો થયો અને તે પરસેવાનું એક બિંદુ ભૂમિ ઉપર પડ્યું. તથા તેમાંથી આકાશ અને પૃથ્વીને ભય કરે તેવો એક પુરુષ ઉત્પન્ન થયો. આથી સર્વદેવતાઓ એકઠા મળી તે પુરુષને પૃથ્વી ઉપર ઊંધો નાખી તેના ઉપર ચઢી બેઠા. આ પુરુષના પરાક્રમથી ખુશ થયેલા દેવોએ તેની ઉપર પોતાનો વાસ કાયમ કરવાની ઈચ્છા દર્શાવતાં તે પુરુષનો પણ દેવકોટિમાં સમાવેશ કર્યો. આથી સર્વદેવતાઓના નિવાસનો આધારભૂત તે પુરુષ વાસ્તુદેવ (વાસ્તુપુરુષ) તરીકે પ્રસિદ્ધ થયો છે. તેમજ દરેક સ્થાપત્યોના પ્રારંભમાં (મકાનો, ભવનો, મહેલો, દેવસ્થાનોના પ્રારંભમાં) તેનું પૂજન કરવું એમ દેવતાઓ તરફથી વરદાન આપેલું હોવાથી તેનું પૂજન અવશ્ય કરવું જોઈએ.

### ૨. વાસ્તુપુરુષનું સ્વરૂપ


शिरस्तस्यैवमीशाने पादौ नैर्ऋत्यगोचरौ ।
अग्निकोणे च वायव्ये प्रकोष्टे जानुसंस्थिते ॥

વાસ્તુપુરુષને ઈશાનમાં માથું અને નૈર્ઋત્યમાં પગ આવે તેમજ અગ્નિ અને વાયવ્ય કોણમાં કોણી અને ગોઠણો આવે તેમ ઊંધો સૂતેલો પુરુષ કલ્પેલો છે. તેના ઉપર ૧૩ + ૩૨ = ૪૫ દેવો અને + ૮ દેવદેવીઓ મળી કુલ ૫૩ દેવદેવીઓનો વાસ માનેલો છે. દરેક દેવની બેસવાની (રહેવાની) જગ્યાને પદ કહેવામાં આવે છે. એટલે નગર કે ઘર બાંધવાની જગ્યાના ક્ષેત્રફળના અથવા વાસ્તુમંડળના (સ્થાપનના) ૧, ૪, ૯, ૧૬, ૨૫, ૩૬, ૪૯, ૬૪, ૮૧, ૧૦૦, અને ૧૦૦૦ એમ અગિયાર પ્રકારે ભાગ (પદસ્થાનો) કલ્પી તેમા શિખી આદિ પીસ્તાલીશ દેવતાઓનું સ્થાપન કરવામાં આવે છે. તેમજ ચાર ખૂણાઓમાં ચરકયાદિ આઠ દેવ દેવીઓનું સ્થાપન તથા દશ દિશાઓમાં ઇન્દ્રાદિ દશ દિક્‌પાલ દેવતાઓનું પૂર્વાદિ દશ દિશાઓમાં સ્થાપન કરવામાં આવે છે. પીસ્તાલીશ દેવતાઓનાં નામ અનુક્રમે (૧) શિખી (૨) પર્જન્ય (૩) જયન્ત (૪) કુલિશાયુધ (૫) સૂર્ય (૬) સત્ય (૭) ભૃશ (૮) આકાશ અંતરીક્ષ (૯) વાયુ (૧૦) પૂષા (૧૧) વિતથ (૧૨) ગૃહક્ષત (૧૩) યમ (૧૪) ગંધર્વ (૧૫) ભૃંગરાજ (૧૬) મૃગ (૧૭) પિતૃ (૧૮) દૌવારિક (૧૯) સુગ્રીવ (૨૦) પુષ્પદન્ત (૨૧) વરુણ (૨૨) અસુર (૨૩) શોષ (૨૪) પાપ (૨૫) રોગ (૨૬) અહિ (૨૭) મુખ્ય (૨૮) ભલ્લાટ (૨૯) સોમ (૩૦) સર્પ (૩૧) અદિતિ (૩૨) દિતિ (૩૩) અદભ્ય (આપ) (૩૪) સાવિત્ર (૩૫) જય (૩૬) રુદ્ર (૩૭) અર્યમા (૩૮) સવિતૃ (૩૯) વિવસ્વાન

(૪૦) વિબુધાધિપ (૪૧) મિત્ર (૪૨) રાજયક્ષ્મા (૪૩) પૃથ્વીધર (૪૪) આપવત્સ અને (૪૫) બ્રહ્મા એમ આવે છે. આ દેવતાઓને ગોઠવવાનો ક્રમ એવો છે. કે ઈશાન ખૂણાથી અગ્નિખૂણા પર્યંત અનુક્રમે શિખીથી વાયુ સુધીના નવ દેવો આવે છે પછી દક્ષિણ દિશામાં પૂષા, વિતથ, ગૃહક્ષત, યમ, ગંધર્વ ભૃંગરાજ, મૃગ, એમ દેવતાઓ અને નૈઋત્યમાં પિતૃ આવે છે. પછી પશ્ચિમ દિશામાં દૌવારિક, સુગ્રીવ, પુષ્પદન્ત, વરુણ અસુર, શોષ, પાપ એમ દેવતાઓ અને વાયવ્યમાં રોગ નામનો દેવતા આવે છે. પછી ઉત્તર દિશામાં અહિથી દિતિ સુધીના દેવતાઓ આવે છે. આમ કુલ ૩૨ દેવદેવીઓ કિનારા ઉપરનાં પદોમાં આવી જાય છે. આ અનુક્રમ ૮૧ પદના ખાનાના ક્ષેત્રને અનુલક્ષી કહ્યો છે. હવે કર્ણ માર્ગના પદોમાં એટલે પૂર્વદિશાના બીજા પદના નીચેના પદમાં આપ દેવતા આવે છે. આઠમા નીચેના પદમાં સાવિત્ર દેવતા આવે છે. પશ્ચિમ દિશાના દૌવારિકના ઉપરના પદમાં જય દેવતા આવે છે. અને પાપની ઉપરના પદમાં રુદ્ર દેવતા આવે છે. ૩૩ મા અને ૩૪મા પદોની વચ્ચેનાં પૂર્વદિશાનાં પાંચ પદોમાં ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા પદના દેવતાઓ બેસે છે. એવી જ રીતે દક્ષિણ દિશાનાં ૧૧ થી લઇ ૧૫ સુધીના દેવતાઓ ૩૪ અને ૩૫મા દેવતાઓની વચ્ચેનાં દક્ષિણ દિશાનાં પાંચ પદોમાં બેસે છે. પશ્ચિમ દિશાના ૧૯ થી ૨૩ સુધીના દેવતાઓ પણ તેમની ઉપરનાં પદોમાં બેસે છે અને તેવી જ રીતે ઉત્તર દિશાના ૨૭ થી ૩૧ પદોના દેવતાઓ પણ તેમની આગળનાં (મધ્ય ભણી જતાં) પાંચ પદોમાં બેસે છે. અર્થાત્ આ દેવતાઓ (પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિશાના દેવતાઓ)ને બબ્બે પદ મળે છે. હવે ૩૭ નંબરના દેવતા અર્યમા પૂર્વદિશાનાં (ત્રીજી લાઈનનાં) ત્રણ પદોમાં તથા ૩૮ નંબરના દેવતા સવિતા અગ્નિકોણ તરફ જનારી કર્ણ રેખાના પદ ઉપર (ત્રીજી-લાઈનમાં) બેસે છે. ત્યાંથી દક્ષિણ દિશાના પદોમાં વિવસ્વાન બેસે છે. નૈઋત્ય કોણ તરફ જનારી કર્ણરેખા ઉપર આવેલા ૪૦ મા પદમાં વિબુધાધિપ (ઈન્દ્ર) બેસે છે. ત્યાર પછી નાં ત્રણ પદોમાં ૪૧ નંબરના દેવતા મિત્ર બેસે છે. પછી વાવ્યય કોણ તરફ જનારી કર્ણ રેખા પર આવેલા ૪૨મા પદમાં રાજયક્ષ્મા દેવતા બેસે છે. પછીનાં ત્રણ પદોમાં ૪૩ નંબરના દેવતા પૃથ્વીધર બેસે છે. તેમજ ઇશાનકોણ તરફ જનારી કર્ણરેખા ઉપર આવેલા ૪૪ નંબરના પદમાં આપવત્સ નામના દેવ બેસે છે અને મધ્યનાં નવ પદોમાં ૪૫ નંબરના દેવતા બ્રહ્મા બેસે છે. મંડળના ઈશાનાદિ ખૂણાઓમાં ચરકી, વિદારી, પૂતના, પાપરાક્ષસી તથા સ્કન્દ, અર્યમા, જૃંભક અને પિલિપિચ્છ એ દેવતાઓ બેસે છે. પછી પૂર્વાદિ નિત્ય દિશામાં ઇન્દ્રાદિ (ઈન્દ્ર, અગ્નિ, યમ, નિઋતિ, વરુણ, વાયુ, સોમ, ઈશાન, બ્રહ્મા અને અનંત એ દિક્પાલ દેવતાઓ બેસે છે.*

* શિલ્પગ્રંથોમાં આ દેવતાઓ ઉપરાંત અષ્ટ ભૈરવનું પણ પૂજન કરવામાં આવે છે. જ્યારે કર્મકાંડના ગ્રંથોમાં ભૈરવોની જગ્યાએ દશ દિક્પાલ દેવતાઓનું સ્થાપન-પૂજન બતાવેલું છે. શિલ્પકારોએ અષ્ટ ભૈરવનાં નામ નીચે મુજબ બતાવેલાં છે (૧) ભીમ ભૈરવ (૨) હનુ ભૈરવ (૩) ત્રિપુર ભૈરવ (૪) વૈતાલ ભૈરવ (૫) અગ્નિ ભૈરવ (૬) જિહ્વ ભૈરવ (૭) કાલ ભૈરવ (૮) એકેન્દ્રીય ભૈરવ.

## ૩. વાસ્તુપુરુષના અંગ વિભાગ અને દેવો (પદ)




| અ.ક્ર. | અંગ | દેવો | અ.ક્ર. | અંગ | દેવો |
|---|---|---|---|---|---|
| ૧ | મસ્તક | ઈશ (મહાદેવ) અથવા શિખિ અગ્નિ | ૮ | જમણો હાથ | સવિતૃ–સાવિત્ર (કોણીથી પહોંચા સુધી |
| ૨ | બે કાન | પર્જન્ય, દિતિ | ૯ | ડાબો હાથ | રુદ્ર અને રુદ્રદાસ |
| ૩ | બે સ્કંધ | જયંત, અદિતિ. | ૧૦ | સાથળ | વિવસ્વાન અને મિત્ર |
| ૪ | બે સ્તન | અર્યમા, પૃથ્વીધર | ૧૧ | નાભિ | બ્રહ્મા |
| ૫ | હૃદય | આપવત્સ | ૧૨ | ઈન્દ્રિય સ્થાન | ઈન્દ્ર અને ઈન્દ્રજય |
| ૬ | જમણો બાહુ | ઈન્દ્રાદ પાંચદેવો (અહિઆદિ) | ૧૩ | બે ઢીંચણ | અગ્નિ અને રોગ |
| ૭ | ડાબો બાહુ | અહિ આદિ(નાગાદિ) પાંચ દેવો | ૧૪ | બે પગના દ. પશ્ચિમે | પુષ્પદંતાદિ યમાદિ સાત દેવો |
| ૧૫ | બન્ને પગની એડીયે | પિતૃદેવ | | | નંદિ વરુણાદિ સાત દેવો. |

આ પ્રમાણે દેવો ગોઠવાતા હોવાથી વાસ્તુપુરુષની પુરુષાકૃતિમાં કયા અંગ પર કયા દેવો આવે છે તે ઉપર આપેલું ચિત્ર તથા કોષ્ટક જોવાથી સમજાશે.

આ વર્ણન ૮૧ પદના વાસ્તુને અનુલક્ષીને બતાવવામાં આવ્યું છે. કારણ તેમાં બધાં પદો પૂર્ણ (પૂરાં) હોય છે. જ્યારે બીજા પ્રકારના વાસ્તુ (૬૪ ઇત્યાદિ)માં પદો અડધાં, આખાં કે દોઢ એવા પ્રકારનાં હોય છે.


શિલ્પશાસ્ત્રવેત્તાઓએ ભવનના (સ્થાપત્યના) નાના-મોટા પ્રમાણને તથા ક્ષેત્રની વિશાળતા ઇત્યાદિ કારણોને લક્ષ્ય કરી વાસ્તુપુરુષનાં મર્મસ્થાનો ન દબાય તેવી રીતે સ્તંભ આદિની રચના કરવા માટે વાસ્તુમંડળના અગિયાર ભેદ પાડેલા છે અને તેનાં લક્ષણો તથા ફળો વર્ણવેલાં છે, તે નીચેના કોષ્ટકમાં વિસ્તારથી સમજાવ્યા છે. શિલ્પીઓએ તથા વાસ્તુપૂજન કરાવનારા પુરોહિતોએ આ વિવિધતાઓને પોતાના ગ્રંથોમાં સ્વીકારી અગત્યતા આપેલી છે.

## ૪. પદની સંખ્યાના ભેદથી ૧૧ પ્રકારનાં વાસ્તુમંડળ


| ક્રમ. | પદ સંખ્યા | વાસ્તુનું નામ | કાર્ય ક્ષેત્ર. |
|---|---|---|---|
| ૧ | ૧ | સ્વસ્તિક | રાજભવન, ક્રુત્વાદિઘરો, દેવમંદિર આગળ ચોકી અને વિદ્યારંભે વાસ્તુ પૂજન માટે મંડળ (સ્થાપન) |
| ૨ | ૪ | પુષ્પક | દીક્ષા, યાત્રા, અને કન્યાના લગ્ન પ્રસંગે પૂજન મંડળ (સ્થાપન) |
| ૩ | ૯ | નંદ | ગૃહકાર્ય માટે કાષ્ટ લેવા જતાં વનયાત્રા પ્રસંગે. |
| ૪ | ૧૬ | ષોડશ | લતિન, રુચકાદિ પ્રાસાદો, મંડપો, ઘર અને જગતીમાં ષોડશ પદ વાસ્તુ કરવું. |
| ૫ | ૨૫ | કુલતિલક | દક્ષિણાયન, અને ઉત્તરાયણ કાળે થતા ઇન્દ્ર-મહોત્સવો અને લક્ષ્મી તથા માતૃકાઓના મંદિરમાં તેમજ દીક્ષાપૂજનમાં. |
| ૬ | ૩૬ | સુભદ્ર | કોઈ સારા કાર્ય કે પ્રયાણ કરવાના પ્રસંગે વાસ્તુપૂજનમાં. |
| ૭ | ૪૯ | મરીચિગણ | સર્વ કાર્યોમાં, જીર્ણોદ્ધારમાં તથા જળાશયના પ્રારંભે. |

| | | | |
|---|---|---|---|
| ૮ | ૬૪ | ભદ્રક | પુર, ગ્રામ, ખેટ, (નાનું ગામ) કર્વટ (પર્વ) કૂપ નિર્માણ અને રાજભવનપ્રવેશ સમયે તથા રાજ્યાભિષેક પ્રસંગે. |
| ૯ | ૮૧ | કામદ | સર્વ પ્રકારના ઘરોમાં, છાદ્ય–છાજ (ઢાંકણુ) કરવાના ૬ છંદ (પ્રકારો) કહ્યા છે જેમકે (૧) તૃણ (૨) પટ્ટ (૩) વાજિ (૪) ખંડ (૫) પૂર્ણ (૬) પાંડુ છાજણુમાળ કરવા સમયે |
| ૧૦ | ૧૦૦ | ભદ્ર | અનેક પ્રકારના પ્રસાદ અને મંડપ, જગતી, લિંગપીઠ, રાજભવન વગેરે કાર્યમાં |
| ૧૧ | ૧૦૦૦ | સર્વતોભદ્ર | મેરુઆદિ મહાપ્રાસાદોમાં, છ હાથથી મોટા લિંગની પ્રતિષ્ઠામાં, મોટા દેશ કે રાષ્ટ્રની સ્થાપના કાળે. |


## ૫. ચોસઠ પદનું વાસ્તુમંડળ



## ૬. એકાશી પદનું વાસ્તુમંડળ



## ૭. સો પદનું વાસ્તુમંડળ



૮. વાસ્તુક્ષેત્ર (મંડળ)ના છ પ્રકાર :--

(૧) ચતુરસ્ર વાસ્તુ (૨) લંબચતુરસ્ર-લંબચોરસ (આયત) વાસ્તુ (૩) વૃત્તવાસ્તુ (૪) દીર્ઘવૃત્તાકાર-(વૃત્તાયત) લંબગોળ વાસ્તુ (૫) અષ્ટાસ્ર-અષ્ટકોણ વાસ્તુ (૬) અર્ધ-ચંદ્રાકાર વાસ્તુ.

૯. ભિન્ન ભિન્ન વાસ્તુમંડળનો ઉપયોગ પ્રકાર

(૧) **ચતુરસ્ર વાસ્તુ:**—પ્રાસાદ (દેવાલય અથવા મહેલ), ઘરોનું બાંધકામ (હવેલી જેવાં ગૃહો), નગર, ગામ આદિ ચોરસ ક્ષેત્રના સ્થાપત્યમાં ચતુરસ્ર વાસ્તુમંડળમાં વાસ્તુ પૂજન કરવું.

(૨) **લંબ ચતુરસ્ર વાસ્તુ :**— પુષ્પકજાતિના પ્રાસાદો લંબચોરસ તલ (ક્ષેત્ર)ના હોય છે. તેવા લંબચોરસ ક્ષેત્રોના સ્થાપત્યમાં લંબચોરસ (આયત) મંડળમાં વાસ્તુ-પૂજન કરવું.

(૩) **વૃત્તવાસ્તુ:**—વાવ, કૂવા તથા તળાવ આદિ ગોળ ક્ષેત્રના સ્થાપત્યમાં અને પ્રતિમાઓ તથા કૈલાસ છંદ પ્રાસાદોમાં વૃત્ત (ગોળ) મંડળમાં વાસ્તુપૂજન કરવું.

(૪) **લંબગોળ વાસ્તુ:**-(વૃત્તાયત) મણિક જાતિના પ્રાસાદ લંબગોળ થાય છે. તેમાં લંબગોળ મંડળમાં વાસ્તુપૂજન કરવું.

(૫) **અષ્ટાસ્ર વાસ્તુ:**-અષ્ટશાલ ગૃહોમાં અને અષ્ટભદ્ર-અષ્ટ કોણ પ્રાસાદોમાં અષ્ટકોણ મંડળ વાસ્તુપૂજન કરવું.

(૬) **અર્ધચંદ્ર વાસ્તુ:**-સર્વ પ્રકારના તળાવોમાં અર્ધચંદ્ર મંડળમાં વાસ્તુપૂજન કરવું.

૧૦. વાસ્તુક્ષેત્ર કલ્પના માટે પ્રાચીનાચાર્યોનો મત :—

વાસ્તુભૂમિ ચોરસ કે લંબચોરસ હોય, તેમાં તેનો કોઈ ખૂણામાં કે મધ્યમાં વધારે બહાર પડતો ભાગ હોય તો તે કાઢી નાખીને ભૂમિના વાસ્તુની કલ્પના કરવી, જેથી વાસ્તુ નિર્દોષ બની શકે છે.

વાસ્તુશાસ્ત્રકારોએ આ પ્રમાણે ક્ષેત્ર-કલ્પના કરવાનું કહ્યું છે, અને વાસ્તુક્ષેત્રના સ્વરૂપ જેવા સ્વરૂપનું વાસ્તુમંડલ બનાવી તેમાં વાસ્તુપૂજન કરવાનું કહ્યું છે. જેમકે :—

" क्षेत्राकृतिर्वास्तुरिहार्चनीयः

ખાંચાખૂંચી વાળી કે ઉપરના છ પ્રકારોનો આકાર જેમાં ન કલ્પી શકાય તેવી ભૂમિ દોષિત ગણાય છે. કારણ કે તેમાં વાસ્તુપુરુષનું મસ્તક, પગ, કોણી કે ગોઠણ આદિ અંગો ખંડિત હોય છે, તેથી તે વેધદોષ ગણાય છે.

૧૧. વાસ્તુમર્મોપમર્મજ્ઞાન

રાજવલ્લભમાં સૂત્રધાર મંડને બહુ ટુંકાણમાં કહ્યું છે કે :-

" स्कन्धे सूत्रमितान् सुधीः परिहरेद्भित्तिस्तुलास्तम्भकान् "

અર્થાત્ વાસ્તુપુરુષના સંધિના સ્થાનોમાં (મર્મસ્થાનોમાં) બુદ્ધિમાન્ સ્થપતિએ ભીંત, તુલા (પાટડો) કે સ્તંભ મૂકવો નહિ. આથી વાસ્તુલક્ષણના જાણકાર શિલ્પીએ વાસ્તુભૂમિમાં વાસ્તુમંડળનું આલેખન કરવું. અહીં વાસ્તુભૂમિ એટલે ઘર, મહેલ, દેવાલય, ગામ કે નગર બાંધવાની જગ્યા એમ સમજવાનું છે.

વાસ્તુમંડળમાં ઉત્પન્ન થતાં મર્મ, ઉપમર્મ, અતિમર્મ, મહામર્મ, સંધિ, અનુસંધિ, શિરા, નાડી, વંશ, મહાવંશ, અનુવંશ, લાંગલ આદિનાં જુદા જુદા ગ્રંથોમાં જુદાં જુદાં નામ આવે છે. જેમકે (૧) રાજવલ્લભ (૨) અપરાજિતસૂત્ર (૩) બૃહદ્સંહિતા અને (૪) સમરાંગણસૂત્રધારમાં પૃથક પૃથક નામ આપેલાં છે. અહીં તે મુખ્ય ચાર ગ્રંથોના આધારે ૬૪ પદના તથા ૮૧ પદના વાસ્તુમંડળનાં ચિત્રો આપી તે મર્માદિનું વિવેચન કરીએ છીએ.

## ૧૨. વાસ્તુપુરુષનાં ૬ મહામર્મ સ્થાન.


(૧) મુખ (૨) હૃદય (૩) નાભિ (૪) મસ્તક (૫-૬) બે સ્તનો એ પ્રમાણે વાસ્તુપુરુષનાં છ અંગોને મહામર્મસ્થાન ગણ્યાં છે. આ મહામર્મોનાં સ્થાન દબાય તો તેને કેટલાક આચાર્યોએ મર્મદોષ કહ્યો છે. તેથી એ છ મહામર્મસ્થાનોમાં ભીંત, પાટડો કે થાંભલો ન મૂકવાં.

## ૧૩. દ્રવિડ ગ્રંથોનો મત

દ્રવિડ વાસ્તુગ્રંથોમાં પણ આ મર્મસ્થાનોને મહામર્મ ગણ્યા છે. તદુપરાંત તેઓ વાસ્તુમંડળના મધ્યમાં બનતા બ્રહ્માના પદને પદ્માકૃતિ ગણી તે પદ્મની (બ્રહ્માના પદની) બે બે રેખાઓ એક બીજાને છેદે તે ખૂણાનાં સ્થાનોને (ત્રિશૂલાકૃતિ કલ્પી) ત્રિશૂલ કહે છે. તથા તે પદના બહારના ભાગે સામસામા ખૂણે છ રેખાઓ યુક્ત થતાં બનતી આકૃતિને વજ્રક કહે છે. આમ (પ્રથમનાં છ મહામર્મસ્થાનો ઉપરાંત) પદ્મક, ત્રિશૂલ અને વજ્રક એમ ત્રણ વધારાનાં મર્મસ્થાનો ગણી નવ મહામર્મો કહ્યા છે.

વાસ્તુના શરીરમાં શિરા, વંશ, મહાવંશ, અનુવંશ, એમ ચાર પ્રકારની રેખાઓ હોય છે અને તેમના એકબીજા સાથેનાં સંપાતને સંધિ અને અનુસંધિ કહી છે. આમ સંધિ અને અનુસંધિ રૂપ રેખાઓના સંપાતથી બનતાં સ્થાનોને મર્મ, ઉપમર્મ અને મહામર્મ કહ્યા છે. વાસ્તુમંડલમાં આ મર્મસ્થાનો કયા કયા સ્થાને આવે છે, તે માટે રેખાચિત્રો આપવામાં આવ્યાં છે. તેમાં આપેલાં લક્ષણો મુજબ અભ્યાસ કરવાથી ચતુર શિલ્પીને તેનું જ્ઞાન સરલતાથી થશે. અહીં રાજવલ્લભ, અપરાજિતસૂત્ર, બૃહત્સંહિતા અને સમરાંગણ સૂત્રધારોક્ત લક્ષણો ચિત્રો દ્વારા સમજાવવામાં આવ્યાં છે. જેમકે:—

## ૧૪. રાજવલ્લભોક્ત ૮૧ પદના વાસ્તુમંડળમાં મર્મોપમર્મ



(૧) શિરા–વાસ્તુક્ષેત્રના ખૂણાઓને સાંધનારી બન્ને કર્ણ રેખાઓને શિરા કહે છે. કેટલાક તેમને ઉપવંશ કહે છે.

(૨) વંશ–વાસ્તુમંડળ બનાવતાં કરેલી આડી અને ઉભી રેખાઓને વંશ કહે છે.

(૩) મહાવંશ–વાસ્તુમંડળના મધ્યની બે બે આડી અને ઉભી રેખાઓને મહાવંશ કહે છે

(૪) અનુવંશ–શિરાઓને સમાનાન્તરરૂપે રહેલી તિર્યંક્ (તિરછી) બે બે રેખાઓને અનુવંશ કહે છે. આવી કુલ આઠ રેખાઓ હોય છે.

(૫) સંધિ—બે રેખાઓના સંગમસ્થાનને સંધિ કહે છે. કેટલાક ગ્રન્થોમાં મહારેખા (મહાવંશ)ની સંધિને મર્મ કહેલ છે.

(૬) **અનુસંધિ**—બે કે તેથી વધારે રેખાઓના સંપાતને અનુસંધિ કહે છે.


(૭) **મર્મ**–શિરા વંશ, મહાવંશ, અનુવંશ એ પૈકીની રેખાઓથી ૮૧ પદના વાસ્તુમાં ષડ્સૂત્ર સંપાતથી (સંધિથી) કુલ ૨૪ મર્મસ્થાનો બને છે અને ચતુઃસૂત્ર સંપાતથી. ૩૨ મર્મસ્થાનો ઉપજે છે.

(૮) **ઉપમર્મ**—પદના મધ્યભાગમાં બે અનુવંશ રેખાઓનો સંપાત થાય તેને ઉપમર્મ કહે છે. ૮૧ પદના વાસ્તુમાં ત્રિસૂત્ર સંપાતનાં વીસ અને ચતુઃસૂત્ર સંપાતના પાંચ ઉપમર્મ ઉપજે છે. ચારે દિશાઓના બાહ્યભાગમાં (ખૂણાઓમાં, ત્રણ રેખાઓના સંગમને પણ ઉપમર્મ કહે છે.

(૯) **મહામર્મ કે અતિમર્મ**-વંશ, અનુવંશ અને શિરાઓના સંધિસ્થાનને મહામર્મ કે અતિમર્મ કહે છે. ૮૧ પદના વાસ્તુમાં ૮ સૂત્રો ભેગાં થવારૂપ આઠ મહામર્મ ઉપજે છે.

(૧૦) **લાંગલ**—બે અનુવંશની સંધિને લાંગલ કહે છે.

## ૧૫. અપરાજિતસૂત્રોક્ત ૮૧ પદના વાસ્તુમંડલના મર્મોપમર્મ



૧. વંશ :– વાસ્તુની પૂર્વ પશ્ચિમ (મધ્યની) ઉભી બે રેખાઓ.


૨. ઉપવંશ :–વાસ્તુની ઉત્તર દક્ષિણની (મધ્યની) બે આડી રેખાઓ.

૩. શિરા :–વાસ્તુમંડળનાં ખૂણાઓને સાંધતી તિર્યક્ બે કર્ણ રેખાઓ, તેમજ પુષ્પદંત અને કુબેર, યમ અને ઈન્દ્ર, સૂર્ય અને ભલ્લાટ, તથા વરુણ અને ગૃહક્ષતનાં પદોને છેદતી ચાર રેખાઓ આમ બે કર્ણ રેખાઓ તથા તેમને સમાનાન્તર બનની આ ચાર રેખાઓ એમ મળી કુલ છ રેખાઓને શિરા કહી છે.

૪. મહામર્મ :– વાસ્તુપદના મધ્યગર્ભે વંશ તથા ઉપવંશ રેખાઓના સંપાત સ્થાને (એટલે બ્રહ્માના પદના ચાર ખૂણે) મહામર્મ ઉપજે છે. આ સ્થાનને લાંગલની સંજ્ઞા પણ લાગુ પડે છે.

૫. લાંગલ :—જયાં છ સૂત્રોનો સંપાત (સંધિ) થાય તે લાંગલ કહેવાય છે. શિરાને લગતા છ સૂત્રોના સંપાતને લાંગલ કહે છે.

## ૧૬. બૃહત્સંહિતોક્ત (વરાહમિહિરોક્ત) ૮૧ પદના વાસ્તુમંડળનાં મર્મોપમર્મ



અપરાજિતોક્ત મર્મોપમર્મ.

મહામર્મને લાંગલ પણ કહે છે. વાસ્તુમંડલની ચારે દિશાએ એક એક પદમાં થતાં સંધિસ્થાનોને પણ લાંગલ કહે છે. આમ કુલ ૨૪ લાંગલ થાય છે.

૬. પદ્મક:—બ્રહ્માના પદના મધ્યભાગમાં આઠ સૂત્રો ભેગાં થાય છે, તેને (કમળની આકૃતિ થાય છે, તેને પદ્માકૃતિને) પદ્મક કહે છે.

૭. શૂલ (ત્રિશૂલ) :—બ્રહ્માના પદના બહારના ચાર ખૂણાઓની બહારની બાજુએ થતા ત્રણ રેખાઓના સંપાતને શૂલ અથવા ત્રિશૂલ કહે છે.

૮. વજ્રક:– બ્રહ્માના પદની ત્રાંસી બે રેખાઓ (કર્ણરેખાઓ)ને વજ્રક કહે છે.

## ૧૬. બૃહત્સંહિતોક્ત ૮૧ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ

૧. શિરા:—વાસ્તુમંડળની વિકર્ણ (કર્ણ) રેખાઓ તે શિરાઓ કહેવાય છે.

તદુપરાંત વિતથથી શેષને સ્પર્શતી તિરછી રેખા, મુખ્યથી ભૃંશને સ્પર્શતી તિર્યક્રેખા, જયંતથી ભૃંગને સ્પર્શતી તિર્યગ્રેખા, તથા અદિતિથી સુગ્રીવને સ્પર્શતી તિર્યક્ રેખા, એમ ચાર કર્ણને સમાનાન્તર રહેતી રેખાઓને પણ શિરા કહે છે. આમ કુલ છ શિરાઓ થાય છે.

૨. અતિમર્મ :—વિકર્ણ રેખાઓના સંપાતને (સંગમ સ્થાનને) અતિમર્મ કહે છે. ૮૧ પદના વાસ્તુમંડળમાં આવા નવ અતિમર્મ ઉત્પન્ન થાય છે.

૩. વંશ :—વાસ્તુમંડળના મધ્યની બે બે આડી તથા ઉભી રેખાઓને વંશ કહે છે.

૪. મર્મ :—કર્ણરેખાના સંપાતને તથા ત્રણ કે ચાર રેખાઓના સંપાત સ્થાનને મર્મ કહે છે.

વાસ્તુપુરુષના અંગમાં (૧) મુખ (૨) હૃદય (૩) નાભિ (૪) મૂર્ધા તથા (૫–૬) બે સ્તન આ છ સ્થાનોને મર્મ કહે છે. કેટલાંક બીજા ગ્રંથકારોએ આ સ્થાનોને મહામર્મ કહ્યા છે.


## ૧૭. સમરાંગણ સૂત્રોક્ત ૮૧ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ

૧ શિરા :—વાસ્તુમંડળના ખૂણાઓને સાંધનારી કર્ણ રેખાઓ તે શિરા.

૨ વંશ :—ગંધર્વથી ઈન્દ્ર તથા પુષ્પદંતથી શેષને જોડતી બે રેખાઓને વંશ કહે છે.

૩ અનુવંશ :—અસુર અને ગૃહક્ષત તથા ભલ્લાટ અને સત્યનાં પદોને જોડતી રેખાને અનુવંશ કહે છે. વંશ અને અનુવંશ શિરાઓને સમાનાન્તર રેખાઓને કહ્યા છે. આ રેખાઓમાં ઇશાનથી નૈઋત્યમાં જતી રેખાને વંશ અને અગ્નિખૂણાથી વાયવ્ય તરફ જતી રેખાને અનુવંશ કહે છે.

૪ મહાવંશ :—વાસ્તુમંડલના મધ્યની આડી તથા ઉભી બે બે રેખાઓને મહાવંશ કહે છે.




૫ સંધિ :—શિરા, વંશ, અનુવંશ તથા મહાવંશ એમ આઠ વંશના (સૂત્રોના) સંપાતને સંધિ કહે છે. આ સંધિસ્થાન બ્રહ્માના પદના ચાર ખૂણાઓમાં ઊપજે છે.

૬ અનુસંધિ:-વંશ તથા અનુવંશના સંપાત સ્થાનોને અનુસંધિ કહે છે. આમ વાસ્તુમંડળમાં ૪ સંધિઓ તથા ૪ અનુસંધિઓ બને છે.

૭ મર્મ :—સંધિસ્થાનોને મર્મ કહે છે.

૮ ઉપમર્મ :—અનુસંધિઓને ઉપમર્મ કહે છે.

## ૧૮. વાસ્તુમંડળના મર્મોપમર્મ કયાં કયાં જોવા ?

વાસ્તુના મર્મ, ઉપમર્મ, અતિમર્મ, વંશ, મહાવંશ, ઉપવંશ (અનુવંશ), શિરા, લાંગલ આદિ મર્મવેધ ઘર, રાજભવનો, તેમજ નગરોમાં વિશેષપણે જોવાં.

## ૧૯. રાજવલ્લભના મત મુજબના ૬૪ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ

મંડન સૂત્રધારે રાજવલ્લભમાં કહ્યું છે કે, ઘર કરવાની ભૂમિના ૬૪ ભાગો કરી (૬૪ પદના વાસ્તુમાં) ભૂમિના ચારે ખૂણાની વિકર્ણ રેખાઓ (જેને શિરા કહે છે તે) દોરવી. એ રેખાઓ અથવા કર્ણ સૂત્રના અંશોથી બ્રહ્માના ચાર પદમાં આઠ સૂત્રો ભેગાં થતાં તે સ્થળે "કમળ" થાય છે, તે પીડાવા ન દેવું, એટલે સ્તંભ, ભીંત કે પાટ તેના પર ન મૂકવાં.

બીજી રીત એ છે કે ઘરની ભૂમિના ૨૪ ભાગો કરી તે ભાગોમાં છ સૂત્રો વડે ષટ્‌કોણ કરી તે ષટ્‌કોણના પદાર્ધ ઉપર (ષટ્‌કોણના ભાગના કોઠાનો અર્ધપદ અથવા અર્ધ કોઠા) ઉપર સ્તંભ આવે તો પીડાકારક જાણવો. વજ્રકૃતિ કે ત્રિશૂલ ઉપર સ્તંભ, ભીંત કે પાટડો ન મૂકવો.

વાસ્તુપુરુષના શરીર ઉપરની રેખાઓ અને તેના સંપાતથી થતા મર્મ, મહામર્મ, ઉપમર્મ સંધિ, લાંગલ આદિનું સ્પષ્ટીકરણ પાના નં. ૨૨, ૨૩ ૨૪ અને ૨૬ ઉપર આપેલાં ચિત્રો તથા વિગત જોવાથી સમજાશે.

## ૨૦. અપરાજીતના મત મુજબન ૬૪ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ.

અપરાજિતસૂત્રમાં ૮×૮= ચોસઠ પદના વાસ્તુસ્થાનમાં શિરા, વંશ, ઉપવંશ, લાંગલ, મર્મ, ઉપમર્મ, મહામર્મ અને પદ્મક, ત્રિશૂલ, વજ્રક આદિનું સ્વરૂપ નીચે પ્રમાણે આપેલું છે. જેમકે :—

૧. શિરા :—વાસ્તુક્ષેત્રની ખૂણા ખૂણાની વિકર્ણ મૂળ રેખાઓ તે શિરા. જય અને ગંધર્વને સ્પર્શતી તિર્યક્‌રેખા, ગિરી (શૈલ) અને સુગ્રીવને સ્પર્શતી તિર્યક્‌રેખા, સત્ય અને મુખ્યને સ્પર્શતી તિર્યક્‌રેખા, વિતથ અને અસુરને સ્પર્શતી તિર્યક્‌રેખા આ બધી તિર્યક્‌રેખાઓ શિરા કહેવાય છે.

૨. વંશઃ—ચોસઠ પદના વાસ્તુની મધ્યની પૂર્વ પશ્ચિમ ઊભી ત્રણ રેખાઓ વંશ કહેવાય છે.

૩. ઉપવંશઃ—ચોસઠ પદના વાસ્તુની મધ્યની ઉત્તર દક્ષિણની આડી ત્રણ રેખાઓ ઉપવંશ કહેવાય છે.

૪ લાંગલઃ—છસૂત્રોના સંપાત સ્થાનોને લાંગલ કહે છે. તેમજ વંશ અને ઉપવંશના અંત ભાગમાં (સૂત્ર સંપાતના બાર સ્થાને) લાંગલો ઉત્પન્ન થાય છે. તેમજ ચારે કર્ણે પણ લાંગલ થઈ કુલ ૨૪ લાંગલો ઉત્પન્ન થાય છે.

**મર્મ**:—વંશ અને ઉપવંશનાં સંપાત સ્થાનોને (જ્યાં ચાર સૂત્રનો સંપાત થાય છે) મર્મ કહે છે.

**ઉપમર્મ**:—પદના મધ્યમાં જ્યાં ત્રણ સૂત્રનો સંપાત થાય છે, તેને ઉપમર્મ કહે છે.

**મહામર્મ**:—જ્યાં વંશ કે ઉપવંશ અને શિરાનો સંગમ (સંપાત થાય) તેને મહામર્મ કહે છે.

**પદ્મ-કમળ**:—બ્રહ્માના પદના થતા મધ્યમાં અષ્ટસૂત્ર સંપાત સ્થાનને પદ્મક કહે છે.

**ત્રિશૂલ**:—બ્રહ્માની બહાર ચાર કોણોમાં ચાર ત્રિશૂલ ઉત્પન્ન થાય છે.

**વજ્રક**:—બ્રહ્માના બહારના ચાર ત્રિશૂલના બબ્બે યુગ્મને વજ્રક કહે છે.

**૨૧. બૃહત્સંહિતમાં ૬૪ પદના વાસ્તુમંડળના મર્મોપમર્મ કહ્યા નથી.**

**૨૨. સમરાંગણ સૂત્રધારનાં મત મુજબ ૬૪ પદના વાસ્તુના મર્મોપમર્મ.**

૧. શિરાઃ—વાસ્તુ ક્ષેત્રની ખૂણાખૂણાની બે વિકર્ણ રેખાઓને શિરા કહે છે.

૨ મહાવંશઃ– મધ્યની પૂર્વ પશ્ચિમ લાંબી ઊભી અને તેવીજ ઉત્તર દક્ષિણની લાંબી આડી રેખાઓને મહાવંશ કહે છે.

૩. **વંશઃ**—શૈલ અને પુષ્પદંતના પદને છેદતી તિર્યગ્રેખા, મહેન્દ્ર અને ગંધર્વના પદને છેદતી તિર્યગ્ રેખા આ બે તિર્યગ્ રેખાઓને વંશ કહેલ છે.

૪. અનુવંશઃ—ગૃહક્ષત અને અસુરના પદને છેદતી તિર્યગ્ રેખા, સત્ય અને ભલ્લાટના પદને છેદતી તિર્યગ્ રેખા આ બે તિર્યગ્રેખાને અનુવંશ કહ્યા છે.

૫. મર્મઃ—**મહાવંશ**, વંશ કે અનુવંશના ત્રણ ચાર કે પાંચના સૂત્રસંપાત સ્થાનને મર્મ કહ્યા છે.

૬. ઉપમર્મઃ—પદના મધ્યભાગમાં વિકર્ણ (બે તિર્યગ્) રેખાઓના સંપાતને ઉપમર્મ કહે છે.

૭. સંધિઃ—આઠ સૂત્રના સંપાતને સંધિ કહે છે.

૮. અનુસંધિઃ—છ સૂત્રના સંપાત (સંગમ,) સ્થાનને અનુસંધિ કહે છે.

**૨૩. ઉપરોક્ત શિરા, વંશ, મર્માદિ માટે બીજા કેટલાક ગ્રન્થકારોએ આપેલી સંજ્ઞાઓ-મતમતાન્તરો.**

(समराङ्गणसूत्रधारोक्त विशेष)

૧. **ઊર્ધ્વવંશઃ**—તિર્યક્ કોણ રેખાને ઊર્ધ્વવંશ કહે છે.

૨. **રજ્જુઓઃ**—અનુવંશને રજ્જુઓ કહે છે.

૩. **નાડીઃ**—તિર્યગ્ રેખાઓને નાડી કહે છે.

૪. **નાડીરજ્જુ**:—આઠ સૂત્રોનો સંપાત અથવા મહામર્મ બનતો હોય તેને નાડી રજ્જુ કહે છે.

**મર્મસ્થાનઃ**—વંશાનુવંશ સંપાતને મર્મસ્થાન કહે છે.

ઉપર કહેલા શિરા, મર્મ, મહામર્મ, વંશ, મહાવંશ, અનુવંશ, સંધિ અનુસંધિ, અતિમર્મ ઉપવંશ, લાંગલ, પદ્મ-કમળ, ત્રિશૂળ (શૂલ), વજ્રક અને ષટ્કોણ આદિ અંગ ઉપર સ્તંભ, ભીંત કે પાટ ન મૂકવાં.

### ૨૪. મર્મસ્થાનોનું પ્રમાણ :

વાસ્તુના મર્મ સ્થાનો ઉપર દિવાલ કે સ્તંભ ન આવવો જોઈએ, તેથી તે મર્મ સ્થાનનું પ્રમાણ કહ્યું છે. શિરાનું વ્યાસમાન પદના સોળમા ભાગનું જાણવું. વંશપદનો ૧/૮ ભાગ અનુવંશ ૧/૧૨ ભાગ, મર્મ પદનો ૧/૧૨ ભાગ અને ઉપમર્મનો ૨ ૧/૬ ભાગ વિસ્તાર પ્રમાણનો જાણી તે ઉપર સ્તંભ, ભીંત કે પાટ આવવા ન જોઈએ.

### ૨૫. વરાહમિહિરમાં વિશેષતા :

બૃહત્સંહિતામાં વરાહમિહિરે વંશ, અનુવંશ, શિરા એના નવ સંપાત(સંગમ)ને અતિમર્મ-મહામર્મ કહ્યા છે અને તેનું માન પદના ૧/૮ વ્યાસનું કહ્યું છે.

### ૨૬. મર્મસ્થાન માટે વિશેષ કથન (ગ્રન્થાન્તર).

વાસ્તુપુરુષમાં ૬ મર્મ સ્થાન (૧) મુખ, (૨) હૃદય (૩) નાભિ (૪) મૂર્ધા (૫) માથું અને (૬) બે સ્તન છે. ત્યાં પાટ, ભીંત કે સ્તંભ ન મૂકવો.

ઘરની ભૂમિના ૬×૪=૨૪ ભાગો કરી તેમાં ષટ્કોણ કરી તે ષટ્કોણના પદાર્ધ ઉપર એટલે ષટ્કોણના ભાગના કોઠાના અર્ધ પદમાં (અથવા અર્ધ કોઠામાં) સ્તંભ આવે તો પીડાકારક થાય, તેમજ જ્યાં વજ્રાકૃતિ આવતી હોય તેની ઉપર ભીંત આવે કે સ્તંભ આવે તો મરણ થાય છે.

### ૨૭. વીથિ

વાસ્તુને ફરતી ખુલ્લી જમીન, નાનો રસ્તો, માર્ગ અગર ઘરની ફરતો ઓટલો (કેટલાક મકાનની મજબૂતી માટે ફરતી જમીન નીચી હોય તો ઓટલો કે કડખલો કરે છે), તેને પણ વીથિનું સ્વરૂપ જાણવું.

### ૨૮. ભિન્ન ભિન્ન વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં કહેલાં ૬૪ પદના વાસ્તુમંડળમાં શિરા આદિનાં ભિન્ન ભિન્ન લક્ષણો.

અ–શિરા—વાસ્તુક્ષેત્રની ખૂણા ખૂણાની વિકર્ણ રેખાઓ, તિરછી રેખાઓ.

વંશઃ—ચોસઠ પદના વાસ્તુની મધ્યની પૂર્વ પશ્ચિમ ઊભી ત્રણ રેખાઓ તેમજ શૈલ-પુષ્પદંત અને મહેન્દ્ર-ગંધર્વના પદની તિર્યક્ રેખાને વંશ કહે છે.

મહાવંશઃ—ચોસઠ પદના વાસ્તુની મધ્યની ઉત્તર દક્ષિણની આડી ત્રણ રેખાઓ.

ઉપવંશ, લાંગલઃ—છ સૂત્રોના સંપાત સ્થાનને લાંગલ કહે છે. તેમજ વંશ અને ઉપવંશના અંત ભાગે થતા ત્રણ સૂત્ર સંપાતના સ્થાને બાર લાંગલો થાય છે. તેમજ ચારે કોણ પણ લાંગલ થઈ ચોવીશ લાંગલો ઉત્પન્ન થાય છે.

उपमर्मः—પદના મધ્યમાં જ્યાં ત્રણ સૂત્રનો સંપાત થાય તે ઊપમર્મ. તેમજ પદના મધ્ય ભાગમાં બે વિકર્ણ (તિર્યગ્) રેખાઓના સંઘાતને પણ ઊપમર્મ કહે છે.

महामर्मः—જ્યાં વંશ કે ઉપવંશ અને શિરાનો સંગમ (સંપાત) થાય તેને મહામર્મ કહે છે.

पद्मकः—મધ્યના બ્રહ્માના પદના મધ્યમાં થનારા અષ્ટસૂત્રસંપાતસ્થાનને પદ્મક કહે છે.

त्रिशूल-शूलः—મધ્યના બ્રહ્માના પદની બહાર ચાર કોણોમાં ચાર ત્રિશૂલ ઉત્પન્ન થાય છે.

वज्रकः—મધ્યના બ્રહ્માના પદની બહારના ત્રિશૂલના ચાર કે બબ્બેના યુગ્મને વજ્રક કહે છે.

अतिमर्मः—એકાશીપદના વાસ્તુમાં વિકર્ણ રેખાઓના સંપાતસ્થાનમાં નવ અતિમર્મ ઉત્પન્ન થાય છે.

आ-वंशः—વાસ્તુના મધ્યની બબ્બે આડી ઊભી રેખાઓને વંશ કહે છે.

अनुवंशः—ગૃહક્ષત-અસુર અને સત્ય-ભલ્લાટના પદને છેદતી તિર્યક્ રેખાઓને અનુવંશ અથવા રજ્જુઓ કહે છે.

संधिः—આઠ સૂત્રના સંપાતને સંધિ કહે છે.

अनुसंधिः—છ સૂત્રના સંપાત (સંગમ) સ્થાનને અનુસંધિ કહે છે.

ऊर्ध्ववंशः—તિર્યક્ કોણ રેખાઓને ઊર્ધ્વવંશ કહે છે.

नाडी :—તિર્યગ્ રેખાઓ.

रज्जुओः—અનુવંશ.

देवस्थानः—વંશાનુવંશ સંપાતના સ્થાનને દેવસ્થાન (સમરોહણ) કહે છે.

मर्मः—મહાવંશ, વંશ કે અનુવંશના ત્રણ, ચાર કે પાંચના સૂત્રસંપાતસ્થાનને મર્મ કહે છે. વંશ અને ઉપવંશોના સંપાતસ્થાનોને મર્મ કહે છે. જ્યાં ચાર સૂત્રોનો સંપાત થાય, તેને તેમજ વિકર્ણ અને શિરાના સંપાતસ્થાને થતા ત્રણ કે ચાર સૂત્રોના સંપાત-સ્થાનને મર્મ કહે છે.

महावंशः—મધ્યની પૂર્વ પશ્ચિમ લાંબી ઊભી તેમજ ઉત્તર દક્ષિણની લાંબી આડી રેખાઓને મહાવંશ કહે છે.

षट्कोणः—ઘરની ભુમિના ૬×૪=૨૪ ભાગો કરી ષટ્કોણ કરી તે ષટ્કોણના પદાર્ધ ઉપર (તેના ભાગ કોઠાઓના અર્ધપદ પર) સ્તંભ ભીંત કે પાટડો ન મૂકવો.

वास्तुपुरुषः—વાસ્તુપુરુષના (૧) મુખ (૨) હૃદય (૩) નાભિ (૪) મૂર્ધા અને (૫-૬) બે સ્તન એ છ મર્મ સ્થાન છે.

આ સર્વ કહેલા શિરા, મર્મ, મહામર્મ, વંશ, મહાવંશ, અનુવંશ, સંધિ, અનુસંધિ, અતિમર્મ, ઉપવંશ લાંગલ, પદ્મ, કમળ, ત્રિશૂલ, વજ્રક અને ષટ્કોણના ઉપર સ્તંભ, ભીંત કે પાટડો ન મૂકવો.

**૨૯. ભિન્ન ભિન્ન ગ્રંથોક્ત ૮૧ પદના મર્મોપમર્મનાં ભિન્ન ભિન્ન લક્ષણ.**

(૧) इ शिरा:—વાસ્તુક્ષેત્રની ખૂણા ખૂણાની વિકર્ણ રેખાઓ (બૃહદ્સંહિતામાં કુલ ચાર વક્રરેખા છે), તે શિરા.

(૨) महावंशः—વાસ્તુક્ષેત્રમાં મધ્યની બે આડી ઊભી રેખાઓ સમરાંગણસૂત્ર પ્રમાણે મધ્યનાં ત્રણ પદ છોડીને બબ્બે ઊભી રેખા તેમજ આડી મળી કુલ ચાર આડી ઊભી રેખાઓ.

(૩) अनुवंशः—વાસ્તુક્ષેત્રમાં ખૂણાખૂણાની શિરાના સમસૂત્રે ત્રાંસી બબ્બે રેખા મળી કુલ આઠ રેખાને અનુવંશ કહે છે. निर्वाणकलिकाમાં તેને નાડી કહી છે. समराँगणसूत्रમાં બે બે વિકર્ણ રેખાઓ એટલે ગંધર્વ અને ઇન્દ્રના, પુષ્પદંત અને શૈલના, અસુર અને ગૃહક્ષત તથા સત્યના પદોને છેદતી વિકર્ણ બે બે રેખાઓ એમ બધી મળી કુલ ચાર વિકર્ણ રેખાઓને અનુવંશ કહ્યા છે.

(૪) मर्मः—વાસ્તુક્ષેત્રમાં શિરા, મહાવંશ અને નાડી, વંશ તથા અનુવંશ એમાંના બે ત્રણ કે ચારનો જ્યાં સંપાત થાય છે, તેવાં છપ્પન (૫૬) સ્થાનોને મર્મસ્થાન કહ્યા છે. ૮૧ પદના વાસ્તુમાં ષટ્સૂત્ર સંધિના ચોવીશ (૨૪) મર્મસ્થાન અને ચતુઃસૂત્ર સંધિના બત્રીશ મર્મસ્થાન મળી કુલ ૫૬ (૨૪+૩૨=૫૬) મર્મસ્થાન કહ્યાં છે.
સમરાંગણસૂત્રમાં संपाता ये स्युरेतेषां मर्माणि तत् संप्रवक्ष्यते વાસ્તુક્ષેત્રની ફરતા એક એક, મધ્યનાં પદ (સૂર્ય—યમ, કુબેર અને વરુણના પદ) ઉપર બે બે મર્મ ગણ્યા છે એટલે કુલ આઠ મર્મ સ્થાન કહ્યાં છે.

(૫) उपमर्म (संधि):—વાસ્તુક્ષેત્રમાં મધ્ય તથા બે અનુવંશ રેખાના સંપાત સ્થાનને ઉપમર્મ કહે છે. આ ચાર અને મધ્યનો એક તથા ૮૧ પદના વસ્તુમાં ત્રિસૂત્રસંપાતના વીસ અને ચતુઃસૂત્ર સંપાતના સોળ (ચારે દિશાઓના વાસ્તુદેવોના પીઠરેખાના સંગમ સ્થાનોને સંધિ કહે છે. તે) મળી કુલ ૪૧ ઉપમર્મ ઉપજે છે.
સમરાંગણ સૂત્ર–उपमर्माणि तान्याहुः पदमध्यानि यानि हि । ઉપવંશ અને વંશના સંપાત સ્થાને ચાર ઉપમર્મ ઉપજે છે એમ કહે છે. નિર્વાણકલિકામાં તિર્યક્ બે શિરાને ऊर्ध्ववंश કહ્યા છે. તેમજ તિર્યક્ બીજી રેખાને નાડી અને આડી ઊભી રેખાને વંશ, મહાવંશ કહ્યા છે.

(૬) महामर्म (अतिमर्म):—વાસ્તુક્ષેત્રમાં નાડી, વંશ અનુવંશ અને શિરા રેખાઓના સંધિ-સ્થાનને મહામર્મ કે અતિમર્મ કહે છે. ૮૧ પદના વાસ્તુમાં મહામર્મ આઠ સ્થાને જ્યાં આઠ સૂત્રોનો સંપાત થાય છે, ત્યાં ઉપજે છે.

(૭) સંધિઃ—અન્ય ગ્રન્થોમાં બે રેખાઓના સંગમ સ્થાનને સંધિ અને ત્રણ રેખાના સંગમને મર્મ કહેલ છે.

समरांगणसूत्रधारमां-

वंशाष्टकस्य यः संधि स संधिरिति कथ्यते ।
ये च स्युरनुवंशानां प्रोक्तास्ते चानुसंधयः ॥

સંધિ વંશ અને શિરાની સંધિ સ્થાને (બ્રહ્માના ચારખૂણે) ચાર સંધિ સ્થાન બને છે.

(૮) लांगलः—લાંગલના લક્ષણ વિષે વાસ્તુવિદ્યાના કેટલાક ગ્રન્થોમાં કહ્યું છે કે અનુવંશ સંધિ તે જ લાંગલ છે.

अपराजितसूत्र-જ્યાં છ સૂત્રોનો સંપાત (સંધિ) થાય તેને લાંગલ કહે છે. શિરાને લગતાં છ સૂત્રોનો સંપાત થાય તેને લાંગલ મહામર્મ કહે છે, તેમજ તેને લાંગલ પણ કહે છે વાસ્તુના મંડળને ફરતા એક એક પદના સંધિ સ્થાને ચોવીશ લાંગલ થાય છે.

(૯) वंशः–अपराजितसूत्रमां—વાસ્તુની પૂર્વ પશ્ચિમ મધ્યની બે રેખાઓને વંશ કહે છે. સમરાંગણ સૂત્રમાં વંશ उपरितनमुद्दिष्टा रेखा वास्तुमुखायताः એટલે કે ઇન્દ્ર અને ગંધર્વ, પુષ્પદંત અને શૈલ, ગૃહક્ષત અને અસુર તથા સત્ય અને ભલ્લાટને છેદતી તિર્યક્ ચાર રેખાને વંશ કહેલા છે. મર્મોપમર્મમાં એકાશી પદના વાસ્તુમાં મધ્યના બ્રહ્માના ત્રણ ત્રણ પદની આડી ઉભી રેખાઓને વંશ કહે છે.

(૧૦) उपवंशः-अपराजित સૂત્રમાં ૮૧ પદના વાસ્તુમાં મધ્યના બ્રહ્માના પદની સીધાઈમાં ઉત્તર દક્ષિણ બે રેખાઓને ઉપવંશ કહ્યા છે.

(૧૧) महावंशः—મર્મોપમર્મમાં ૮૧ પદમાં મધ્યની બે આડી અને ઉભી રેખાને મહાવંશની ચાર રેખા કહી છે.

સમરાંગણસૂત્રમાં ૮૧ પદનાં વાસ્તુમાં બ્રહ્માના ત્રણ પદની સીધાઇની આડી ઊભી રેખાઓને મહાવંશની ચાર રેખાઓ કહી છે.

(૧૨) अनुवंशः-समरांगणसूत्रधार—વિકર્ણની બે રેખાઓ એટલે અસુર–ગૃહક્ષત અને સત્ય–ભલ્લાટને છેદતી ત્રાંસી રેખાઓને અનુવંશ કહે છે.

(૧૩) पद्मकः—બ્રહ્માના પદના મધ્યમાં આઠ સૂત્રો ભેગાં થાય તેને પદ્મક કહે છે.

(૧૪) शूल त्रिशूलः—બ્રહ્માના પદના બહારના ચાર ખૂણે થતાં ત્રિશૂલ.

(૧૫) वज्रकः—બ્રહ્માના પદની ત્રાંસી બે રેખાઓ તે વજ્રક.

(૧૬) षट्कोण—ઘરની ભૂમિમાં ૬×૪ ચોવીશ ભાગો કરી ષટ્કોણ કરી તે ષટ્કોણ ન પદાર્ધ ઉપર (તેના ભાગ કોઠાના અર્ધપદ પર) સ્તંભ, ભીંત કે પાટ ન મૂકવા.

આ સર્વ શિરા, મહાવંશ, અનુવંશ, મર્મ, ઉપમર્મ, મહામર્મ, અતિમર્મ, સંધિ, લાંગલ, વંશ, ઊપવંશ, મહાવંશ, અનુસંધિ, પદ્મક, ત્રિશૂલ, વજ્રક અને ષટ્કોણના અંગ ઉપર સ્તંભ, ભીંત કે પાટડો ન મૂકવાં એમ લગભગ દરેક ગ્રંથકાર કહે છે.

## પ્રકરણુ–૪

## ગૃહ—ગૃહસ્થોનાં ઘર

### ૧ ધ્રુવ ધાન્યાદિ ઘરોની ઉત્પત્તિ છંદથી થાય છે તે માટે પ્રસ્તારનું સ્વરૂપ અને વિવેચન

| | | |
|---|---|---|
| ૧ | SSSS | પ્રથમ રૂપમાં ચાર ગુરુનાં ચાર ચિહ્નો આવે. |
| ૨ | ISSS | બીજા રૂપમાં પહેલા રૂપના આદ્ય ગુરુ નીચે લઘુ ચિહ્ન મૂકી ઉપરના ત્રણ ગુરુ મૂકવાથી રૂપ થાય. |
| ૩ | SISS | ત્રીજા રૂપમાં બીજા રૂપમાં આદ્ય લઘુ છે તે પછીના ગુરુ નીચે લઘુ મૂકીને બાકીનાં સ્થાનોમાં ગુરુમૂકવાથી ત્રીજું રૂપ થાય. |
| ૪ | IISS | ચોથા રૂપમાં આદ્ય બે લઘુ અને અંતે બે ગુરુ આવે. |
| ૫ | SSIS | પાંચમા રૂપમાં આદ્ય બે ગુરુ અને પછી લઘુ અને અંતે ગુરુ આવે. |
| ૬ | ISIS | છઠ્ઠામાં આદ્ય લઘુ પછી ગુરુ પછી લઘુ અને અંતે ગુરુ આવે. |
| ૭ | SIIS | સાતમા રૂપમાં આદ્ય ગુરુ પછી બે લઘુ મૂકી છેલ્લે ગુરુ આવે. |
| ૮ | IIIS | આઠમા રૂપમાં આદ્ય ત્રણ લઘુ અને અંતે એક ગુરુ આવે. |
| ૯ | SSSI | નવમા રૂપમાં આદ્ય ત્રણ ગુરુ આવે અને અંતે એક લઘુ આવે. |
| ૧૦ | ISSI | દશમા રૂપમાં આદ્ય એક લઘુ પછી બે ગુરુ અને પછી એક લઘુ આવે. |
| ૧૧ | SISI | અગિયારમા રૂપમાં આદ્ય ગુરુ પછી લઘુ, ગુરુ અને અંતે લઘુ આવે. |
| ૧૨ | IISI | બારમા રૂપમાં આદ્ય બે લઘુ અને પછી ગુરુએ ને અંતે લઘુ આવે. |
| ૧૩ | SSII | તેરમા રૂપમાં આદ્ય બે ગુરુ આવે અને અંતે બે લઘુ આવે. |
| ૧૪ | ISII | ચૌદમા રૂપમાં આદ્ય એક લઘુ પછી એક ગુરુ અને અંતે બે લઘુ આવે. |
| ૧૫ | SIII | પંદરમા રૂપમાં આદ્ય ગુરુ પછી ત્રણ લઘુ આવે. |
| ૧૬ | IIII | સોળમા રૂપમાં ચારે લઘુ આવે અને પ્રસ્તાર પૂરો થાય. |

### ૨. પ્રસ્તારવિધિ

પ્રસ્તાર ઊપજાવવામાં દર પહેલી પંક્તિના આદ્ય ગુરુ નીચે લઘુ મૂકવો. અને લઘુ નીચે વળી ગુરુ મૂકવો. એમ ક્રમથી આદ્ય પંક્તિમાં મૂકતાં જવું.

બીજી પંક્તિમાં પ્રથમ બે ગુરુ (૧–૨ રૂપમાં), પછી બે લઘુ (૩–૪ના રૂપમાં) એમ બે ગુરુ અને બે લઘુ એમ ક્રમથી આવે.

ત્રીજી પંક્તિમાં એકથી ચાર રૂપમાં ચાર ગુરુ અને ૫ થી ૮ ના રૂપમાં ચાર લઘુ આવે. વળી ૯ થી ૧૨ ના રૂપમાં ચાર ગુરુ અને ૧૩ થી ૧૬ ના રૂપમાં વળી ચાર લઘુ એમ ગુરુ-લઘુ આવે.

ચોથી પંક્તિમાં ૧ થી ૮ સુધીના રૂપમાં આઠ ગુરુ અને ૯ થી ૧૬ સુધી રૂપમાં આઠ લઘુ છેલ્લી પંક્તિમાં આવે.

### ૩. ઉદ્દિષ્ટની રીતિ

ચાર લઘુ સુધીના પૂરા કરેલા પ્રસ્તાર વિષે (ऽ) । ऽ । આ રૂપ કેટલામું છે? તે જાણવાને પહેલી પંક્તિના ગુરુ (ऽ) ઉપર ૧ લખી બીજી પંક્તિના લઘુ (।) ઉપર તેથી બમણા એટલે ૨ લખવા અને ત્રીજી પંક્તિના ગુરુ (ऽ) ઉપર તેનાથી બમણા એટલે ૪ નો અંક લખવો તેમજ છેલ્લા લઘુ ઉપર તેનાથી બમણા એટલે ૮ નો અંક મૂકવો. હવે લઘુ ઉપરના ૨ + ૮ મળી દશ થયા, તેમાં એક ઉમેરતાં તે પ્રસ્તારનું ૧૧મું રૂપ થયું. એ રીતે ગુરુ અને લઘુ ઉપર અનુક્રમે ૧–૨–૪–૮ એમ અંક મૂકવા, પરંતુ તેમાં લઘુ ઉપરના અંકોના સરવાળામાં એક ઉમેરતાં જે થાય તે પ્રસ્તારની સંખ્યાનું રૂપ સમજવું.

### ૪. નષ્ટ રીતિ

ચાર ગુરુના પ્રસ્તારમાં બારમું રૂપ કેવું હશે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં પ્રશ્ન સમ છે કે વિષમ તે જોવું (સમ એટલે બેકી અને વિષમ એટલે એકી). સમ હોય તો આદ્ય લઘુ (।) મૂકવો. અને વિષમ હોય તો ગુરુ (ऽ)નું ચિહ્ન મૂકવું. દૃષ્ટાંત તરીકે બારમું રૂપ કેવું હોય? તો બાર સમ છે. માટે આદ્ય લઘુ (।)નું ચિહ્ન મૂકવું. તે પછી બારનું અર્ધ છ એ પણ સમ છે માટે બીજું લઘુ (।)નું ચિહ્ન મૂકવું. હવે છનું અર્ધ ત્રણ થાય. તે વિષમ અંક છે. માટે ગુરુ (ऽ)નું ચિહ્ન ત્રીજી પંક્તિમાં મૂકવું. (।।ऽ). પછી ત્રણનું અર્ધું થતું નથી એટલે અંક તોડવો નહિ. પરંતુ એમાં એક ઉમેરવાથી ચાર થાય તે સમ અંક છે, માટે છેલ્લું ગુરુ (ऽ)નું ચિહ્ન મૂકવું. એટલે ।।ऽऽ બારમું રૂપ– જાણવું. એ રીતે સમ અંકે અર્ધ કરતાં જવું અને જો વિષમ અંક આવે તો એક ઉમેરી અર્ધ કરતા જવું.

સમ અંકે લઘુ (।) અને વિષમ અંકે ગુરુ (ऽ)નું ચિહ્ન આવે એવી રીતે ચિહ્ન મૂકતાં ખ્યાલ રાખવો ચાર ગુરુના પ્રસ્તારમાં ચાર ચિહ્નો પૂરાં થાય ત્યાં સુધી તેમ કરવું.

આ પિંગળની રીત છે તે જ રીત ઘરના છંદના રૂપને લાગુ પડે છે. જેમકે ।ऽ।ऽ આ રૂપનું કયું ઘર? અને કેટલામું રૂપ થાય? તો છઠ્ઠું કાન્ત નામનું ઘર અને છઠ્ઠું રૂપ થયું તેમ સમજવું.

કાવ્ય, સંગીત અને વાસ્તુવિદ્યામાં લઘુ ગુરુ છે, તે એક જ અંગો ભોગવે છે. પણ તેમના રૂપો ભિન્ન ભિન્ન છે. કાવ્યમાં પ્રસ્તાર વડે માલિની, શિખરણી આદિ છંદો છે તેમાં એક લઘુ કે ગુરુ ઓછા વત્તા હોય તો છંદનું નામ ફરી જાય છે. તેમાં દરેક ગણમાં આદ્યે આટલા ગુરુ, મધ્યે આટલા લઘુ અને અંતે આટલા ગુરુ હોય તો અમુક ગણ થાય

અને આટલા ગણો હોય તો અમુક છંદ થાય તેવી ગણના છે. વળી છંદના અમુક અક્ષરે વિરામ યતિ આવવો જોઈએ, તો જ તે છંદ થાય એવો નિયમ છે.

તેવી જ રીતે સંગીતમાં પણ લઘુ ગુરૂ માટે પ્રસ્તાર કરી તેનો છંદ બાંધવામાં આવે છે. ત્યાર પછી તે સંગીત થાય છે.

જેમ કાવ્ય અને સંગીતના પ્રસ્તાર વડે છંદ ઉત્પન્ન થાય છે, તેવીજ રીતે પ્રસ્તાર વડે ઘરના છંદો થાય છે. જેવા કે ધ્રુવ, ધાન્ય, જય, નંદ, વગેરે છંદો છે અને તે છંદો પ્રસ્તાર વડે થાય છે.

ચાર ગુરુના પ્રસ્તારના સોળ રૂપો છે, તેજ ધ્રુવાદિ સોળ ઘર છે. પ્રસ્તારમાં જે પ્રથમ રૂપ ચાર ગુરુનું છે, તેને ધ્રુવ ઘર જાણવું. અર્થાત્ ગુરુ સ્થાને ભીંત હોય એટલે તે કોઠા જેવું થયું એમ નહિ, પરંતુ તેને એક દિશાએ પૂર્વમાં દ્વાર કલ્પવું. તે પછી અન્ય છંદના અલિંદ ક્યાં આવે છે તે સમજવું અનુકૂળ રહેશે. લઘુ સ્થાને અલિંદ એટલે ઓસરી કે પરસાળ સમજવી.

**૫. છંદ અથવા પ્રસ્તાર**

**લઘુ ગુરુનાં ચિહ્નો મૂકતાં મૂકતાં સોળ સ્વરૂપ થાય છે, તેને છંદ અથવા પ્રસ્તાર કહે છે.**

**૬. છંદ—(ઉપરથી ઘરની સંજ્ઞા)**

૧ ધ્રુવ, ૨ ધાન્ય, ૩ જય, ૪ નંદ, ૫ ખર, ૬ કાન્ત, ૭ મનોરમ, ૮ સુવક્ર, ૯ દુર્મુખ, ૧૦ ક્રૂર, ૧૧ વિપક્ષ, ૧૨ ધનદ, ૧૩ ક્ષય, ૧૪ આક્રંદ, ૧૫ વૈપુલ, અને ૧૬ વિજય. એમ ઘરની સંજ્ઞા ઉત્પત્તિ થાય છે.

**ઉદ્દિષ્ટઃ**—ગુરુ લઘુનાં ચિહ્નો પરથી કેટલામી સંખ્યાનું રૂપ થયું તે જાણવાની રીત.

**નષ્ટ**—કેટલામી સંખ્યા છે, તે ઉપરથી લઘુ ગુરુનો પ્રસ્તાર જાણવાની રીત.

**પટ્ટદારૂ**—ઘરમાં ભીંતડામાં ચાર સ્તંભો ઉપર બે પાટડા આવે તે પટ્ટદારૂ.

**અપવર્ક**—ઓરડી-કોટડી, તે ઘરની ડાબી તરફ કરવી.

**૭. ઘર બાંધતાં લઘુ ગુરુનો ઉપયોગ**


લઘુ ગુરૂના પ્રસ્તારની રીતિ પ્રમાણે ઘરો ઉત્પન્ન કરવામાં આવે છે. લઘુ સ્થાને અલિંદ-પરશાળ કે ઓસરી અને ગુરુના સ્થાને ભીંત જાણવી.

ચાર ગુરૂના પ્રસ્તારમાં ચાર રૂપને ચાર દિશામાં તેના આદ્યમાં પૂર્વ પછી દક્ષિણ પછી પશ્ચિમ અને છેલ્લે ઉત્તર દિશા એમ સૃષ્ટિક્રમે જાણીને અલિંદાદિ મૂકવાં. એવા અનુક્રમથી ધ્રુવધાન્યાદિ ઘરના છંદ થાય. એ રીતે ચાર ગુરુના પ્રસ્તારના સોળ રૂપોના અનુક્રમે ધ્રુવાદિ સોળ ઘરો ઉત્પન્ન થાય છે, તે સોળ ઘરોના સ્વરૂપો જુદાં જુદાં છે.

ધ્રુવ છંદના ચાર ગુરુ પછી તેના બીજા રૂપમાં આદ્ય લઘુ આવે એટલે ધ્રુવ છંદ બદલાઈ ધાન્ય છંદ થાય છે. અર્થાત્ આદ્ય લઘુ આવ્યો એટલે ધ્રુવ શાળા–ગૃહને આગળ એક અલિંદ (ઓસરી) ઉત્પન્ન થઈ, તેથી તેનું ધાન્ય છંદ નામ થયું. તે રીતે પ્રસ્તારનાં રૂપો ફરતા જાય, તેમ ઘરના સ્વરૂપો અને નામ ફરતાં જાય.

એ રીતે કાવ્ય અને વાસ્તુવિદ્યાની એક રીત છે. કાવ્યમાં જ્યાં આદ્ય ત્રણ લઘુ હોય તો ન ગણ થાય. આદ્ય ત્રણ ગુરુ હોય તો મ ગણ થાય. આદ્ય એક ગુરુ અને અંતે બે લઘુ થાય તો જ ગણ થાય. એ ત્રણ ગણ આવે તો એકાદ જાતિનો છંદ થાય. તે ગણો પછી એક લઘુ આવે તો બીજા પ્રકારનો છંદ થાય. અને છેલ્લે ગુરુ આવે તો ત્રીજા પ્રકારનો છંદ થઈ જાય.

## ૮. સોળ પ્રકારનાં ગૃહોનાં સ્વરૂપ




**એકશાલા ગૃહ** : ઉપરનાં એક શાલાનાં ગૃહો એકસો ચાર થાય છે.

**દ્વિશાલ ગૃહ** : ઘરની ભૂમિના આડા અને ઉભા એમ ત્રણ ભાગ કરવા, એટલે નવ-પદ (નવ કોઠા) થાય. તે નવ પદની મધ્યનું પદ મૂકી બાકીના બે પદમાં બે શાળા કરવી.

*બાકીની ભૂમિ ખુલ્લી રાખવી. એ રીતે ચાર દિશાઓના ચાર પ્રકારની શાળા થાય. તેનાં* ચોસઠ નામો (દ્વિશાલના ૬૪ પ્રકાર) કહ્યાં છે.

**ત્રિશાલ** ગૃહ : એક પંક્તિની ત્રણ શાળા–ઘરો–ઓરડાઓ હોય તે ત્રિશાલ ગૃહને આગળ એક, બે, ત્રણ, ચાર, પાંચ કે સાત અલિંદો હોય છે અને પાછળ કે પડખે એક, બે કે ત્રણ અલિંદો હોય છે. તેવાં ઘરોમાં એક કે બે ષટ્દારૂ હોય છે. ત્રિશાલ ગૃહોનાં સ્વરૂપ ભેદે પૃથક્ પૃથક્ નામો (આગળ ભદ્રવાળા ઘરો) પણ કહ્યાં છે.

**ચતુઃશાલ** ગૃહ : એક પંક્તિની ચાર શાલાઓ (ઓરડા) હોય તેને ચતુઃશાલ ગૃહ કહે છે. આવા ગૃહ રાજાઓના માટે કહેલાં છે. ત્રિશાલ ગૃહો પણ રાજાઓ માટે કહ્યાં છે. ચતુઃશાલ ગૃહોનાં નામ ચક્ર, જયાવહ, મકરધ્વજ અને કામદ એમ અલિંદ ભેદે કહ્યાં છે. અનુક્રમે આઠ શાળાઓ અને દશ શાલાઓ સુધીનાં ભવનો રાજાઓને માટે શ્રેષ્ઠ કહ્યાં છે. ચાર ગુરુ અક્ષરોના લઘુ ગુરુના ભેદો વડે પ્રસ્તાર થાય છે. તેમાં શાળા, અલિંદ આદિના ભેદો વડે ૧૬૩૮૪ સોળ હજાર ત્રણસો ને ચોરાશી પ્રકારનાં ભવનો બને છે.

**અપરાજિતકારોક્ત વિશેષતા :** એક શાલ ગૃહોના ભેદો બે લાખ, ચોસઠ હજાર કહ્યા છે અને દ્વિશાળ ગૃહોના ભેદો આઠ લાખ બત્રીશ હજાર કહ્યા છે.

## પ્રકરણ-૫

# राजभवन राजवेश्म-राजमहेल

### ૧. રાજવેશ્મના ષડ્છંદ ( ભેદ )

१ माड    ફરતાં છજા ઘંટાકર કરેલાં હોય તે માડ છંદનું રાજભવન જાણવું. જેને આગળ મત્ત વારણ (કક્ષાસન) કરેલાં હોય.

२ मौड    સૌથી ઉપલા ભાગ પર વરંડિકા-વંડી-પેરાપેટ કરેલી હોય તથા ભદ્રની ભૂમિ ( આગળ પડતા ભાગના માળ )ના ખૂણે શિખરીયો કરેલો હોય તે મૌડ રાજભવન જાણવું.

३ शुद्ध    રાજભવનની સર્વભૂમિ ( જ્યાં જ્યાં અલિંદ અગાશી આવે ત્યાં ) ઉપર વરંડિકા-વંડી-પેરાપેટ કરેલી હોય તે શુદ્ધ છંદના ભેદનું રાજભવન જાણવું.

४ शिखर    જે રાજભવનના મધ્યભાગ ઉપર શિખરના આકારનું શિખર કરેલું હોય તે શિખર છંદનું રાજભવન જાણવું.

५ तुङ्गार    પ્રત્યેક ભદ્રે (રાજભવનના જ્યાં જ્યાં આગળ પડતા ભાગ હોય ત્યાં) ઊંચાઈથી બમણી પહોળાઈનું ઘંટા, કળશ, તવંગ કરેલું હોય તે તુંગાર રાજભવન જાણવું.

६ सिंहकर्ण    સિંહાવલોકન યુક્ત ગોખ ઝરૂખા હોય અને તેના પ્રત્યેક ખૂણા સિંહોથી વિભૂષિત હોય તે સિંહકર્ણ રાજભવન જાણવું. તેના ખૂણા ગોળ કરી સિંહ કરવા. ભદ્રના ખૂણા કરવા.

### २. राजसमाष्टक-રાજસભા ભવનના આઠ પ્રકાર.

१ नंदा    સોળ પદના ક્ષેત્રમાં મધ્યના ચારના એક પદના ચારે તરફ અલિંદ હોય તે નંદા નામે સભાભવન જાણવું.

२ भद्रा    નંદા સ્વરૂપની સભાના આગળ એક ભદ્ર કરવાથી તે ભદ્રા નામક સભા ગણવી.

३ जयदा    નંદા સ્વરૂપના સભાભવનની ચારે તરફ ભદ્ર કરવાથી તે जयदा નામનું સભાભવન જાણવું.

४ पूर्णा    ક્ષેત્રના ૫×૫ વિભાગ કરી પચ્ચીશ પદના સભાભવનનું મધ્યનું પદ મોટું હોય તે પૂર્ણા સભાભવન જાણવું.

५ दिव्या    ક્ષેત્રના નવ પદોનું સભાભવન તે દિવ્યા.

६ यक्षी    દિવ્યના સ્વરૂપને ચારે તરફ એક એક પદનું ભદ્ર (અલિંદ) હોય તે યક્ષી સભાભવન જાણવું.

७ रत्नोद्भवा / रत्नोद्भपिका — દિવ્ય સ્વરૂપને ચારે તરફ ત્રણ ત્રણ પદનું ભદ્ર (અલિંદ) હોય તે રત્નોદ્ભવા સભાભવન જાણવું.

८ उत्पला — રત્નોદ્ભવ સભાને ચારે તરફ વળી એક એક પદનું ભદ્ર (અલિંદ) હોય તે ઉત્પલા નામનું સભાભવન જાણવું.

સભાભવનને વિષે સ્તંભો, તોરણો, મહલો, નર્જુ અને છાદ્ય કરવાં. છાદ્યો ઉપર લુંબીઓ કરવી. હરણ, અશ્વ, સિંહના સ્વરૂપો અને નર્તિકાઓનાં રૂપો કરવાં. ભવનમાં રત્નો સમૃદ્ધિ પ્રમાણે જડી સ્ફટિકથી સુશોભિત કરવું. રાજાને બેસવા માટે વેદિકા કરવી.

## ૩. વેદિકા લક્ષણ (સિંહાસનયુક્ત)

१ स्वस्तिक — ચોરસ, ચાર ખૂણાવાળી વેદી તે સ્વસ્તિક. આવી વેદી લગ્નકાર્ય અને દેવમંદિરમાં કરવી.

२ भद्रिका — ભદ્રવાળી બાર ખૂણાની ભદ્રિકા વેદી રાજસભામાં તથા દેવમંદિરમાં કરવી.

३ श्रीधरी — વીશ ખૂણાવાળી એટલે પ્રતિભદ્ર યુક્ત વેદિકા દેવમંદિરમાં કરવી.

४ पद्मिनी — કમળના જેવી આઠખૂણાવાળી વેદિકા ચંડિપૂજનમાં અને હોમહવનમાં કરવી.

વેદિકા (સિંહાસન) પર ગાદી કરવી. વેદિકાને ચાર સ્તંભોની ચોકી અને ત્રણ છજાથી શોભતી કરવી. તેની ઉપર ઘંટા, કળશ અને વેદિકાને ત્રણ બાજુ મત્તવારણ (કક્ષાસન) કરવાં. રત્નો જડવાં. રાજ્યાસનની વેદિકા ઉપર સિંહાસન ૪૦, ૫૦ કે ૬૦ અંગુલ પ્રમાણનું કરવું. છત્ર ૮૪, ૭૨ કે ૬૦ અંગુલ પ્રમાણે કરવું હેમદંડ કળશ અને ચામર કરવા.

## ૫. राजप्रासाद–ત્રિવિધ નૃપ સિંહાસન (राजवल्लभोक्त)

१ उत्तुंङ्ग — સિંહાસનનો એક પ્રકાર. અશ્વ, ગજ, નર થરવાળું પીઠ. કળશ અને તે ઉપર છત્રી હોય તેવું સિંહાસન હોય તે ઉત્તુંઙ્ગ કહેવાય છે.

२ सुयश — પીઠ, ગજથર, સિંહથર, વેદિકા અને તે પર છત્રી યુક્ત હોય તે સિંહાસન સુયશ નામે ઓળખાય છે.

३ दीपचित्र — પીઠ, ગજથર, માતૃકાથર, વેદિકા, આસન અને તે પર છત્રી યુક્ત સિંહાસનને દીપચિત્ર કહે છે.

## ૪. સિંહાસન પર ગાદી राज्यासन

१ भद्रासन — ૬૦ અંગુલ વિસ્તાર વૃત્ત છત્ર પ્રમાણ. ઉત્તમ ૮૪ અંગુલ, મધ્યમ ૭૨, અંગુલ, કનિષ્ઠા ૬૦ અંગુલ.

२ विलास — ૫૦ અંગુલ વિસ્તાર.

३ पद्म — ૪૦ આંગુલ વિસ્તાર. હેમદંડ યુક્ત, પતાકા તથા ચામર તે પર રત્ન કળશ.

૬. गवाक्ष-ગોખ જરૂખાના સોળ પ્રકાર (राजवल्लभोक्त)

ગવાક્ષ-ગોખ, ઝરૂખો, રૂપ, મદળો, વેદિકા, કક્ષાસન યુત-ઝરૂખો-ગોખક લુમ્બી-ટોડી, લામશી. મદળ સાથે નીચે ઉપર લામશીઓ થાય તે.

૧ त्रिपताक જે ગવાક્ષને લુંબી ન હોય તે.

૨ उभय જે ગવાક્ષને બે લુંબી હોય તે.

૩ स्वस्तिक / नंद्यावर्त } ચાર લુંબી યુક્ત ગવાક્ષ

૪ सुभगा / प्रियवक्रा } છ લુંબીઓ અને પાંચ મુખ હોય તેનો ગવાક્ષ.

૫ प्रियानन આઠ લુંબી યુક્ત ગવાક્ષ.

૬ सन्मुख બાર લુંબી યુક્ત ગવાક્ષ

૭ सुवक्र જે ગવાક્ષને એક છાદ્ય (છાજલી) હોય તે.

૮ प्रियंग જે ગવાક્ષને બે છાદ્ય હોય તે.

૯ पद्मनाम જે ગવાક્ષને ત્રણ છાદ્ય હોય તે.

૧૦ दीपचित्रा જે ગવાક્ષને ચાર છાદ્ય હોય તે.

૧૧ वैचित्र જે ગવાક્ષને પાંચ છાદ્ય હોય તે.

૧૨ सिंह જે ગવાક્ષ લંબાઈમાં વધુ હોય તે.

૧૩ हंस જે ગવાક્ષ પહોળાઈમાં વધુ હોય તે.

૧૪ मतिद જે ગવાક્ષ લંબાઈ પહોળાઈમાં સરખો હોય તે.

૧૫ જે ગવાક્ષ ભદ્ર યુક્ત હોય તે.

૧૬ गरुड જે ગવાક્ષને ચારે તરફ દ્વારો અને દ્વારને જાળી હોય તે ગરુડ ગવાક્ષ.

૫ ગવાક્ષના છાદ્યના ચાર પ્રકાર (परिभाषा)

૧ खातक ગોખ-ઝરૂખાના છાદ્યનો એક પ્રકાર, ચોરસ પછી અર્ધવર્તુલાકાર ખાડા-વાળું છાદ્ય

૨ ग्वालुक ગવાળુના ઘાટના થરોથી છાદ્ય ઢાંકવું તે.


૩ समसूत्र ચોરસ પાટીયાથી ઢાંકવું તે.

૪ पद्मगर्भित કોણ પાડીને, કમળ કરીને ઢાંકવું તે. છાદ્યના વિષયમાં સમરાંગણસૂત્ર-ધારનો મત સમરાંગણ સૂત્રધારમાં છાદ્યના પચ્ચીશ ભેદો કહ્યા છે.


૭. છાદ્ય (છાપરાના) ઢાંકણના છંદ ભેદ (राजवल्लभोक्त)

૧ काकपक्ष કાગડાની પાંખ રૂપે છાપરાનો ઢાળ (થોડો ઢાળ) હોય તે काकपक्ष


૨ कुमुदामम કમળની પાંખડીની આકૃતિ રૂપે છાપરૂ (બન્ને તરફના વધારે ઢાળ) હોય તે.



ત્રિપતાક 1 ઉભય 2 સ્વસ્તિક-નંદાવર્તક 3 પ્રિયવક્ર 4 સુમુખ 5 સુવક્ત્ર 6





સિંહ ગવાક્ષ 11



ગવાક્ષ ૧૧


૬


પ્રિયંગ
7
પદ્મનાભ
8
ચાર છજ્જા યુક્ત
દીપચિત્ર
9
પાંચ છજ્જા યુક્ત હોય તે
વૈચિત્ર ગવાક્ષ-10




ગવાક્ષ ૩

* આ ચિત્રમાં સૌથી ઉપરનો ગવાક્ષ ઈ. સ. પહેલાંના બાંધકામમાં જોવા મળ્યો છે. ગવાક્ષોનાં ચિત્રોમાં ગવાક્ષનું નામ તથા અંગ્રેજી અક્ષરોમાં ક્રમાંક આપેલા છે. ગવાક્ષના સોળ પ્રકાર બતાવવા આપેલા ક્રમાંક સાથે મેળવતાં ક્રમાંક સંખ્યામાં ફરક લાગે તો ત્યાં ગવાક્ષના નામ પ્રમાણેનો તેનો ક્રમાંક સમજી તેના લક્ષણનો અભ્યાસ કરવો. ગવાક્ષ શબ્દનો વાસ્તવિક અર્થ જાળીયું એવો ઘટે છે. સંસ્કૃતમાં તેની વ્યુત્પત્તિ દર્શાવતાં ગાયની આંખની માફક આંખ એટલે જોવાની જગ્યા-ઘરની મેડી ઉપરથી બહાર જોવાની બારી, જાળીયું કે તેવી રીતનું બાકોરું-એમ અર્થ થાય છે. કાવ્યસાહિત્ય તથા કોશ ગ્રંથોમાં બારી અર્થમાં ગવાક્ષ શબ્દ વપરાયો છે. અમરકોશ પણ **વાતાયન**-પવન આવવાની જગ્યા-એવો અર્થ આપે છે. શિલ્પશાસ્ત્રમાં બારી, ગોખ, ઝરૂખા વગેરે અર્થમાં આ શબ્દ વપરાય છે.


DRN G.B.SOMPURA

३ शीर्षक — સુપડાના આકારે વધારે ઢાળવાળું છાપરૂં. એક ઢાળિયું છાપરૂં હોય તે.
४ आलापक — છાપરા ઉપર નળિયાં છાજેલાં હોય તે.
५ प्रालंब — ચૂનાગચ્છી અથવા ધાબાબંધ કરેલું છાપરૂં.
६ करालक — જે છાપરૂં પથ્થર વડે કરેલું હોય તે. અર્થાત્ ઘર ઉપરની છત પત્થરની હોય તે.

## ૯. છાદ્યના છ છંદ (अपराजितसूत्रोक्त)

१ तृणच्छंद — ઘાસનું છાદ્ય. ઢાંકણુ.
२ पट्टच्छंद — કાષ્ટનું ઢાંકણુ. એક, બે કે ત્રણ ભૂમિનું કાષ્ટનું મેડા (ફ્લોર) બંધ ઘર.
३ वाजिच्छंद — અધિક ઊંચાઈએ શિલાનું ઢાંકણ, છત કે છાપરૂં.
४ खंडच्छंद — મૂળ ઘર ઉપર વિભાગથી અગાશી કરી બાકી કરેલું છાપરૂં અગર ઢાંકણુ.
५ पूर्णाच्छंद — નીચેના ઘરનો મેડો કે પત્થરોની મજબૂત છત.
६ पांडुच्छंद — ઉપરની બીજે માળની ભૂમિ. નીચી ઊભણીનું પત્થરનું છાદ્ય.

## ૧૦. બીજી રીતે છાદ્યના છ પ્રકાર

१ तृणछाद्य — ઘાસથી છાયેલ કે દિવાલોવાળું.
२ पत्रछाद्य — પાંદડાંથી છાયેલ કે દિવાલોવાળું.
३ फलकछाद्य — પાટિયાથી છાયેલ કે પાટિયાની દિવાલોવાળું.
४ वंशछाद्य — વાંસના ખપેડા-વાંસની પટ્ટીઓનું છાદ્ય અને ભીંતોવાળું.
५ मृद्छाद्य — માટીથી છાયેલ. વળાઓ પર ઘાસ નાખી માટીથી છાયેલ અને માટીની ભીંતોવાળું.
६ शिलाच्छाद्य — પાષાણથી ઢાંકેલું અને પાષાણની ભીંતોવાળું.

## ૧૧. રાજભવનમાંના કેટલાક મુખ્ય પદાર્થો

पर्यंक, શય્યા, શયન–પલંગ.
सिंहासन- રાજાનું આસન.
यान–વાહન, પાલખી, ગાડું.
आसन–પાટલો.
छत्र–છત્ર (મસ્તક ઉપર).
शस्त्र–હથિયાર.

## પ્રકરણ-૬


## देवप्रासाद


### ૧. પ્રાસાદના મુખ્ય બે ભેદ

દેવપ્રાસાદની રચનાના સામાન્ય રીતે બે પ્રકાર કહ્યા છે. (૧) નિરંધાર અને (૨) સાંધાર.

(૧) **નિરંધાર પ્રાસાદ**:- સામાન્ય પ્રાસાદો (દેવાલયો) કે જેમને ગર્ભગૃહ અને તેને ફરતી ભમતી, ભીંત, ગર્ભગૃહની આગળ કોલી (કોલો), અંતરાળ કે સલિલાન્તર નથી હોતાં તેવાં દેવાલયો. આવાં દેવાલયોમાં દ્રવ્ય સંકોચના કારણે મંડપના બદલે ચતુષ્કિકા

સાંધાર પ્રાસાદ તલદર્શન




નિરંધાર પ્રાસાદ તલદર્શન

* નિરંધાર એટલે ગર્ભગૃહની ફરતાં પ્રદક્ષિણાની જગ્યા વગરનો પ્રાસાદ. निर् + रन्ध्रम (પોલાણ વગરનું) એ અર્થમાં યોજાએલો શબ્દ, અપભ્રંશ થતાં નિરંધાર. સાંધાર એટલે ગર્ભગૃહની ફરતાં પ્રદક્ષિણાની જગ્યાવાળો પ્રાસાદ. स+रन्ध्रम (પોલાણ સાથેનો) એ અર્થમાં યોજાએલ શબ્દ. અપભ્રંશ થતાં સાંધાર.

(ચોતરો) કરે છે. મંડપ ખુલ્લો રહે છે. (છતાં ગૂઢ મંડપ ગણાય છે.) ગૂઢ મંડપની જગ્યાએ ભીંત કરવામાં આવે છે.

ગર્ભગૃહ ઉપર સામાન્ય રીતે શિખર થાય કે સંવરણા (છાપરૂં) થાય. મંડપ ઉપર ઘુંમટ કે સંવરણા થાય.

(૨) **સાંધાર પ્રાસાદ**:–મહાપ્રાસાદો (મોટાં દેવાલયો) ને સાંધાર પ્રાસાદ કહેવામાં આવે છે. આવા પ્રાસાદોનું સ્વરૂપ એવું હોય છે કે તેમાં ગર્ભગૃહના ફરતી દિવાલ, તેને ફરતી પ્રદક્ષિણા કરવાની જગ્યા અને પછી ફરતી દિવાલ (મંડોવર યુક્ત) હોય છે. તેના ઉપર શિખર હોય છે. ગર્ભગૃહની આગળ કૌટલી હોય છે અને તેનાથી આગળ મંડપ ાયજી છે. આવા પ્રાસાદોને મેરુ જાતિના પ્રાસાદો કહે છે તેમજ સાંધાર પ્રાસાદો પણ કહે છે.

ઈ. સ.ની બારમી–તેરમી સદી પછી આવા સાંધાર જાતિના પ્રાસાદો કરવામાં આવ્યા નથી. (થયા નથી.) સોમનાથ, દ્વારકા વગેરેના પ્રાસાદો સાંધાર પ્રકારના પ્રાસાદો છે.

## ૨. દેવપ્રાસાદનાં મુખ્ય અંગો

દેવપ્રાસાદનાં મુખ્ય ૧૮ અંગો છે. જેમકેઃ—

**તલદર્શન**

(૧) આયતન (૨) ગર્ભગૃહ–નિજમંદિર (૩) અંતરાલ–સલિલાન્તર–કોલીમંડપ (૪) ગૂઢમંડપ (૫) ત્રિકમંડપ (૬) નૃત્યમંડપ (૭) શૃંગારચોકી–શણગારચોકી (૮) પટાંગણ–બહારનો ખુલ્લો ચોક (૯) બલાણક–ડહેલી

**ઉદયદર્શન**

(૧) જગતી–જગતીનો ઉદય ઉભણી. સ્થિરશિલા–ખરશિલ એટલે જગતીના સમસૂત્રે (મથાળા સુધીની) પાણી ચૂનાગચ્છીની પૂરણી (૨) ભિટ્ટ–જગતી (પ્લિન્થ) ઉપરનો પીઠ સુધીનો થર આ થર કેટલાક એક થર કહે છે; જ્યારે કેટલાક ત્રણ થર કહે છે. (૩) પીઠ (૪) મંડોવર–કટચોર્ધ્વ-મધ્યોર્ધ્વ (૫) દ્વાર–ગર્ભગૃહ તથા ગૂઢમંડપનાં દ્વાર (૬) શિખર–ગર્ભગૃહ ઉપર (૭) મંડગ-સ્તંભ-તોરણ-કક્ષાસન (૮) વિતાન–મંડપ ઉપર ગભારો (૯) સંવરણા મંડપ ઉપર છાદ્ય. કેટલીક વખત ગર્ભગૃહ ઉપર પણ સંવરણા કરવામાં આવે છે.


### જગતી–આયતન

(૧) **પ્રાસાદાધિષ્ઠાન**:–ભૂમિ ઉપરની પ્રાસાદની મર્યાદા, અથવા મંદિરનો (પ્રાસાદનો) ચોતરો, ઓટલો.

### આયતન

દેવસમુહની દેવકુલિકાઓ પંક્તિબદ્ધ થાય છે તે. જેમકે વિષ્ણુની ૨૪, રુદ્રની ૧૧, સૂર્યની ૧૨, સૂર્યાદિ નવગ્રહોની ૯, યોગિનીની ૬૪, નવદુર્ગાની ૯, સપ્તમાતૃકાઓની ૭, જૈન દેવોની ૨૪, ૫૨, ૭૨, ૮૪ કે ૧૦૮. દેવકુલિકાઓ (દેરીઓ) કરવાની હોય ત્યારે તેની જગતી વિશાળ કરવી પડે. આ બધાને આયતન (સ્થળ) કહે છે.


જગતીનો લંબાઈ–પહોળાઈરૂપી એક અને ઓટલારૂપી ઊંચાઈનો બીજો એમ બે ભેદ હોય છે. ઊંચાઈના પ્રકારને પીઠ કહેવામાં આવે છે.





## જગતી–આયતનમાં પંચાયતન દેવોની દેવકુલિકાઓનાં સ્થાન


| આયતન | ઈશાન | અગ્નિ | નૈઋર્ત્ય | વાયવ્ય |
|---|---|---|---|---|
| સૂર્યાયતન | શિવ | ગણેશ | વિષ્ણુ | ચંડી |
| ગણેશાયતન | સૂર્ય | ચંડી | શિવ | વિષ્ણુ |
| વિષ્ણુવાતન | સૂર્ય | ગણેશ | શિવ | ચંડી |
| ચંડયાયતન | વિષ્ણુ | શિવ | ગણેશ | સૂર્ય |
| શિવાયતન | વિષ્ણુ | સૂર્ય | ગણેશ | ગૌરી |

* દેવકુલિકાઓનો આ ક્રમ સૂત્રધાર મંડન વિરચિત પ્રાસાદમંડન, અધ્યાય ૨, શ્લોક ૪૧–૪૫ મુજબ આપેલો છે. અહીં પ્રદક્ષિણા ક્રમથી દેવતાઓની દેરીઓ કરવાનું કહ્યું છે. પૂજનપદ્ધતિના ગ્રંથોમાં પંચાયતન ક્રમ આનાથી ભિન્ન પ્રકારનો છે. જેમકે જો ગણેશાયન હોય તો મધ્યમાં ગણપતિ, ઇશાનમાં વિષ્ણુ ( નારાયણ ), અગ્નિમાં શિવ, નૈઋર્ત્યમાં સૂર્ય અને વાયવ્યમાં દેવી ( ચંડી ) એમ ક્રમ છે. તેથી ગણેશપંચાયતન **ग, ना, शं, सू, दे**; શિવપંચાયતન **शं, ना, सू, ग, दे**; વિષ્ણુપંચાયતન **ना, शं, ग, सू, दे**; દેવીપંચાયતન **दे, ना, शं, ग, सू** અને સૂર્યપંચાયતન **सू, शं, ग, ना, दे** એમ બને છે. અહીં પૂજ્યપૂજક વચ્ચેની દિશાને પૂર્વ ન માનતાં ઇષ્ટદેવની પાછળ રહેલી દિશાને પૂર્વ માની અનુક્રમે દિશા–વિદિશા કલ્પી દેવસ્થાન ક્રમ કહ્યો છે. આ વિશેષતા તંત્રશાસ્ત્રના આકરગ્રંથોમાં પણ સ્વીકારાયેલી છે. વિદ્વાનોએ એ તરફ ધ્યાન આપવું.





ચતુર્મુખ શિવાલય આયતન     પર દેવકુલિકાઓની જગતી-આયતન     ચતુર્મુખ દીપચિત્રા આયતન





૭૨ દેવકુલિકાઓનું આયતન





JAGATI VASTUVIDYA-14- PART

દશમી શતાબ્દિની જગતી ( ઓટલાની ઊંચાઇની રચના )






નીરંધાર પ્રાસાદનું સંપૂર્ણ પક્ષદર્શન





જગતી




૧૨ મી શતાબ્દીના દેવાલયની જગતી (તેના થર, મહાપીઠ અને કક્ષાસન સહિત ઓટલાનો ઉદય)

જગતી ઉપરનું કક્ષાસન →




ખજુરાહો (મધ્યપ્રદેશ)ની
જગતી ↓






આઠ, નવ, દશ શતાબ્દિનું પીઠ




પ્રનાલનું પાણી પીતો ચંડનાથ

જગતીનાં સ્વરૂપ અને નામ (સ્વરૂપ અને વિસ્તારથી કુલ ૧૦ ભેદ પડે છે.)

| ક્રમ | સ્વરૂપ | નામ |
|---|---|---|
| ૧ | સમચોરસ | વીરભદ્રા |
| ૨ | લંબચોરસ | સુપતાકા |
| ૩ | ગોળ | પૂર્ણચંદ્રા |
| ૪ | લંબગોળ | ભદ્રિકા |
| ૫ | અષ્ટકોણ યુક્ત | જયા, સ્વસ્તિકા અથવા વિજયા |
| ૬ | ષોડશ(સોળ)કોણયુક્ત | અજિતા |
| ૭ | બત્રીસકોણ ,, | અપરાજિતા |
| ૮ | પ્રાસાદથી ત્રણ, ચાર કે પાંચ ગણી | દેવપુર |
| ૯ | એક, બે, કે ત્રણ હજાર ચોરસ ગજ વિસ્તારવાળી | ગજમાંદી |
| ૧૦ | ચાર, નવ કે સોળ હજાર ગજ વિસ્તારયુક્ત | રાજપુર |

તલદર્શનમાં પહેલો ભેદ આયતન કહ્યો છે તે મંદિરના સ્થાનનો-ક્ષેત્રનો દ્યોતક છે. ઉદયદર્શનમાં પહેલો ભેદ જગતી બતાવ્યો છે તે પ્રાસાદાધિષ્ઠાન છે. પ્રસાદાધિષ્ઠાન એ પ્રાસાદનું સિંહાસન ગણાય છે. આયતનનો અર્થ ખરી રીતે સ્થાન થાય છે, જેથી શિલ્પીવર્ગ મૂળમંદિરની ફરતાં કરવામાં આવતી દેવકુલિકાઓને આયતન કહે છે, ત્યાં સુધીનો બધો ભાગ જગતી અથવા આયતન કહેવાય. જગતીનો ઊંચાઇનો પ્રકાર જેને ઉભણી-ઓટવણ (પ્લિન્થ) કહે છે તે છે.

જગતીના સમસૂત્રમાં આવતા પ્રાસાદના પ્રથમ પ્રવેશમંડપને વામનમંડપ કહે છે અને વામનમંડપ ઉપર બલાણક (ડહેલી) થાય છે.

**સ્થિરશિલા-ખરશિલા:**—જગતીના ઉદયના સમસૂત્રે કરેલો પ્રથમ દ્દઢ થર-પૂરણી જે ચપટો હોય છે તે. આને ચિપ્પિકા પણ કહે છે, અથવા ધરણીશિલા પણ કહે છે.

(૨) **ભિટ્ટ** :—જગતી ઉપરની ખરશિલા ઉપરનો થર કે જેના એક, બે, કે ત્રણ વિભાગ પટ્ટારૂપે હોય છે તે. પટ્ટાઓની (૧) મુક્તક (૨) પુષ્પક અને (૩) ધર્મધરા એ પ્રમાણે

સંજ્ઞાઓ હોય છે. શાસ્ત્રકારો ભિટ્ટના ત્રણ વિભાગ (થર) કહે છે. પરંતુ કેટલાક શિલ્પીઓ એક થર કરીને પણ ચલાવી લે છે.


ભિટ્ટના ત્રણ થરમાં મુક્તક નીચલા થરને કહે છે. પુષ્પક વચલા થરનું નામ છે અને ધર્મયશ એ ઉપલા થરનું નામ છે.

(૩) **પીઠ** :–પીઠના ત્રણ ભેદ કહ્યા છે. જેમકે (૧) મહાપીઠ (૨) કામદપીઠ અને (૩) કર્ણપીઠ.

[૧] **મહાપીઠ**:—મહાપીઠ એટલે જે જુદા જુદા થરોથી બનાવેલું હોય તે. જેનો પહેલો થર જાડંબો, બીજો કર્ણિકા–કણી અને ત્રીજો થર ગ્રાહપટ્ટીનો હોય છે. આ ગ્રાહપટ્ટીમાં અંતરાલ, છજ્જી (કેવલ) અને તે ઉપર ગ્રાહપટ્ટી હોય છે. તેમાં ગ્રાહનાં[1] મુખ કરેલાં હોય છે. તેની પર ચોથો ગજથર, તેની ઉપર પાંચમો અશ્વથર તેની ઉપર છઠ્ઠો નરથર એમ અનુક્રમે એકબીજાની ઉપર થર કરેલા હોય છે. કેટલાંક પીઠો ગજ કે અશ્વથર રહિત પણ હોય છે. મહાપીઠમાં જો તે દેવીનો પ્રાસાદ હોય તો માતૃકાપીઠ કરીને તેમાં રથની આકૃતિઓ આપેલી હોય છે. શિવપ્રાસાદમાં અશ્વથરમાં વૃષભ પણ કોતરેલા હોય છે. આ મહાપીઠ સાંધારઃજેવા મહાપ્રાસાદોમાં થાય છે.


[૨] **કામદપીઠ** :–(૧) ભિટ્ટ (૨) કર્ણિકા (૩) અંતરાળ (૪) છજ્જી (કેવાળ) અને (૫) ગ્રાહપટ્ટી આટલા થરો હોય છે. તેને શિલ્પીઓ પાંચ થર માનીને પાંચથરૂ પણ કહે છે. "પાંચથરૂ" સર્વદેવ પ્રાસાદોમાં થાય છે.

[૩] **કર્ણપીઠ** :– ભિટ્ટ ઉપર (૧) જાડંબો (૨) કર્ણિકા એમ ફક્ત બે જ થરો હોય છે. આવાં પીઠો સાદાં દેવમંદિરોમાં અલ્પ દ્રવ્યવ્યયના હેતુથી થાય છે. કેટલાક સ્થળે સ્થાન સંકોચના કારણે પણ તેમ કરે છે.






દ્રાવડ જાતિના પ્રાસાદની પીઠ


૧ ગ્રાહ સંસ્કૃત શુદ્ધ નામ છે. શિલ્પીઓ તેને ગ્રાસ એમ પણ કહે છે. પણ તે અશુદ્ધ શબ્દ છે. ગ્રાહ એટલે મગરમચ્છ, એક જળચર પ્રાણી.



Hrasua
Puspaka
Pauti



CHIPPIKA
NARAPITH
PATTI
KAND



GRASADATTI
CHHADYAKI


CHIPPIKA
PATTI
ASHVAPITH 18
9 PART HORSE
PATTI
PATTIKA
SKAND
ANTARPATRAN


ANDHARI
CHIPPIKA
KANT
KAND


GAJAPITH
PATTI
ELEPHANT 12 PART
PATTI
CHIPPI KA
ANTARPATRA



KAND
SKAND
KUMBH
JADAMBA
PATTIKA



skandha cippikā
ūrdhvakarṇa
rūpāṇi
karṇa
antarapatrikā
skandhapaṭṭikā
ūrdhvakarṇa
vājiḥ
karṇa with skandha
antarapatrikā
skandha with paṭṭikā
karṇa
gajāḥ
skandha & paṭṭika
karṇa
antarpatrikā
nirvāṇa cippikā
grāsapaṭṭī
skandha & paṭṭikā
karṇa
paṭṭikā
paṭṭikā
antarapaṭṭa
cippikā
karṇaka
antarapatrikā
cippikā
skandha
karṇa
antarapaṭṭī
narapīṭha 8
aśvapīṭha 10
gajapīṭha 12
karṇāli 14
jāḍyakumbha 9
3
4
8
2
2½
3½
8½
2½


## મંડોવર


(૪) **મંડોવરઃ**—પીઠ ઉપરના પ્રાસાદના ઉદય (ઉઠાવ–ઊંચાઇ–પ્રમાણ–છજા સુધીનો દિવાલનો ભાગ તે)ને મંડોવર કહે છે. પ્રાસાદના ગર્ભગૃહની ભીંતના (દિવાલના) બાહ્ય ભાગના ઘાટના થરો તેર (શિરાવટી સાથે) કહ્યા છે. કેટલાક મંડોવરમાં શિરાવટીનો થર નથી હોતો, એટલે બાર થરનો મંડોવર થાય છે. આ તેર થરો અનુક્રમે (૧) ખર–ખુરક (૨) કુંભક (૩) કલશ (૪) અંતરાલ (૫) કેવાલ–કપોતાલી (૬) મંચિકા (૭) જંઘા (૮) ઉદ્‌ગમ (૯) ભરણિકા (૧૦) શિરાવટી (૧૧) મહાકેવાલ–માલકિવાલ (૧૨) અંતરાલ અને (૧૩) ખુટછાદ્ય એમ છે.

**પીઠ સાથે મંડોવર**






KAND
SKAND
MUKHAPATTI
SKAND
13
MUKHAPATTI
MANIBANDH
13
3
KUTACHHADY-16



6
KAND
SKAND
KAND
MUKHAPATTI
KAND
SKAND
KAND
KEVAL.12



KARN
GHASIKA
PRATI-KAND
SKAND
MUKHAPATTI
SKAND
KAND
MANCHIKA 12






SHIRAWATI 14
PATTIKA
LIKA 6


ANTAR PATR PART 4
CHIPPIKA.
KALASH
KAND


KARN PATTI
BHARNIKA 12
2 7 PALLAW
GHASIKA
KARNIKA


MANIBANDH
KUMBHAK PART 26
15
KHURAK 5
DAMAR


JANGHA PART 40
PALLAWDAMAR
JANGHA
KUNBHA
6 5 20 9


GRAS
UDAGAM
CHHADYAKI

મંડોવરના (૧) સામાન્ય (૨) નાગર અને (૩) મેરૂ એમ ત્રણ ભેદ હોય છે.

**સામાન્યમંડોવર** :—અલ્પ દ્રવ્યવ્યયના કારણે આ મંડોવર કરવાનો કહ્યો છે. તેમાં ખુરો, કુંભક, કલશ, અંતરાળ, કપોતાલી, જંઘા, મહાકેવલ, અંતરાળ અને ખુટછાદ્ય (કૂટછાદ્ય) એમ નવ થરો આવે છે. સામાન્ય મંડોવરમાં જંઘામાં રૂપ કરવાનાં હોતાં નથી.

**નાગરમંડોવર**:—૧૪૪ ભાગના મંડોવરને નાગર મંડોવર કહ્યો છે. નાગર મંડોવર સામાન્ય રીતે નીરંધાર પ્રાસાદોમાં થાય છે. છતાં બીજા ઓછા વત્તા ભાગના મંડોવર પણ નીરંધાર પ્રાસાદમાં કરવામાં આવે છે. આ મંડોવરના જંઘાના થરમાં દેવ, દેવી, દેવાંગના, દિક્પાલ તેમજ મુનિનાં સ્વરૂપો પણ થાય છે.

**મેરૂમંડોવર**:—આ મંડોવર સાંધાર મહાપ્રાસાદ કે જે બે અથવા ત્રણ ભૂમિ (મજલા) યુક્ત હોય છે, તેમાં કરવાનો કહ્યો છે. તેને બે મજલે એક છાદ્ય આવે છે અને તેને બે જંઘા (થર) કરી તેમાં દેવસ્વરૂપો કરવામાં આવે છે. ભરણીના થર ઉપર ફરી મંચિકાનો થર કરી તેના ઉપર રૂપવાળી જંઘા થાય, એમ ક્રમે કરીને બે ત્રણ ભૂમિના મહાપ્રાસાદનો જે મંડોવર થાય તે મેરૂમંડોવર કહેવાય છે.

## મંડોવરના (તેર) થરનું પ્રમાણ

મંડોવર ૧૪૪ ભાગનો, ૧૦૮ ભાગનો, ૨૭ ભાગનો કે ૭॥ ભાગનો હોય છે. જુદા જુદા ગ્રન્થોમાં અન્ય વિભાગોવાળા મંડોવરો પણ કહ્યા છે. તેમાં શિરાવટીનો થર કોઈનામાં કહ્યો નથી. સાડા સાત ભાગના મંડોવરમાં ખુરક કહ્યો નથી.

**મંડોવરના સ્તરઃ**—મંડોવરને (૧) ખુરક (ખરો) (૨) કુંભક ( કુંભો ) (૩) કલશ (કળશો) (૪) અંતરાલ (અંધા) (૫) કપોતાલી–કપોત (કેવાળ) (૬) મંચિકા–માંચી (૭) જંઘા–જંઘિકા (જંઘી) (૮) ઉદ્ગમ (દોઢીયો) (૯) ભરણિકા–ભરણી (૧૦) શિરાવટી-શરાવટી (૧૧) કપોતાલી–મહાકેવાલ ( ઉપરનો કેવાળ ) (૧૨) અંતરાલ–ઘસી (૧૩) છાદ્ય (છજુ) (૧૪) દંત છાદ્ય–દાળીયું છજું જે પાટ ઉપર પાતળું આવે છે તે. (૧૫) પ્રહાર–ગર્ભગૃહ ઉપરના છાદ્ય ઉપરનો થર પ્રહાર કહેવાય છે, જેના ઉપરથી શિખરનો આરંભ થાય છે તે.

**મંડોવરના સ્તરોના આંતર નામોઃ**–(૧) **વૃત્ત** (મંડોવરનો કળશ), (૨) **સ્કંધ પટ્ટી** (ગલતીની નીચેનો કંદ) (૩) **સ્કંધ** (ગલતી–ઘાંટ) (૪) **કર્ણ** (કેવાળ માંચીની મધ્યપટ્ટી), (૫) **કર્ણક** ( કણી, કર્ણપાલ ) (૬) **કર્ણતાલ** (સ્કંધ ગલતી ઉપરની ચાંચ) **મુખપટ્ટી** (કર્ણની ઉપર કે નીચેનો કંદ (૮) **અંતરપત્ર**, **અંતરાલ** (અંધારી ઘસી, પ્રાસાદ અને મંડપ વચ્ચેનો ભાગ (૯) **નિર્વાણપટ્ટી** (મંચિકાની કણી ઉપરનો કંદ (૧૦) **છાદ્ય** (છજુ,

છાજલી) (૧૧) ઉદ્‌ગમ (ડોઢી) ૧૨) ગ્રાહપટ્ટી (ગ્રાહના મુખની પંક્તિની પટ્ટી (૧૩) **કામરૂપ** (મોટો કંદ નીચે હોઇ જેમાં કાંગરી થાય છે તે) (૧૪) **મણિબંધ** (મોટા ગોળ સાતડાની પંક્તિની કોતરેલ પટ્ટી) (૧૫) પટ્ટીશ (અંતરાળ પછીનો કંદ (૧૬) **વર્ત્ય** (ભરણીની ઉપરની પટ્ટી) (૧૭) **ભાર પુત્તલિકા** (મંડોવરની શિરાવટીના ઉપરની પટ્ટી, જેમાં કાંધ ઉપર ભાર વહન કરતાં રૂપો હોય છે તે.

## મેરૂમંડોવર રચના પ્રકાર :—

મેરૂમંડોવરની રચના (૧૪૪ ભાગના નાગર મંડોવરના નીચેના ખરાથી) ભરણીના થરો ઉપરથી કરવામાં આવે છે અને ફરી માંચી, જંઘા, ઉદ્‌ગમ (ડોઢીયા), ભરણી, મહાકેવાળ, અંતરાળ અને ખુટછાદ્ય કરવાથી થાય છે.

અને તેને બે જંઘા થાય છે. આમ કરવાથી બે ભૂમિયુક્ત (બે માળનો) પ્રાસાદનો બાહ્ય મંડોવર થશે. આ રચના સાંધાર પ્રાસાદમાં થાય છે.

## સાંધાર પ્રાસાદની અંદર મંડોવર અને મંડપના સ્તંભોનો પ્રકાર :—


અંદરના મંડપની રચના–અંદર મંડપના સ્તંભાદિ અને મંડોવરના થરોનો સમન્વય એવી રીતે કરવાનું કહ્યું છે, કે અંદરના સ્તંભ અને ભરણાં સરા જંઘાના ઉદયમાં સમાવવાં અને સરા ઉપરનો પાટ–ભારવટ બીજા તે ઉદ્‌ગમના થર બરાબર સમસૂત્રમાં મેળવવો. ભરણી મથાળામાં ભૂમિની છતમાં સમાવવી.

ઉપરના છજાની બરાબર અંદરની બીજી ભૂમિનો પાટ સમસૂત્રમાં કરવો. તે પાટ નીચે સરા અને ભરણાં સ્તંભ ઉપર કરવાં.


## નીરંધાર પ્રાસાદની અંદર મંડપના સ્તંભો અને મંડોવરની રચનાનો સમન્વય:–

આવા મંડોવરની રચના કરતાં મંડોવરમાં કુંભા બરાબર કુંભી, સ્તંભ બરાબર ઉદ્‌ગમ. ડોઢિયાનો થર અને ભરણીપાટ થર બરાબર સ્તંભ ઉપરનું ભરણું, શિરાવટી અને મહાકેવાળના બરાબર શરા, બધાં આમ સમસૂત્રમાં રાખવાં. ખુટછાદ્ય–કુટછાદ્ય અને પાટ ભારવટ એ સમસૂત્રમાં હોય, એ રીતે નીરંધાર પ્રાસાદના મંડોવર અને મંડપના સ્તંભોનો સમન્વય જાણવો.


મંડોવરની જંઘામાં કરવામાં આવતા દિક્‌પાલ દેવો પૂર્વથી લઈ અનુક્રમે (૧) ઇન્દ્ર (૨) અગ્નિ (૩) યમ (૪) નિઋતિ (૫) વરુણ (૬) વાયુ (૭) સોમ-કુબેર (૮) ઈશાન-મહારુદ્ર (૯) બ્રહ્મા અને (૧૦) અનંત એ પ્રમાણે છે. જંઘામાં વિચિત્ર પ્રકારની વ્યાલની આકૃતિઓ પણ કરવામાં આવે છે.





ગ્રંથકારના પિતાશ્રીએ નિર્માણ કરેલો થાન (સૌરાષ્ટ્ર)ના ત્રિનેત્રેશ્વર મંદિરનો ભદ્ર અને ગવાક્ષયુક્ત મંડોવર



સોમનાથજીનો મહામંડોવર






સાંધાર પ્રાસાદનો ત્રિકાય ચતુર્ભૂમિક મંડોવર





अंके लिङ्गयतन
महा लिङ्ग ब्रह्मा विष्णु शिव

દ્વિભૂમિક સાંધાર મંડોવર







નીરંધાર પ્રાસાદનો ત્રિભૂમિ મંડોવર વિભાગ




ખજુરાહો (મધ્યપ્રદેશ)ના પ્રાસાદનો મંડોવર




વામન મંદિર ખજુરાહો (મધ્ય પ્રદેશ)નો મંડોવર





આંધ્રપ્રદેશનો મંડોવર કુલપાક—હૈદ્રાબાદ



(૧) પૂર્વે ઇન્દ્ર



(૨) આગ્નકોણે અગ્નિ



(૭) કુબેર-ધનદ (પ્રકારાન્તર)




(૩) દક્ષિણે યમ




(૫) વરુણ




(૮) ઈશાન



(૪) નૈઋર્તિ



(૭) ઉત્તરે સોમ (કુબેર)




ઈશાન અગ્નિ નિઋતિ વાયુ




(૧૦) અનંત




(૯) બ્રહ્મા



ઈન્દ્ર (પ્રકારાન્તર)



નિર્ગમ ( પ્રનાલ )ની બાહ્ય ભાગની મંડોવરમાં આવતી કલામય રચના—મકરમુખાકૃતિ

## દેવાંગનાઓ


चंद्रावली CHANDRAVALI


पत्रलेखा PATRALEKHA


सुगंधा SUGANDHA


शत्रुमर्दिनी SHATRUMARDINI



माननी MANANI


मानहंसा MANAHANSA


सुस्वभावा SUSVABHAVA


भावचंद्रा BHAVCHANDRA

## દેવાંગનાઓ



शंखवादिनी
SHAKHAVADINI



केशगुफीणी
KESH GUNPHANI



कामरुपा
KAMRUPA




बन्सीवादिनी
BANSIVADINI




बन्सीपात्रधारीनी
BANSI PATRADHARINI




मृदंगवादिनी
MRUDANGAVADINI




←જંઘામાં ઘાટની આકૃતિ






જંઘામાં દેવરૂપનાં યુગ્મસ્વરૂપો





સાંધાર નિરંધાર પ્રાસાદમાં મંડોવરના થર અને મંડપના સ્તંભોનો સમન્વય


## શિખર

શિખર:-મંડોવર ઉપરથી એટલે ગર્ભગૃહના પ્રહાર નામના થર ઉપરથી લઈ (છજા-વાળી છતથી લઈ) ધજાગ્ર સુધીના ભાગને શિખર કહેવામાં આવે છે. તેના માટે કહ્યું છે કે—

तिलकं च कूटाकारं तथा च सुवर्तिकम् ।
तदर्द्धे मंजरी कार्या पद्मकोशं सुवर्तिका ॥


કૂટછાદ્ય ઉપર પ્રહારના જુદા જુદા પ્રકારો. જ્યાંથી શિખરનો પ્રારંભ થાય છે.








શિલ્પકારોએ ઉપરના શ્લોકમાં શિખરના ત્રણ ભેદ બતાવ્યા છે. જેમ કે (૧) તિલક (૨) કૂટાકાર (પર્વત જેવું) અને (૩) સુવર્તિક એટલે દીવાની જ્યોત જેવું. આમ ત્રણ પ્રકારના શિખરોની રચના કરતાં તેના અર્ધ ભાગમાં (અર્ધી ઊંચાઈ થયા પછી) કમળની કળી જેવી અથવા દીવાની જ્યોત જેવી મંજરી કરવી. મંજરી એટલે મંજરી-ફૂલની માંજર જેવી આકૃતિ.

(ત્રિ—પંચ—સપ્ત અને નવ નાસિકા)










છાદ્યોર્ધ્વે જંઘા અને ગવાક્ષ તેમજ શૃંગ


શિખરના વિભાગોનાં નામ (અનુક્રમે અર્થ સાથે) નીચે પ્રમાણે છે.

(૧) કર્ણ:-રેખા.
(૨) મૂલકર્ણ:-શિખરની મૂળરેખા.
(૩) સંકીર્ણ:-સંકોચ, ગર્ભગૃહથી મૂળરેખા સાંકડી થાય તે.
(૪) વિપુલ:-વિસ્તારયુક્ત ઘણું પહોળું.
(૫) સ્કંધ:-શિખરનું બાંધણું.
(૬) ઘંટા:-આમલસારો. બીજા અર્થમાં લામશાની ઘંટા.
(૭) શૃંગ:-નાનું શિખર, એક અંડક.
(૮) કર્મ:-શિખરીશૃંગ ૫, ૯, ૧૩, કે ૧૭ અંડકની શિખરીઓ,
(૯) ઊરુશૃંગ:-શિખરના ભદ્રે અંડક લાગેલા હોય તે.
(૧૦) પ્રત્યંગ—ચોથગરાશીયા શિખરના ખૂણાનું ¾ ઊરુશૃંગ.
(૧૧) શ્રીવત્સ:-એક અંડક, શૃંગ.
(૧૨) કેસરીકર્મ:-પંચાંડિક શૃંગ.
(૧૩) સર્વતોભદ્ર:-નવ અંડકવાળું શિખર
(૧૪) નંદન:-તેર અંડકનું શૃંગ
(૧૫) નંદશાલી:-સત્તર અંડકનું શૃંગ.
(૧૬) નંદશ-એકવીશ અંડકનું શૃંગ.
(૧૭) મંદિર:-પચ્ચીશ અંડકનું શૃંગ
(૧૮) સ્કંધવેધ:-શિખરના બાંધણાથી હીન હોય તે. (૨) શિખરના બાંધણામાં જ્યાં ધ્વજદંડ પ્રવેશ થાય તે સ્થાન.
(૧૯) શુકનાસ:-શિખરનો સન્મુખનો ભાગ.
(૨૦) મંજરી:-ગોળ કમળ, મંજરી તવંગ.
(૨૧) તિલક:-લામશી, કૂટાકાર ગોળ જંઘાયુક્ત. કૂટ ઢાંકણી જેવું.
(૨૧) મૂલશિખર:-શિખરનાપાયચાની ચોરસરેખા
(૨૨) વાલંજર:-શિખરનાં ઉપાંગો (ખાંચા).
(૨૩) ધ્વજાધર:-શિખરનો ધ્વજદંડ રાખવાનો કલાખો (જગ્યા) ધ્વજા ધારણ કરનાર.
(૨૪) સ્તંભવેધ:-ધજાદંડને ધારણ કરે તે કલાખો.
(૨૫) સ્તંભિકા-ધ્વજાદંડની બાજુમાં ઊભો કરવામાં આવતો દંડ.
(૨૬) આમલસારો:-શિખરના ઉપરનો વૃત્ત ભાગ. ઘંટા.
(૨૭) ગ્રીવા-શિખરનું ગળું.
(૨૮) આમલસાર:-આમલસારાનો વચલો ભાગ.
(૨૯) ચંદ્રસ:-આમલસારાની પરગબત ભાગ ગલત.
(૩૦) આમલસારિકા:-આમલસારાનો ઉપરનો ગોળો.
(૩૧) શાલા:-ભદ્ર.
(૩૨) રથિકા:-શિખરનું ભદ્ર. એ સ્તંભોનો ગોખ.
(૩૩) કલશ:-ઈંડુ, શિખરની ટોચ, સંવરણા ઉપરની ટોચ.
(૩૪) ગ્રીવાપીઠ:-કળશનું ગળું, પીઠ.
(૩૫) અંડક:-કળશ (ઈંડા)ના મધ્યનો અર્ધગોળ.
(૩૬) અંતર:-ઘશી.
(૩૭) છજ્જિકા:-છાજલી-ગલતી
(૩૮) કર્ણિકા:-કણી.
(૩૯) બીજપૂરક:-કળશનો ઉપલો ડોડલો.
(૪૦) પ્રાસાદપુરુષ:-પ્રાસાદનો જીવરૂપ દેવ. જેને આમલસારામાં મુક્તિશિરામાં ઢોલિયા ઉપર પધરાવવામાં આવે છે. મુક્તિશિરા પ્રાસાદનું બ્રહ્મરન્ધ્ર સ્થાન.
(૪૧) ધ્વજદંડ:-ધજાગરો.


(૪૨) પર્વ:–ધ્વજદંડના કાંકણીના ગાળા.
(૪૪) ગ્રંથી:–ધ્વજદંડની ગાંઠો
(૪૪) મર્કટી:–ધ્વજદંડની પાટલી.
(૪૫) પતાકા:–ધ્વજ, ધ્વજાવસ્ત્ર (ધ્વજ).


(૪૬) કુમાર
(૪૭) કપિભદ્ર
(૪૮) ત્રિઘંટ
(૪૯) નિશાચર
(૫૦) ચંદ્રઘોષ

:–શિખરના શુકનાસના ઉદયના ભાગનાં અનુક્રમે નામો. ૯ થી ૧૦ ભાગ






લતિન પ્રાસાદનું શિખર







શિખરના અલંકૃત કુડચળ






२३
२८
५
५
विस्तार २८ भाग
आमलसारा
भाग ७
शिखर स्कंध भाग

शिखरका स्कंधका आमलसारा
को प्रतिरथका कोण समान
आमलसारा का गोलवृत्त रचना


આમલસારો અને કળશ




દશ અને પંદર વિભાગનો કળશ      છ અને નવ ભાગનો કળશ

**કેટલાક શબ્દો (જે શિલ્પશાસ્ત્રમાં વપરાયા છે)**

(૧) ઊરુઃ–સાથળ.
(૨) ઊરુઃ–શૃંગ
(૩) નષ્ટપલ્લવીઃ–નંદીખૂણી.
(૪) વાસ્તુદ્રવ્યઃ–બાંધકામ માટેનું મટીરીયલ્સ–(ઈંટ, પત્થર, ચુનો, લાકડું તથા લાદી, લોઢું, સંગેમરમર વગેરે
(૫) મૃદુઃ–કોમળ
(૬) નિબિડઃ–કાણાં વગરનું. ગાઢ, ઘાડું
(૭) વિવર્ણાઃ–શોભા રહિત. રંગ વિનાનું.
(૮) મંડલાઃ–જાળાં.
(૯) સુષિર–ભ્રમરીનાં દર. કાણાં
(૧૦) છિદ્રઃ–બાકાં, કાણાં.
(૧૧) ઊરુઘંટાઃ–શામરણનાં ભદ્રે મોટું લામસુ.
(૧૨) મૂલઘંટા–શામરણ. સર્વોપરિ લામસુ.
(૧૩) વેદીબંધઃ–શિખરના સ્કંધ (બાંધણા)નો ચોરસાઈ, તેને ઉત્તરભાગમાં વેદીબંધ કહે છે.
(૧૪) કર્ણિકા કે કણાકઃ–કણી.
(૧૫) પટ્ટી, પટ્ટીશઃ–પટ્ટી.
(૧૬) પરિકરઃ–દેવમૂર્તિને ફરતું અલંકૃત મંડળ.
(૧૭) રથિકાઃ–શિખરની જંઘાનું ભદ્ર
(૧૮) ભદ્રઃ–શિખરના ભદ્રભાગે (મધ્ય ભાગે) કરાતો ગોખ. રથિકા
(૧૯) રથઃ–ભદ્ર.
(૨૦) પટ્ટબંધઃ–પટ્ટાઓના બંધ.
(૨૧) પલ્લવઃ–પાંદડાં, શાલપત્ર.
(૨૨) ખૂણીઃ–ખૂણી. નંદીકર્ણ
(૨૩) વ્યાલઃ–મગરની મુખાકૃતિવાળું સિંહનું સ્વરૂપ
(૨૪) મકરઃ–મગર (પ્રસિદ્ધ જળચર પ્રાણી). આને ગ્રાહ પણ કહે છે.
(૨૫) યુગ્મઃ–જોડકું. સ્ત્રી પુરુષ
(૨૬) મિથુનઃ–સ્ત્રી પુરુષ (નર–માદાનું) જોડકું.*

* શિલ્પીઓ મિથુનનો અર્થ બરાબર ન સમજવાથી મૈથુન અર્થ કરી ભોગાસનનાં સ્વરૂપો કરે છે જે અશ્લીલ હોવાથી ઘૃણા ઉત્પન્ન કરે છે.

## ધ્વજદંડ

પ્રાસાદ જેટલો રેખાએ હોય તેટલો ધ્વજાદંડ લાંબો કરવો. તેમાં દશમો ભાગ હીન કરવાથી ધ્વજાદંડનું મધ્યમમાન અને પાંચમો ભાગ હીન કરવાથી કનિષ્ઠમાન જાણવું. એક હાથના પ્રાસાદને ધ્વજાદંડ પોણા આંગળનો જાડો કરવો તે પછી બે થી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે અર્ધા અર્ધા અંગુલની દંડની જાડાઈમાં વૃદ્ધિ કરવી. ધ્વજાદંડ ગોળ (કે અષ્ટાસ્ર-અઠાંશ) કરવો. તેના કાંકણી ગ્રંથી અને ગાળા બેકી અને પર્વ એકી કરવાં. ધ્વજાદંડ શીશમનો, વાંસનો, ખેરનો, મહુડાનો, ચંદનનો કે અગરતગરનો કરવો, કાણાં, ફાટો, ગાંઠો કે એવા બીજા કોઈપણ દોષ વગરના સારા કાષ્ટનો સુશોભિત કરવો.

ધ્વજાદંડની પાટલી દંડની લંબાઈના છઠ્ઠા ભાગે લાંબી કરવી. લંબાઈના અર્ધભાગે પહોળી કરવી અને પહોળાઈના ત્રીજા ભાગે જાડી કરવી. પાટલીને ફરતી કાંગરી અને અર્ધ ચંદ્રાકૃતિ (શંખોદ્ધારની આકૃતિ) કરવી.

ધ્વજાદંડ ઉપર પાટલી ઉપર મધ્યમાં કળશ કરવો, પાટલી નીચે લટકતી ટોકરી-વાળી સાંકળ રાખવી. ધ્વજાપતાકાની લંબાઈ દંડ જેટલી રાખવી. તેના છઠ્ઠા ભાગે પહોળી પતાકા કરવી. આ પતાકા ત્રણ કે પાંચ શિખાગ્રવાળી કરવી કહી છે.

તૈયાર થયેલું શિખર ધ્વજા વગરનું (વધુ સમય) જોવું નહીં. તેવા ધ્વજાહીન દેવાલયોમાં અસુરો વાસ કરવા ઇચ્છે છે. અર્થાત્ દેવપ્રતિષ્ઠા તુરત કરવી.

### ધ્વજદંડનાં લંબાઈનાં પાંચ પ્રમાણો અને નામો.


(૧) વિજયઃ—પ્રાસાદ જંઘા પ્રમાણ દંડ.
(૨) શક્તિરૂપઃ—ચોકીના પદ માને દંડ.
(૩) સુપ્રભઃ—ગર્ભગૃહના માને દંડ.
(૪) જયાવહઃ—પ્રાસાદ કર્ણ માને દંડ.
(૫) વિશ્વરૂપઃ—શિખરના પાયચા માને દંડ.

### ધ્વજદંડનાં પર્વ પ્રમાણે ૧૩ નામો (કાંકણી વચ્ચેના ગાળાને પર્વ કહે છે.)

(૧) જયંતઃ—એક પર્વનો દંડ.
(૨) શત્રુમર્દનઃ—બે ,, ,,
(૩) પિંગલઃ—ત્રણ ,, ,,
(૪) ભાગુરાઃ—ચારપર્વનો દંડ.
(૫) શ્રીમુખઃ—પાંચ પર્વનો દંડ.
(૬) નંદનઃ—છ પર્વનો દંડ.
(૭) ત્રિદિવ્યઃ—સાત પર્વનો દંડ.
(૮) દિવ્યશેખરઃ—આઠ પર્વનો દંડ
(૯) કાલદંડઃ—નવ પર્વનો દંડ.
(૧૦) ઉત્કરઃ—દશ પર્વનો દંડ.
(૧૧) સૂર્યાક્ષિઃ—અગિયાર પર્વનો દંડ.
(૧૨) કમલોદ્ભવઃ—બાર પર્વનો દંડ.
(૧૩) વિશ્વરૂપઃ—તેર પર્વનો દંડ.



પ્રાસાદપુરુષ



ધ્વજદંડ

## દ્વાર

**દ્વારમાન :** એક ગજથી ચાર ગજ સુધીના પ્રાસાદને પ્રત્યેક ગજે સોળ સોળ આંગળ ઊંચું દ્વાર થાય છે. પાંચથી આઠ ગજના પ્રાસાદને ત્રણ ત્રણ આંગળની વૃદ્ધિ કરવી. નવ ગજથી પચાસ ગજ સુધીના પ્રાસાદને બે બે આંગળની વૃદ્ધિ કરવી. આ નાગરદ્વારમાન છે. ઉદયમાનથી અર્ધો વિસ્તાર દ્વારનો રાખવો.

**શાખાસ્વરૂપ :** ત્રિ, પંચ, સપ્ત અને નવ પ્રતિશાખાનાં દ્વાર થાય છે. ત્રિશાખા મંડલેશ્વર રાજાને, પંચશાખા ચક્રવર્તિ રાજાને સપ્તશાખા સર્વદેવને અને નવશાખા રુદ્ર ( મહેશ )ના પ્રાસાદને કરવી.

ત્રિશાખાને સુભગા, પંચશાખાને નંદિની. સપ્તશાખાને હાસ્તની અને નવશાખાની પદ્મિની એવી સંજ્ઞા છે. નવશાખાને બે રૂપસ્તંભો કહ્યા છે. બીજે મધ્યમાં એક રૂપસ્તંભ કહ્યો છે. દ્વારની ઊંચાઈના ચોથા ભાગે પ્રતિહારના રૂપનો ઠેકો રાખવો. આને પ્રાચીન ગ્રંથોમાં નિગર કહ્યો છે.

દરેક શાખામાં ચંપા, છડી, દોરડીના ઘાટ વર્તમાનમાં થાય છે. દ્વારમાં પેસતાં પહેલી આવતી પહેલી શાખાને પત્રશાખા કહે છે. છેડા ઉપરની શાખાને સિંહશાખા કહે છે. બારમી સદીના મહાપ્રાસાદોમાં સિંહશાખામાં ઘોડા ઉપર સ્વાર અને વ્યાલનાં સ્વરૂપો કરતા.


મધ્યના રૂપસ્તંભમાં ઘાટ થાય છે. વધુ દ્રવ્યવ્યયે જે દેવનો પ્રાસાદ હોય તેના પર્યાયનાં અન્ય સ્વરૂપો થાય છે. સૂર્યના મંદિરમાં નવ ગ્રહો, દેવીના મંદિરમાં સપ્ત માતૃકાઓ કે નવદુર્ગાના સ્વરૂપો, શિવના મંદિરમાં અન્ય રુદ્ર સ્વરૂપો, જિનને વિદ્યાદેવીઓનાં સ્વરૂપો પંક્તિબદ્ધ કરવામાં આવે છે. ઉત્તરંગમાં વિશેષ કરીને ગણેશમૂર્ત વિષ્ણુને ગરૂડની અને જૈનને જૈની મૂર્તિ થાય તેમાં બે બાજુ માલાધરનાં સ્વરૂપો થાય છે તેના ઉપર સાત કે નવ રથિકાઓનાં દેવસ્વરૂપો થાય છે. બારમી સદીમાં ઘણાખરા મંદિરોમાં ઉત્તરંગમાં નવ ગ્રહોનાં સ્વરૂપો થતાં.


શાખાના ઠેકામાં જે દેવનો પ્રાસાદ હોય તેનાં પ્રતિહારનાં સ્વરૂપો થાય છે જે ઉપરથી કેવા દેવ-દેવીનો પ્રાસાદ છે તે ઓળખી શકાય.

**ઉંબરો :** સ્તંભની કુંભીના સમસૂત્રે શાખા નીચેનાં નિલકડાં રાખવામા આવે અને નીલકડાંની વચ્ચે દ્વારા મધ્યેનું ઉદુંબર (ઉંબરો) કહે છે તે ઊંચો લાગે તો તે કુંભીના પ્રમાણથી અર્ધા કે ત્રીજા ભાગે ઉંબરો (ગાળવો) નીચે કરવાનું કહ્યું છે. કેટલાંક શિલ્પીઓ ઉંબરા ગાળવા સાથે નીલકડાં ને પણ ત્રીજા ભાગે ગાળે છે શિલ્પીમાં કેટલાંકમાં તે મતભેદ છે.


ઉદુંબર દ્વાર વિસ્તારના ઉત્તર મંદારક (માણ) કરી તેની બે બાજુ ગ્રાહમુખો કરવાં. ઉદુંબરની (ઊંચાઈમાં) ત્રીજા ભાગે નીચે પીઠ (કર્ણિકા વાળું કરવું.


**અર્ધચંદ્ર :** મંડોવરનાં ખરાના થરના સમસૂત્રે અર્ધચંદ્ર (શંખોદ્ધાર) ઉચો કરવો. તે દ્વાર વિસ્તાર જેટલો લાંબો અને રેખાથી અર્ધખરામાં અર્ધચંદ્ર કરવા તેની લંબાઈના ચાર ભાગમાં બે ભાગનો મધ્યે અર્ધગોળ-અર્ધચંદ્ર કરવો. તેની બે બાજુ ગગારક કરવું તેના ગાળામાં બે સુંદર શંખો અને કમળથી અલંકૃત અર્ધચંદ્ર કરવાં.





ઉત્તરંગ ( ઓતરંગ ) ઉપરનાં સુશોભનયુક્ત
દેવસ્વરૂપો. મૂળપ્રાસાદનો ઘોતકદેવ
વચ્ચે મૂકાય છે.


DETAIL








ત્રિ, પંચ, સપ્ત અને નવ શાખાનાં તળ અને શાખાઓનાં નામ




સપ્ત શાખાનું દ્વાર, ઉત્તરંગ, ઉદુમ્બર (ઉંબરો) અને શંખોદ્ધાર



શાખાતલ ઉદુમ્બરતલ શાખાતલ




શંખોદ્ધાર




મોઝા લિયાદેવી યુક્ત દ્વાર શાખ.

ઘાટ નકશીવાળી દ્વાર શાખા




ઉત્તર ભારતની
દ્વારશાખા




દ્વારશાખાના રૂપનો ઠેકો નિગર






રાજપૂતાના શૈલીનું દ્વાર




ઉદુંબર (ઉંબરા)નું ગ્રાહમુખ




દ્વારનો શંખોદ્ધાર


(૬) **ગર્ભગૃહ–નિજમંદિર** :—પ્રમુખદેવ સ્થાપનનો ખંડ. જેમાં દેવતાની મૂર્તિ બેસાડવામાં આવે છે, તે ખંડને નિજમંદિર કે ગભારો (ગર્ભગૃહ) કહે છે.

**ત્ર્યસ્ર. પંચાસ્ર, સપ્તાસ્ર અને નવાસ્ર ઉપાંગાવાળા પ્રાસાદનાં તળદર્શન**







બહુગુણીયા ઉપાંગનો ચતુરા પ્રાસાદ તળદર્શન



ષડસ્ર (ષટ્કોણ) ગર્ભગૃહ તળદર્શન

અષ્ટાસ્ર પ્રાસાદનું તલદર્શન




ગર્ભગૃહની બહારની બાજુ ઉપર આવતા ખૂણાઓ ઉપરથી પ્રાસાદની ત્ર્યસ્ર, પંચાસ્ર એવી સંજ્ઞાઓ શિલ્પી વર્ગમાં જાણીતી છે અહીં ત્ર્યસ્ર એટલે ત્રણ ખૂણાવાળો એવો અર્થ થાય છે. તે સ્વીકાર્ય છે, પણ ખૂણા ગણવાની પદ્ધતિ જુદી છે. દાખલા તરીકે (જુઓ ત્ર્યસ્ર પ્રાસાદનું તલદર્શન) અહીં ડાબી જમણી બંને બાજુએ ત્રણ ત્રણ અણીઓ દેખાય છે. તેમને જ શિલ્પીઓ ખૂણા ગણે છે અને એક તરફની બાજુ ઉપર જેટલા ખૂણા આવતા હોય તે પ્રમાણેનો ત્ર્યસ્ર આદિ પ્રાસાદ ગણાય.

(૭) **કપોતકાલીઃ**—મૂળ મંદિર (ગર્ભગૃહ) અને મંડપ વચ્ચેનો ભાગ. મૂળ પ્રાસાદના દ્વાર આગળનો જે ભાગ તેને કપોત અથવા કૌલી કહે છે. કપોત, **અંતરાલ, કપોલ સલિલાન્તર, સલિલ એવાં** પણ તેનાં નામ છે.



ભારવટ ઉપરની કલા

## મંડપ

**મંડપ** એટલે દેવસ્થાનમાં દેવમૂર્તિની સન્મુખ પ્રાર્થના (સ્તુતિ), નૃત્ય, સંગીત આદિ કરવાના ખંડ કે જે કૌલીની આગળ બનાવવામાં આવે છે તે તેના ૧ગૂઢમંડપ, ૨ત્રિકમંડપ તેમજ ૩નૃત્યમંડપ સ્થાનની વિપુલતા કરવામાં આવે છે.

(૮) **ગૂઢમંડપઃ**—જેની બધી બાજુનો ભાગ ભીંત અને મંડોવરના ઘાટથી બંધાયેલો અંગોપાંગવાળો હોય તે ભાગ.

(૯) **ત્રિકમંડપ-વિલોકાખ્ય મંડપઃ**—જેમાં કક્ષાસનો (બેઠકો) બનાવેલી હોય તે મંડપ. આ મંડપ છ કે નવ પદનો થાય છે અને તે ગૂઢમંડપની આગળ બનાવવામાં આવે છે.

(૧૦) **નૃત્યમંડપઃ**--ખુલ્લો મંડપ આને **પ્રાકારકમંડપ** પણ કહે છે. નૃત્યમંડપ પીઠના તળ બરાબર નીચું થાય છે.

આ મંડપોમાં આવતાં પદ અને સ્તંભોની સંખ્યાના કારણે જુદાં જુદાં સ્વરૂપો થવાથી તેમનાં જુદાં જુદાં નામ કહ્યા છે.


***પુષ્પકાદિ ૨૭ મંડપોઃ**-૬૪ સ્તંભવાળો પુષ્પક મંડપ કહેવાય છે. તેનાથી બે બે સ્તંભ ઓછા થતાં છેલ્લે ૧૨ સ્તંભ સુધીના કુલ ૨૭ મંડપ બને છે. તેમનાં નામ તથા સ્વરૂપ આપેલાં ચિત્રો જોવાથી સમજાશે.

### પુષ્પકાદિ ૨૭ મંડપોનાં નામ અને સ્તંભ સંખ્યા


| ક્રમ | મંડપનું નામ | સ્તંભ | ક્રમ | મંડપનું નામ | સ્તંભ | ક્રમ | મંડપનું નામ | સ્તંભ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુભદ્ર | ૧૨ | ૬ | હર્ષણ | ૨૨ | ૧૧ | ભુજ | ૩૨ |
| ૨ | શ્યામભદ્ર | ૧૪ | ૭ | સુગ્રીવ | ૨૪ | ૧૨ | શત્રુમર્દન | ૩૪ |
| ૩ | સિંહક | ૧૬ | ૮ | વિમલભદ્ર | ૨૬ | ૧૩ | સુશ્રેષ્ઠ | ૩૬ |
| ૪ | પદાધિક | ૧૮ | ૯ | માનવ | ૨૮ | ૧૪ | વિશાલાક્ષ | ૩૮ |
| ૫ | કર્ણિકાર | ૨૦ | ૧૦ | નંદન | ૩૦ | | | |

---


पुष्पकोऽथ चतुष्षष्टिराद्यो द्वादशस्तम्भकः ।
पुष्पकाद् द्वौ द्वौ हीनाः स्युर्मण्डपाः सप्तविंशतिः ॥




કોળી
સિંહક
૩૬ સ્તંભ
પુષ્પકાદિ મંડપો
સુગ્રીવ
માનવ
નંદન
૩૦ સ્તંભ
શત્રુમર્દન
વિશાળાક્ષ



पुष्यकादि मण्डपो.



| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | યજ્ઞભદ્ર | ૪૦ | ૧૮ | વિજય | ૪૬ | ૨૧ | ગજભદ્ર | ૫૨ |
| ૧૬ | શ્રીધર | ૪૨ | ૧૯ | શ્રીવત્સ | ૪૮ | ૨૨ | બુદ્ધિ સંકીર્ણ | ૫૪ |
| ૧૭ | વાસ્તુ કીર્તિ | ૪૪ | ૨૦ | જયાવહ | ૫૦ | ૨૩ | કૌશલ્ય | ૫૬ |




| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | મૃગનંદન | ૫૮ | ૨૫ | સુપ્રભ | ૬૦ | ૨૬ | પુષ્પભદ્ર | ૨૨ | ૨૭ | પુષ્પક | ૬૪ |

પુષ્પકાદિ ૨૭ મંડપોનાં નામ અપરાજિતસૂત્ર, સમરાંગણસૂત્રધાર અને વિશ્વકર્મા પ્રકાશમાં આપેલાં છે. આ નામોમાં થોડો ફેર છે. નામ સાથે સ્તંભ સંખ્યા પણ આપેલી છે. મત્સ્યપુરાણમાં પણ આ ૨૭ મંડપોનાં નામ વગેરે આપેલાં છે.

ઉપરોક્ત પુષ્પકાદિ ૨૭ મંડપોનાં નામ અને સ્તંભ સંખ્યા મત્સ્યપુરાણ અને વિશ્વકર્મ-પ્રકાશ મુજબઆપેલાં છે. પરંતુ અપરાજિતસૂત્રમાં તો તેનાં સ્વરૂપ બહુ સુંદર આપેલાં છે. કેટલાક ગ્રંથ ભેદે નામોમાં થોડો ફેરફાર છે.


**પ્રાગ્રિવાદિ બાર મંડપોઃ**—આ ઉપરાંત પ્રાગ્રિવાદિ બાર મંડપો થાય છે. ચિત્રમાં જોવાથી તે મંડપોનાં સ્વરૂપ કેવાં હોય છે અને તેમાં કેટલા સ્તંભ તથા કેટલાં પદ હોય છે તે સમજાશે.

## પ્રાગ્રિવાદિ બાર મંડપો

| ક્રમ | મંડપનું નામ | પદ | સ્થંભસંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુભદ્ર | ૧ | ૪ |
| ૨ | કિરીટ | ૩ | ૮ |
| ૩ | દુદુંભિ | ૪ | ૧૦ |
| ૪ | પ્રાંત | ૬ | ૧૨ |
| ૫ | મનોહર | ૭ | ૧૪ |
| ૬ | શાન્ત | ૯ | ૧૬ |
| ૭ | નંદ | ૧૦ | ૧૮ |
| ૮ | સુદર્શન | ૧૧ | ૨૦ |
| ૯ | રમ્યક | ૧૨ | ૨૨ |
| ૧૦ | સુનાભ | ૧૪ | ૨૪ |
| ૧૧ | સિંહ | ૧૬ | ૨૬ |
| ૧૨ | સૂર્યાત્મક | ૧૮ | ૨૮ |


પ્રાગ્રિવ મંડપ-૧ થી ૧૮ પદનો મધ્યમાં અષ્ટાસ્ર વગરના ચોરસ (ચતુષ્કિકા–ચોકી)વાળો થાય છે.


ચતુષ્કિકાઃ–ચોકી–ચાર સ્તંભ એક પદ.





# પંચ ભૂમિ યુક્ત મેર્વાદિ પચ્ચીશ મંડપોની રચના


| ક્રમ | મંડપનું નામ | સ્તંભ સંખ્યા | ભૂમિ | પ્રથમ ભૂમિ | દ્વિતીય ભૂમિ | તૃતીય ભૂમિ | ચતુર્થ ભૂમિ | પંચમ ભૂમિ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ત્રૈલોક્ય ભૂમિ | ૬૪ | દ્વિતીય ભૂમિ | ૩૬ | ૨૮ | – | – | – |
| ૨ | વિરોક્ષ | ૬૬ | | ૩૬ | ૩૦ | – | – | – |
| ૩ | લક્ષ્મી વિલાસ | ૬૮ | | ૩૬ | ૩૨ | – | – | – |
| ૪ | પ્રતાપ વર્ધક | ૭૦ | | ૩૬ | ૩૪ | – | – | – |
| ૫ | પુરૂષાભ | ૭૨ | | ૩૬ | ૩૬ | – | – | – |
| ૬ | મહાકાંત | ૭૪ | તૃતીય ભૂમિ | ૩૬ | ૨૮ | ૧૦ | – | – |
| ૭ | ભુભૂંવ | ૭૬ | | ૩૬ | ૨૮ | ૧૨ | – | – |
| ૮ | પુણ્યાત્મા | ૭૮ | | ૩૬ | ૨૮ | ૧૪ | – | – |
| ૯ | શાંતિદેહ | ૮૦ | | ૩૬ | ૨૮ | ૧૬ | – | – |
| ૧૦ | સુરપ્રિય | ૮૨ | | ૩૬ | ૨૮ | ૧૮ | – | – |
| ૧૧ | શતશ્રૃંગ | ૮૪ | | ૩૬ | ૨૮ | ૨૦ | – | – |
| ૧૨ | પૂર્ણાખ્ય | ૮૬ | | ૩૬ | ૨૮ | ૨૨ | – | – |
| ૧૩ | કીર્તિપતાક | ૮૮ | ચતુર્થ ભૂમિ | ૩૬ | ૨૮ | ૧૨ | ૧૨ | – |
| ૧૪ | મહાપદ્મ | ૯૦ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૬ | – |
| ૧૫ | પદ્મરાગ | ૯૨ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૮ | – |
| ૧૬ | ઇંદ્રનીલ | ૯૪ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૦ | – |
| ૧૭ | શ્રૃંગવાન્ | ૯૬ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૨ | – |
| ૧૮ | શ્વેતવૈ | ૯૮ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૪ | – |
| ૧૯ | રત્નકૂટ | ૧૦૦ | પંચમ ભૂમિ | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૨ | ૪ |
| ૨૦ | હેમકૂટ | ૧૦૨ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૨ | ૬ |
| ૨૧ | ગંધ માદન | ૧૦૪ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૨ | ૮ |
| ૨૨ | હિમવાન | ૧૦૬ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૨ | ૧૦ |
| ૨૩ | કૈલાસ | ૧૦૮ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૨ | ૧૨ |
| ૨૪ | ચંદન | ૧૧૦ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૪ | ૧૨ |
| ૨૫ | મેરૂ | ૧૧૨ | | ૩૬ | ૨૮ | ૨૦ | ૧૬ | ૧૨ |














## શિવનાદાદિ ૭ મહામંડપો


૧ શિવનાદ
૨ હરિનાદ
૩ બ્રહ્મનાદ
૪ રવિનાદ
૫ સિંહનાદ
૬ મેઘનાદ







## આઠ ગૂઢ મંડપો





ભારવટ ઉપરની કલા

## સ્તંભ

સ્તંભના આકૃતિ પ્રમાણે પાંચ ભેદ પડે છે. ( પાંચ સંજ્ઞા થાય છે. ) આ બધાની સમજુતિ નીચે પ્રમાણે છે.

(૧) **ચતુરસ્રઃ**—ચોરસ હોય તે.

(૨) **રુચકઃ**—ત્રિનાશાવાળો (ભદ્રયુક્ત) હોય તે.

(૩) **વર્ધમાનઃ**—પ્રતિભદ્રયુક્ત એટલે પાંચ ખૂણાવાળો હોય તે.

(૪) **ષડસ્રકઃ**—છ હાંશનો હોય તે.


(૫) **સ્વસ્તિકઃ**—અષ્ટાસ્ર–આઠ હાંશવાળો હોય તે.

## સ્તંભના વિભાગ


સ્તંભનો છોડ કુલ સાત પ્રકારથી ( વિભાગથી ) વિભકત હોય છે. જેમકે :—

(૧) કુંભિકા (૨) સ્તંભ (૩) ભરણી (૪) શીર્ષક (૫) પટ્ટ (૬) ગડદી અને (૭) સાંધાર. આ વિભાગોનાં શાસ્રીય તથા પ્રચલિત નામો નીચે પ્રમાણે છે.


(૧) કુંભિકા–કુંભ (૨) સ્તંભ–થાંભલો (૩) ભરણી–ભરણું (૪) શીર્ષક–સરૂ (૫) પટ્ટ–પાટ (૬) ગડદી–સરા ઉપરની ઠેકી. તોરણવાળા સ્તંભના છોડમાં ગડદી (ઠેકી) મૂકવામાં આવે છે. (૭) સોપાન–પગથિયાં.




બૌદ્ધકાલીન ગુફાઓના સ્તંભ




ભારતના જુદા જુદા પ્રદેશોના સ્તંભ






રૂપસ્તંભ

શિરોહી ઘટાસ્તંભ





ગુફાઓના સ્તંભ

દ્રવિડ કર્ણાટકના સ્તંભ




અલંકૃત સ્તંભ, ઠેકી, ગડદી, હિંડોલક તોરણ









સોપાન-પગથીયાંની હાથણીઓનાં સ્વરૂપ

(૧) સિંહ (૨) હાથી

(૩) વૃષભ (૪) માલણ


(૫) સિંહ (૬) હાથી

(૭) હંસ (૮) માલણ

(૯) વાનર





કુંભીના સ્તરની દાતરડીની ડીઝાઈનો




લંબાસરાનું ડાચું અને પક્ષ, ગ્રાહ, મુખવેલ

સ્તંભના અષ્ટાસ્રના પલ્લવપત્રો





સ્તંભના અષ્ટાસ્રના ગ્રાસમુખ




મહળના જુદા જુદા પ્રકાર

## તોરણ

પ્રાસાદના સ્તંભો વચ્ચે શોભા ખાતર તથા દરવાજા આગળ બે સ્તંભ ઊભા કરી તેમની વચ્ચે પ્રવેશદ્વાર જેવું તોરણ (કમાન) કરવામાં આવે છે તેને તોરણ કહે છે.

પાંચ પ્રકારનાં તોરણ—

तोरणं पंचधा प्रोक्तं रथिकायां च देवता
ललितं चेलिकाकारं त्रिरथं वलितोदरम् ।।
श्रीपुंजं पंचरथिकं सप्तकैर्न नन्दिवर्धनम् ।।१।।
रथिकायां भवेद्ब्रह्मा विष्णुरीश्वरश्चण्डिका
जिनो गौरी गणेश्च स्वे स्वे स्थाने शुभावहाः ।।२।। अपराजित सूत्र




તોરણના પાંચ પ્રકાર હોય છે. જેમકેઃ—

(૧) રથિકા (૨) દલિકાકાર (૩) વલિકાકાર (૪) શ્રીપૂંજ અને (૫) નંદવર્ધન. આ બધાનાં સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) **રથિકાઃ**—નાની બે થાંભલીની ઉપર છજ્જુ કરી ઉપર હોઢિયા થાય તે. રથિકામાં દેવસ્વરૂપો કરાય છે.

(૨) **ઇલિકાકારઃ**—ગોળ ઇયળ જેમ વળેલ હોય તે. આમાં બે રથિકા કરવામાં આવે છે.

(૩) **વલિકાકારઃ**—ત્રણ રથિકાયુકત બે ઇલિકા હોય તે.


(૪) **શ્રીપૂંજઃ**—પાંચ રથિકા યુકત ચાર ઇલિકા હોય તે.

(૫) **નંદવર્ધનઃ**—સાત રથિકા યુકત છ ઇલિકા હોય તે.


રથિકા (પદક)ની ઉપર નીચે, છાજલી, ઉદ્દગમ, ડોઢીયો અને લામશી કરવી. રથિકામાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, જિનેશ્વર, ગૌરી, ગણેશ આદિ દેવોનાં (મુખ્ય મંદિરના જે દેવ હોય તેમને લગતાં) સ્વરૂપો કરવાં.

મદળવાળાં તોરણોને અને ચઢ-ઉતરવાળાં તોરણોને હિંડોલક તોરણ કહે છે.


ગોળ વૃત્ત જેવાં તોરણોમાં ગવાલુકો-કાચલાંઓ હોય છે. આવાં તોરણ પ્રાચીનકાળમાં થયેલાં છે.




હીંડોલક તોરણ




મદલ તોરણ





અલંકૃત કક્ષાસન, પશ્ચિમ ભારત




અલંકૃત મધ્યભારતનું કક્ષાસન–ગ્વાલીયર કીલ્લા




લલિતાસન યુક્ત કક્ષાસન





ગુજરાત (પોલો) સાબરકાંઠાના કક્ષાસન




અલંકૃત કક્ષાસન પશ્ચિમ ભારત



માનિની માનવતી પદ્મિની પદ્માવતી સરસા સ્રગ્ધરા



સાબરકાંઠા પોળો (વિજયનગર)ના મંદિરોનાં કક્ષાસન

## વિતાન કરોટક (ઘુંમટ)

**વિતાન** :—વિતાન એટલે છત, આકાશ, ચંદરવો અથવા સીલિંગ તેના મુખ્ય ત્રણ પ્રકાર હોય છે. જેમકેઃ—

(૧) ક્ષિપ્તોપક્ષિપ્ત (૨) સમતલ (૩) ઉદ્દિતાનિ આ બધાનાં સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) **ક્ષિપ્તોપક્ષિપ્ત** :—એટલે જે છત ઉપર ચઢી ફરી નીચે ઉતરી ફરી ઉપર ચડે તેવી કળામય છતને ક્ષિપ્તોપક્ષિપ્ત વિતાન કહે છે.

(૨) **સમતલ** :—જે છત ઉપર સરખું છાદ્ય-ઢાંકણુ છાતીયાથી કરવામાં આવે તે. આવી સમતલ છતમાં આકૃતિઓ (દશ્યો) કોતરે છે.

**ઉદ્દિતાનિ** :—જેમાં પ્રત્યેક થરો ઉપર અને ઉપર ચડતા જાય તેમજ સંકોચાતા જાય તે. ઉદ્દિતાનિ વિતાન ષોડશાસ્ત્ર, સોળહાંશ, ગોળ પર કર્ણ, દર્દરિકા, તે ઉપર રૂપકંઠ, પછી તેના પર કોલ અને ગવાળુના થરો થાય છે. મધ્યમાં લટકતું ઝુમ્મર હોય તેને પદ્મશિલા કહે છે.

**વિતાનના થર** :—વિતાનના કુલ ચાર થર હોય છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.


જેમકે (૧) કર્ણદર્દરિકા (૨) રૂપકંઠ (૩) ગજતાલુ અને (૪) કોલ. આ બધાની વિગત નીચે પ્રમાણે છે.

(૧) **કર્ણદર્દરિકા**—ઘુંમટની હાથો ઉપરના પ્રથમ થરને કર્ણદર્દરિકા કહે છે.


(૨) **રૂપકંઠ**—ઘુંમટનો તે થર કે જેમાં દેવરૂપ અગર પ્રાણીઓના ઘાટ કે સાદો ચપટ ઓછા નિકાળાનો થર હોય છે. આવો થર હોય તો તેમાં આઠ કે સોળ વિદ્યાધરોનાં બહાર નીકળતાં સ્વરૂપો થાય છે.

(૩) **ગજતાલુ**—ગવાળુ ગજ (હાથી)ના તાળવા જેવો ઘાટ.


(૪) કોલ—જેમાં ઘુંમટનો થર અર્ધગોળ બલકી આકારનો હોય તે.




ક્ષિપ્ર ઉપક્ષિપ્ર સભા મંદારક વિતાન





વિતાનનું ઇલીવેશન





વિતાનનું તળદર્શન




સમક્ષિપ્ત વિતાન



સભામંદારક નાભિછંદ



ક્ષિપ્તાનુક્ષિપ્ત મંદારક



સમ ઉત્ક્ષિપ્ત મંદારક

## વિતાનના અનેક ભેદ

ચિત્ર વિચિત્ર અનેક પ્રકારના વિતાન થાય છે. તેમાં ક્ષિપ્તોત્ક્ષિપ્તાદિ મુખ્ય ત્રણ ભેદ છે. તેમજ વિતાનના બીજા પણ ચાર (૧) પદ્મક (૨) નાભિચ્છંદ (૩) સભામાર્ગ અને (૪) મંદારક એ ભેદો છે અને તેમના પણ શુદ્ધ, સંઘાટ (છંદ સંઘાટ), ભિન્ન અને ઉદ્‌ભિન્ન એમ ભેદો પડે છે. એટલે નાના–મોટા ભેદો ગણતાં જુદા જુદા છંદના (પ્રકારના) ૧૧૧૩ ભેદ થાય છે અને તે અનેક પ્રકારના લૂમીવાળા બને છે. વળી (૧) શુદ્ધસંઘાટ=સમતલ છતવાળા (૨) મિશ્રસંઘાટ=ઊંચાનીચા થરવાળા. (૩) ક્ષિપ્ત=લટકતા થરોવાળા અને (૪) ઉત્ક્ષિપ્ત=ઊંચા થરોવાળા એમ ચાર પ્રકારનાં વિતાનો થાય છે.

### વિતાન ( કરોટક )ના ૧૧૧૩ ભેદો (સંખ્યા)

| ક્રમ | જાતિ | પદ્મક | નાભિચ્છંદ | સભામાર્ગ | મંદારક |
|---|---|---|---|---|---|
| ૧ | શુદ્ધ | ૬૪ | ૨૪ | ૧૬ | ૧૦ |
| ૨ | સંઘાટ | ૩૬ | ૪૦ | ૩૬ | ૧૫ |
| ૩ | ભિન્ન | ૨૦૦ | ૧૦૦ | ૪૮ | ૪૦ |
| ૪ | ઉદ્‌ભિન્ન | ૨૦૦ | ૧૩૬ | ૧૦૦ | ૪૮ |
| | | ૫૦૦ + | ૩૦૦ + | ૨૦૦ + | ૧૧૩ |

=કુલ ભેદ ૧૧૧૩

શુદ્ધ અને સંઘાટાદિ ભેદ એ રીતે છે કે એક જાતિની આકૃતિવાળા શુદ્ધ, બે જાતિની મિશ્ર આકૃતિવાળા સંઘાટ, ત્રણ જાતિની આકૃતિવાળા ભિન્ન અને ચાર જાતની આકૃતિવાળા ઉદ્‌ભિન્ન કહેવાય છે.

પદ્મનાભ, સભાપક્ષ, સભામંદારક અને કમલોદ્ભવ એ ચાર મિશ્ર જાતિના વિતાન છે. પદ્મનાભાદિ મિશ્ર વિતાનોની સમજુતિ નીચે પ્રમાણે છે.

**પદ્મનાભ** :–નીચે પદ્મકનો છંદ અને ઉપર નાભિચ્છંદ આવે તે પદ્મનાભ.

**સભાપદ્મ** :–નીચે સભામાર્ગ અને ઉપર પદ્મચ્છંદ આવે તે સભાપદ્મ.

**સભામંદારક** :–નીચે સભામાર્ગચ્છંદ અને ઉપર મંદારક આવે તે સભામંદારક.

**કમલોદ્‌ભવ** :–પદ્મકચ્છંદમાં ઊર્ધ્વભાગમાં પદ્માકૃતિ (જેને પદ્મશિલા કહે છે તે) જેમાં હોય તે કમલોદ્‌ભવ.

## લૂમોની વિતાન પ્રમાણે નવ સંજ્ઞાઓ

| ક્રમ | લૂમ | વિતાન | વિશેષ પ્રક્રિયા |
|---|---|---|---|
| ૧ | લુમ્બિની | ક્ષિપ્ત | પદ્મપત્ર યુક્ત |
| ૨ | લમ્બિની | ઉત્ક્ષિપ્ત | એક કોલક |
| ૩ | હેલા | સમતલ | દ્વિકોલક |
| ૪ | શાન્તા | ગજતાલુવૃત્ત | ત્રિકોલક |
| ૫ | મનોરમા | ગજદંષ્ટ્રોક્તમાના | ચતુષ્કોલક |
| ૬ | ગાંધારી | વિદ્યાધરયુક્ત | પંચકોલક |
| ૭ | હસ્તિજીહ્વા | લંબિત | એકતાલુક |
| ૮ | નાગાંગા | ક્ષિપ્તોત્ક્ષિપ્ત | દ્વિગજતાલુ |
| ૯ | પુષ્પાવલી | મંદારક | ત્રિગજતાલુકા દંષ્ટ્રા અને વિદ્યાધરયુક્ત |

### પદ્મકોદ્ભવ આઠ વિતાન

પદ્મ છંદોદ્ભવ (૧) પદ્મક (૨) વિકાશ, (૩) અષ્ટપત્ર (૪) સુકર્ણ (૫) છત્ર (૬) નાગવીથિ (૭) પુષ્પક અને (૮) ભ્રમરાવલિ એમ આઠ ભેદવાળો થાય છે. આવા વિતાન ત્રિપુરાન્તક શિવપ્રાસાદમાં કરવા. આ બધાની રચના નીચે મુજબ છે.

(૧) પદ્મકઃ–લૂમમાં આગળ પંક્તિબદ્ધ પરિધિ અને પદ્મપત્રિકા (કમળની પાંખડીઓ) કરવી.

(૨) વિકાશઃ–ગજતાલુસ્થાને અર્ધચંદ્ર કરવા.

(૩) અષ્ટપત્રઃ–કમલાષ્ટક (દિશા-વિદિશામાં આઠપત્ર) કરવાં.

(૪) છત્રઃ–આઠ કોણુના મધ્યે પદ્મનો ભાગ લંબાવવો. રંભાપુષ્પોદ્ભવ ( કેળની કળી કરી તે )ની આગળ આઠ શ્રૃંગ કરવાં.

(૫) સુકર્ણઃ–વચ્ચે છત્ર અને આઠ લૂમ, આઠ શૃંગ અને અંતે આઠ ગોકર્ણ ( એટલે ગાયના કાન જેવી આકૃતિ )ના ખૂણે અશ્વત્થ દળ આકૃતિ કરવી.

(૬) નાગવીથિઃ–કોણુની બહાર આઠ ખૂણે બાહ્ય શૃંગ, કર્ણિકા, શૃંગાન્ત, શોભણુ, અનેક નાગબંધ (કર્ણના સ્થળે નાગ જાતિ) કરવા.

(૭) પુષ્પકઃ–ચતુષ્કોણુ કે અષ્ટકોણુ ફૂલવાળો તે પુષ્પક.

(૮) ભ્રમરાવલિઃ–આઠકોણુની બહાર સોળ પક્ષાકૃતિ કરવી તે ભ્રમરાવલિ.

## નાભિચ્છંદોદ્ભવ આઠ વિતાન

૧ નાભ્ય :— વિતાનના ક્ષેત્રને ચોરસ કરી (કલ્પી) તેના સરખા સોળ ભાગ પાડવા. પછી કર્ણ વિકર્ણની રેખાઓ દોરી તેમને સમાનાન્તર ત્રણ ત્રણ રેખાઓ થાય તેમ દોરવી. મધ્યના ચાર પદ ઉપર વર્તુલ કરવું. આ વર્તુલને નાભિ કહે છે. પછી તેની ચારે દિશામાં બે બે ભાગના હિસ્સામાં અર્ધચંદ્રાકાર આકૃતિઓ કરવી. આવી રીતના વિતાનને નાભ્ય કહે છે. આ વિતાન વિષ્ણુને પ્રિય થઈ પડે છે.

૨ નાભ્યોદ્ભવ:–નાભ્ય વિતાનમાં નાભિની પરિધિ ચારે દિશામાં એક એક ભાગ વધારવી. અર્થાત્ પાંચ પદના ચતુરસ્ર ઉપર વૃત્ત કરવું. આ પરિધિની બહાર *દિશાઓમાં બબ્બે ભાગ અને વિદિશાઓમાં (ખૂણાઓમાં) એક એક ભાગમાં* અર્ધચંદ્રાકૃતિ કરવી. આ નાભ્યોદ્ભવ વિતાન જાણવો.

શ્રીવત્સ :— નાભિની પરિધિને ચારે બાજુ આઠ ભાગ વધારી મોટી કરવી. બધી જ કર્ણ વિકર્ણની રેખાઓ તેના અંતર્ગત આવેલા નાભ્યના કર્ણ વિકર્ણની સાથે જોડી દેવી. તે પાંચ નાભિવાળો શ્રીવત્સ નામનો વિતાન જાણવો.

૪ માલાધર : પહોળાઈમાં આઠ ભાગ અને લંબાઈમાં બાર ભાગનો લંબચોરસ કરવો. આ લંબચોરસને સમતલ રાખી તેની મધ્યમાં ચાર ભાગની નાભિ કરવી અને તેને નાભ્યુદ્ભવના આકારની બનાવવી. તેની પૂર્વ અને પશ્ચિમ દિશામાં એક એક ભાગ અને ઉત્તર તથા દક્ષિણમાં બે બે ભાગ લઈ તેની ઉપર અર્ધચંદ્રાકૃતિઓ કરવી. પહોળાઈના હિસાબે ત્રણ ભાગ અને લંબાઈના હિસાબે સાત ભાગ પર્યંત અર્ધચંદ્રાકાર કરતા જવાથી માલાધર નામનો દિવ્યતાથી શોભતો (દિવ્યભૂષણ) માલાધર નામનો નિતાન થશે. માલાધર સાત નાભ્યવાળો બને છે.

૫ સૂર્યોદ્ભવ :–માલાધરની માફક લંબચોરસ ક્ષેત્ર લઈ તેમાં વિકર્ણની પાંચ પાંચ રેખાઓ દોરવી અને કર્ણની આઠ રેખાઓ દોરવી. વિકર્ણની ઉપર નાભ્યની રીતે આઠ આકૃતિઓ દોરવી અને કર્ણની ઉપર ચાર આકૃતિઓ કરવી. એટલે સૂર્યોદ્ભવ નામનો વિતાન થશે.

૭ ગરૂડ :— સોળ ભાગના ક્ષેત્રમાં કર્ણ રેખા ઉપર મધ્યના ચાર ભાગમાં નાભ્ય કરવા અને બહારના ભાગમાં બાર નાભ્ય કરવા. આથી ગરુડ નામનો વિતાન થાય છે.

૮ વૈષ્ણુવ :— ક્ષેત્રના વીસ ભાગ પાડી મધ્યના ચાર ઉપર શ્રીવત્સ વિતાન કરવો અને પરિધિની બહારના ભાગમાં સોળ નાભ્ય કરવા. એટલે વૈષ્ણુવ નામનો વિતાન થશે.

## સભામાર્ગોદ્ભવ આઠ વિતાન

૧ કંબલ, ૨ કંબલોદ્ભવ, ૩ શંખાવર્ત, ૪ મેઘોદર, ૫ મહાપદ્મ, ૬ મહાકાન્ત, ૭ હંસ અને ૮ હંસપક્ષ. આ આઠ વિતાન બ્રહ્માજીના પ્રાસાદમાં કરવા.

૧ કંબલઃ—ચતુરસ્રક્ષેત્રના ચાર ભાગ કરી અષ્ટ શૃંગ અને ત્રિછત્રક. તેમાં એકેક શૃંગમાં જુદા જુદા ત્રણુ કોલ કોતરવા. પાછલા ભાગમાં ગજતાલુ કરવાં. બાજુમાં કર્ણિકાયુક્ત લંબાવી ત્યાં કરવો. તેને કંબલ જાણુરો.

૨ કંબલોદ્ભવઃ—તેની બહાર ફરી અષ્ટશૃંગ પંક્તિબદ્ધ કરવાં. તેમાં પણુ કોલ કોતરવા, ગજતાલુ કર્ણિકાયુક્ત કરવું એટલે કંબલોદ્ભવ થાય.

૩ શંખાવર્તઃ—ઉપરાઉપરી ફરતાં વૃત્ત કરવાથી શંખાવર્ત બને છે. તેમાં શંખાવર્તના ક્રમે શૃંગ ઓછાવત્તાં કરવાં.

૪ મેઘોદરઃ—કમલોદ્ભવના બહાર બે મેઘમાલા, તેમાં ગોળ ગજતાલુની આકૃતિનાં વલય આઠ વિંટાળવાં (કરવાં). એટલે મેઘોદર થાય.

૫ મહાપદ્મઃ—મેઘોદરમાં મેઘમાલા તજીને અષ્ટશૃંગ કરવાં. ફૂલમાં સોળ આદિ ત્રિકોણુ, શૃંગના અંતરે કર્ણિકા કરવી.

૬ મહાકાન્તઃ—મહાપદ્મના સોળ ત્રિકોણુાકારના અગ્રે સોળ પદ્માકાર કરવા. તેમાં તેના આગળ આઠ શૃંગોથી યુક્ત લંબિત કરવું.

૭ હંસઃ—સોળ પદ્મ અને કોષમાં ચોવીશ કરવા, તે હંસ નામે વિતાન જાણુવો.

૮ હંસપક્ષઃ—પદ્મકોણુ અને લંબિતના વચ્ચે અષ્ટશૃંગ-ફૂલ કરવાં તે હંસપક્ષ.

## મંદારકોદ્ભવ આઠ વિતાન

૧ વ્યોમ ૨ વ્યોમાર્ક ૩ કિરણુ ૪ વ્યોમાક્ષ ૫ સર્વસુંદર ૬ મેઘછત્ર ૭ મહાબિમ્બ ૮ દીપ્ત આ આઠ વિતાન સૂર્યના પ્રાસાદમાં કરવા.

૧ વ્યોમઃ—અષ્ટ કોણુના છંદમાં ત્રિછત્ર કર્ણિકા સાથે કરવું.

૨ વ્યોમાર્કઃ—પરિધમાં બે ભાગ વધારીને ચાર ખૂણે વ્યોમાકૃતિ કરવી. એકેક ભૂમ્યગ્રે તે લંબિત વ્યોમાર્ક.

૩ કિરણ:–છ કોણના છંદમાં ત્રિછત્ર કર્ણિકાયુકત કરવાં. છ શૃંગના રૂપે સપ્ત મંદારક યુક્ત વિતાન કિરણ થાય.

૪ વ્યોમાક્ષ:–આગળ કહેલ કિરણ વિતાનમાં બબ્બે ભાગ વધારવા. અને તેમાં વ્યોમ કરવાં. બે ભાગમાં એકેક એમ આઠ વ્યોમ કરવાં.

૫ સર્વસુંદર:–વ્યોમાર્ક વિતાનની બહાર આઠ મંદારક કે તેર (છ સાત.) મંદારક કરવાં.

૬ મેઘછંદ:–નવ મંદારકના બહાર આઠ મંદારક કરવા. તે સત્તર મંદારકનો મેઘછંદ જાણવો.

૭ મહાબિંબ:–સાત મંદારક કરી ફરી બાર મંદારક કરવા, તેમ ઓગણીશ ૧૯ મંદારકનો મહા બિંબ જાણવો.

૮ દીપ:–નવ મંદારકની બહાર ફરી સોળ મંદારક કરતાં પચ્ચિસ મંદારકનો દીપ વિતાન જાણવો.

## સ્થાપ્ય દેવતા પ્રમાણે વિતાનોનો વિભાગ

પાર્વતી, ચંડિકા, લક્ષ્મી આદિ દેવીઓનાં મંદિરોમાં (૧) પદ્મનાભ (૨) સુગંભીર (૩) સિંહકર્ણ (૪) પતાકી (૫) ઘંટાનાદ (૬) મહાનાદ (૭) તિલક અને (૮) સર્વસુંદર એ વિતાનો કરવા.

ગણપતિના મંદિરમાં (૧) સભાપદ્મ (૨) કુંજર (૩) મેઘરાજ્ય (૪) મેઘોદ્ભવ (૫) હર્ષ (૬) મોદક (૭) શાન્ત અને (૮) વિજય એ વિતાનો કરવા.

સોમ (ચંદ્ર)ના, વીતરાગના (જિનેશ્વરના) બુદ્ધના પ્રાસાદમાં તથા રાજમહેલોમાં (૧) સભામાર્ગ (૨) મંદારક (૩) રમ્ય (૪) હર્ષ (૫) વસંતોદ્ભવ (૬) વસન્તતિલક (૭) સૈન્ય અને (૮) વિચિત્ર એ વિતાનો કરવા. જે સુખશાંતિપ્રદ ગણાય છે.

અથવા સર્વદેવ પ્રાસાદોમાં (૧) કમલોદ્ભવ (૨) રમ્ય (૩) વિચિત્ર (૪) ચિત્રકર્મ (૫) તારાગણ (૬) વૃદ્ધિરામ (૭) સુછત્ર અને (૮) વિમાન એમ આઠ વિતાન કરવા કરાવવાથી કરનાર તથા કરાવનાર બંને જણ સુખ, શાંતિ અને ઇષ્ટ મનોરથ પ્રાપ્ત કરે છે.

## મંડપોર્ધ્વે સંવરણા

સંવરણા એટલે મંડપ ઉપરના છાદ્ય ઉપરનું ઘંટા કળશ આદિના સમૂહરૂપ સામરણ અગર વિરાટ ફાસના.

મંડપ પ્રમાણે સંવરણાનો ક્રમ, નામ, ઘંટિકા, કૂટ અને સિંહની સંખ્યા કહી છે. સંવરણાના પ્રત્યેક થરે છાજલી ઉપર બે ખૂણાએ કૂટ અને સામે ઉદ્ગમ (ડોઢિયું), તેની ઉપર ઘંટા, પ્રત્યેક થરે થાય છે. તેવા થરોના ભદ્રે ઊરુ ઘંટા (શિખરના ઊરુશૃંગની જેમ) અને સર્વોપરી મૂલઘંટાને ચાર ખૂણે કૂટ થાય અને તે મૂળ ઘંટા ઉપર કળશ મૂકાય. ભદ્રની ઊરુઘંટા ઉપર સિંહ–હાથી બેસાડવા.

*જ્ઞાનરત્નકોષ ગ્રન્થમાં ૩૨ સંવરણા અને અપરાજિત સૂત્રમાં ૨૫ સંવરણાનાં સ્વરૂપો* કહ્યાં છે. આમલસારાને પણ ઘંટા કહી છે. મંડપ ઉપર સંવરણા થાય ત્યારે તેના ઉદયનું પ્રમાણ શિખરના શુકનાશના પ્રમાણથી રાખવાનું કહ્યું છે. જ્યારે ગર્ભગૃહ ઉપર સંવરણા

કરવામાં આવે ત્યારે મૂળઘંટાના સ્થાને ત્યાં આમલસારો મૂકવો પડે, કારણ કે ધ્વજાદંડ રોપવામાં સાનુકૂળતા રહે.

સંવરણાના ઉદયના ત્રણ પ્રકાર કહ્યા છે (૧) વામન (૨) અનંત અને (૩) વારાહી.


(૧) **વામનઃ**—સંવરણાની પહોળાઈથી અર્ધ ઉદય હોય તે વામન.

(૨) **અનંતઃ**—સંવરણાની પહોળાઈથી અર્ધના નવ ભાગ કરી તેના બે ભાગ અધિક ઉદય કરવો તે અનંત.


(૩) **વારાહીઃ**—સંવરણાની પહોળાઈના અર્ધભાગનો ત્રીજો ભાગ અધિક ઉદય કરવાથી થતી સંવરણાનું વારાહીનામ જાણવું.

## મંડપો પ્રમાણે સંવરણનો ક્રમ, નામ, ઘંટિકા, કૂટ અને સિંહની સંખ્યા


| ક્રમ | નામ | વિભક્તિ | ઘંટિકા | કૂટ | સિંહ |
|---|---|---|---|---|---|
| ૧ | પુષ્પિકા | ૮ | ૫ | ૧૬ | ૮ |
| ૨ | નંદિની | ૧૨ | ૯ | ૪૮ | ૧૨ |
| ૩ | દક્ષાક્ષા | ૧૬ | ૧૩ | – | ૧૬ |
| ૪ | દેવસુંદર | ૨૦ | ૧૭ | – | ૨૦ |
| ૫ | કુલતિલક | ૨૪ | ૨૧ | – | ૨૪ |
| ૬ | રમ્યા | ૨૮ | ૨૫ | – | ૨૮ |
| ૭ | ઉદ્ભિન્ના | ૩૨ | ૨૯ | – | ૩૨ |
| ૮ | નારાયણ | ૩૬ | ૩૩ | – | ૩૬ |
| ૯ | નારાયણ | ૩૬ | ૩૩ | – | ૩૬ |
| ૧૦ | ચંપકા | ૪૪ | ૪૧ | – | ૪૪ |
| ૧૧ | પદ્મ | ૪૮ | ૪૫ | – | ૪૮ |
| ૧૨ | સમુદ્ભવા | ૫૨ | ૪૯ | – | ૫૨ |
| ૧૩ | ત્રિદશ | ૫૬ | ૫૩ | – | ૫૬ |
| ૧૪ | દેવગાંધારી | ૬૦ | ૫૭ | – | ૬૦ |
| ૧૫ | રત્નગર્ભા | ૬૪ | ૬૧ | – | ૬૪ |
| ૧૬ | ચૂડામણિ | ૬૮ | ૬૫ | – | ૬૮ |
| ૧૭ | હેમરત્ન | ૬૨ | ૬૯ | – | ૭૨ |
| ૧૮ | ચિત્રકૂટા | ૭૬ | ૭૩ | – | ૭૬ |
| ૧૯ | હિમા | ૮૦ | ૭૭ | – | ૮૦ |
| ૨૦ | ગંધમાદિની | ૮૪ | ૮૧ | – | ૮૪ |
| ૨૧ | મંદરા | ૮૮ | ૮૫ | – | ૮૮ |
| ૨૨ | મેદિની | ૯૨ | ૮૯ | – | ૯૯ |
| ૨૩ | કૈલાસ | ૯૬ | ૯૩ | – | ૯૩ |
| ૨૪ | રત્નસંભવા | ૧૦૧ | ૯૭ | – | ૯૭ |
| ૨૫ | મેરૂકૂટ | ૧૦૪ | ૧૦૧ | – | ૧૦૧ |





સંવરણાનું બાહ્ય સ્વરૂપ




સંવરણા તલદર્શન



સંવરણા તલદર્શન



१८ वीं शताब्दी से वर्तमान कालकी संवर्णा शैली. ९ प्रभाशंकर ओ. सोमपुरा.

સંવરણાનું બાહ્ય દર્શન

## બીજાં કેટલાંક ઉપાંગો

**ચતુષ્કિકા (ચોકી)**:—ચાર સ્તંભોવાળા સ્થાપત્યને ચતુષ્કિકા (ચોકી) કહે છે.

**કપિલી (પ્રાસાદપુત્ર)**:—કોલીની ભીંત ઉપરના (બે તરફના) ખૂણાઓને કપિલી અથવા પ્રાસાદપુત્ર કહે છે.

**મંજરી**:–ઉત્તરભારતમાં પ્રાસાદપુત્રને કોકિલા કે મંજરી કહે છે.

**છાજલી (કમળપત્ર)**:–સરપટ્ટિકા–માથાની પટ્ટી–ગ્રાહપટ્ટીને છાજલી કહે છે.

**પ્રાસાદનાં ઉપાંગો (ફાલના)**:–પ્રાસાદને ઘણુંખરું ૧૯ જેટલાં ઉપાંગો હોય છે. પરંતુ બધાજ પ્રાસાદોને તેટલાં ઉપાંગ હોવાં જોઈએ એમ નથી. કારણ કે બધાંજ ઉપાંગો હોય તેવું જોવામાં આવતું નથી.

**નિર્ગમ**:–પ્રાસાદનાં નિર્ગમનું સ્થાન પ્રથમ છે. શિલ્પીવર્ગમાં તેના ચાર પ્રકારો જાણીતા છે. જેમકે :

(૧) **સમદલ**:–પ્રાસાદનાં ઉપાંગો જેટલા ભાગનાં કહ્યાં હોય તેટલાજ ભાગનો નિર્ગમ (નીકાળો) રાખવામાં આવે તો તેને સમદલ કહે છે (સમદલ–સરખા ભાગ–વિભાગ)

(૨) **ભાગવો**:–પ્રાસાદ જેટલી વિભક્તિનો કહ્યો હોય તેના એક ભાગ જેટલો જે નિર્ગમ હોય તેને ભાગવો કહે છે (ભાગવો એટલે એક ભાગ)

(૩) **હસ્તાંગુલ**:–જેટલા ગજ કે હસ્તનો પ્રાસાદ હોય તેના જેટલા આંગળનો નિર્ગમ હોય તેને હસ્તાંગુલ કહે છે.

(૪) **આર્વા**:–આંગળ બે આંગળ જેટલા બહુ ઓછા (વ્યાસવાળા) નિર્ગમને આર્વા કહે છે. આર્વા રાખવાનો પ્રસંગ સંવરણા કે ત્રિસર (તરસટીયા) જેવામાં કરવામાં આવે છે.

ઉપરના ત્રણ પ્રકાર સમદલ, ભાગવા, હસ્તાંગુલ આ પ્રકારના ઉપાંગો નીકાળા (નિર્ગમ) શિખરમાં થઈ શકે.

**નાસિકા**:—પ્રાસાદનું પ્રમાણ બહારની ભીંતના ખૂણાથી ગણવામાં આવે છે. જેટલા હસ્ત કે ગજનો પ્રાસાદ હોય તેટલા માપથી કૂર્મશિલા, ભિટ્ટ, પીઠ, પ્રાસાદોદય, દ્વારમાન, સ્તંભમાન, પ્રતિમા (ઉભી કે બેઠી)નું પ્રમાણ, ધ્વજદંડમાન આદિ પ્રમાણસર કરવામાં આવે છે. પ્રાસાદની બહારના બે ખૂણાઓની રેખાઓ પ્રાસાદ અને નાસિકાના પ્રમાણથી રાખવામાં આવે છે.

**વિભક્તિ–તલ–છંદ**:–પ્રાસાદના ભાગ–સંખ્યા, પ્રાસાદના અંગ, અમુક ભાગનો કર્ણ, આટલા ભાગનો પ્રતિરથ, આટલા ભાગની નંદી, આટલા ભાગનું ભદ્ર આ બધા વિભાગો કરવાની પદ્ધતિને વિભક્તિ, તલ કે છંદ કહે છે.

પ્રાસાદોનાં ઉપર કહ્યાં તે સિવાયનાં બીજાં ઉપાંગોનાં નામ અને તેમની સમજણ નીચે પ્રમાણે છે.

(૧) કર્ણ:—રેખા. પ્રાસાદનો ખૂણો. ભીંતનો ખૂણો.
(૨) મૂલકર્ણ:—શિખરના પાયચાનો (પાયાનો) ખૂણો.
(૩) પ્રતિકર્ણ:—રેખાની બાજુનું અંગ. ફાલના.
(૪) પ્રતિરથ:—પઢરો.
(૫) ઉપરથ:—પઢરાની બાજુનું અંગ, અગર ભદ્રની બાજુનું અંગ (પઢરો પણ થાય).
(૬) ભદ્ર:—પ્રાસાદની ભીંતનાં ઉપાંગોમાં સૌથી આગળ પડતું અંગ. પ્રાસાદનો મધ્યભાગ.
(૭) રથ:—ભદ્ર.
(૮) રથિકા:—પઢરો, પ્રતિભદ્ર, રેખા (રથિકા–ઘોડિયા) રથિકા તોરણ કે દ્વાર પરના રૂપના જેવા આકારની થાય છે.
(૯) અનુગમ્ય:—પઢરો, પ્રતિરથ.
(૧૦) ચાનુગ:—પઢરો, પ્રતિરથ.
(૧૧) ઉપભદ્ર:—ભદ્રની બાજુનું અંગ (ઉપરથ).
(૧૨) સુભદ્ર:—ભદ્રની એક બાજુનું ઉપાંગ.
(૧૩) પ્રતિભદ્ર:—ભદ્રની બીજી બાજુનું ઉપાંગ (પઢરો પણ થાય છે).
(૧૪) ચતુરંઘ્ર:—ચતુરંઘ્ર પ્રતિરથ, પઢરો.
(૧૫) શાલા:—ભદ્ર. પ્રાસાદના મધ્ય ગર્ભનું આગળ પડતું ગવાક્ષ જેવું સ્થાપત્ય.
(૧૬) નંદિ:—ખૂણી.
(૧૭) કર્ણા:—ખૂણી.
(૧૮) કર્ણિકા:—ખૂણી.
(૧૯) નંદિકા:—ખૂણી.
(૨૦) પલ્લવો:—નંદી, કર્ણી, ખૂણી.
(૨૧) નાટિકા:—નાની નંદી. ખૂણી.

**પ્રાસાદનાં ઉપાંગો માટે કલિંગ શિલ્પ શાસ્ત્રની વિશેષતા:**—કલિંગ શિલ્પમાં ઉપાંગો માટે વિશેષ સંજ્ઞારૂપે કહ્યું છે. જેમકે કલિંગ ઉડિયામાં મધ્ય ભદ્રને રાહા, તેની બે બાજુ અનુરાહા, તેનાથી બે બાજુ, પરિરથ અને છેલ્લે કર્ણિક (કર્ણરેખા). આમાં છ છ ખાંચા પણ હોય છે.

**પ્રાસાદની અંગો ઉપરથી ઉપજતી સંજ્ઞાઓ:—**

(૧) **ત્ર્યંગ પ્રાસાદ:**—ત્રણ અંગ એટલે બે ખૂણે બે કર્ણ અને એક મધ્યનું ભદ્ર એમ ત્રણ અંગ, ત્રણ ફાલના ઉપાંગ થાય તેને ત્ર્યંગ પ્રાસાદ કહે છે. બીજી રીતે ખૂણેથી જોતાં (૧) રેખા કોણ કર્ણ અને (૨) ભદ્રના બે બે ખૂણા એમ પણ ત્રણ થાય.

(૨) **પંચાંગ પ્રાસાદઃ**—પાંચ અંગ એટલે બે કર્ણ, બે પ્રતિરથ-પઢરા અને એક મધ્યનું ભદ્ર એમ પાંચ અંગ, પાંચ ફાલના-ઉપાંગ થાય. એક અર્ધ ભદ્રથી બીજા અર્ધ ભદ્રના ચતુર્થાંશ ભાગથી ગણતાં પણ પાંચ અંગ થાય.

**સપ્તાંગ પ્રાસાદઃ**—સાત અંગ બે રેખા કર્ણ, બે પ્રતિરથ પઢરા, બે ઉપરથ અગર નંદી અને એક મધ્યનું ભદ્ર એમ સાત અંગ, સાત ફાલના-ઉપાંગ થાય એક અર્ધભદ્રથી બીજા અર્ધ ભદ્રના ચતુર્થાંશના ભાગથી ગણતાં પણ સાત અંગ થાય.

(૪) **નવાંગ પ્રાસાદઃ**—નવ અંગ એટલે બે કર્ણ, બે પ્રતિરથ, બે ઉપરથ, બે પ્રતિભદ્ર કે નંદી અને મધ્યનું એક ભદ્ર એમ નવ અંગ ફાલના-ઉપાંગો થાય. એક અર્ધ-ભદ્રથી બીજા અર્ધભદ્ર એટલે ચતુર્થાંશ ભાગના ખૂણા કરતાં પણ નવ સંખ્યા થાય. તેમાં રેખાકર્ણ એક, બે પ્રતિરથ, બે ઉપરથ, બે પ્રતિભદ્ર, બે ભદ્રના ખૂણા મળી નવ ખૂણા થાય. કલિંગ ઉડિયા શિલ્પમાં ત્ર્યંગને ત્રિરથ, પંચાંગને પંચરથ, સપ્તાંગને સપ્તરથ અને નવાંગને નવરથ કહે છે.

## પ્રતિહાર

પ્રતિહાર એટલે દ્વારપાળ. દેવદેવીઓનાં મંદિરોમાં ચારે દિશામાં આવેલાં દ્વાર આગળ પ્રત્યેક દ્વારે બે બે એમ કુલ આઠ પ્રતિહારો કરવામાં આવે છે.

## બલાણક

બલાણક એટલે રાજપ્રાસાદ ઘર કે દેવમંદિર આગળની ખડકી (ડેલી). દ્રવિડ શૈલીનાં મંદિરોમાં આને ગોપુર કહે છે. જલાશય આગળ કરેલા બલાણકને જે પગથીયાં આગળ કે જલાશયની વચ્ચે કરવામાં આવે છે, તેને પુષ્કર કહે છે.

બલાણકના પાંચ પ્રકાર છે. જેમનાં નામ.

(૧) વામન (૨) વિમાન (૩) હર્મ્યશાલ (૪) પુષ્કર અને (૫) ઉત્તુંગ. તેમની સમજુતી નીચે પ્રમાણે છે.

**વામનઃ**-દેવપ્રાસાદ આગળના બલાણકને વામન કહે છે. અગર જગતીની અંદર સમાવી દેવામાં આવે તેટલો ઉદય વામન બાલાણકનો જાણવો જગતી આગળની ચોકીને પણ વામન કહે છે.

(૨) વિમાનઃ-રાજપ્રાસાદ આગળ ડેલી.

(૩) હર્મ્યશાલઃ-સામાન્ય ઘરોની ડેલી કે નગરના દરવાજા ઉપરના માળને હર્મ્યશાલ કહે છે.

(૪) પુષ્કરઃ-જળાશયના મધ્યમાં કે જળાશયના મુખ આગળની ડેલીને પુષ્કર કહે છે.

(૫) ઉત્તુંગઃ-રાજપ્રાસાદ કે મોટા જળાશય અથવા નગર આગળ ત્રણ, પાંચ, સાત કે નવમાળનું ઊંચા સ્તંભ જેવું બાંધકામ જેને કીર્તિ સ્તંભ કહે છે તેને ઉત્તુંગ કહે છે.

| | |
|---|---|
| षड्च्छंद | શિલ્પશાસ્ત્રોક્ત કેટલાક ષડ્ચ્છંદ |
| प्रासाद | (१) माड (२) मौड (३) शुद्ध (४) शेखर (५) तुंगार (६) सिंहक<br>(१) तृप्त (२) पट्ट (३) वाजिन (४) पूर्ण (५) खंड (६) पांडु |
| मंडप | (१) गूढ (२) नृत्य (३) चन्द्रालोक (४) भद्रावलोकन (५) स्त्रीक |
| वितान | पक्ष$_{१}$ नाभि$_{२}$ सभा$_{३}$ मंदार$_{४}$ भिन्न$_{५}$ मिश्रक$_{६}$ |
| जगती | कर्पाजा$_{१}$ भ्रमजा$_{२}$ भद्रजा$_{३}$ मध्यजा$_{५}$ पार्श्वजा$_{६}$ |
| पीठ | वेदीबन्द$_{१}$ श्रीवत्स$_{२}$ पंकज$_{३}$ भद्रज$_{४}$ सुभद्र$_{५}$ तारक$_{६}$ |
| लिंग | आदि, अनादि, स्वयंभु बाणा, शक्त्याख, वर्धमान |
| पीठिका | वेदाश्रा$_{१}$ वर्तुलाख्या$_{२}$ त्रिकोण$_{३}$ षडंशका$_{४}$ वेदिक$_{५}$ अष्टास्र |
| नगर | नगर-पुर-ग्राम-खेट कूट कर्बट |
| जलाशय | वापी-कूप-तड़ाग रथ चक्र यंत्रादि |
| नृपति | वेदी$_{१}$ सिंहासन$_{२}$ छत्र$_{३}$ शय्या$_{४}$ कवच$_{५}$ आयुध$_{६}$ |
| छंद | मेरुच्छंद$_{१}$ खंडमेरु$_{२}$ पताकाच्छंद$_{३}$ सूचिछंद$_{४}$ उदिष्ट$_{५}$ नष्ट$_{६}$ |
| बलाणक | वामन$_{१}$ विमान$_{२}$ हर्म्यशाल$_{३}$ पुष्कर$_{४}$ उत्तुंङ्ग |
| प्रवेश | उत्संग$_{१}$ पूर्णबाहु$_{२}$ हीनबाहु$_{३}$ प्रतिकाय$_{४}$ |
| प्रतोली | उत्तंङ्ग$_{१}$ मालाधर$_{२}$ विचित्र$_{३}$ चित्ररुप$_{४}$ मकरध्वज$_{५}$ |
| स्तंभ | श्राहकांत$_{१}$ रुचक-विष्णुकांत-पस्वश्र$_{२}$ स्कंदकांत चतुरस्र<br>भद्र अष्टाश्र षड्श्र भानुकांत$_{४}$ चन्द्रकान्त$_{५}$ ईशकान्त$_{६}$ रुद्रकांत<br>वारहास द्विवज्र वृत्त |

### પ્રાસાદની જાતિ (શૈલી)

પ્રાસાદના મુખ્ય ભેદ (જાતિ) પાંચ છે. જેમકે (૧) વૈરાજ (૨) પુષ્પક (૩) કૈલાસ (૪) મણિક (મણિપુષ્પક) અને (૫) ત્રિવિષ્ટપ. આ પાંચ ભેદોમાં વૈરાજ મુખ્ય છે. તેનાજ ભેદ બીજા પુષ્પક આદિ છે. અપરાજિત પૃચ્છા કહે છે કે :–

प्रासादास्तु समस्ता वै सन्ति वैराजसम्भवाः ।

સમસ્ત પ્રાસાદો વૈરાજમાંથી ઉત્પન્ન થયા છે.

પ્રાસાદ માટે વપરાતાં દ્રવ્યોના આધારે પણ તેના ભેદ પાડેલા છે. જેમકે સોનું, ચાંદી, મણિ, માણેક આદિ દ્રવ્યોથી બનાવેલા પ્રાસાદ દેવતાઓએ નિર્માણ કરેલા હોય છે. પિશાચ, નાગ અને રાક્ષસો અસુરોએ પિત્તળ, તાંબું અને કાંસાના પ્રાસાદ નિર્માણ કરેલા હોય છે. આ બધા દેવલોકના પ્રાસાદ ગણાય અને તે દેવલોકમાં સુખ આપનારા થાય, મનુષ્યલોકમાં ઈંટ, પત્થર અને લાકડાથી બનાવેલા પ્રાસાદ હોય છે અને તે મનુષ્યલોકને સુખકારક ગણાય છે. પાતાલ લોકમાં પાષાણ અને સ્ફટિકના પ્રાસાદો હોય છે અને તે તેમને (પાતાલવાસી નાગલોકોને) સુખકારક બને છે.

એક ઉક્તિ એવી છે કે એક વખત હિમાલયના દારૂવનમાં ચૌદભુવન પૃથ્વી ભૂર્લોક (પૃથ્વીથી લઈ સત્ય લોક સુધીના સાત ઉપરની અને અતલ આદિ સાત પાતાલ)ના નિવાસીઓ ભેગા મળી શિવજીની પૂજા કરી અને પુષ્પાદિ સામગ્રી પોતાની રુચિ પ્રમાણે ચઢાવી શિવલિંગ ઉપર જુદી જુદી આકૃતિઓ સર્જી. આથી તે પ્રમાણે શિખરાદિની રચના કરવાની કલ્પના ઉદ્ભવી અને શિખરાદિની રચનાના ભેદથી ચૌદ જાતિ નક્કી કરવામાં આવી જેમ કેઃ– (૧) નાગર (૨) દ્રાવિડ (૩) લતિન (૪) ભૂમિજ (૫) વરાટ (૬) વિમાન (૭) મિશ્રક (૮) સાંધાર (૯) વિમાનનાગર (૧૦) વિમાન પુષ્પક (૧૧) વલભી (૧૨) ફાસના (૧૩) સિંહાવલોક અને (૧૪) રથારુઢ

આમાં વલભી સ્ત્રી જાતિ પ્રાસાદ છે. ફાસના નપુંસક છે અને બાકીના બાર પુરુષ જાતિના છે.

વૈરાજ આદિ પાંચ પ્રાસાદોના ભિન્ન ભિન્ન ભેદો થતાં કુલ ૧૮૮૮ પ્રાસાદના ભેદ થાય છે. આમાં વૈરાજના ૫૮૮, પુષ્પકના ૩૦૦, કૈલાસના ૫૦૦, મણિ પુષ્પકના ૧૫૦ અને ત્રિવિષ્ટપના ૩૫૦ (૫૮૮ + ૩૦૦ + ૫૦૦ + ૨૫૦ + ૩૫૦ = ૧૮૮૮) વૈરાજ આદિ ભેદ પ્રાસાદના તલના ચોરસ આદિ આકૃતિ ભેદથી ગણાય છે. ચોરસ તલવાળા વૈરાજ, લંબચોરસ તલવાળા પુષ્પક, ગોળ તળવાળા કૈલાસ, દીર્ઘવૃત્તવાળા મણિપુષ્પક અને અષ્ટાસ્ર તલવાળા ત્રિવિષ્ટપ ગણાય છે.

### નાગરાદિ પ્રાસાદ લક્ષણ


(૧) **નાગર** :— ચોરસ તલ દર્શન ઉપર વક્રરેખા યુક્ત અનેક અંડકોવાળું શિખર, આમલસારો અને કળશ (આમલસારામાં કળશ બેસાડેલો હોય તેવા ક્ષકાર)વાળો,

પીઠ જંઘા, મેખલા, કૂટચ્છાદ્ય રૂપયુકત મંડપો, વિતાન, કલા યુકત સંવરણા આમ દરેક અંગ પ્રત્યંગોવાળો પ્રાસાદ નાગર જાતિનો પ્રાસાદ ગણાય છે.

આવા પ્રાસાદો પશ્ચિમ ભારત, ઉત્તર ભારત, પૂર્વ ભારતનો થોડોક ભાગ, હિમાચલ પ્રદેશોમાં જોવામાં આવે છે ઉત્તર ભારત તથા પૂર્વ ભારતમાં કોઈ કોઈ જગ્યાએ બીજી જાતિના મિશ્રણવાળા પ્રાસાદ પણ જોવામાં આવે છે.

નાગર શૈલીના પ્રાસાદો મુખ્યતયા શિવજીને વધારે પ્રિય ગણાય છે. છતાં તે બધાજ દેવો માટે પણ બનાવવાનું વિધાન છે. બધાજ દેવોને તે પ્રિય છે એમ શાસ્ત્ર વાકય છે.

### લતિન શૈલી




(૨) દ્રવિડ :– પીઠની ઉપર કર્ણરેખાઓવાળા તથા ઉપરા ઉપરી ભૂમિકાઓથી યુક્ત, વેદી, ઘંટા આદિથી યુક્ત પ્રાસાદો દ્રવિડ શૈલીના ગણાય છે.

(૩) લતિન :– આ શૈલિનાં મંદિરો ભારતમાં હિમાચલથી છેક દક્ષિણમાં (ઓહોલ સુધી) જોવામાં આવે છે. આ શૈલિમાં પીઠથી ઉપર આમલક સુધી વકરેખામાં હસ્તાં શુલથી લઈ બધાં ઉપાંગો કરવામાં આવે છે. શિખરને છજ્જું હોતું નથી લતિન પ્રાસાદો એકાંડિક કરવામાં આવે છે. પરંતુ એકાંડિક લતિન શૈલિનો વિકાસ થતાં તેમાં પંચાંડિક, નવાંડિક, તેર અંડિક એમ શિખરો નવમી સદી પછી થવા લાગ્યાં. દશમી અને અગીઆરમી સદીમાં કુશળ શિલ્પીઓએ શિખર રચનામાં વિકાસ કરી સેંકડો અને હજારોની સંખ્યામાં અંડકોની યોજના કરી સહસ્રાંડિક પ્રાસાદો બનાવ્યા છે.




ભૂમિજ પ્રાસાદ લક્ષ્મણ ટેમ્પલ સીરપુર મધ્યપ્રદેશ



1
cūlā
2
āmalasārikā
4
āmalasāraka
6
madhyā-
latā
7
venukosa
3
grīvā
5
skandha


# ભૂમિજ પ્રાસાદ શૈલી

भूमिज प्रासाद शिखर




1 वंडिका, 2 प्रहार, 3 रथिका, 4 शूरसेनक, 5 स्तम्भकूट, 6 ध्वजापुरुष, 7 माला, 8 स्कंध, 9 घंटा, 10 चंद्रिका, 11 कलश
भूमिज प्रासाद जाति : शैली

Sthapati Prabhashanker O. Sompura


6 ghaṇṭā
5 bhūmis
2 karṇa-phāṁsanā
siṁhakarṇa 3
candraśālikā 4
1 prahāra

પીઠરચનામાં પ્રથમ કામદપીઠ અને પછી ગજાશ્વ પીઠ થવા લાગ્યાં. પ્રાસાદની બાહ્ય દિવાલનો થોડો ઘાટ મંડોવર યુક્ત થતો. પછી તેમાં અનેક પ્રકારનાં દેવ-દેવીઓનાં સ્વરૂપો યોજી અલંકૃત મંડોવર થવા લાગ્યા લતિન પ્રાસાદમાં છજું થતું ન હતું તે નાગર શૈલીમાં થવા લાગ્યું. દશમી સદીના પ્રાસાદોમાં ચોરસ મંડપોમાં વચ્ચે ચાર સ્તંભ મૂકી નવપદ પાડી છત ઢાંકવાની પ્રથા હતી. તે પછીના કાળમાં મંડપના મધ્યના ચાર સ્તંભોની પ્રથા કાઢી નાખી ચોરસ મંડપ ઉપર પાટ ( ભારવટ )થી અષ્ટાસ્ત્ર કરી ગોળ આકૃતિના વિતાન ( ઘુંમટ ) થવા લાગ્યા.

## ભૂમિજ શૈલી

(૪) ભૂમિજ—આ શૈલિ માળવા, મહારાષ્ટ્ર તથા ઉત્તર કર્ણાટક પ્રદેશમાં પ્રચલિત છે. મંદિરની પીઠ ઉપર દેવરૂપો વાળો મંડોવર કરી તે છજા રહિત વરંડિકાથી શિખરનો પ્રારંભ થાય છે. તેનું તલદર્શન હસ્તાંગુલ હોય છે તેનાં ઉપાંગો નીચેથી ઉપર આમલક સુધી વક્રરેખાઓ લંબાવી કરેલા હોય છે. શિખરનાં ઉપાંગોને વાલંજર કહે છે. શિખરના ભદ્રને લતા-માળા કહે છે. શિખરમાં ભૂમિકા ( માળ ) કરવામાં આવે છે. તેમાં સ્તંભ કુંભી જેવા ઉપર પ્રહાર કરીને તે ઉપર શૃંગ ઉત્તરોત્તર સાત કે નવ થરો ( ભૂમિક ) શિખરના સ્કંધ સુધી ચઢાવે છે. સુંદર આકૃતિવાળા શુકનાસને સુરસેન કહે છે.

ચતુરસ્ર તલદર્શન ઉપર વર્તુલાકાર શિખર લતિન જેવું હોય છે. તેની આકૃતિ તેનાથી પૃથક્ હોય છે.

## ફાસનાકાર શૈલી

(૫) ફાસના :—આ શૈલિના પ્રાસાદોમાં પીઠ-મંડોવર ઉપર છજુ મૂકી ઉપર છાજલીના થરો ઉપર થર ક્રમશઃ ચઢે છે. તે ઉપર ઘંટા ( આમલસારો ) અને કલશ મૂકાય છે. ભદ્ર ઉપર મોટો ઉદ્‌ગમ ( દોઢીયો ) કેટલાંક સ્થળે રેખા ઉપર શૃંગ જેમ માની કર્ણરેખા કરવામાં આવે છે. અપરાજિતકારે ફાસના શૈલિવાળા પ્રાસાદને નપુંસક છંદનો પ્રાસાદ કહ્યો છે. તેનાં તલદર્શન હસ્તાંગુલ ઉપાંગોવાળું હોય છે. સામાન્ય પ્રાસાદમાં ગર્ભગૃહ ઉપર ફાસના થાય છે, ગર્ભગૃહ ઉપરથી મંડપ ઉપર ફાસના કરવાની પદ્ધતિ પાછલા કાળમાં પ્રવિષ્ઠ થઈ છે. પશ્ચિમ ભારત ઓરિસ્સા ( ખજુરાહો ) રાજસ્થાન તેમજ ભારતના બીજા પ્રદેશોમાં પણ ફાસના શૈલિના પ્રાસાદ જોવામાં આવે છે. જય-પૃચ્છા વૃક્ષાર્ણવ, પ્રમાણ મંજરી, અપરાજિત લક્ષણસમુચ્ચય આ ગ્રંથોમાં ફાસનાના ઉલ્લેખો છે. શિલ્પીઓ તેને ત્રિસટા કહે છે. તેનું અપભ્રંશ તરસટીયું થવાથી મોટા ભાગના શિલ્પીઓ તે શબ્દ વાપરે છે.

કલિંગ-ઓરિસા પ્રદેશમાં ફાસનાની પાંચ સાત થરની છાજલીના સમુહને કોટલ કહે છે તે ઉપરના સાદા એક થરને કાંતિ કહે છે. ફરી થતા પાંચ-સાત થરોના સમૂહને

કેટલ કહે છે. તે ઉપર ઘંટાની નીચે ગ્રીવાને બેકી કહે છે. ફાસનાના સર્વ થરોને (શિખરના ઉદય ભાગની જેમ) ગંડી કહે છે. આ શબ્દો ઉડિયા શિલ્પીઓની પ્રાંતિક ભાષાના છે.

## વરાટ શૈલી

(૬) વરાટઃ–જે ભૂમિજ પ્રાસાદો જંઘા રહિત, શૃંગ સ્થાને શૃંગવાળા, અનેક શૃંગ યુક્ત, કર્ણ, પ્રતિરથ, ભદ્ર, પ્રતિભદ્ર મંદાર પુષ્પ અને ઘંટાયુક્ત હોય તે વરાટશૈલીના પ્રાસાદ ગણાય છે. અપરાજિતકારે વરાટ જાતિના પાંચ પ્રકાર કહ્યા છે. (૧) વરાટ (૨) પુષ્પક (૩) શ્રીપુંજ (૪) સર્વતોભદ્ર (૫) સિંહ. આ પાંચેના ૧૨૦૨ ભેદ કહ્યા છે.

## વિમાન શૈલી

(૭) વિમાનઃ ચતુરસ્ત્ર તલદર્શન રથ, ઉપરથ અને ભદ્રવાળા ભૂમિજ પ્રાસાદો વિમાન શૈલીના કહેવાય છે. વિમાન છંદના પાંચ પ્રકાર (૧) વિમાન (૨) ગરુડ (૩) ધ્વજ (૪) વિજય (૫) ગંધમાદન એ દરેક પુષ્પમાલા આકારના લત્તા શૃંગવાળા થાય છે. તે બધાના નામાનુક્રમથી ભેદ કહ્યા છે. ૩૦૦–૪૦૦–૫૦૦–૬૦૦-૭૦૦ આ રીતે કુલ ૨૫૦૦ કહ્યાં છે.

## મિશ્રક શૈલી

(૮) મિશ્રક નાગરશૈલીના પ્રાસાદો જ્યારે અનેક તિલકોયુકત કરવામાં આવે ત્યારે તેમને મિશ્રક શૈલીના પ્રાસાદ ગણવામાં આવે છે. અપરાજિતકારે આના ૧૮૦૦ ભેદ કહ્યા છે.


## સાંધાર શૈલી

(૯) સાંધારઃ–બીજાં અંગોથી પરિપૂર્ણ અને ગર્ભગૃહની ફરતે પ્રદક્ષિણા માર્ગ રાખવામાં આવ્યો હોય તેવા નાગર શૈલીના પ્રાસાદો સાંધાર શૈલીના કહેવાય છે. અને જેમાં પ્રદક્ષિણા માર્ગ ન રાખવામાં આવ્યો હોય તેને નિરંધાર પ્રાસાદ કહેવામાં આવે છે. સાંધાર જાતિના પ્રાસાદો ગુજરાત–સૌરાષ્ટ્ર–રાજસ્થાન અને મેવાડમાં છે. મધ્યપ્રદેશના ખજુરાહોમાં પણ છે. સોમનાથનો મહાપ્રાસાદ સાંધાર જાતિનો છે. સાંધારના (૧) કેસરી (૨) નંદન (૩) મન્દર (૪) શ્રીતરુ (૫) ઇન્દ્રનીલ (૬) રત્નકૂટ (૭) ગરુડ આ સાતના અનુક્રમે ( ૨ + ૩ + ૧ + ૬ + ૩ + ૭ + ૩ ) એમ મળીને કુલ ૨૫ ભેદ કહ્યા છે.

## વિમાન નાગર શૈલી

(૧૦) વિમાન નાગર–નાગર શૈલીના પ્રાસાદોમાં ઊર્ધ્વ ભાગે લતા અને શૃંગો બતાવવામાં આવે છે અને વિમાન શૈલીનું મિશ્રણ કરવામાં આવે છે ત્યારે વિમાન નાગર શૈલી ગણવામાં આવે છે. આવા પ્રાસાદો તેજસ્વી લાગતા હોય છે.

विमान पुष्पक



(૧૧) વિમાન પુષ્પકઃ–વિમાન નાગર શૈલીના પ્રાસાદમાં જ્યારે ઊરુશૃંગ ઉપર પુષ્પક કરવામાં આવે છે ત્યારે તે વિમાન પુષ્પક શૈલીના પ્રાસાદ ગણવામાં આવે છે.

(૧૨) વલભી–લંબચોરસ તલદર્શનવાળા ઘંટા તથા ભૂમિકાઓથી રહિત તથા ગજ પૃષ્ઠાકાર શિખરવાળા પ્રાસાદો વલભીશૈલીના પ્રાસાદ ગણાય છે. આવા પ્રાસાદો લતિન અને નાગર શૈલીથી પણ પ્રાચીન કાળના છે. સૌરાષ્ટ્રમાં ઉત્તર ગુપ્તકાલના પ્રભાસ નજીક આવેલા કદવારમાં છે. અને પોરબંદર તથા દ્વારિકાની વચ્ચે હર્ષદમાતાના સ્થાનમાં બહુ સામાન્ય રૂપમાં વલભી પ્રાસાદ છે.

(૧૨) વલભી પ્રાસાદ–અપરાજિતકારે તેને વિમાન નાગર છંદના કુળનો માન્યો છે. એના આકારથી ચાર ભેદ માન્યા છે. જેમકે (૧) લંબચોરસ હોય તે પુષ્પક (૨) ચોરસ હોય તે અંકીર્ણ (૩) ગોળ હોય તે રત્નજ્યોતી અને (૪) લંબગોળ હોય તે મહાર્ચિંષ કહેવાય છે.

દક્ષિણમાં મહાબલિપુરમાં તેમજ હિમાચલ પ્રદેશ – અને કલિંગ વગેરે પ્રદેશોમાં ક્વચિત્ ક્વચિત્ વલભી જાતિના પ્રાસાદો જોવામાં આવે છે. ભુવનેશ્વરમાં વૈતાલનું અલંકૃત મંદિર વલભી જાતિનું છે.

લંબચોરસ તલવાળા, હસ્તાંગુલ ઉપાંગોવાળા અથવા ઉપાંગો વિનાના વલભી પ્રાસાદોની ઉપર નાગર અથવા ભૂમિજ શૈલી જેવાં શિખરો થતાં નથી, અત્યાર સુધીમાં જોવામાં આવેલા વલભી શૈલીના પ્રાસાદોના અભ્યાસથી માલૂમ પડે છે કે આ પ્રાસાદોમાં આછા ઘાટવાળા પીઠ અને મંડોવર સાદા કરવામાં આવે છે. મંડોવરના શિરોભાગમાં સ્કંધ વેદી ( ગોળ વળી જેવો ) કરીને તેની ઉપર લાંબું અર્ધગોળાકાર હાથીના પીઠ જેવું શિખર કરવામાં આવે છે. એની સાંકડી દેખાતી બાજુ ( ચંદ્રકલા ) ઉપર સિંહ બેસાડવામાં આવે છે. વલભી ( શિખર માટેની ભીંત ) ઉપર કલશ યુક્ત એક અથવા ત્રણ આમલસારિકા રાખવામાં આવે છે. આ એક પ્રકાર છે. બીજા પ્રકારમાં લંબચોરસ ગર્ભગૃહ ઉપર ચારે તરફ વલિકાકાર અર્ધગોળાકાર કરી મધ્યમાં વલભી સંકુચિત લંબચોરસવાળી કરી અને તેની સાંકડી બન્ને બાજુઓવાળા ભાગ આગળ ચન્દ્રશાલ ( ઉદ્ગમ–ડોઢિયા ) કરીને ઉપર કળશ ચઢાવવામાં આવે છે. ત્રીજો પ્રકાર એવો છે કે લંબસમચોરસ અથવા સમચોરસ ગર્ભગૃહ કરી ઉપરોક્ત બન્ને પ્રકારની જેમ ગોળાકાર પટ્ટીનો કપોત કંઠીના બહાર નીકળતા ભાગ ઉપર ઘાટના થર કરીને તે ઉપર વલિકાકાર ઘાટ કરીને એવા ઉત્તરોત્તર ત્રણ કે પાંચ સંકોચ પામતાં થર ચડાવી ઉપર આમલક અને કળશ ચડાવવામાં આવે છે. પ્રત્યેક વલિકાનાં થરમાં પહેલામાં પાંચ, બીજામાં ત્રણ આ રીતે ચૈત્યકૂટ કરવામાં આવે છે.

સામાન્ય રીતે વલભી પ્રાસાદોમાં ગર્ભગૃહની આગળ ભાગમાં મંડપો ભાગ્યે જ કરેલા હોય છે. ભુવનેશ્વરમાં વૈતાલ દેવળને લંબચોરસ મંડપ છે.

(૧૩) સિંહાવલોકન–છાદ્યયુક્ત, ઉર્ધ્વભાગમાં સિંહકર્ણવાળા અને ઘંટાયુક્ત પ્રાસાદો સિંહાવલોકન શૈલિના ગણાય છે.

(૧૪) રથારુઢા–જે પ્રાસાદો ગાડા (રથ) ઉપર મૂકેલા હોય તેવી રીતનાં રથનાં ચક્રો જગતિમાં બનાવી ઉપર નિર્માણ કરેલા હોય તેવી શૈલિના પ્રાસાદોને સ્થારુહ કે રથારુઢ શૈલના પ્રાસાદ કહે છે.

## પ્રાસાદોની ચૌદ જાતિ હોવા છતાં મુખ્ય આઠ જાતિ

नागरा द्राविडाश्चैव भूमिजा लतिनास्तथा ।
सरंधा विमानाद्विनोगराः पुष्पकाऽन्विताः ॥१॥
प्रासादा मिश्रकाश्चैवमष्टौ जातिषु चोत्तमाः ॥

અર્થાત્ (૧) નાગર (૨) દ્રવિડ (૩) ભૂમિજ (૪) લતિન (૫) સાંધાર (૬) વિમાન (૭) નાગરપુષ્પક અને (૮) મિશ્રક આ આઠ જાતિ બધી જાતિઓમાં ઉત્તમ ગણાય છે.

ભારતના કયા ભાગમાં કઈ જાતિના પ્રાસાદ નિર્માણ કરવા તે સંબંધી અપરાજિતમાં (અધ્યાય ૧૦૬ માં) વિસ્તારથી કહ્યું છે. આઠમી સદીમાં નિર્માણ થયેલા લક્ષણ સમુચ્ચય ગ્રંથમાં છ પ્રાદેશિક જેમકે (૧) કલિંગ (૨) નાગર (૩) લાટ (૪) વરાડ (૫) દ્રાવિડ અને (૬) ગૌડ એમ ભેદ કહ્યા છે. દ્રાવિડગ્રંથોમાં (૧) નાગર (૨) દ્રવિડ (૩) વેસર (૪) વરાટ (૫) કલિંગ અને (૬) સર્વદેશીય એમ છ પ્રકાર બતાવ્યા છે.

## દેશાનુક્રમ પ્રાસાદ વિધાન

देश जाति कुलस्थान वर्ण भेदैस्तथा परे ॥३॥
जातयोऽष्टौ प्रवर्तन्ते गंगातीरेषु सर्वदा । अहिराजेषु सान्धारो नागरश्च प्रशस्यते ॥४॥
गौडबङ्गकामरूपे सान्धारो लतिनस्तथा । तुरकोऽहालेषु ? गंगोदधौ विमानकः ॥५॥
चौलदेशे महानीले श्रीनीले पर्वते तथा । मलयकलिंगकर्णाटे कान्यकुब्जनिवास के ॥६॥
वैराज्येषु विराटे च कोंकणे दक्षिणापथे । नागरा द्राविडाशूछन्दा वराटा भूमिजास्तथा ॥७॥
लतिनाश्चैव सान्धारा मिश्रकाश्च विमानकाः । अष्टच्छन्दास्तथा चैते प्रासादाः परिकीर्तिताः ।
जयन्त्यां मालवे देशे काञ्च्यां कालंजरे तथा । अन्तर्वेधां च मगधे मथुरायां हिमाश्रये ॥९॥
दण्डकारण्यसह्याद्योश्चत्वारश्छन्दका इमे । लतिना नागराश्चैव सान्धारा भूमिजास्तथा ॥१०॥
सिन्धौ च खुरषाणे च तेजों गक्षणकादिषु । सवमोहनमादियुक्ते ? पश्चिमे पार्श्वमण्डले ॥११॥
सौराष्ट्रे गुर्जरे देशे काश्मीरे च स्वयंभरे ।
वहिरावत्योमवन्दने...यादि सृष्टयो...प्रासादाः स्त्री पुरुषाणां स्यें कुर्यान्नपुंसकान् ॥
विमाननागरांश्छन्दान् कुर्याद्विमानपुष्पकान् । सिंहावलोकवलभीफांसनांश्च रथारूढान् ॥१५॥
प्रवर्तन्ते सर्वदेशे व्योम चैकं न वर्तते । एतेषु भरतक्षेत्राद्यं देशानुक्रम कथ्यताम् ? ॥१६॥

## દેશાનુસાર પ્રાસાદોની ઉત્પત્તિ અને જાતિવિષયક વિશેષ

नागरः पूर्वदेशे च कर्णाटि द्रविडः स्मृ व्यंतरः पश्चिमे देशे वेसर उतरापथे
कलिंग कलिंग देशे यामुन सर्वतः स्थितः देशजाति श्च कथिता कुलस्थाने बलोद्भव ॥

## પ્રાસાદની જાતિઓ

નાગર–ઉત્તર ભારતના પ્રદેશોના કેટલાક ભાગમાં
વૈરાટ–વેસર મૈસુર રાજ્ય, કર્ણાટક, બદામી, પટ્ટકકલ, ઐહોલ. બેલૂર, હલીબીડ, સોમનાથપુર
શુદ્ધદ્રવિડ–વૈટુકોઈલ, કૈલાસ–ઈલોર
ભૂમિજાદિ–માળવા અને વરાડ તેમજ ઉત્તર મહારાષ્ટ્ર
લતિનાદિ- તે નાગરની એક શાખા એક શૃંગી
સાંધાર–પ્રદક્ષિણાવાળા મહાપ્રાસાદ
વિમાનાદિ–હય, હય, ડાહલ, મહાકેશલ, જબલપુર તરફનો પ્રદેશ.
ફાસનાદિ–ત્રિપટા
વલ્લભી–ગજપૃષ્ઠાકૃતિ બીમેશ્વર પોરબંદર પાસે.
ભૂમિજ–ઉત્તરેલ, હેમાડપંત, શૈવી ઉત્તર મહારાષ્ટ્ર, વરાડ, આકોલા.

## પ્રાસાદોના જાતિવાર શબ્દો

**લતિન પ્રાસાદઃ—**
લતિન પ્રાસાદને છજ્જુ હોતું નથી તેના ઉપાંગ હોય છે.
કલશ–ઈંડુ, શિખરનું સર્વોપરિ
ઘંટા–મોટું લામસુ, આમલસારે આમલસારક.
ચન્દ્રિકા–આમલસારા પર ચંદ્રસ, આમલક પણ કહે ગલતો આમલક.
ગ્રીવા–આમલસારાનું ગળું.
ચુલા–આમલસારા પર ચંદ્રસ પર ઉભડક કમળ જેવી ચુલા
સ્કંધ–શિખરનું બાંધણા મથાળે.
મધ્યલતા–શિખરનું ભદ્ર પટ્ટો, પંજર પણ કહે છે. લત્તાપંજર.
કલા–લતિન શિખરની રેખામાં પંકિત બદ્ધ ઉદ્દ્ગ–તેના ખંડ પણ કહે છે.
ભૂમિ આમલક–લતિન શિખરની રેખામાં પંકિત બદ્ધ ઉદ્દ્ગમ પરનો ગોળો.
ખંડ–લતિમા પ્રાસાદની રેખાની ઓળાઈમાં ઉદ્દ્ગમ ભૂમિનો એકથર–ખંડ ભાગ.
રેખા–શિખરની ગોળરેખા.
કંઠ–ઘશી, વરંડિકાપર ઘશી અંતરાળ.
વરંડિકા–શિખરમાં નીચે અર્ધ ગોળાકાર થર અગાશીમાં, વાવના મથાળે વરંડિકા થાય છે.
બાજપંજર–શિખરનો પઢરો
લત્તાપંચક–લતીન શિખરના ભદ્ર સાથે પ્રતિથના ત્રણ ઉપાંગો

**દ્રવિડ પ્રાસાદ**
સ્તૂપિકા–દ્રવિડ શિખરનો કળશ
સિંહવકત્ર–સિંહનું મુખ, મહાનાસ ઉપર
મહાનાશ–દ્રવિડ શિખરના મધ્ય સ્તંભિકાઓ પરનો વૃત્ત (ચૈત્ય)
ગ્રીવાકોષ્ઠ–શિખરના ભદ્ર નીચે જંઘાગ્રીવ દ્રવિડના શિખર પ્રકાર ગ્રીવા (૧) વૃત્ત શિખર (૨) અષ્ટાશ્રશીખ (૩) ચતુરસ્ત્ર
વૃષ–ખૂણા પરના વૃષભ.
ભદ્રશાલ–કોષ્ઠા–શિખરના ભદ્રે અર્ધગોળ
નીલનાસિકા–શિખરના ભદ્રની બાજુનો નાસિકા (ચૈત્ય)
ક્ષુદ્રનાસિકા–શિખરતીલ નાસિકાથી નીચે (ચૈત્ય)
વિતર્દિકા–તીલનાસિકા નીચે જંઘા.
દ્વિતીયતાલ–બીજામાળ.
નેત્રકોષ્ટ–બારાંતર, શિખરના ભદ્રની બાજુમાં

વિતાદિંકા—બાજુના ગ્રીવકોષ્ટકની સ્તંભી, કાયા.
મંચા—સ્તભિકા નીચે રાજસેવક જેવો થર.
કર્ણકૂટ—દ્રવિડ શિખરમાં ખૂણા પરનું કૂટ
સિંહમાલા—મંચાના નીચેનો થર કપોત ઉપર
નાસિક પ્રસ્તર—દ્રવિડ પ્રાસાદના છજાના થરો
(૧) કપોતા નાસિક (૩) વાજન (૪) ઉત્તર
કપોત—અર્ધગોળ, વરંડિકા જેવું.
નાસિક—કપોતમાં અર્ધગોળ.
વાજન—કપોતના થર નીચેનો ઘાટ
ઉત્તર—વાજનથી નીચેનો થર
પાડ—દ્રવિડ પ્રાસાદના પીઠ પરથી જંઘા ઉભણી, પાડ

દેવકોષ્ઠ—દ્રવિડ પ્રાસાદના ભદ્રના કોઠામાં બે સ્તંભિકાઓ કરી વચ્ચે દેવરૂપ ઉભી મૂર્તિ કરે તે
આદિતાલ—અધિષ્ઠાન, પીઠ પરથી
અધિષ્ઠાન—કુમુદ, પદ્મા, વેદી, પ્રતિ, સિંહમાલા.
કુમુદ—અધિષ્ઠામાં વચ્ચેની છાજલી.
પદ્મા—અધિષ્ઠાન પીઠ નીચે જાડંબો (ગલતો
વેદી—પ્રતિ—આદિતાલ પરનો.
સિંહમાલા—વેદી અને પ્રતિ નીચેનો થર જેના સિંહમુખ.
ભદ્ર—દ્રવિડ ભાષામાં ભદ્રને ભદ્ર કહે છે.
કર્ણ—દ્રવિડભાષામાં રેખાને કર્ણ કહે છે.

## દ્રવિડમાં ચાર શિખર

શાલા—ભદ્રનું
કર્ણકૂટ—ખૂણાનું કૂટ.
ગ્રીવા—શાલાને કર્ણકૂટ ઉપરનું ગળું.
મહાનાસિ—ભદ્રનો મોટો ઉદ્ગમ (ચૈત્ય) દ્રવિડમાં ગોળ શિખર—

વૃષ—ખૂણા પર વૃષભનાં રૂપો.
હંસ વાજર—દ્રવિડ વૃત્ત શિખરમાં મહા નાસીના નીચેનો થર, ગોળ ગલતી પટ્ટી.
મહાનાસિ—શિખરના ચાર ભદ્રે વૃત ઉદ્ગમ(ચૈત્ય)

## પ્રાસાદની જાતિના શબ્દો

પદ્મપટી—ઉપર ચંદ્રએ
સ્તુપિકા—દ્રવિડ શિખરનો ઉપલો કળશ.

### વૃત્તશિખરનો બીજો પ્રકાર

પીઠાનફલક—વૃત્ત શિખર નીચેનું ધારવાળું વૃત્ત.
ગ્રીવ—વૃષ કે રૂપના થરે ગોળગાળો, ગળું.
મહાનાસિ—વૃત્ત શિખરના ચાર ગર્ભે ભદ્રે વૃત્ત ઉદ્ગમ (ચૈત્ય).
પાર્શ્વનાસિ—વૃત્ત શિખર, વિકર્ણના ગર્ભે, વૃત્ત ઉદ્ગમ (ચૈત્ય)

### દ્રવિડના અષ્ટ: શિખર

પદ્મપત્ર—કર્પરી, શિખર ઉપરનો ચંદ્રસ

નાસિકા—મહાનાસિ અને પાર્શ્વનાસિ શિખર, ચાર ભદ્રે અને ચાર વિકર્ણ વૃત્ત, ઉદ્ગમ (ચૈત્ય)
ગ્રીવા—વૃત્ત કે અષ્ટાશ્ર શિખરનો ગાળો ગળું.
સિંહમાલા—શિખરના નીચેના ભાગમાં સિંહનાં મુખોની પંક્તિ, પીઠાન ફલકના મોઢે સિંહમુખ.
પીઠાનફલક—શિખરનીચેનો ચોરસ થર.
વૃષ—પીઠમા ફલકના ઉપર ચાર ખૂણે વૃષભનાં રૂપો અને ભદ્ર ઋષિમુનિ

## વલભી પ્રાસાદ

ગર્ભગૃહ–વલભીનો ગર્ભગૃહ લંબચોરસ થાય.
પૃષ્ઠભદ્ર–પાછળનું ભદ્ર
પાર્શ્વભદ્ર–બાજુનું ભદ્ર.
વલિતા પટ્ટિકા કપોત–છજ્જાના સ્થાનેના થોડા ઉપાડના ઘાટ.
કંઠ-ઘસી, કપોત ઉપર ઊંડી ઘસી.
સ્કંધવેદી–અર્ધગોળ ઉપરના ભાગે.
વલભી–વલ્લભીના ઉપરની ગોળાઈ.
ચંદ્રશાલ-વલ્લભી શિખરના બે પાર્શ્વ ભાગ (ગેબલ)
વલિકા–વલભીના ઉપરની ગોળાઈ
આમલસારક–વલભીના ઉપરની લંબાઈમાં મધ્યે આમલ સારક અને બે છેડા પર સિંહ
સિંહ–વલ્લભીના બેબાજુનાં ચંદ્રશાલ (ગેબલ) પર સિંહ બેસાડેલા હોય તે.

## ફાસના કાર શિખર (ત્રિપટ)

પ્રહાર–છજા ઉપરનો થર.
કર્ણ ફાસના–ખૂણા ઉપરની ફાસનાનું નાનું સ્વરૂપ
સિંહકર્ણ–ફાસનાના ભદ્રે ઉદ્‌ગમ (ઉડિયા)
ભૂમિજ–છાજલીઓનાં થરો (ઉડિયા)
પીડા–ઉડિયામાં છાજલીઓને પીડા કહે છે.
પોટલ–પાંચ કે સાત છાજલીના સમૂહને પોટલ કહે છે. (ઉડિયા શિલ્પ)
કાંન્તિ–ઉડિયા શિલ્પમાં છાજલીઓનાં બે સમૂહનાં ગાળા ઘસીના ચોરસ ભાગને કાંન્તિ કહે છે.
ઘંટા–ફાસના ઉપરની ઘંટા
કલશ-ઈંડુ, કળશ.

## ભૂમિજ પ્રાસાદ શિખર

વરંડિકા–જંઘા ઉપરના ઘાટવાળા થર.
પ્રહાર–શિખરનાં પ્રારંભનો થર ખીખરીઓ નીચેનાં થર
રથિકા–શિખરની જંઘાનું ભદ્ર.
સુરસેનક–શિખરના ભદ્રે મોટો ઉદ્‌ગમ હોઢિયો, શિખરનો શુકનાશ.
સ્તંભકૂટભૂમિજ–ભૂમિજ શિખર રેખા અને બીજાં ઉપાંગોમાં પ્રત્યેક શિખરીઓ નીચે ઘાટવાળો સુંદર પ્રહારનો ઊંડા ઘાટનો થર, નીચે થોડી ચોરસ જંઘા, આવા પ્રકારનાં પ્રત્યેક થરને સ્તંભકૂટ કહે છે.
સ્કંધ–શિખરનું બાંધણું તેમાં કંઠઘસી
ઘંટા–(૧) આમલસારો (૨) મોટું લામસુ
ચંદ્રિકા–ઉભડક ચંદ્રસ તેને ચુલી પણ કહે છે.
કલશ–ઈંડુ, કળશ
મધ્યલત્તાભૂમિજના શિખરનાં ભદ્રે ઘાટમાલા.

## સંવરણા

રથિકા–ભદ્ર, છજા પરના ભદ્રને બે થાંભલીઓ અને ઉપર ઉદ્‌ગમ
કૂટ–નાની લામથી ઘંટિકાના ખૂણામાં.
છાદક–છાજલી
ઉદ્‌ગમ–કૂટના થરમાં હોઢિયો.
ઘંટિકા–આમ છાજલી કૂટ અને ઉદ્‌ગમના ત્રણ ઘાટ પર ઘંટિકા.
ઊરુઘંટા–શામરણના ભદ્રે દરેક થરે આવતી ઉરુ ઘંટા (શિખરના ઉરુશ્રૃંગ જેમ)
સિંહ–ઉરુ ઘંટાના થરે સિંહ
મૂલઘંટા–શામરણના ઉપરનો સર્વોપરિ ઘંટ તે મૂલઘંટા
સિંહ–શુકનાશ પરનો સિંહ
ઉરુશૃંગ–શિખરના ભદ્રે આવતું ઉરશૃંગ
પ્રત્યાંગ–શિખરના ઉરુશૃગ અને મૂળ રેખાના

વચ્ચેના ગાળામાં આવતું પ્રત્યાંગ જેને ચોથગરાશીયું કહે છે.
રથિકા–છજા પર ભદ્રે
સ્કંધ–શિખરનું બાંધણું.

**આમલસારક**

ગ્રીવા–આમલસારનું ગળું.
આમલસાર આમલસારક–આમલસારો
ચંદ્રસ–આમલસારક પર ગલતાને ચંદ્રસ કહે છે.
આમલસારિકા–ચંદ્રસ ઉપરનો ગોળા જેવા ઘાટને આમલસારિકા, ઝાંઝરી કહે છે.
કલશ–શિખરનું
મૂલરેખા–શિખરના પાયાથી ઉપરનો ભાગ
કર્ણ–ખૂણો, રેખા.

**નાગર પ્રાસાદ શિખર**

પ્રહાર- છજા પરનો થર.
કર્મ–પંચાંડિક, નવાંડિટ, તેરાંડિગ એમ ક્રમે ક્રમે શિખરીઓને કર્મ કહે છે.
શૃંગ, શ્રીવાસ–એકશૃંગની શિખરી
તિલક–જંઘાયુક્ત લામશી.
શુકનાસક–શિખરનો આગળનો ભાગ. જે મંડપ પરની ઘંટાના પ્રમાણથી થાય તે.

## કલિંગ (ઉડિયા) ના પ્રાસાદનું શિલ્પ

ભારતમાં પૂર્વમાં આવેલા કલિંગનું શિલ્પ સુંદર છે. અને તે પશ્ચિમે આવેલા સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાનના શિલ્પને કેટલુંક મળતું છે.

કલિંગ (ઉડિયા–ઓરિસ્સા) ના નવમી દશમી તથા તેરમી શતાબ્દિ ના પ્રાસાદો ત્યાંના રાજાઓએ નિર્માણ કરાવેલા છે. અને તે પ્રદેશના શિલ્પી કુળોની સુંદર કૃતિઓ છે.

તેમનાં શિખરો ઘણુંખરું એકાંડિક છે અથવા રાજરાણીના જેવા બહુ અંડિક છે. થોડાકપ્રાસાદો વલભી જાતિના તથા કર્ણાટક–દ્રવિડ જાતિના પણ છે.

નાગર કુળ જાતિનાં શિખરો ખજુરાહો જેવા પ્રાસાદોમાં જોવા મળે છે. જોકે તેમાં પીઠ, મંડોવરના થરોના ઘાટોમાં થોડોક ફેર હોય છે. આવા પ્રાસાદો ભુવનેશ્વરના સમૂહ મંદિરોમાં જોવામાં આવે છે.

જેમ દ્રવિડ પ્રાસાદની જાતિમાં ષટ્ વર્ગ કહ્યા છે. તેમ ઉડિયાના પ્રાસાદોમાં પણ કેટલાક વિશિષ્ટ ભેદ છે જેમકે :-(૧) પીઠ (૨) પા ભાગ થરવાળા (૩) તલજંઘા (૪) બંધના (૫) ઊર્ધ્વજંઘા–અપરજંઘા (૬) બારંડી (૭) ગંડી–શિખર અને (૮) મસ્તક-આમલક–કળશ એમ અષ્ટવર્ગ કહ્યા છે, આ વિભાગોની રચના નીચે પ્રમાણે જોવા મળે છે.

(૧) પીઠ:–જો કે કલિંગ શિલ્પમાં પીઠ કેટલીક જગ્યાએ ગણેલાં નથી, પણ તેના શિલ્પમાં પીઠના પ્રકારો બતાવેલા છે. કેટલાંક મંદિરોને પીઠ દેખાતું નથી. કયાંક કામદ પીઠ જેવું હોય છે. કેટલાક મંદિરને જગતી વિસ્તર કરી તેમાં સ્તંભિકાના ઘાટનું પીઠ-પણ જોવામાં આવે છે. અહીં પીઠને પીસ્તા કહે છે. તે છ ભાગનું કહેલું છે.

(૨) **પીઠથર** (પા ભાગ) :–પીઠથર કરતાં તેમાં નાગરાદિ જેવાં કુંભો કળશો, કેવાળ, કણી અને મંચિકાના જેવા પાંચ થરો કરે છે. તેને પંચકર્મ પણ કહે છે. બીજી રીતે તેને પુંગસકર પણ કહે છે, ક્યાંક પાંચના બદલે ત્રણ થર પણ જોવામાં આવે છે.

(૩) **તલજંઘા**:–(પહેલી જંઘા)–આમાં દેવ સ્વરૂપો કરેલાં હોય છે. કેટલેક સ્થળે સાદી જંઘાપમણ કરેલી હોય છે.

(૪) **અંધના** :–પહેલી જંઘાપર ડાકલીના આકારનો બે ભાગનો થર હોય તેને બંધના કહે છે.

(૫) **ઊર્ધ્વજંઘા** :–આને અપર જંઘા પણ કહે છે. આ બીજી જંઘામાં પણ દેવ સ્વરૂપો થાય છે. તે પાંચ ભાગ ઊંચો હોય છે. ખજુરાહોમાં આવી ત્રણ જંઘા પણ કરી છે. ક્યાંક બે જંઘા પણ હોય છે. નાગરાદિપ્રાસાદોના નીરંધાર પ્રાસાદોમાં એક જંઘા કહી છે. જ્યારે સાંધાર મહા પ્રાસાદોમાં બે જંઘા કહી છે.

આ જંઘાના વારિમાર્ગ (જળાંતર) માં વ્યાલનાં જુદાં જુદાં ઉભાં સુંદર સ્વરૂપો ઉડિયાના પ્રાસાદોમાં થાય છે.

(૬) **બારંડા** :– જંઘાની ઉપર બરંડા કે બારંડાનો નાના પાતળા દશ થરનો છ ભાગનો થર થાય છે. તેમાં પટ્ટી કણી ગોળા વગેરેના પાતળા પાતળા ઘાટ પણ થાય છે.

(૭) **ગંડી** (શિખર) :–બારંડા પરથી શિખરનો પ્રારંભ થાય છે. કલિંગના એકાંડિક શિખરોને છજુ હોતું નથી. નાગરાદિ એકાંડિક પ્રાસાદને પણ છજુ હોતું નથી. એકાંડિક શિખરને ગંડી કહે છે. તે ગંડીના ઉપરના બાંધણા (સ્કંધ) સ્થાને રેખા એકદમ અંદર ઢળતી થાય છે. તેને બિસમ કહે છે.

(૮) **મસ્તક** :–શિખરના ઉપરના ભાગને મસ્તક કહે છે. તેના પેટા વિભાગમાં આમલક અને કળશ આવે છે. આમલક (આમલસારા) ના ગળાને બેકી કહે છે આમલકના ગોળા પર ચંદ્રસને ખપુરી કે કપુરી કહે છે. તે પર સર્વોપરી કળશ અને કળશ ઉપર ચક્ર કહેલ છે. ઓરિસામાં વિષ્ણુપ્રાસાદની વિશેષતાના હેતુથી વિષ્ણુનું પ્રતિક (ચક્ર) કરે છે.

## રેખા પ્રાસાદના ઉપાંગો

આ રીતે એકાંડિક શિખરનાં વિભાગોને રેખા પ્રાસાદ કહે છે. રેખા પ્રાસાદના ઉપાંગો હસ્તાંગુલ જેટલાં હોય છે. તેમાં ત્રિરથ (ત્રણ ઉપાંગ), પંચરથ (પાંચઉપાંગ) સપ્તરથ (સાત ઉપાંગો) અને નવરથ (નવ ઉપાગો) હોય છે.

આ ઉપાંગોની સમજ નીચે પ્રમાણે છે.

(૧) **ત્રિરથ** (ત્ર્યંગ) :–જેમાં મધ્યનું ભદ્ર અને બે બાજુ કર્ણિક રેખા હોય તેને ત્રિરથ કહે છે.

(૨) **પંચરથ**-(પંચાંગ) જે પ્રાસાદને બે છેડા પર કર્ણિક, મધ્યમાં ભદ્ર (રાહા) અને તેની બે બાજુ બે ઉપાંગ (પ્રતિરથ) હોય તેવા પ્રાસાદને પંચાંગ પ્રાસાદ કહે છે. ઉડિયાના શિલ્પી પ્રતિરથને અનુરાહા કહે છે.

(૩) **સપ્તરથ** (સપ્તાંગ) :–જે પ્રાસાદને છેડા ઉપર કર્ણિકા (રેખા), મધ્યમાં ભદ્ર (રાહ) અને તેની બે બાજુ અનુરાહા (પ્રતિરથ), તથા બે ઉપાંગ હોય, તેને સપ્તાંગ કહે છે.

(૪) **નવરથ** (નવાંગ) :–પ્રાસાદને બે છેડા પર કર્ણિક રેખા તેની પાસે પ્રતિરથ (ખૂણી) બાકી સપ્તરથ પ્રમાણે અનુરાહા અને અનુરથના ઉપાંગો હોય તેને નવાંગ-નવરથ પ્રસાદ કહે છે. તે ઉપાંગો હસ્તાંગુલ હોય છે.

## કલિંગપ્રાસાદનો એક પ્રકાર પીડામુંડી—બીજો પ્રકાર ખાખરા મુંડીકા

૧ પીડામુંડી (છાજલી) વાળા પ્રાસાદને ભદ્રપ્રાસાદ કહે છે. તેની છાજલીના સમૂહને પણ ગંડી કહે છે અહીં મંડપને એક અગર બે જંઘા થાય છે. તેના થરો મૂળ મંદિરના જેવા થાય છે. મંડપ ઉપર ફાસના-છાજલીઓના થરોવાળો મંડપ અહીં વિશેષ છે. તેના પહેલાં પહેલાં નવેક થરની છાજલીઓના સમૂહને પોટલ કહે છે. તે પર વચ્ચે દાબડી જેવા એક ચોરસ થરને કાંતિ કહે છે. તે પર ફરી છાજલીઓના સમૂહના થરો હોય છે. તેને પણ પોટલ કહે છે.

મંડપના ફાસના મથાળે ઘંટા પર કળશ થાય છે. ઘંટા નીચે ઘશી-ગળણે બેકી કહે છે. છાજલીને પીડા કહે છે અહીં ફાસનાવાળા પ્રાસાદને પીંડામુંડી એમ ત્યાંના શિલ્પીઓ કહે છે.

૨ ખાખરા મુંડી પર અર્ધ ગોળાકાર ઘંટા હોય છે.

## ઉડિયા પ્રાસાદની રચના

મૂળ પ્રાસાદ–ગર્ભગૃહ આગળ મંડપ, આ બેની વચ્ચે મૂળ પ્રાસાદના ઉપાંગો જેટલી કોળી (કવલી) કાપેલી હોય છે. આવા મંડપને જગમોહન (મંડપ) કહે છે. જગમોહનની આગળ ગૂઢમંડપ, તેનાથી આગળ નાટ્મંડપ–નાટયમંડપ (નૃત્ય મંડપ) દિવાલોવાળો હોય છે. તેનાથી પણ આગળ નીકળતો ભોગ મંડપ હોય છે, તે પણ દિવાલોથી આવૃત (વીંટળેલો) હોય છે. આવા ચચ્ચાર મંડપો લિંગરાજ અને અનંત વાસુદેવના ભુવનેશ્વરના મંદિરને છે તેમજ જગન્નાથપુરીના મુખ્ય મંદિરને પણ આવા ચાર ચાર મંડપો (ઘણા ઉન્નત અને વિશાળ) છે. બીજું કેટલાંક મંદિરોને એકાદ મંડપ (ગૂઢમંડપ) હોય છે. આવા એક મંડપને આગળ કે બાજુમાં ચતુષ્કિકા (ચોકી) હોતી નથી. તેમજ મંડપની સન્મુખ એકજ દ્વાર હોય છે, બાજુના ભદ્રમાં સિંહાવલોક (જાળી) હોય છે. જેને ચાર ચાર મંડપો છે તેને બાજુમાં દ્વાર હોય છે. જગમોહન ગૂઢ નાટયકે ભોગ મંડપ ઘણા વિશાળ હોય છે. પરંતુ તેને વચ્ચે ચાર ચાર થાંભલા ઉભા કહેલા હોય છે.

જ્યારે ગુજરાત–રાજસ્થાનના મંદિરોના મંડપોને દશમી સદી પછી વચ્ચે સ્તંભો હોતા નથી પરંતુ મંડપ પર અંદરથી વૃત્ત ગોળ ઘુમટ થાય છે. અહીં મંડપોને એક કે બે મંડોવરમાં જંઘા હોય છે.

મંડપ પર ફાસના–છાજલી હોય છે. પરશુરામ મંદિરનો મંડપ (નળાંગ) ઊંડો છે તે ગુપ્તકાળનો સાતમી સદીનો જુનામાં જુનો છે તે નળાંગ મંડપની છત ચારે તરફ ઢાળવાળી–છાપરા જેવી સીધી સાદી છે તેનું શિખર એકાંડીક છે.

ભુવનેશ્વરમાં ગૌરી મંદિરનું શિખર ભિન્ન પ્રકારનું ઘણું સુંદર છે તે નાગરાદિ શૈલીનું નથી.

વૈતાલમંદિર–વલભી જાતિનું છે. તેનો મંડપ પણ નળાંગ ઊંડો છે તેની છત પણ ઢાળવાળી ઉપર છાપરા જેવું છે.

ભુવનેશ્વરના મંદિરોમાં પરશુરામેશ્વર, મુક્તેશ્વર, બ્રહ્મેશ્વર, લીંગરાજ પાર્વતી મંદિર, મેઘેશ્વર, અનંત વાસુદેવ આ બધા મંદિરો રેખાવાળા એકાંડિક છે. રાજરાણીનું મંદિર સમદલ ઉપાગો વાળું શિખર ઓગણત્રીસ અંડકનું સુંદર છે. ગૌરી મંદિર વિશિષ્ઠ પ્રકારનું છે. અહીંના બધા મંદિરોના દ્વાર ઉપર નવગ્રહો પંક્તિ બદ્ધ કોતરેલા છે. સૌરાષ્ટ્રમાં પણ અગીયારમી સદીના (જુનામાં) મંદિરના દ્વારપર નવગ્રહોનો પટ જોવામાં આવે છે.

રેખા મંદિર એકાંડિક સીધી કર્વવાળા હોય છે. પરંતુ ઉપર બાંધણા–સ્કંધ આગળ એકદમ વળાંક લે છે. શુકનાસનું પ્રમાણ એકસૂત્રી જણાતું હોય છે શુકનાશને રાહાપાગ કહે છે. શિખરની ત્રણ બાજુ ભદ્રે સિંહ બેસાડે છે. તેને રાહા સિંહ કહે છે. શિખર પર આમલસારાના ગળાચે બાંધણા પર ઉભડક પગે બેઠેલા રૂપ થાય છે. તેને બેકી ભૈરવ કહે છે.

પગથિયા આગળ નીકળતા અર્ધચંદ્રને નંદીવર્ત કહે છે.

ઉડિયા શિલ્પના ગ્રન્થોમાં ત્યાંના શિલ્પીઓ મહારાણા નામે ઓળખાય છે. તેમની પાસે હસ્ત લીખીત ગ્રન્થો હોય છે. મહારાણા ને સ્થાને પોતાને મહાપાત્ર નામે ઓળખાવે છે. તેઓના ગ્રન્થો ઘણા અશુદ્ધ છે. ગ્રન્થો સંસ્કૃત, પ્રાકૃત, ઉડિયા મિશ્રમાં લખેલા જોવા મળે છે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથ શિલ્પ પ્રકાશ નવમી દશમી સદીનો છે. મધ્યકાળના તેઓના ગ્રન્થો ઉડિયા પ્રાકૃત ભાષામાં લખેલા વધુ જોવા જોવા મળે છે. આથી પ્રાસાદ શિલ્પના ઘણા શબ્દો ત્યાંના શિલ્પીઓની પ્રાકૃત ભાષાના આપણને મળે છે તે શબ્દો અહીં આપેલા છે: કેટલાંક અપભ્રંશ શબ્દો પણ છે.

પ્રાસાદના ઉપાંગોના નીકાળાને પાગ કહે છે. શિલીંગ છતને મુંડ કહે છે. બહાર નીકળતું–નીકાળાને મેલાન કહે છે. પીલર પરના કમળ ઘાટ સરાને પાલકા કહે છે. પીસ્તા એ પીઠનો અપભ્રંશ છે.

## કલિંગ ઉડિયાશિલ્પના કેટલાક શબ્દો

રેખા પ્રાસાદ–એકાંડી શિખરવાળું મંદિર
ભદ્રપ્રાસાદ–ત્રિપદ ફાસના છાજલી વાળું મંદિર તેને પીડામુંડો કહે છે.
ખાખરામંદિર–ખાખરા મુંડી–ઉપર અર્ધ ગોળ કાર ઘંટાની આકૃતિનું મંદિર
મંજુશ્રી–શૃંગોપશૃંગઉરુશૃંગ પ્રત્યાંગ યુક્ત શિખર વાળું મંદિર
નીશાશિખર–શીખરના પ્રતિરથમાં શૃંગોપ શૃંગ થોડા ઉપાડમાં કરેલાં હોય છે તે
વિભાનિમા–નાનુશિખરવાળું મંદિર પાગમ
પીસ્તા–પીઠ
પાભાગ–થરવાળા–પંચકર્મ
તલજાંઘા–પાભાગ પરની જંઘા જેમાં રૂપ થાય.
બંધના–બાંધના જંઘાપરનો નાનો ડાકલી જેવા ઘાટ બંધ
અપરજંઘા–ઉર્ધ્વ જંઘા–બંધના પરની બીજી જંઘા જેમાં રૂપો થાય
બરંડા–બારંકા–કથથર પટ્ટીગોળા કણીનો થર તેના પરથી શિખરનો પ્રારંભ થાય નાગરમાં છજુ પ્રકારના સ્થાને બારંડા
ગંડી–રેખા શિખર (ગોળાર્ધમાં)
બીસમ–બીસમ શિખરના ઉપરના સ્કંધભાગ એકદમ વળાંક લે છે સ્કંધ પરથી ઉપરના ભાગને મસ્તક કહે છે તેમાં ગર્ભકાશંકર ગળું, આમલક ચંદ્રસને વજમસ્તકકળશ તે પર (કલીંગમાં વિષ્ણુ મંદિરને) સિંહમુખ મંદિરને ધાતુનું મોટું ચક્ર હોય છે. શહાગર્ભર તે સર્વ વિગતથી નીચે આપેલ છે.
શિખરના ભદ્રે મોટું ટેકરા જેવું સિંહનું મુખ થાય છે. તેને ઉડિયામાં લો કહે છે.
બેકી–સ્કંધ પર ગળાતા ભાગને બેકી કહે છે.
આમલા–ગોળો આમલ સારો–ઘંટા તે પર
ખપુરી–કપૂરી ચંદ્રસને કપૂરીકે ખપુરી કહે છે.
કલશ–ઈંડું
ચક્ર–ઈંડાપર કલીંગના વિષ્ણુ મંદિરને-ધાતુ ચક્ર

### ઉપાંગના નામો નાગરાદિ રીતે

રાહા–ભદ્ર
અનુરાહા–પ્રતિરથ
અનુરથ–ઉપરથ
પતિરથ–નંદી કર્ણ ખૂણી
કર્ણિક–રેખા, કન્યાસ
બેકીભૈરવ–આમલ સારાના સ્કંધ ભદ્ર ઉભડક પહોળા પગે બેસી વચ્ચે બે હાથનો ટેકો રાખેલ સ્વરૂપ ઉડિયા શિલ્પમાં આમલસારા ચાર ગર્ભે થાય છે. તેને બેકી ભૈરવ કહે છે.

પ્રાસાદના અંગોપાંગ–(ઉપાંગ)

(૧) ત્રિરથ–(૧) કર્ણિક, (૨) રાહા (૩) કલિકા,

મધ્યમાં ભદ્રને રાહા કહે છે. તેની બે બાજુ રેખાને કણિક કહે છે.

(૨) પંચરથ–(૧) કણિક (૨) અનુરાહા (૩) ભદ્ર (રાહા) (૪) અનુરાહા કણિક નાગરાદિમાં પંચાંગ કહે છે.

બે ભાગ કણિક + ૧॥ ભાગ અનુરાહા + ત્રણભાગ રાહા + સાડાત્રણભાગ અનુરાહા કણિક એમ કુલ ૧૦ ભાગ

(૩) સપ્ત–(૧) કણિક (૨) અનુરાહા (૩) અનુરાહ (૪) ભદ્ર (રાહા) (૫) અનુરાહા (૬) અનુરથ (૭) કણિક–નાગરાદિમાં સપ્તાગ કહે છે.
ભદ્ર તેની બે બાજુ અનુરાહા તેની બે બાજુ અનુરથ અને કોણને કણિક

(૪) નવરથ–કણિક, પારિરથ, અનુરાહા, ભદ્ર, રાહા, અનુરાહા, અનુરથ, પરિરથ, કણિક આને નાગરાદિમાં નવાંગ કહે છે.

મધ્યે ભદ્ર રાહા તેની બે બાજુ અનુરાહા તેની બે બાજુ અનુરથ તેની બે બાજુ ખૂણો હોય છે પરિરથ અને છેડાપર કણિક આ ચાર પ્રકારે રેખા પ્રાસાદના ઉપાંગો કહ્યા છે. હસ્તાંગુલ હોય છે.

પાગ–ઉપાંગો–ખાંચાના નીકાળાને પાંગ કહે છે.
નેલાન–નિકાળો.

પ્રાસાદ ૩૨ ભાગ તેમાં આઠ આઠ ભાગના ઓસાર કહ્યા છે. કુલ સોળ ભાગનો ગર્ભગૃહ બત્રીશ ભાગ ઉપાંગના નામો નાગરાદિની રીતે કહ્યા છે.

સુઠ– શિલીંગ–છત ઢાંકણ,છાતીયા શિખરની ઉભા ઉપાંગોને
શિખરનીરેખા–કણિક પાગ
શિખરનાપ્રતિરથ – અનુરાહા પાગ
શિખરનાભદ્ર– રાહા પાગ
ભૂમિ આમલક–શિખરની રેખામાં ઉદ્‌ગમ ગોળ કુડચલ થાય છે તે દરેકને ભૂમિ કહે છે. તેવા રેખામાં આઠ નવ, દશ ઉપરાપર થાય છે.
દ્વીપીચ્છાસિંહ-ખૂણા પરની જંઘાનોસિંહ તેને બે બાજુ સિંહ થાય તેના પગ પ્રાણીકે મનુષ્ય રૂપના થાય છે. જેમ કે વિરાલિકાને
મુખશાલા– મંદિરનો આગલો મંડપ જગમોહન
રાહાસિંહ– શિખરના ભદ્રે બહાર નિકળતા સિંહસ્વરૂપ શુકનાસ જેવા
રામગાયત્રી– ગાયનું શરીરને મુખમનુષ્યનું એવા સ્વરૂપને રામ ગાયત્રી કહે છે.
રાહાપાગ– શુકનાશ શિખર
પીસ્તા– પીઠ
પેડસ્ટલ (પીઠનો અપ ભ્રંશ)

તેના ઘાટના ત્રણત્રણ થરના ઘાટના જુદાજુદા નામો છે.

પદ્મપીઠ — સિંહપીઠ

ભદ્રપીઠ — બેઠીપીઠ

સુધીરપીઠ — ખુરાપીઠ

કુભાપીઠ પરિજંઘાપીઠ

કુર્મપીઠ કણીપીઠ

બોધિપીઠ અમભદ્રપીઠ

સર્વતોભદ્રપીઠ

**ખુરો–** અહીં ખૂણો થાય છે. આ પીઠ ઉપરના ધારવાળાનો પાભાગ

**પંચકર્મ–** પુંગલકર કહે છે. પાભાગ=પાભાગના પાંચથરોં થાય છે. કેટલાક ત્રણત્રણ પણ કહે છે. તેના કુભા કળશા જેવા ઘાટ થાય છે.

**તલજંઘા–** પંચકર્મ ઉપર તેમાં દેવ દેવીના રૂપો થાય છે તે પર બંધન.

**બંધન–** ત્રણ ઘાટના થરોનો બંધ– બંધન ઉપર અપર જંઘા

**અપરજંઘા–** જેમાં દેવ દેવીઓના રૂપો થાય છે.

**ઉર્ધ્વજંઘા–** જંઘા ઉપર દશના નાના થરોના સમૂહ ઘાટને બરંડી કહે છે. ઉડિયામાં બે જંઘા ની પ્રથા છે.

**બરંડી–** નાનાનાના દશથરોના ઘાટના સમૂહને બરંડી કહે છે. તેને બાંડા પણ કહે છે. નાગરાદિ વરંડિકા શબ્દના સ્થલે રેખા-પ્રાસાદને છજુ હોતુ નથી ત્યાં વરંડી પરથી શિખરનો પ્રારંભ થાય છે. શિખરને અહીં ગંડી કહે છે તેના સ્કંધના ભાગને બિસમ તે પર મસ્તક માંગવુ બેકી- મસ્તકમાં ગળુ=બેઠી આમલક–કપુરી–કળશ અને ચક થાય છે.

**બાર–** દિવાલ–ભીંત

**પૂર્ણદી–** મંદિરની પાયાની

**ભીટ્ટો–** દિવાલ

**શિખર–** વિમાન ગર્ભકાગર્ભ મંદિર કહે છે.

**ગભા–** મંદિરનું ઢાંકણ

**જલાંતર–** પાણીતાર વારિમાર્ગ જેમાં વિરાલના ઉભા સ્વરૂપો થાય

**પાલકા–** પીલરપર કમલાકારસરૂ

**લક્ષ્મીપાટ** લક્ષ્મી મુર્તિ કોતરેલ ઉત્ત-રંગ

**નવગ્રહ–** દ્વાર ઉપર ઉતરંગ પર નવ-ગ્રહના રૂપો થાય છે.

**પાટ–** પાષાણની પાટ–લીંન્ટલ તેમાં લક્ષ્મીનવગ્રહના રૂપો થાય તે

**વર્તનંદીવર્ત–** મંદિરના આગળના પગથિયા આગળ નીચે શંખદ્વાર જેવું.

રેખાપ્રાસાદ મુખ્ય છે તે સિવાય પીડામુંડી અને ખાખરામુંડી નામના ગૌણ પ્રાસાદો થાય છે. તેના ઘાટ પૃથક્ પૃથક્ હોય છે.

ખાખરામુડી–પર અર્ધગોળકાર ઘંટા થાય છે.

પીડામુંડી પર છાજલીઓના થરો થાય છે. છાજલીઓ સમૂહ થરોને પણ ગંડી કહે છે. ભદ્રમુડીને ભદ્રપ્રાસાદને પીડામુંડી કહે છે.

અહીં મંડપને દીવાલે એક અગર બે જાંઘા મૂળમાં મંદિરના ઘાટના થાય છે. મંડપ પર ફાંસના છાજલીઓના થરો થાય છે. તે પહેલાં આઠ નવ થરોની છાજલી પર ચોરસ ઘસી પર બીજા છ–સાત થરોની છાજલી નો સમુહ થાય છે. તે પર મોટા વિસ્તારવાળી ઘંટા કળશ હોય છે.

પીડા–છાજલીના ઘાટને પીડા કહે છે.
પોટલ–છાજલીના પહેલા સમુહ થરને પોટલ કહે છે.
કાન્તિ–વચ્ચે દાબડી દીસા જેવા ચોરસ થરનો કાંન્તિ કહે છે.
પોટલ–કાન્તિપર બીજા પાંચ સાત થરોનાં સમુહને પણ પોટલ કહે છે.
ઘંટા–છાજલીના બે સમૂહના થરો પર ઘંટા (આમલસારો) મોટો વિશાળ હોય છે.
કળશ–ઘંટા પર કળશ, ઈંડું
બેકી–ઘંટા નીચેની ઘસીને બેકી કહે છે.

–કલિંગના શિલ્પમાં દેવાંગનાઓના ૧૬ ભેદ કહ્યા છે. જેમ કે અલસ્યા, ડાલમાલિકા, શુકરાધિકા વગેરે નામો છે.
અલસ્યા આળસ મરડેલી દેવાગના

ડાલમાલિકા–વૃક્ષ નીચે ઉભેલી દેવાંગના
શુકરાધકા–હાથપર પોપટ

આમ ઉડિયા–કંલિગ શિલ્પમાં આ પ્રમાણે ૧૬ સ્વરૂપો કહ્યા છે. ઉડિયા શિલ્પના આ શબ્દો સંસ્કૃત અપભ્રંશ પ્રાકૃત છે. તે મહારાણા મહાપાત્ર શિલ્પીઓ માટેની છે. પારિભાષિક શબ્દો છે. કલિંગ ઉડિયામાં સ્વરૂપ જુદા જુદા દેવાંગનાઓના સ્વરૂપ કહ્યા છે.)

કર્ણિક–કણી
કણુક–ચંદી
પટ્ટી–પટ્ટી, પાટલી
પટ્ટીશ–પાટલી
પરિકર–દેવરુપ ફરતું અલંકૃત મંડળ
રથિકા–પઢરો, પ્રતિરથ ભદ્ર, શિખરના ભદ્રે–ગોખલો
રથ–ભદ્ર

પટ્ટબંધ–પટ્ટાઓના બંધયુક્ત
પલ્લવ–પાંદડા–પાન–પત્ર–ખૂણી–
વ્યાલ–ગ્રાસ–આદિમુખના સિંહ શરીરી રૂપ
મકર–મગર જળચર પ્રાણી
સ્રીયુગ્મ મિથુન–જોડલા સ્રીપુરૂષના જોડકા
યમચુલ્લી–પહોળાઈથી ઊંડાઈ વધુ હોય તે
યમચુલ્લી વેધ કહ્યો છે.
વ્યાસ–પહોળાઈ
આયત–લાંબુ
સાંધાર પ્રાસાદ ભ્રમયુક્ત પ્રદક્ષિણા સાથેનો
મહાપ્રાસાદ
નિરંધીપ્રાસાદ–વગર પ્રદક્ષણાવાળો
નિરંધારપ્રાસાદ
દેવપ્રાસાદ–દેવાલય, પ્રાસાદ મંદીર

રાજપ્રાસાદ–રાજમહેલ પ્રાસાદ
વેધ–વાસ્તુશાસ્ત્રના નિયમથી વિરૂદ્ધ
હોય તે વેધ
મંડપ–દેવાલય આગળનો ભાગ પ્રાર્થના મંડપ
અન્યમંડપો લગ્ન મંડપ, નૃત્યમંડપ
યજ્ઞ મંડપ સ્રીફમંડપ
ચતુષ્ઠકા–ચોકી, ચાર સ્તંભોની હોય તે
વિલોકાખ્ય–કક્ષાસનવાળો મંડપ અર્ધ ખુલ્લો
મંડપ
કોલી પ્રાસાદત આગળનો ભાગ–અંતરાળ
શશીલાંતર–ભાગ
પ્રાસાદ અને મંડપ વચ્ચેનું અંતર
કંબાન્હસ્ત ગજ (ચોવીશ આંગુલ)

# પ્રકરણ ૭

## વેધદોષ વિચાર

વાસ્તુ (શિલ્પ) શાસ્ત્રકારોએ દેવાલય, પ્રાસાદ, ઘર વગેરે માટે કેટલાક વેધદોષ કહ્યા છે. આ દોષોમાં ૪૧ મુખ્યદોષ છે જેમકે

(૧) તલવેધ (તલમાર) (૨) તાલવેધ (તાલુવેધ) (૩) દ્રષ્ટિવેધ (૪) તુલાવેધ (૫) તાલુવેધ (૬) સ્તંભવેધ (૭) હૃદયવેધ (૮) મર્મવેધ (૯) માર્ગવેધ (૧૦) વૃક્ષવેધ (૧૧) છાયાવેધ (૧૨) દ્વારવેધ (૧૩) સ્વરવેધ (૧૪) કીલવેધ (૧૫) કોણુવેધ (૧૬) ભ્રમવેધ (૧૭) દીપાલય વેધ (૧૮) કૂપવેધ (૧૯) દેવસ્થાનવેધ (૨૦) ખાજિકવેધ, ખાદકવેધ (૨૧) શ્રેણીભંગ વેધ (૨૨) સમવેધ (૨૩) સમુલાવેધ (૨૪) વિભ્રમવેધ (૨૫) કુક્ષિદ (૨૬) ઉચ્છ્રિત વેધ (૨૭) શિરવેધ, કપાલવેધ (૨૮) વિષમપદ ભેદ (૨૯) પદલોપદોષ (૩૦) ગર્ભલોપ (૩૧) ઘરભંગવેધ (૩૨) વિષમસ્તંભવેધ (૩૩) દિશિલોપ દિગ્મૂઢ દિશામૂઢ (૩૪) અંતકવેધ (૩૫) માનહીન–માનાધિક (૩૬) દીર્ઘમાન હ્રસ્વમાન (૩૭) જળદેતવેધ (૩૮) સમૂલ, યમચુલ્લી, (૩૯) ગૃહસંઘટ્ટ (૪) કપાલ વેધ (૪૧) મર્મવેધ.

આમ વાસ્તુશાસ્ત્રકારોએ ૪૧ દોષ બતાવ્યા છે તેની સમજ નીચે પ્રમાણે છે.

### ૧. તલવેધ—તલમાન

(૧) કુંભીઓબરા એક સૂત્રમાં ન હોય તે

(૨) મૂળ ઘર કે ગર્ભગૃહ કરતાં ઓસરી કે મંડપ ચોકી ઉંચા હોય તે.

(૩) પૂર્વે ઉંચું હોય અને પશ્ચિમે નીચું હોય તેવા પાવદોષ.

(૪) ઘરની જમીનથી આસપાસની જમીન ઉંચી હોય તે સર્વતલવેધ દોષ જાણવા.

(૫) સર્વ સ્તંભો ના મથાળા એક સૂત્રમાં ન હોય તે તલમાન

### ૨. તાલવેધ, તાલુવેધ

(૧) જે ભવન કે પ્રાસાદના જાળિયા બારીઓ, ગોખલા કબાટ–દ્વારના ઉતરંગ એક વાઢમાં (સૂત્રમાં) ન હોય તે.

(૨) એક જ ખંડમાં પાટડા પીઢીયા એક સૂત્રમાં ન હોય તે અગર નાના મોટા કે ઉંચા નીચા હોય તે તાલવેધ દોષ જાણવો.

### ૩. દ્રષ્ટિવેધ

(૧) ઘરધણીની દૃષ્ટિ ઘરના આગળ ભાગે ન પડે તે.

(૨) મૂળ ઘરની સામેના ઘરનું દ્વારવધુ નીચું (ઉંચું) હોય તે.

(૩) પ્રાસાદમાં દેવ દ્રષ્ટિ દ્વારના શાસ્ત્ર કહેલાં નિયત પ્રમાણ સ્થાને ન હોય તે.
(૪) જે ભવન દેખતાં જ અરુચીકર કે ભયંકર લાગતું હોય તે,
(૫) એક મુખ્ય ઘરના મુખ્ય દ્વારની સામે બીજા ઘરનું મુખ્ય દ્વારની સામે બીજા ઘરનું મુખ્ય દ્વાર આવતું હોય તે.
(૬) ઘરના દ્વાર સામે બીજા ઘરનું દ્વાર બમણું ઉંચું હોય તે.
(૭) એક ઘરના મનુષ્યો અન્ય ઘરની ચેષ્ટા જોઈ શકતા હોય તે સર્વ દ્રષ્ટિ વેધ-દોષ જાણવા.

## ૪. તુલાવેધ

(૧) એકપાટ ઉપર બીજો આડો પાટ આવે પરંતુ ત્યાં સંધી નીચે સ્તંભ ન મૂકેલ હોય તે.
(૨) નીચે ઉપરના માળના પાટ ઓછા વત્તા કે પ્રમાણ હીન હોય તે.
(૩) પીઢીયા (બડોદ) પાટડા ઉંચા નીચાકે નાના મોટા હોય તે સર્વે તુલાવેધ જાણવા
(૪) છતના જડતરમાં કડીવળીયું જો દ્વારના ગર્ભે આવે તે તુલાવેધ.
(૫) દ્વારનાગર્ભે પીઢીયું બડોદ આવે તે.

## ૫. તાલુવેધ—

એક ખંડના પાટડા ઉંચા નીચા હોય તે.

## ૬. સ્તંભવેધ—

(૧) એક જ પંક્તિના સ્તંભો જાડાઈ-પ્રમાણમાં આસાન હોય તે
(૨) એક સરખા પંક્તિમાં લાઈનમાં ન હોય (આઘા-પાછા હોય).
(૩) દ્વારના સામે સ્તંભ આવતા હોય.
(૪) યોગ્ય સ્થાને પદમાં સ્તંભ ન હોય તે સ્તંભવેધ અગર તેને અપદ સ્થાપિત સ્થંભ પણ કહે છે.

## ૭. હૃદયશલ્ય—

(૧) ઘરના મધ્યમાં સ્તંભ હોય તે હૃદય શલ્ય સ્તંભ જાણવા.
(૨) તેમજ ઘરના વચ્ચે અગ્નિ કે પાણીનું સ્થાન હોય તે હૃયશલ્ય

## ૮. મર્મવેધ—

ભવનની જમીન પર ઉધા સૂતેલા વાસ્તુ પુરૂષના અંગના કલ્પેલા ભાગો પર તેની સંધી સ્થાને જે મર્માદિ સ્થાન પર ભીંત સ્તંભ કે પાટ આવે તે મર્મવેધ વાસ્તુના અંગ પર મર્મ ઉપ મર્મ શિરા, વંશ-અનુવંશ, લાંગલ, નાડી રજ્જુઓ

૯. **માર્ગવેધ—**

(૧) ભવનના મુખ્ય દ્વારના સામે સીધી લાઇનમાં ગલીમાર્ગ હોય તે.
(૨) પોતાના ભવનના દ્વારમાં થઈને બીજાનો રાહદારી માર્ગ હોય તે.
(૩) જોડેના બે ભવનને એક જ માર્ગ હોય તે સર્વમાર્ગવેધ જાણવા.

(૧૦) **વૃક્ષવેધ—**

(૧) ભવનના મુખ્ય દ્વારના સામે વૃક્ષ હોય તે.
(૨) નીષેધ વૃક્ષો ઘરની ચારે સમીપ હોય તે.
(૩) ભૂત પ્રેતાદિના વાસવાળા વૃક્ષ ઘર સમીપ હોય તે.

૧૧. **છાયાવેધ—**

(૧) ભવન ઉપર વૃક્ષની છાયા.
(૨) ભવનપર દેવાલયની કે ધ્વજાની છાયા.
(૩) ભવનની છાયા કૂપમાં પડે તો તે સર્વ છાયાવેધ દોષ કહ્યો છે. પરંતુ આ છાયા દિવસના બીજા કે ત્રીજા પ્રહરની છાયા પડે તો જ દોષ જાણવો. પહેલા કે ચોથા પ્રહરની છાયાનો દોષ નથી લાગતો.

૧૨. **દ્વારવેધ—**

(૧) ઘરના ગર્ભે દ્વાર મૂકે તો.
(૨) ઘરની પહેલી ભૂમિમાં પછીતે કે કરામાં દ્વાર મૂકે તો.
(૩) એક પક્તિના બધા દ્વાર જાળી, બારી આઘા–પાછામૂકી શાખા ગળ થાય તો તે
(૪) દ્વારની સામે સ્તંભ ખૂણો માર્ગ અને યંત્રો ખાળ કે દેવનું થાનક આ સર્વ દ્વારવેધ દોષ જાણવા.

૧૩. **સ્વરવેધ—**

કમાડ કે અન્ય ઘરના વિભાગમાં અકારણ અકસ્માત અવાજ થાય તે સ્વરવેધ જાણવો

૧૪. **કિલવેધ—**

ઘરના મુખ્ય દ્વારની સામે કે ઉપર ખીલો:ખૂંટી કે ઘોડો મધ્યમાં ગર્ભે આવે તે કિલવેધ દોષ જાણવો. તે ગજદંતવેધ કહેવાય.

૧૫. **કોણવેધ—**

(૧) ભવન કે પ્રાસાદના દ્વાર સામે ખૂણો પડતો હોય તેવા વેધ ને કોણવેધ દોષ જાણવો
(૨) ઘરના ખૂણાઓ કાટખૂણે ન હોય તેને કોણ વેધ દોષ કહેવાય.

૧૬. ભ્રમવેધ—

ભવનના મુખ્ય દ્વારની સામે યંત્ર–અરટ, ઘાણી, રેંટ કે શેરડીના પીલુ કે એવા યંત્રો હોય તો તે ભ્રમવેધ દોષ જાણવો.

૧૭. દીપાલય વેધ—

ઘરની જમણી બાજુ, ઘરનો આગળો (કમાડ પાછળની ભૂંગળ) ના સમસૂત્રે દીપક નું ચાડુ ન રાખેલું હોય તે દીપવેધ દોષ.

૧૮. કૂપવેધ—

ભવનના મુખ્ય દ્વાર સામે કૂવો હોય તો તે કૂપવેધ દોષ જાણવો.

૧૯. દેવસ્થાનવેધ—

૧. ભવનના મુખ્ય દ્વાર સામે દેવનું થાનક હોય તે.
૨. દેવ દેવીના દેવમંદિરથી કહેલી દિશાથી ઉલટી રીતે ભવન હોય તે દેવસ્થાન-વેધ જાણવો.

૨૦. ખાદિકુવેધ ખાદકુવેધ—

એક પછી તે બે ઘર હોય તે ખાદકવેધ દોષ કહેવાય.

૨૧. શ્રેષ્ટીભંગ—

જે ભવનનાં શ્રેષ્ટીભંગ એટલે એક જ શ્રેણીના થરના ઘાટ આદિનો ભંગ થાય તે અને લોપ થાય તે શ્રેષ્ટીભંગ દોષ જાણવો.

૨૨. સમવેધ—

ભવનના નીચેના ઉદયઉભણી જેવડી જ જો ઉપરની ભૂમિ માપ,ની ઉભણી સરખી હોય તો તે સમવેધ દોષ જાણવો નીચેના ઉદય ઉભણીથી ૧/૨ ઉપરની ઉભણી હીન કરવી જોઈએ.

૨૩. સમુલાવેધ—

ભવનનો કરો (પડખાની ભીંત) અધિક લાંબો હોય અને પછીત (પાછલી ભીંત) અને ભડુ (ઘરની આગલી ભીત) કરાથી ઓછાં હોય તો તે સમુલવેધ દોષ જાણવો.

૨૪. વિભ્રમ વેધ—

ભવન કે દેવમંદિરમાં પડખે કરામાં (એકતરફ) દ્વાર હોય તે વિભ્રમ દોષ જાણવો.

૨૫ કુક્ષિદ—

એક ભવનના પડખે બીજું ભવન આઘું પાછું કે (ઊંચું–નીચું) હોય તે કુક્ષિદ દોષ જાણવો.

૨૬ ઉચ્છ્રિતવેધ--

આગળના દ્વાર ભાગે ઊંચું હોય અને મધ્યભાગ કે પાછળ નીચું દ્વાર હોય તો તે વાસ્તુ, ઉચ્છ્રિત દોષવાળું જાણવું.

**શિરાવેધ- કપાલવેધ--**

દ્વારના ઉપર ગર્ભ પીઢીયુ આવે કે પાટ આવે તે શિર વેધ કે કપાલવેધ દોષ જાણવો

૨૮ **વિષમપદ--**

કાટખૂણે પદ ન હોય તે વિષમપદ દોષ કહેવાય.

૨૯ **પદલોપ**--વિભાગ બહાર પદથી ચ્યુત સ્તંભ હોય તે.

૩૦ **ગર્ભલોપ-ગર્ભ--**

મધ્યમાં ન હોય નીચે ઉપરના ગર્ભ ન મળતા હોય તેને ગર્ભલોપ દોષ કહે છે.

૩૧ થરભંગ--

ઇંટ કે પાષાણુના ચણુતરના થરો સમસૂત્રે ન હોય-લેવલમાં ન હોય ઘર ભાંગી નાંખે તેને થરભંગ દોષ કહે છે.

૩૨ **વિષમસ્તંભવેધ--**

સન્મુખથી આડી પંક્તિના સ્તંભો વિષમ એકી આવે તે વેધ પણ જો ઉંડાઇના પ્રાસાદના વિષમ કદાચ હોય તો તે દોષ નથી ગણાતો.

૩૩ **દિશિલોપ-દિગ્મૂઢ દીશામૂઢ--**

ઉત્તરધ્રુવ સાધન કરીને તેના કાટખૂણે પૂર્વ પશ્ચિમની દિશાઓની શુદ્ધિ કરવી જો તે શુદ્ધ દિશામાં ન હોય તે દિશા મૂઢવેધ જાણવો.

૩૪ **અંતકવેધ--**

જોડના બે ઘરોમાં ડાબી તરફનું મોટું હોય અને જમણી તરફનું ઘર નાનું હોય તે અંતકવેધ જાણવો.

૩૫ **માનહીન-માનાધિક**

માન પ્રમણુથી ઓછાવતુ હોય તે દોષ ને માનધિક દોષ કહે છે.

૩૬ **દીર્ઘમાન-હ્રસ્વમાન--**

માન પ્રમાણુથી લાંબુ કે ટુંકુ હોય તે દોષને દીર્ઘમાન હ્રસ્વમાન દોષ કહે છે,

૩૭ **ગજદંતવેધ--**

દ્વારના ગર્ભે ખીંટી આવે તેને ગજદંતવેધ કહે છે.

૩૮ **સમૂલ-યમચુલ્લી--**

જે ઘરની પહોળાઈ કરતાં ઊંડાઈ વધુ હોય તે સમૂલ કે યમચુલ્લીવેધ દોષ યુક્ત જાણવો.

૩૯ **ગૃહસંઘટ્ટ--**

બે જોડેના ઘરની વચ્ચે જો એકજ કરો હોય તે ગૃહ સંઘટ્ટ વેધ દોષ કહેવાય.

૪૦ **કપાલવેધ--**

અલિંદ-ઓસરી પરસાળ હીન ઘરને કપાલવેધ કહે છે.

૪૧ **મર્મવેધ--**

વાસ્તુ પુરૂષના અંગના છ મર્મ સ્થાનો ૧ મુખ, ૨ હૃદય ૩ નાભિ ૪ ગુદા ૫-૬ સ્તન પર પાટભીંત કે સ્તંભ આવે તેને મર્મવેધ દોષ કહે છે.

સુપડાકારે--

આગળનો ભાગ સાંકડો હોય અને પાછળ પહોળું હોય તે હાટદુકાન સારી જીર્ણ મંદિરમાં ચોરામાં દોષ લાગતો નથી તેવું બ્રહ્માએ વિશ્વકર્મા ગર્ગતંત્ર અને બૃહદ સંહિતા બન્ને વાસ્તુ કૌતુકમાં કહ્યું છે કે મન અને ચક્ષુને સંતોષ થાય તેવું કાર્યના નિર્દોષ જાણવું. શુક્રાચાર્ય કહે છે કે શાસ્ત્રમાન રહિત હોય તે વિદ્વાનો ને રમ્ય લાગતું નથી. પરંતુ કેટલાકનો એવોમત છે કે જ્યાં જેનું મન લાગ્યું રૂચ્યું હોય પ્રિયલાગે તે નિર્દોષ જાણવું

**વેધદોષનું ફળ--**

વેધ દોષનું ફળ એ છેકે છઠ્ઠા વર્ષે સ્વામીનું મૃત્યુ થાય. નવમાવર્ષે લક્ષ્મીજાય. ચોથા વર્ષે પુત્રનું મૃત્યુ થાય એને આઠમા વર્ષે સર્વનાશ થાય તેમ તેનું ફળ કહ્યું છે.

## વાસ્તુસાર

ભવન આગળ સાંકડું અને પાછળ પહોળું શકટાકાર હોય તો દોષ નથી તેમ વાસ્તુસારમાં કહ્યું છે વળી દુકાન, હાટ-વ્યાઘ્રમુખ એટલે આગળ પહોળું હોય તે શ્રેષ્ઠ તેમ વાસ્તુસારમાં કહે છે.

ભવનને ચારે તરફ પરીધ, વલય, વિથી આદિ કરવા તેમ વિશ્વકર્મ પ્રકાશમાં કહ્યું છે.

૧ ભવનના કાર્યમાં એકજ જાતિનું કાષ્ટ (લાકડું) વાપરવું તે ઉત્તમ છે. ભવનના કાર્યમાં બે જાતિનું કાષ્ટ વાપરે તે મધ્યમ જાણવું. ભવનના કાર્યમાં ત્રણજાતિનું કાષ્ટ વાપરે તે કનિષ્ટ જાણવું. ભવનના કાર્યમાં ચારજાતિના કાષ્ટ કદી ન વાપરવા તે ઘણું દોષ કર્તા છે.

૨ ભવનમાં સ્તંભ દ્વાર કે ભીંતો પ્રથમ મજલે ભૂમિ હોય તેના પર, બીજી ભૂમિમાં પણ નીચે (પ્રથમમજલે) પ્રમાણે જ ભીંત, સ્તંભ કે દ્વાર મૂકવા આડા. અવળા ન મુકવા. ઉપરના માળે જો ભીંત ન કરવી હોય અને દ્વારના સ્થાને કયાંક બારી મૂકવી પડે તો તેમાં દોષ નથી.

૩ ભવનને સો હાથથી ઉંચું નકરવું તેમ ગર્ગાચાર્યે કહ્યું છે.

૪ ભવનને બાર ભૂમિ મજલા, માળ કરવા તેથી વધુ ન કરવા.

૫ ભવનનો વચલો ભાગ ઊંચો હોય તો તે શુભ ગણાય, પરંતુ આગળ પ્રવેશ ભાગ કદી ઊંચો ન કરવો.

**કયા દેવોની કઈ બાજુ ભવન ન કરવું—**

૧ જૈનતીર્થંકરના મંદિર પાછળ ઘર ન કરવું.

૨ શિવ અને સૂર્યની સન્મુખ ઘર ન કરવું.

૩ બ્રહ્મા અને વિષ્ણુની બાજુમાં ઘર ન કરવું.

૪ ચંડી દેવીની ચારે તરફ ઘર ન કરવું. રાજમાર્ગ છોડીને કરી શકાય

**વેધદોષ નિર્ણય** (વિશ્વકર્મપ્રકાશ)

ભવનના સોળ પ્રકાર વેધો (વિશ્વકર્મોક્ત)

૧ **અન્ધક**–જે ભવન છીદ્ર વગરનું ખાળ કે બારીઓ ન હોય ઉદ્ધાર પ્રમાણુસર ન હોય તે અંધક વેધ

૨ **રુધિર**–બરાબર પદમાં મુકાયેલુ ન હોય (સાઇટ પ્લાનમાં)

૩ **કુબ્જ**–અંગહીન સરખી બાજુઓ ન હોય તે કુબડુ–કુબ્જ

૪ **કાણા**–દિશાઓમાં વિછિદ્ર હોય તે

૫ **બધિર**–જમીનમાં દ્વાર (અર્ધું કે ઓછાવતું જમીનમાં) દબાયેલું હોય તે. ભૂમિતલ કરતાં ભવન નીચું હોય તે.

૬ **દિગ્વક્ત્ર**–વિકર્ણ હોય કે બહુ બારીબારણાં હોય તે દિગ્વક્ત કહેવાય.

૭ **ચિપિટ**–નીચી ઉભણીવાળુ પ્રમાણથી ઓછી ઊંચાઇવાળુ હોય તે ચપટું

૮ **વ્યગડ્જ**–અનર્થ જે મેળ વગરનું લાગે તે વ્યઙ્ગજ કહેવાય.

૯ **મુરજ**–પડખે ઊંચુ હોય તે મુરજ

૧૦ **કુટિલ**–તાલ પ્રમાણ ન હોય તે કુટિલ કહેવાય.

૧૧ કુટ્ટક–

૧૨ સુપ્ત–

૧૩ શંખપાલ–જે ભવનનો પરથાર પ્લોંથ બહુ નીચું હોય તે

૧૪ વિકટ–દિશામાં ન હોય, વાકું હોય તે ભવન

૧૫ કુર્ક–પડખાં નીચાં હોય તે ભવન,

૧૬ કેકર–હળના જેવું ઊંચુ ભવન હોય તે કેકર

આ સોળ પ્રકારના વેધ તજવા તેમ વિશ્વકર્મ પ્રકાશ નામના શાસ્ત્રમાં કહ્યું છે.

અન્ય દશવેધ ( ઉપર બતાવ્યા છે તે સિવાયના બહારના ૧૦વેધ ) ( વિશ્વકર્મોક્ત)

૧ કોણ–

એક ઘરના કોણના અગ્રભાગમાં બીજું ઘર હોય તે અથવા જે ઘરની સન્મુખ બીજા ઘરનો ખૂણો આગળ પડતો હોય તે એવી રીતે કે એક ઘરના અર્ધભાગે મળેલ બીજા ઘરનો કોણ–ખૂણો પડતો હોય તે અશુભવેધ કહેવાય.

૨ ઠક્–

એક ભવનના દ્વાર સામે બીજા ભવનનું મુખ્ય દ્વાર બમણાથી ઊંચું હોય તે ઠક્ વેધ જાણવો.

૩ છિદ્ર–ક્ષુદ્ર–

સમાન બે ભવનમાં એક નાનું મોટું હોય તે ક્ષુદ્રવેધ કહેવાય.

૪ છાયાવેધ–

બીજા કે ત્રીજા પ્રહરની છાયા ધ્વજ ઘર પર પડે કે ઘરના કૂપમાં પડે તે છાયા-વેધ કહેવાય.

૫ ઋતુવેધ–

જે ભવનની પહેલી પંક્તિ પૂર્વોત્તરની હોય અને પાછળની દક્ષિણ પશ્ચિમની હોય તેવા વાસ્તુના મધ્યમાં સમાન ભીંત હોય તે સારું પરંતુ વિષમ એક તરફ લાંબાટૂંકી હોય તો તે ઋતુવેધ.

૬ વંશવેધ–

જે ઘરમા વંશ આગળ વંશ હોય અગર બહાર ભીંત હોય તે વંશવેધ કહેવાય.

૭ અગ્રવેધ–ઉક્ષવેધ

ઘરની ભૂજાના સંજોગરૂપ (સ્તંભ ) ના અગ્રભાગમાં થાય ( અર્થાત સ્તંભનું મુખ હોય) તે ઉક્ષવેધ જાણવો.

૮ ઉચ્ચવેધ-ભૂમિવેધ-

જે વાસ્તુભૂમિ દક્ષિણ કે પશ્ચિમ નીચી હોય તે ઉચ્ચવેધવાળી ભૂમિ જાણવી.

(ભૂમિના દિશા-વિદિશાના પ્લવ ઢાળના ઘણા વેધો (અન્ય ગ્રંથમાં કહ્યા છે.)
૯ **સંઘાતવેધ**-બે જોડે ભવનની વચ્ચે એક જ કરો (ભીંત) હોય તે અગર એક ઘરથી બીજું ઘર અર્ધો ભાગે ઊંચા નીચું હોય તે પારાગ્ર ( ) છેડાના આગળના ભાગમાં સ્થિત હોય તે સંઘાતવેધ.

૧૦ **દંતવેધ**

પર્વતના પથ્થરના દાંતા જે ઘરની ભીંતની સન્મુખ બહાર નીકળતાં હોય તે દંતવેધ જાણવો.

**કેવા પ્રકારના જુના ઘરમાં વાસ ન કરવો ?**

૧. પર્વતના પાષાણથી મળેલું હોય તેમાં વાસ ન કરવો.
૨. પર્વતની ગુફાને મળતું હોય તેવા ઘરમાં.
૩. નદીના નીચાણવાળા અથવા નદીના કિનારા (તીર) પાસેના ઘરમાં
૪. જળના પ્રવાહ નજીકના ઘરમાં.
૫. દ્વાર (કમાડ) રુદન કરે તેવા અવાજવાળા ઘરમાં
૬. બારીઓ અને બાળો ન હોય તેવા ઘરમાં
૭. કાગડા અને ઘુવડ વસતા હોય તેવા ઘરમાં
૮. રાત્રે સસલા, શિયાળના અવાજો આવતાં હોય તેવા ઘરમાં
૯. સર્પ કે અજગર આવતા હોય તેવા ઘરમાં
૧૦. વીજળી પડેલા કે અગ્નિથી બળેલા ઘરમાં
૧૧. શબ (મડદું) બાળેલા હોય તેવા ઘરમાં
૧૨. સમાધિ કે ચબૂતરો હોય તેવા ઘરમાં
૧૩. અવાવરૂં પડતર ઘણા વખતનું હોય તેવા ઘરમાં
૧૪. મ્લેચ્છોએ કે ચાંડાળોએ વાસ કર્યો હોય તેવા ઘરમાં
૧૫. જ્યાં ઘો રહેતી હોય તેવા ઘરમાં
૧૬. જે ઘર જોતાં જ ભયંકર લાગે તેવા ઘરમાં

૧૭. નીચેના ચિત્રોવાળા ઘરમાં વાસ ન કરવો. અગર પોતાના ઘરમાં નીચેના ચિત્રો ન આલેખવા

૧. ગીધ કાગડા કે વિકરાળ સ્વરૂપો.
૨. યુદ્ધ કરતાં કે પિશાચ કે રાક્ષસના ચિત્રો
૩. ક્રૂર આલેખન ઇતિહાસ પુરાણના ક્રૂર પ્રસંગો
૪. નગ્ન, તપસ્વી કે બિભત્સ લીલા ચિત્રો.
૫. માયાના ચિત્રો કે ઉપરના શિલ્પો ન કરાવવા

**ઘરમાં ભૂતદોષ–**

૧. ઘરનાદ્વાર સ્વયં ઉઘડે અથવા બંધ થાય કે અવાજ થાય કે થયા કરે.
૨. અકસ્માત કાંઈ નિષ્કારણ પડે.
૩. કંપાયમાન થાય.
૪. કમાડ દ્રઢ હોવા છતાં સ્વયં પડે.
૫. ભવનની ભૂમિ અકસ્માત પડે.
૬. ઘરમાં શિયાળાદિ વન્ય પશુઓનો પ્રવેશ થાય.
૭. દ્વારમાં સર્પ કે અજગર પ્રવેશ કરે
૮. ઘર કે ફળિયામાં કે આંગણામાં લોહી જેવી ધારા જણાય.
૯. રાજભવન કે દેવભવન કે ચૈત્યનું અકારણ તોરણ કે ધ્વજાનું પતન થાય.
૧૦. ગઢ કે કિલ્લો અકસ્માત અકારણ પડે.

આ સર્વ દોષ ભવનપતિને વિઘ્ન કર્તા જાણવા.

**વૃક્ષમાં ભૂતો આદિનો દોષ–**

૧. વૃક્ષમાંથી રૂદન કે હાસ્યનો સ્વર આવે.
૨. વૃક્ષની ડાળ અકસ્માત પડે.
૩. સુકાયેલું વૃક્ષ ફરી ફાલે લીલા પાન પત્તા આવે.
૪. ઋતુ વગરના ફળ આવે.
૫. અકારણ વૃક્ષ પડી જાય.

આ બધા દોષો માલિક કે રાજાને દોષકર્તા છે.

આવી જ રીતે પ્રતિમાનું આશ્ચર્ય પણ કહ્યું છે તે સર્વ દોષકર્તા છે રડતી–હસતી આંખો, ઊંચી નીચી કે તીરછી કરતી આંખો, શબ્દ કરતી સ્વયં લોલાયમાન થાય કે પરસેવો કે આંસુ પાડતી પ્રતિમાની ચેષ્ટાથી મહાભય ઉપજે છે.

## વિશ્વકર્મમાં બતાવ્યા પ્રમાણે વેધદોષ કયાં કયાં લાગતા નથી.

વિશ્વકર્મમાં બતાવ્યા પ્રમાણે નીચેની રીતે વેધદોષ લાગતા નથી.

૧. ભવનના ઉદયથી બમણી ભૂમિ તજીને જો વેધ હોય તો તે દોષ કર્તા નથી.

૨. વેધની વચ્ચે જો રાજમાર્ગ, કોટ, કિલ્લો, વડી કે ભીંતનું અંતર હોય તો તે દોષ કર્તા નથી.

૩. વેધ દેખાય નહીં તેવું હોય ત્યાં દોષ નથી લાગતો.

૪. નદીની સામેપાર હોય તો દોષ નથી લાગતો.

૫. વિકર્ણ–ત્રાંસો વેધ હોય તો દોષ નથી લાગતો.

૬. નીચ જાતિને દોષ નથી લાગતો.

૭. જીર્ણ મંદિર કે ચોરામાં પુરાણા ભવનમાં દોષ નથી લાગતા.

૮. શિલ્પના આચાર્ય શ્રીગર્ગમુનીએ કહ્યું છે કે મન અને ચક્ષુને જે કાર્ય જોઈને સંતોષ થાય તેવા કાર્ય હંમેશા નિર્દોષ જાણવા.

૯. જે વાસ્તુ લક્ષણથી હીન હોય પરંતુ જ્યાં મનની રૂચી વધે તેવું સારું લાગે ત્યાં દોષ નથી.

૧૦. શાસ્ત્રમાનથી રહિત હોય તે વિદ્વાન ને રમ્ય લાગતું નથી પરંતુ કેટલાકનો એવો મત છે કે જ્યાં જેનું મન લાગ્યું રૂચ્યું હોય તેને તે પ્રિય લાગે છે એવું શુક્રાચાર્યે કહ્યું છે.

# પ્રકરણ ૮

## નગર વિધાન અને દુર્ગવિધાન

**ભૂધરાદિ બ્રહ્મનગર—**

ભૂધરાદિ બ્રહ્મનગરનું માપ નીચે પ્રમાણે છે.

| ચોરા ચત્વર | માર્ગ રસ્તારોડ | નગરનું નામ | માન | હસ્તપ્રમાણ | કેટલાકહાથના ઘરો | તેવા કેટલા ઘરો |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૧૮ | ભુધરનામ | કનિષ્ઠમાન | ૧૦૦૦હાથ | ૩૨હાથ | ૫૦૦ |
| ૧૬ | ૧૩ | હેમકૂટ | મધ્યમાન | ૧૫૦૦૦હાથ | ૪૨ હાથ | ૮૭૫ |
| ૨૦ | ૧૭ | રત્નકૂટ | જયેષ્ઠમાન | ૨૦૦૦ હાથ | ૫૨ હાથ | ૧૦૦૦ |

અન્ય મતાંતરે ત્રિવિધમાન (૧) ચાર હજાર વિસ્તારનું કનિષ્ઠપુર આઠ હાજાર હાથ વિસ્તારનું મધ્યપુર અને સોળ હજાર હાથ વિસ્તારનું જેષ્ઠ માનપુર.

**પુરલક્ષણુ—**

દોષ રહિત અને શુભ વીસ નગરોના નામ અને સ્વરૂપો નીચે પ્રમાણે છે.

| ક્રમ | નગરનુંનામ | નગરનું સ્વરૂપ લક્ષણુ |
|---|---|---|
| ૧. | માહેન્દ્ર | ચોરસ |
| ૨. | સર્વતોભદ્ર | લંબચોરસ |
| ૩. | સિંહાવલોકન | વૃત્તગોળ |
| ૪. | વારુણુ | લંબચોરસ |
| ૫. | નધાવર્ત | સ્વસ્તિકાકાર |
| ૬. | નંદાપથ | મુક્તકોણુ–ખૂણાવગર |
| ૭. | પુષ્પક | અષ્ટપુષ્પ દલાકાર |
| ૮. | સ્વસ્તિક | અષ્ઠાંશ |
| ૯. | પાર્શ્વદંડ | અતિદીર્ઘ (પાઘડીપને) |
| ૧૦. | જયંત | યવાકૃતિ જવનીજેમ |
| ૧૧. | શ્રીપુર | એકકિલ્લાવાળું |
| ૧૨. | રિપુમર્દન | બે કિલ્લાવાળું |
| ૧૩. | સ્નાહ | પર્વતનીકુક્ષમાં |
| ૧૪. | દિવ્ય | પર્વતના મસ્તકે |

| | | |
|---|---|---|
| ૧૫. | સૌભાગ્ય | નદીની ઉત્તરે |
| ૧૬. | ધર્મ | નદીની દક્ષિણે. |
| ૧૭. | કમળ | નદીની પશ્ચિમે |
| ૧૮. | શક્ર | નદીની પૂર્વે |
| ૧૯. | પૌરૂષા | પુરૂષાકારનગર |
| ૨૦ | સાંપ્રત | નદીની વચ્ચે કે બે બાજુ નદી હોય તે |

લંબચોરસ નગર વિસ્તારના $\frac{1}{8}$ $\frac{1}{4}$ કે $\frac{1}{2}$ વધુ લાંબા કરવા.
નીચેના સાત નગરો અશુભ જાણવા.

| ક્રમ | નગરનું નામ | નગરનું સ્વરૂપ, આકાર. |
|---|---|---|
| ૧ | અગ્નિદ | ત્રિકોણ. △ |
| ૨ | વાયવ | ષટ્કોણ, |
| ૩ | શકટ | એક ગાડાના આકારનું. |
| ૪ | યુગ્મ શકટનું | બે ગાડાના આકારનું. |
| ૫ | વજ્ર | વજ્રના આકારનું. |
| ૬ | ત્રિશૂલ | ત્રિશૂલાકાર. |
| ૭ | કર્ણિકા | કાટખૂણે ન હોય તેવું. |

આમ ઉપર જણાવેલા સાત નગરો અશુભ જાણવા.

**માર્ગ**

રોહણ દાદર–મજબૂત કરવો ટીપો પગથીયા છ આંગુલ ઉદયનાં કરવાં, દાદર બે હાથ પહોળો કરવો.
કરાધાર–કઠેડો–બાજુમાં કરવો.

મંડન સૂત્રધારોક્ત અને રાજવલ્લભમાં કહેલાં નગરની આકૃતિના વીશ ભેદ—

૧. માહેંદ–ચોરસ હોય તે નગર
૨. સર્વતોભદ્ર–લંબચોરસનગર
૩. સિંહ–ગોળવૃત નગર
૪. વારુણા–લંબગોળ હોય તે વિલોકન
૫. નંદ–બાલી ખૂણાવાળું
૬. નંદાવર્તક–સાથિયા આકૃતિનું
૭. જયંત–જવના આકારનું
૮. દિવ્ય–પર્વતના મસ્તક ઉપર હોય તે

૯. પુષ્પપુર—અષ્ટદળ કમળા કૃતિ હોય તે
૧૦. પૌરુષ—પુરૂષની આકૃતિનું નગર
૧૧. ગ્રાહુ—પર્વતની કુખમાં, તળેટીમાં હોય તે નગર
૧૨. દંડનગર—લાંબુ પાઘડી પના જેવું હોય તે નગર
૧૩. શકપુર—પૂર્વતરફ નદી હોય તેવું નગર
૧૪. કમલપુર—પશ્ચિમે નદી હોય તેવું નગર
૧૫. ધાર્મિક પુર—દક્ષિણે નદી હોય તેવું,
૧૬. મહાજય—બે બાજુ નદી હોય તેવું.
૧૭. સૌમ્ય—ઉત્તરે નદી હોય તેવું.
૧૮. શ્રીનગર—એક કિલ્લો હોય તેવું નગર
૧૯. રિપુઘ્ન જે નગરને બે કિલ્લા હોય તેવું નગર
૨૦ સ્વસ્તિક—આઠ કોણુવાળું નગર

લંબ ચોરસનગર વિસ્તારના ૧/૮ કે ૧/૪ કે ૧/૨ વધુ કરવો.

રાજા મહારાજાઓની ગ્રામ સમૃદ્ધિ પ્રમાણુ (રાજવલ્લ પ્રમાણે)

૧. ચક્રવર્તી—એક છત્રધારી ચક્રવર્તી
૨. મહામાંડલિક—એક થી બે લાખ ગામોનો સ્વામી
૩. માંડલિક રાજા—પચાસ હજાર ગામોનો સ્વામી
૪. મુખ માંડલિકરાજા—વીસ હજાર ગામોનો સ્વામી
૫. સામંત રાજા—દસ હજાર ગામોનો સ્વામી
૬. સામત—પાંચ હજાર ગામોનો સ્વામી
૭. ચોરાશી—ચતુરશિક એક હજાર ગામોનો સ્વામી
૮. અલ્પરાજા—સો ગામોનો સ્વામી.

સમરાંગણ સૂત્રધારમાં કહ્યા પ્રમાણે રાષ્ટ્રની ગ્રામ સમૃદ્ધિ—

૧. રાષ્ટ્ર—ખંડ મોટું રાજ્ય
૨. દેશ—રાષ્ટ્રનો એકભાગ દેશ (અંતર્ગત)
૩. મંડલ—દેશનો એક ભાગ મંડળ (અંતર્ગત)
૧. ઉત્તમરાષ્ટ્ર—૯૧૫૪ ગામો હોય તે ઉત્તમ રાષ્ટ્ર કહેવાય.

૨. મધ્યમરાષ્ટ્ર–૫૩૮૪ ગામો હોય તે મધ્યમ રાષ્ટ્ર કહેવાય

૩. કનિષ્ટ રાષ્ટ્ર–૧૫૪૮ ગામો હોય તે કનિષ્ટ રાષ્ટ્ર કહેવાય.

૪. પ્રત્યેક રાષ્ટ્રમાં ૭–૭ નગરોનું નિર્માણ કરેલું હોય છે.

નગર વિષે **મયમતમ્** અને **માનસાગર** માં ૧૨ પ્રકાર કહ્યા છે આ ૧૨ પ્રકાર નીચે પ્રમાણે છે.

૧ નગર, ૨ રાજધાની, ૩ પતન, ૪ દુર્ગ ૫ ખેટ ૬ ખર્વટ ૭ શિબિર ૮ સ્થાનીય ૯. દ્રોણમુખ ૧૦ કોટયુકોલક ૧૧ નિગમ ૧૨ મઠવાવિહાર

આમ આ ૧૨ પ્રકાર છે આ બારે પ્રકારના નગરના વિવરણ નીચે પ્રમાણે આપેલા છે.

**૧ નગર—**

જેમાં પાષણ અને પાકી ઇંટોના ભવનો હોય દુર્ગના ચારે બાજુના દ્વારપર ગોપુરો હોય વાણિજય વ્યવહારનું કેન્દ્ર હોય અનેક જાતિના લોકોનો નિવાસ હોય અનેક શિલ્પ વસતા હોય અને સર્વપ્રકારના શ્રેષ્ટ દેવાલયો હોય તેને નગર કહેવાય.

**રાજધાની—**

રાજ્ય શાસન પીઠ હોય તેને રાજધાની કહે છે. રાજા સૈન્ય સાથે રહેતા હોય, તે પ્રકાર કિલ્લાથી રક્ષાયેલું હોય શહેરના મુખ્ય દ્વારોપર ગોપુર હોય અને નગરમાં સર્વ દેવ દેવીના આયતનો હોય. રાજ પ્રાસાદ, ઉધાનો, જળાશયો. મોટા માર્ગો હોય. સર્વ જાતિના લોકોની અવર જવર હોય, વ્યાપક વ્યાપાર હાય **કૌટિલ્ય અને શુક્રના મત પ્રમાણે**–રાજધાનીની આકૃતિ સુંદર અર્ધચંદ્રાકાર–વૃત્ત કે સમચતુરસ્ત્ર આકાર હોય, પ્રકાર કિલ્લા, ભીન્તિ, અને પરિખા ઓથી આવૃત્ત હોય વિભિન્ન પ્રજાઓને અનુકૂળ હોય તે રાજધાની કહેવાય.

**૩ પતન—** (પુટ ભેદન)

રાજાનું ઉપસ્થિત તે પુટ ભેદન ગ્રીષ્મ કે શીતકાળમાં જ્યાં રાજપીઠ હોય તેને પતન કહે છે. રાજવ્યવસાય અને વાણિજયનું કેન્દ્ર હોય તે પુટભેદન.

માનસાર અને મનુષ્યાલ ચંદ્રિકાના કથન પ્રમાણે–

સાગર તટ કે સરિતા તટ પરનું અંદર હોય, વિશેષ કરીને વાણિજ્ય વિશાળ રૂપે થતો હોય તે કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં પતન તથા પટ્ટનના બે રૂપો કહ્યાં છે.

**૪. દુર્ગ—**

શબ્દકલ્પદ્રુમ પ્રમાણે પુરનો અર્થ દુર્ગ, અધિષ્ટાન, કોટ તથા રાજધાની કરેલો છે.

અભ્યંતર વસ્તીના વસવાટના ચારે તરફ દુર્ગ હોય નગરના બાર પ્રકારમાં મમત અને માનસારે કહ્યું છે.

૫. ખેટ-ખેટક—

નગરથી અર્ધપ્રમાણ વિષ્કંભ પ્રમાણનું ખેટ કે ખેટકતે નગરથી એક યોજન દૂર ખેટક વસેલું હોય નગરના માર્ગો ૩૦ ધનુષ્ય હોય. ત્યારે ખેટકના માર્ગો ૨૦ ધનુષ્ય વિસ્તાર હોય.

બ્રહ્માંડ પુરાણમાં તેને લઘુનગર તે સમતલ ભૂમિ પર કે સરિતા તટ પર કે વન પ્રદેશમાં કે નાના ના પહાડોની પાસે વસેલું હોય વિશેષ કરીને શિલ્પી વર્ગ અને શુદ્રોનો નિવાસ હેય. કૌટિલ્ય તેને ધૂળનો કોટનું કહે છે. શિલ્પરત્નમાં કહ્યું છે કે કલા કલાપોના કારણે અધિક સમૃદ્ધ થયું હોય તો તેને શાખા નગર કહેલું છે.

૬. ખર્વટ—

ખર્વટને માનસારમાં ગામનું અર્ધ અથવા ખર્વટને નૃપભોજન શાલા મંડપ પણ કહ્યો છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં બસો ગામના રક્ષણાર્થ દુર્ગ કહ્યો છે.

૭. શિબિર —

છાવણી, સેના સ્થાન ક્ષણિક દુર્ગ તેને શિબિર કહે છે.

૮. સ્થાનીય--

સ્થાનીય નામના નગરના માટે ચાણાક્યે તેના અર્થશાસ્ત્રમાં દુર્ગ કહ્યો છે અને ૮૦૦ ગામોના મધ્યમાં સ્થાનીય નામનો દુર્ગ કહ્યો છે. મયમત અને શિલ્પરત્નમાં સરિતા તટ પર અથવા પર્વતીય તલાટી પર તથા સૈન્યાર્થ સ્નાન અને રાજ્યનું ઉપવ્યવહાર-દફતર

૯. દ્રોણમુખ--

સરિતા તટ કે સાગર તટ (બંદર)

૧૦. કોટમ કોલમ--

પર્વતોના મધ્યમાં આરણ્યર નગર ૧૦૦ દંડથી ૫૦૦ દંડ સુધી નું પ્રમાણનું તેને કોટમ કોલમ કહે છે.

૧૧. નિગમ વ્યાપર—

મોટા નગરની વચ્ચે શિલ્પીઓની વસતી વાળું નગર-કસબા કહેવાય તેનું પ્રમાણ નગર અને ગામના વચ્ચેનું સમરાંગણમાં કહ્યું છે તેમાં શિલ્પીવર્ગ પ્રાધાન્ય ઉપરાંત ચારે વર્ણના લોકો પણ રહે નિગમનો બીજો અર્થ વ્યાપર પણ થાય છે.

**૧૨ મઠ વિહાર—**

વિદ્યાસ્થાન અને સંત ભિક્ષુનું સ્થાન બ્રહ્મચારી વિદ્યાર્થીઓનું અધ્યયન, આવાસ સ્થાન આચાર્યાદિના સ્થાનો, ચિંતન, ભજન સર્વ દર્શન, અભ્યાસ સ્થાન, ખાદ્ય અને પેય પૂર્ણ પ્રબંધ યુક્ત સર્વવિદ્યા નગરી, આશ્રમનગર, મઠસ્થાન દા.ત. નલંદા, તક્ષશિલા તથા સારનાથ શિલ્પરત્ના કર્તા શ્રીકુમાર તેને પ્રાકાર અને રક્ષાપ્રબંધ સાથેનું વિદ્યા આશ્રમનું નગર મઠ.

**કામિકાગમમાં** ૧૫ અને માનસાર તેમજ મયમતમમાં આઠ આઠ નગરના નામ આપેલા છે. તેમના ૧૫ નામ નીચે પ્રમાણે છે.

(૧) દંડક (૨) સર્વતો ભદ્ર (૩) નદ્યાવર્ત (૪) પદ્મ–પદ્મક (૫) સ્વસ્તિક (૬) પ્રસ્તાર (૭) કાર્મુક (૮) ચતુર્મુજ (૯) પ્રકિર્ણક (૧૦) પરાગ (૧૧) શ્રીપ્રતિષ્ઠ (૧૨) સંપત્કર (૧૩) કુંભક (૧૪) શ્રીવત્સ (૧૫) વૈદિક

કામિકાગમનાં ઉપરોક્ત પંદરનામ પ્રભેદે આપેલા છે તેના આકાર પદ વિન્યાસ, માર્ગ દેવાયતન દ્વાર, ગોપુર, પ્રાકાર, પરિખ, વસ્તી, અને જળાશયના ભેદે કરીને સ્વરૂપ નામો આપેલા છે.

**નગર વિધાન અંગે અપરાજિત–સુત્રસંતાન શિલ્પગ્રન્થ મહારાજાધિરાજ પુરનિવેશ—**

૧ अ. નગરની રચના ક્રુતમાં કરવી તેના કાટખૂણે સર્વયોજના કરવી.
ब. ભૂમિ પરીક્ષા (रस वर्णगंधालव बीज) क उद्योनिश्चभूमितल समीकरण

**પુરના વિવિધ માન—**

૧. સોળ હજાર હાથ વિસ્તારનું જ્યેષ્ઠમાનપુર
૨. આઠ હજાર હાથ વિસ્તારનું મધ્યમમાનપુર
૩. ચાર હજાર હાથ વિસ્તારનું કનિષ્ટમાનપુર
એમ પુરના વિવિધમાન માન જાણવા.

**માર્ગો—**

૧. નગરને ૯થી ૧૭ મોટા માર્ગ રાજમાર્ગ કરવા આઠ આડા રાજમાર્ગ બાર હાથ પહોળા કરવા.
૨. એક ત્રણ કે પાંચ પદના અંતરે પ્રસિદ્ધ રાજમાર્ગ છ કે નવપંથ માર્ગ કરવા.
૩. તેના અનુવંશ (આડા) યાન માર્ગ કરવા. પુરના અંતે ઘંટામાર્ગ કરવો.

૪. ૪૫, ૪૦, કે ૩૦ હાથના વિસ્તાર શાશ્વત સ્થાન્તર માર્ગ કરવા.

૫. રાજમાર્ગ આગળ કે રાજ્ય ભવન આગળ પ્રતોલી (પોળી) કરવી તે વીશ, સોળ કે બાર હાથની પહોળી કરવી એમ ત્રણ માન પ્રતોલી વિસ્તારના કહ્યાં છે.

૬. પુરના છેડે પોળો અને હટ્ટ–હટ માર્ગ કરવા.

૭. પૂર્વ અને દક્ષિણને ઉત્તરે હટ્ટ–હાટ માર્ગ અને ચત્વર (ચોક) કરવા.

૮. પુરને સતર રાજમાર્ગ, ગામને નવ ખેટકને પાંચ, કૂટને ત્રણ અને કર્વટને બે માર્ગ કરવા.

૯. હટ્ટ, દુકાનની શ્રેણીના માર્ગ સોળ હાથના કરવા.

૧૦. પ્રસિદ્ધ રાજમાર્ગને બે બાજુ વૃક્ષારોપણ કરવું. પ્રત્યેક રાજમાર્ગ કે યાનમાર્ગને બે બાજુ.

૧૧. જન પદપથમાર્ગ (ફૂટપાથ) મનુષ્યને ચાલવાનો કરવો તે માર્ગ કુલ વિસ્તારના ? ભાગ પહોળી પદ માર્ગ (ફૂટપાથ) રાખવો.

૧૨. જળ નિર્ગમ માર્ગ રોજના ૧૩ નગર રચના વેધદોષ રહિત ભવનોની કરવી.

દુર્ગ–

૧. નગરને દુર્ગ=પ્રાકાર=કિલ્લો બાર સોળ કે વીશ હાથના ઉંચા એમ ત્રિવિધમાન હોય છે.

૨. તેને બાર, આઠ કે દશહાથ પહોળો કિલ્લો કરવો.

૩. દુર્ગને ઉપર કેડવારણી (ઉપરની પરપટ) બબ્બે હાથ ઉંચી કરવી. તેમાં૧૮" આગલા કપિશિર્ષ કાંગરા કરવા.

૪. દુર્ગમાં પ્રવેશ કરવાના ચાર પ્રકાર જાણવા તે દ્વાર પર બલાણકમાળ કરવો. ઉત્સંગ પૂર્ણ હીનબાહુ અતિકાય દોષરહિત કરવા.

૫. દુર્ગની ઊંચાઈથી બમણા અંતરે ત્રણ પરિઘ ખાઈ બહારના ભાગે ખોદવી.

૬. ખૂણે ખૂણે ગોળ સુશોભિત કોઠા કરવા. હજાર હજાર હાથે વિદ્યાધરી (વજેરી) કરવી.

૭. નગરના ચાર ગર્ભે દ્વાર આગળ પ્રતોલ્યા કરવી. આઠ ખટકી (ખડકી) દ્વારો કરવા તે ખટકીદ્વારોને તે પ્રતોલીમાંથી રથમાર્ગનો પ્રવેશ થાય.

૮. નગરના પ્રવેશદ્વારના કમાડ મજબૂત કરવા તેના પ્રવેશ પર બલાણ કે ડેલી કરવી.

૯. સિંહાવલોકનાર્થે યોદ્ધાઓને સારુ વિદ્યાધરી પર સ્થાન કરવા.

૧૦. દુર્ગ પર જુદા જુદા જાતના સૂત્રયંત્રો રૌદ્રકર્મ કરનારા શત્રુસંહારક મૂકવા.

ભવનની રચના—

૧. ચાર રસ્તા રાજમાર્ગના ભેગા થાય તે ચત્વર કહેવાય ત્યાં દેવસ્થાન કરવા.

૨. નગરના ભવનો એક-બે કે ત્રણ ભૂમિ=માળના ઉદયવાળા કરવા.

૩. ભવનોને મત્તવારણ (કક્ષાસન-કઠેડા) ગવાક્ષ, જરૂખાઓ, છજાઓથી, છત્રીઓથી સુશોભિત કરવા.

૪. નગર મહોત્સવ, પટાંગણો, વસંતના સારુ, હિંડોલક અને નૃત્યશાલિકા કરવી. તે નૃત્ય શાલિકા પૂર્વ, અગ્નિ, વાયવ્ય કે પશ્ચિમે કરવી.

૫. અગ્નિકોણમાં સત્રમંડપ કરવો.

૬. જળાશયો નગરમાં પૃથક્ પૃથક્ ભાગમાં અંદર બહાર કરવા. વાપિકા કૂપ, વાપિકા કૂપને ઘટીમાળ કરવી. નગર બહાર-સરોવરો અને ઉદ્યાનો કરવા.

૭. નગરમાં પીઠની ઉપર વિદ્યા વ્યાખ્યાન મંડપો કરવા.

૮. પ્રતોલી ઉપર વાદ્ય સમયસૂચક (ચોઘડીયા) વર્તમાન ઘડિયાળ વાદ્ય યુક્ત કરવી.

૯. નગરની અંદર બહાર ધારાગિર્યુધાન વાટિક જળયંત્ર વાદ્યશાળા કરવી. ધારાગૃહ કરવું.

૧૦. વાદ્યશાળા રાજવેશ્મ કે ઉદ્યાન (બગીચા) આગળ કરવી.

૧૧. લોકક્રિડાને સારુ જળાશયો કરવા.

૧૨. પૃથક્ પૃથક્ કર્મકારો અને વર્ણ પ્રમાણે અને વસ્તુ વિક્રય વિભાગ નગરના અમુક દિશા લત્તામાં રાખવા.

## ૬. કીર્તિ સ્તંભ-કીર્તિ સ્તંભ

૧. નગરને સ્તંભ ધ્વજ સ્તંભ અને નગરની પૂર્વે કીર્તિ સ્તંભ કરવો તેને પીઠ એકવીસ ભાગ ઉદયનું કરવું.

૨. પ્રતોલ્યા કીર્તિ સ્તંભ ૧૦૮ હાથ ઉંચો કરવો અને વિસ્તાર ૨૮ ભાગનો કરવો.

૩. કીર્તિ સ્તંભને સાત કે નવ ભૂમિ માળ કરવા તેમાં અનેક દેવદેવીઓના સ્વરૂપો કરવા તેમાં ચારે તરફ તોરણો કરવા.

૪. કીર્તિ સ્તંભમાં દેવસ્વરૂપોમાં બ્રહ્મા, જનાર્દન, અનંત ૩૬ યક્ષ ગંધર્વ, પન્નગ-નાગનારૂપ, એકાદશ રુદ્ર શિવશક્તિના અનેક પ્રકારો. અને ફરતા મત્સ્યાદિ દશાવતાર, સપ્ત માતૃકાઓ, કલ્પવૃક્ષ, મુનિ, તાપસ, વાયુ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, રાશિ ઇંદ્ર ઉપેન્દ્ર બ્રહ્માના સ્વરૂપો કરવા.

૫. કીર્તિ સ્તંભને પૂર્વ દ્વારે ધ્વજપતાકા ચડાવવી

## ૭. નગરનો બ્રહ્મરંધ્ર (મધ્ય ભાગ)

૧. નગરનો મધ્ય ભાગ ૧૦૮ હાથનો રખવો.

૨. રાજભવન સાત કે નવ ભૂમિ ઉદયનું કરવું. તેના પર સુવર્ણ કળશ ધ્વજપતાકા ચઢાવવી

૩. રાજભવનમાં આઠ પ્રકારના સભાષ્ટક મંડપોમાંથી (દીવાને આમ દીવાને ખાસ) કરવા.

૪. (अ) રાજ્યાસનની વેદિકા અને તેના પર સિંહાસન ૪૦, ૫૦, ૬૦ આંગુલ પ્રમાણનું કરવું.

(ब) રાજ્યાસનનું છત્ર ૮૪-૭૨ કે ૬૦ આંગુલ પ્રમાણનું કરવું.

(क) રાજ્યસનનો હેમદંડ, કળશ, ચામર અને છડી કરાવવા.

**મહાભારતના ષડદુર્ગ:—**

૧. ધન્વ દુર્ગ—જ્યાં નિર્જળ દેશમાં, જ્યાં શત્રુ હેરાન થાય.

૨. ભૂદુર્ગ —જમીન પરનો દુર્ગ કિલ્લો

૩. ગિરિ દુર્ગ—પર્વતોની મધ્યમાં મજબુત કિલ્લો

૪. મનુષ દુર્ગ—ઘણીજ જન સંખ્યા સૈન્ય બળ

૫. મૃદ દુર્ગ —ધૂપનો કોટ મોટો પહોળો

૬. વન દુર્ગ —ગાઢ જંગલમાં વચ્ચે શહેર હોય તે

**રાજવલ્લભ કહેલ ચાર પ્રકારના દુર્ગ :—**

૧. ભૂમિ દુર્ગ જમીન ૫ કિલ્લો હોય તે

૨. જળ-દુર્ગ જેની ચારે તરફ પાણી હોય તે (લંકાની જેમ)

૩. ગિરિ દુર્ગ પર્વતના મસ્તકે કે પર્વતના મધ્યમાં અગર ફરતા પર્વતોથી રક્ષાયેલ.

૪, ગહ્વર પર્વતો વચ્ચે હોય તે ગુફા જેવા.

**સમરાંગણ સુત્રધાર ગ્રંથ અનુસાર દુર્ગ :—**

આઠ પ્રકારના દુર્ગોમાં કૃત્રિમ દુર્ગ અને આકૃત્રિમ દુર્ગ એમ બે ભેદો કહ્યા છે.

૧. પાર્વત દુર્ગ:—પર્વત ઉપર તળેટીમાં કે ઢાળવાળી ભૂમિ પર સ્થિત જે નગર હોય તે. તેના ત્રણ ભેદ છે.

(अ) **પ્રાસ્કર:**-પર્વતના શીખર પર હોય તે-દેવી પુરાણમા તે. પ્રાસ્તર દુર્ગ તે

(ब) **નિરાશ્રક:**-પર્વતની ઢાળવાળી ભૂમિ પર સ્થિર હોય તે.

(क) **ગુહ:**- જે નગરના ફરતા પહાડો હોય તે.

૨. જળ દુર્ગ :- જેની ચારે બાજુ વહેતાપાણીથી સુરક્ષિત જે નગર હોય તે તેમાં બે ભેદ છે.

(अ) અંતર્દ્વીપ દુર્ગ:—જેની બે બાજુ સરિતા હોય અગર અગરની વચ્ચે હોય તે દા. ત. બેટ

(ब) શભ દુર્ગ:-જે ભૂમિ ઉંચા સ્થળ પર હોય અને જેની ચારે તરફ પાણી હોય તે

૩. મરુદુર્ગ (ધાન્વન) જેની ફરતું ચારે તરફ રેતીનું રણ હોય અને પાંચ યોજન સુધીના વિસ્તારમાં જળ ન મળતું હોયને મરુ દુર્ગ

૪. વન દુર્ગ:-જેની ચારે તરફ એક યોજના સુધી ગાઢ જંગલ હોય તેના બે ભેદ છે.

(अ) ખનિજ:-ચારે તરફ નાના ઝાડ અને તે કાંટાવાળા હોય અને જળ ન મળે તે

(ब) સ્તંમ્બ (ગહન) ઘણાં ઉંચા વૃક્ષોની ઘેરી ઝાડી અને પાણીનો અભાવ હોય.

૫. મહિ દુર્ગ—તેના ત્રણ પ્રકાર છે.

(अ) પારિધના :-કિલ્લો શિલાઓ કે ઈંટનો હોય, ભીતો પહોળી અને બમણી ઉંચી હોય.

(ब) પંક:-નામ પ્રમાણે એવી ભૂમિ પ્રદેશથી રક્ષિત હોય કે તે પંકીલ (કાદવવાળી) ક્ષારીય અને રેતી વાળી હોય.

દુર્ગ

क ગૃહદુર્ગ માટીનો ભારે પહોળો કિલ્લો

૬ નૃદુર્ગ अ સૈન્યદુર્ગ બહુસુખી સેનાદ્વારા દુર્ગની બહાર કે અંદર સદૈવ સૈનિકો રાખી રક્ષા થાય તે

ब સહાયદુર્ગ–મિત્રદુર્ગ–મિત્રરાજ્યની દુષ્કર કાળમાં રક્ષા, સહાયના

૭. મિશ્રદુર્ગ—

નગર દુર્ગ અને વનદુર્ગ એ બેઉ મિશ્રિત રક્ષા.

૮. દૈવદુર્ગ દિવ્ય દુર્ગ—

જે નગરના પ્રવેશ દ્વારોની રક્ષા દેવો દાનવો વૈતાલ, ભૂત પ્રેતો સહાય કરતા હોય સાગર તે દેવાદિ દ્વારા પાષાણ કે ઘનઘોર જળવૃષ્ટિ કે મહા આંધી તોફાના આદિથી શત્રુ ત્રાસી ને નાસે.

૯. શિવિર–રાજાની છાવણી સેના સ્થાન તેમ સૈન્ય વ્યુહની યુક્તિથી રક્ષા

વિશ્વકર્મા પ્રકાશોક્ત અનુસાર આઠ પ્રકારના દુર્ગ

(૧) મૂ મયદુર્ગ (૨) જળદુર્ગ (૩) ગ્રામકોટ (૪) ગિરિગહ્વર (૫) પર્વતા ગરો (૬) કોટ ડામર (૭) વજ્રભૂમિ (૮) વિષ ભારવ્ય દુર્ગના પ્રવેશ ભાગ પર પાંચ, સાત અથવા

નવ માળનો ઉંચો (ટાવર જેવું) કરવું તેના પર સુવર્ણ કળશ અને ધ્વજ પતાકા મુકવી ઘટી યંત્ર મુકવું

| | |
|---|---|
| દુર્ગ<br>પ્રાકાર<br>વપ્ર | કિલ્લો દુર્ગ કોટ |

કોષ્ઠકુ—કોઠો કિલ્લાના આંતરે આંતરે ગોળ કોઠા

**વિદ્યાધરી**—બેકોઠા વચ્ચે ચોરસ એવી વિદ્યાધરી લોકભાષામાં વજીરી

સિંહદ્વાર—મુખ્ય પ્રવેશ દ્વાર દરવાજો

અર્ગલા—ભુંગળ, મોટા દ્વારને બંધ કરી પાછળ આડું લાકડું ભરાવે છે તે

કપિ શિર્ષ—ગઢના દુર્ગના કાંગરા

કુવિદ—સુતર રેશમના કપડા વહાનાર

હટ્ટ—હાટ દુકાન

યંત્રભેદ :–સંગ્રામના યંત્રો સાઠ ભેદ

જળ યંત્રના નવ ભેદ

અગ્નિયંત્રના છ ભેદ

વાયુયંત્રના નવ ભેદ

કુલ ભેદ ચોર્યાસી

કિલ્લા–પ્રાકાર ના સંગ્રામ યંત્રના આઠ પ્રકારના યંત્રો

(૧) ભૈરવયંત્ર આઠહાથ લાંબુ—ભૈરવ
(૨) ચંદ્રયંત્ર નવ હાથ લાંબુ—ભાસ્કર
(૩) અર્કયંત્ર દસ હાથ લાંબુ મહિષાસુર
(૪) ભીમરાજ અગિયાર હાથ લાંબુ ગૌરી
(૫) યુગ્મયંત્ર બારહાથ લાંબુ વારાહ
(૬) શિખિયંત્ર તેર હાથ લાંબુ મહાયંત્ર
(૭) યમદંડયંત્ર ચૌદ હાથ લાંબુ
(૮) મહા ભૈરવયંત્ર પંદર હાથ લાંબુ

**યંત્ર વિભાગ—**

(૧) ફણિની–ગોફણ (૨) મર્કટિકા માંકડી (૩) મંજર–પાંજરુ ઇંધન–ઇંટડા બળતણ ઢીકુલી ઢેંકવી, ટીંકવી કારસો

## પ્રકરણ—૯

### જલાશ્રય

ચાર પ્રકારની વાપિકા-વાવડી

૧ નંદા-એક મુખવાળી વાવને ત્રણ કૂટ હોય તે
૨ ભદ્રા-બે મુખવાળી વાવને છ કૂટ હોય તે
૩ જયા-ત્રણ મુખવાળી વાવને નવકૂટ હોય તે
૪ વિજયા-ચાર મુખવાળી વાવને બાર કૂટ હોય તે

કૂટ=ખંડ-ચોકીઓ જેના પર સ્તંભો પર સ્તંભો મુકી ઉપર દેરીઓ શીખર કે કોઈપર શાંગવર્યા હોય છે.

**દશ પ્રકારના કૂવા**

(૧) શ્રી મુખ-ચાર હાથ સુધી પહોળો કૂવો.
(૨) વૈજય-પાંચ હાથ પહોળો કૂવો.
(૩) પ્રાંત-છ હાથ પહોળો કૂવો.
(૪) દંદુભિ-સાત હાથ પહોળો કૂવો.
(૫) મનોહર-આઠ હાથ પહોળો કૂવો.
(૬) ચૂડામણી-નવ હાથ પહોળો ,,
(૭) દિંગભદ્ર-દશ ,, ,, ,,
(૮) જય-અગિયાર ,, ,, ,,
(૯) નંદ-બારહાથ ,, ,, ,,
(૧૦) શંકર-તેર ,, ,, ,,
(૧૧) કુઈ-ચારહાથની ઓછી પહોળી

### છ પ્રકારમાં સરોવર

(૧) સર-અર્ધ ચંદ્રાકાર સરોવર (૨) સુભદ્ર-ભદ્રયુક્ત સરોવર
(૨) મહાસર-વૃત્તાકાર સરોવર (૫) પરિઘ-નાનું ગોળ સરોવર
(૩) ભદ્રક-ચોરસ સરોવર (૬) યુગ્મપરિઘ-લંબગોળ સરોવર

શબ્દ-પરિઘ
પરિઘષ્ટ } તળાવપર પહોળા પટવાળા ચોતરા ઓટલા હોય તે

બક સ્થળ—તળાવના મધ્યે પક્ષીઓને બેસવાનું સ્થળ બેટ.

સરોવર પ્રમાણુ-દસ હજાર દંડ ઉત્તમ-પાંચ હજાર દંડ મધ્યમ અઢી હજાર દંડ-કનિષ્ટ

**તળાવના છ પ્રકાર**

(૧) અર્ધ-અર્ધચંદ્રાકાર તળાવ (૪) ચતુ કોણુ-ચાર ખૂણાવાળું ચોખડું
(૨) મહાસર-ચારે તરફ બાંધેલું હોય (૫) ભદ્ર-આગળ એક તરફ ભદ્ર હોય તે
(૩) વૃત્ત-ગોળ તળાવ (૬) સુભદ્ર-જેને ચારેતરફ ભદ્ર હોય ને

શબ્દઃ-પરિઘાટ તળાવ પર પહોળા પટવાળા ચોતરા ઓટલા

બક સ્થલઃ- તળાવ વચ્ચે પક્ષીઓને બેસવા સારુ બેટ

ચાર પ્રકારના કુંડ.

(૧) ભદ્રઃ- ચતુરસ્ર, ચોરસ કુંડ
(૨) સુભદ્રઃ ભદ્રવાળો હોય તેવો કુંડ
(૩) નંદઃ- પ્રતિ ભદ્રવાળો કુંડ.
(૪) પરિઘઃ-કુંડનાં પગથીયાના મધ્યમાં ભિંટ્ટ આવે છે.

શબ્દઃ-કુંડમાં ઉતરવાના પગથિયા વચ્ચે રમણું રાખી અરણુના ઉદયમાં ગોખલાઓ કરવામાં આવે તે ભિટ્ટ, પરિઘના ઉદયમાં ગોખલા આવે તે ભિટ્ટ, તે ગોખલાઓમાં દેવ-દેવીઓની મૂર્તિઓ મુકવામાં આવે છે.

શ્રીધર મંડપ :- કુંડના પ્રવેશ દ્વાર પગથીયા પર મંડપ કરવામાં આવે તે.

## શ્રીધર મંડપ

પ્રવેશઃ- નગરકે ભવનના પ્રવેશો.

૧. ઉત્સંઘઃ- સન્મુખ પ્રવેશ થાય તે શ્રેષ્ઠ
જે ઘરનું મુખ ઉત્તરમાં હોય તેમાં સૃષ્ટિ માર્ગે થઈ વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય તે

૨. પૃષ્ઠ ભંગઃ- ઘરની પછીતે ફરીને ઘરમાં પ્રવેશ થાય તે પૃષ્ટ ભંગ.

૩. અપસવ્યઃ- પ્રથમ ડેલીમાં પ્રવેશ કર્યા પછી જમણી તરફ વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય તે શ્રેષ્ઠ.

૪. સર્વ-પ્રથમ ડેલીમાં પ્રવેશ કરી ડાબી તરફ વળીને વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય તે સર્વ શ્રેષ્ઠ છે.

૫. પૂર્ણ બાહુ-જે ઘરનું મુખ પૂર્વમાં હોય અને ઘરની ડાબી તરફ વળીને સવ્ય પ્રદક્ષિણાએ વાસ્તુ ઘરમાં પ્રવેશ થાયતે શ્રેષ્ઠ પૂર્ણ બાહુ

૬. હીનબાહુ–જે ઘરનું મુખ દક્ષિણ સામે હોય તેમાં પ્રવેશ કરવો જમણી તરફ વળીને વાસ્તુ ઘરમાં પ્રવેશ અપસવ્ય કરવામાં આવે તે હીનબાહુ નેષ્ટ છે.

૭. પ્રતિકાય–જે ઘર પશ્ચિમ મુખનું હોય તેનો અપસવ્ય માર્ગ પ્રવેશ પૃષ્ઠ ભંગ થયા તે નિંદિત પ્રતિકાય પ્રવેશ જાણવો.

સૃષ્ટિ માર્ગ સવ્ય માર્ગ–પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ પછી ઉત્તર થઈ ને પાછા પૂર્વમાં ફરે તે સૃષ્ટિ માર્ગ

અપસવ્ય સંહાર માર્ગ–ઉપરાના સવ્ય સૃષ્ટિ માર્ગથી ઉલ્ટું.

વિશ્વકર્મા પ્રકાશોક્ત અનુસાર વાસ્તુ દ્રવ્ય ભેદ

| | સપ્ત ધાન્ય | પંચામૃત |
|---|---|---|
| (૧) મંદિર–પથ્થરથી બાંધેલ પ્રાસાદ | જવ | દૂધ |
| (૨) ભવન–પાકી ઇંટથી બાંધેલ મકાન | ડાંગર | દહીં |
| (૩) સુમન–કાચી ઇંટોથી બનાવેલ ગૃહ | કાંગ | મધ |
| (૪) સુધાર–માટી ગારાથી બનાવેલ પીઢારનુંકર | જુવાર | સાકર |
| (૫) માનસ્ય–કાષ્ટ લાકડાથી બનાવેલ ગૃહ | ચોખા | ઘી |
| (૬) ચંદન–વેત | મગ | |
| (૭) વિજય–વસ્ત્રોથી બનાવેલ ઘર (લાણું) | ઘઉં | |
| (૮) કાલ–ઘાસથી બનાવેલ ઝુંપડી | | |
| (૯) કર–સુવર્ણથી બનાવેલ ભવન | | |
| (૧૦) શ્રીભવ–ચાંદીથી બનાવેલ ભવન | | |
| (૧૧) સૂર્યભ–ત્રાંબાથી બનાવેલ ભવન | | |
| (૧૨) ચંડ–લોહથી બનાવેલ ઘર પતરા ગડરથી | | |
| (૧૩) અનિલ–લાખથી બનાવેલ ગૃહ | | |
| (૧૪) પ્રાયુષ–જળબંધ | | |

(હસ્ત કમ્બીકા લક્ષણ–માનોન્માન માનદંડ

વાસ્તુ વિદ્યાનું મહત્વપૂર્ણ અંગમાન યોજના છે. ભવન, પ્રાસાદ પ્રતિમા અને અન્ય સ્થાપત્યો ના પ્રમાણો શિલ્પશાસ્ત્રોમાં આપેલા છે. આથી માન–માપની સૂક્ષ્મ પ્રમાણ આપેલા છે. છાપરામાંથી સૂર્યનો પ્રકાશ ઘરમાં આવે અને તેના જે સૂક્ષ્મ રજકણો આપણે નજરે જોઈ શકીએ છીએ તે રજકણોને પરમાણું કહે છે. તે સૂક્ષ્મ માનથી આરંભ થાય છે.

૮ પરમાણું – ૧ રેણું
૮ રેણું – ૧ વાલાગ્ર (વાળનો અગ્ર ભાગ)

| | | |
|---|---|---|
| ૮ વાલાગ્ર | – | ૧ લિક્ષા (માથાની લીખ) |
| ૮ લિક્ષા | – | ૧ યુકા (માથાની જૂ) |
| ૮ યુકા | – | ૧ યવ (જવ) |
| ૮ યવ | – | ૧ આંગુલ (જયેષ્ઠ) |
| ૨૪ આંગુલ | – | ૧ ગજ–હસ્ત–કળા |

આ પ્રમાણુ જયેષ્ઠ ગજનું કહ્યું હવે તે ગજ એટલે હસ્ત કળા જાણવું તેના આંગુલ પ્રમાણથી અન્ય પ્રકારના નામ પ્રમાણે સંકેત રૂપે નીચે પ્રમાણે છે,

| | | | |
|---|---|---|---|
| ૧ આંગુલ | – ૧ માત્રા | ૧૪ આંગુલ | – ૧ અનાહપદ |
| ૨ ,, | – ૧ કળા | ૨૧ ,, | – ૧ રત્નિ |
| ૩ ,, | – ૧ પર્વ | ૨૪ ,, | – ૧ અરત્નિ, ગજ, હસ્ત |
| ૪ ,, | – ૧ મુષ્ઠિ | ૪૨ ,, | – ૧ કિષ્ક |
| ૫ ,, | – ૧ કરતલ | ૮૪ ,, | – ૧ પુરુષ (વાંસ) |
| ૬ ,, | – ૧ કરપાદ | ૯૬ ,, | (ચારગજ) ૧ ધનુષ્ય (નાડીયુગ) |
| ૭ ,, | – ૧ દષ્ટિ | ૧૦૬ ,, | – ૧ દંડ |
| ૮ ,, | – ૧ તુણિ | ૧૦૦૦ ,, ધનુષ્ય | – ૧ કોશ |
| ૯ ,, | – ૧ પ્રાદેશ | ૨ કોશ | – ગવ્યુતિ (ગાઊ) |
| ૧૦ ,, | – ૧ શયતાલ | ૨ ગવ્યુતિ | – ૧ યોજન |
| ૧૧ ,, | – ૧ ગોકર્ણ | | |
| ૧૨ ,, | – ૧ વિશ્તિ (વેંત) | | |

સમરાંગણ સૂત્ર ધારમાં
૪ ગવ્યુતિ – ૧ યોજન
કહેલ છે.
૧૦૦ યોજન – ૧ પૃથ્વી

હસ્ત માનના ત્રણ ભેદ યવ પ્રમાણથી કહ્યા છે. જયેષ્ઠ હસ્ત

મધ્યમ અને કનિષ્ઠ, આઠ આડા જવ પ્રમાણનો આંગળ તેવા ચોવીશ આંગળનો ગજ હસ્તને જયેષ્ઠ માનનો હસ્ત, સાત આડા જવ પ્રમાણનો આંગળ તેવા ચોવીસ આંગળનો ગજ તે મધ્ય માનનો હસ્ત જાણવો અને છ આરા જવ પ્રમાણનો આંગળ તેવા ચોવીસ આંગળનો ગજ તે કનિષ્ઠ માનનો હસ્ત જાણવો

સમરાંગણ સૂત્રધાર (અ ૯) માં જયેષ્ઠમાનના ગજને પ્રાશય કહ્યો છે. મધ્ય માનના ગજને સાધારણ કહ્યો છે અને કનિષ્ઠ માનના ગજને શય – માત્રા શય કહ્યો છે.

આ ત્રણે પ્રકારના ગજનો પ્રયોગ જુદા જુદા કામોમાં કરવાનું કહ્યુ છે. જયેષ્ઠ માનનો પ્રશય હસ્ત – ગજવડે નગર ગ્રમ ખેટ, કોશ અને યોજનાદિ ના માપ કરવા

મધ્યમ માનના સાધારણ ગજવડે પ્રાસાદો મંડપ પ્રતિમા અને સાધારણ ઘરોના માપ કરવા કનિષ્ઠ માનના માત્રાશય ગજવડે પાલખી, પલંગ, આસન, રથ, છત્ર, સિંહાસન, શસ્ત્રો, કુવા, ઘરના વાસણો અને જળાશ્રયોના માપ કરવા

હસ્ત, ગજ ચંદન, ખેર, મહુડા કે વાંસનો (કાષ્ટના) સુવર્ણ, રૂપા કે ત્રાંબાનો બનાવવો ગજના પ્રત્યેક ત્રણ ત્રણ આંગળે એક પર્વનું ફૂલ તેવા છેડા પરનું ફૂલ ન થતાં કુલ સાત ફૂલો થાય તેના એકેકે ફુલના પર એકેક દેવ બંને છેડાના મળી ને નવ દેવો કહ્યા છે. પ્રથમ રુદ્ર, ત્રીજા આંગળે વાયુ, છઠ્ઠા આંગળે વિશ્વકર્મા, નવમા આંગળને ત્રીજા ફૂલે મધ્યના ચોથા ફૂલે બ્રહ્મા, ૧૫ માં આંગળે કાલ, અઢારમાં અગ્નિ આંગળે વરુણ, એકવીસમાં આગળે સોમ, અને છેલ્લે ચોવીસમા આંગળે વિષ્ણુ,

એમ ગજના કુલના દેવોની કલ્પના કરી છે. ભવન કે પ્રાસાદનું કે જળાશ્રયાદિ કાર્યોના પ્રત્યેક મુહૂર્તે શિલ્પી નું દેવ રૂપે પૂજન કરી વાસ્તુના સ્થાપનમાં ગજ મુકીને તેનું પણ પૂજન થાય છે. પૂજન બાદ આ ગજ ઉપાડવાની શિષ્યોએ ઘણી કાળજી રાખવાની હોય તે ગજના કુલના દેવતાઓ દબાય તે રીતે ગજ હાથમાં પકડવો નહિ. પરંતુ કુલ વચ્ચેના ભાગમાં આંગળાથી ગજને શિલ્પી એ ધારણ કરવો આવા મૂહુર્તાદીના પ્રસંગ પછી ગજ સાવચેતીથી ઊપાડયા પછી જો છીંક થાય અગર ગજ હાથમાંથી પડી જાય તો તેનું અનિષ્ઠ ફળ યજમાન અને મુખ્યત્વે શિલ્પને મળે છે.

ગજના એકેક આંગળ પર દેવોની કલ્પના કરી છે તેવા ૨૩ દેવો

| | | |
|---|---|---|
| ૧ ઇશ | ૯ વિશ્વકર્મા | ૧૭ કુબેર |
| ૨ વાયુ | ૧૦ અષ્ટવસુ | ૧૮ ચંદ્રમા |
| ૩ વિશ્વદેવ | ૧૧ ગણેશ | ૧૯ જય |
| ૪ અગ્નિ | ૧૨ વરુણ | ૨૦ શ્રી વાસુદેવ |
| ૫ બ્રહ્મા | ૧૩ કાર્તિકસ્વામી | ૨૧ બળરામ |
| ૬ રુદ્ર | ૧૪ ઇચ્છાદેવી | ૨૨ કામદેવ |
| ૭ ચંદ્ર | ૧૫ ક્રિયાદેવી | ૨૩ વિષ્ણુ |
| ૮ કાલ | ૧૬ જ્ઞાન દેવ | |

આ પ્રમાણે ગજના તેવીશ દેવોના નામ કહ્યા છે.

## શિલ્પીના અષ્ટવિધ સૂત્રો

दृष्टि : करस्ताथा मौञ्जं कार्यासद्या वलं वकम् ।
कष्ठि सृष्टि विलेख्यानि सूत्रापयष्ट वदन्तिच ॥

શિલ્પીઓના પાસે અષ્ટ સૂત્ર હોવા જોઈએ (૧) દૃષ્ટિ (૨) ગજ (૩) મુંજની દોરી (૪) સુતરની દોરી (૫) અવલંબક (ઓળંગો) (૬) કાષ્ટ (કાટખૂણો) (તે લોહના હોય) (૭) સૃષ્ટિ (સાંધણી) લેવલ જોવાનું માપન (૮) વિલેખ્ય = અર્થાત પ્રકાર = કમ્પાસ એમ આઠ સૂત્રો શિલ્પીના કહ્યા છે. શબ્દ તાલ = બાર આંગળ

દ્વિતાલ = ગજ, હાથ

જીનદર્શનમાં માન પ્રમાણ આંગુલ પ્રમાણ ત્રણ પ્રકારે બતાવેલ છે.

(૧) અ આત્મગુણ :–મનુષ્યના પોતાના હાથના આંગળથી એકસો આઠ આંગળ ગણી ઉંચાઈ હોય છે. મુખ બાર આંગુલ (તાલ) ઉંચાઈથી નવગણું શરીર હોય એટલે ૧૨ × ૯ = ૧૦૮ આંગુલ

(૨) ઉત્સેધાગુલ :–ઉપર કહ્યું તે વાલાગ્ર, લીક્ષા, યુક, યવ આઠ યવનો આંગુલ તે ઉત્સેધાલ

(૩) પ્રમાણાંગુલ :–ચારસો ઉત્સેધાંગુલે એક પ્રમાણુંગુલ થાય તે પ્રમાણ પર્વત પૃથ્વી સમુદ્ર દેવલોકથી મપાય ઉપરોક્ત ત્રણેના ત્રણ ત્રણ ભેદ કહ્યા છે. (૧) સૂર્ય આંગુલ (૨) પ્રસ્તર આંગુલ (૩) ઘન આંગુલ કહ્યા છે.

(૧) સરોવર, કુવા નગર, દુર્ગ ભવનો, વસ્ત્રો, પાત્રો, આભૂષણ સય્યા, યાન (વાહન) શસ્ત્ર વગેરે કૃત્રિમ પદાર્થ આત્માગુલ વડે મપાય.

(૨) જીવોના શરીરો ઉત્સેધાગુલથી મપાય.

(૩) પર્વત, પૃથ્વી સમૃદ્ધ દેવલોક દ્વીપ ઇત્યાદિ શાશ્વત પદાર્થો પ્રમાણુગુલેથી મપાય

## પ્રકરણ—૧૦
# प्रतिमा विधान

સમસ્ત જગતના ઉત્પાદક બ્રહ્મા, પાલક,-નિયંતા વિષ્ણુ અને જગતના દુષ્ટ તત્ત્વોના સંહારક રુદ્ર આ ત્રણ મુખ્ય દેવો. વૈદિક સંપ્રદાયના કહ્યા છે.

**બ્રહ્માના ચાર સ્વરૂપ :-**

| આસન | યુગ. | વેદ. |
|---|---|---|
| કમલાસન. | સત્યયુગ | ઋગવેદ |
| બ્રહ્મા | ત્રેતાયુગ | સામવેદ |
| પિતામહ | દ્વાપરયુગ | યજુર્વેદ |
| વિરંચિ | કલિયુગ | અથર્વવેદ |

**બ્રહ્માના આઠ પ્રતિહાર-દ્વારપાળ-**

પૂર્વ – સત્ય, ધર્મ દક્ષિણ– પ્રિયોદ્ભવ, યજ્ઞ,
પશ્ચિમ– વિજય. યક્ષભદ્ર ઉત્તર – ભવ, શાન્તિકર
વેદ –ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ
મુખ – ગર્દભ બકરો અશ્વ વાનર
વર્ણ – શ્વેત પીત વિલક્ષણ શ્વેત

બ્રહ્માનું વાહન હંસ છે બ્રહ્માનું બીજું નામ હિરણ્યગર્ભ છે, બ્રહ્માની પત્નીઓનું નામ સરસ્વતી અને સાવિત્રી છે.

**વિષ્ણુ—**

વિષ્ણુના ચોવીશનામ છે. તેમના આયુધો શંખ, ચક્ર, ગદા, પદ્મ વગેરે ધારણ કરતા નામ કરણ થાય છે.

| | |
|---|---|
| ૧. કેશવ :– | ૭. ત્રિવિક્રમ :– |
| ૨. નારાયણ :– | ૮. વામન :– |
| ૩. માધવ :– | ૯. શ્રીધર :– |
| ૪. ગોવિંદ :– | ૧૦. ઋષિકેશ :– |
| ૫. વિષ્ણુ :– | ૧૧. પદ્મનાભ :– |
| ૬. મધુસુદન :– | ૧૨. દામોદર :– |

| | |
|---|---|
| ૧૩, સંકર્ષણ :- | ૧૯. નરસિંહ :-(નૃસિંહ) |
| ૧૪. વાસુદેવ :- | ૨૦. અચ્યુત :- |
| ૧૫. પ્રદ્યુમ્ન :- | ૨૧. જનાર્દન :- |
| ૧૬. અનિરુદ્ધ :- | ૨૨. ઉપેન્દ્ર :- |
| ૧૭. પુરુષોત્તમ :- | ૨૩. હરિ :- |
| ૧૮. અધોક્ષજ :- | ૨૪. કૃષ્ણ :- |

**વિષ્ણુના પ્રાસંગિક દશાવતાર-**

૧ મત્સ્ય ૨ કૂર્મ ૩ વરાહ ૪ નૃસિંહ ૫ વામન ૬ પરશુરામ ૭ રામ ૮ બલરામ ૯ બુદ્ધ ૧૦ કલ્કી (આ અનુક્રમ ગૌડીય સંપ્રદાય મુજબ છે. પરંતુ ભારતના મોટા ભાગમાં ભાગવત સંપ્રદાય ચાલે છે અને તેમાં નવમા અવતાર તરીકે શ્રીકૃષ્ણને માને છે.

**વિષ્ણુનાં ચાર મુખ-**

નૃસિંહ, પુરુષાકાર, વરાહ અને પાછળ ત્રિમુખ એવા ચતુર્મુખ વિષ્ણુના મુખો છે.

**સ્વરૂપો અને તેમની ભૂજાઓ-**

| | |
|---|---|
| ૧. વૈકુંઠ – ૮ ભૂજા | ૩. અનંત – ૧૨ ભૂજા |
| ૨. વિશ્વરૂપ – ૨૦ ભૂજા | ૪. ત્રૈલોક મોહન – ૧૬ ભૂજા |

**વિષ્ણુના વિશેષ અવતારો, ભાગવતમાં કહ્યા મુજબ—**

૧ ઋષભદેવ, ૨ કપિલ, ૩ દત્તાત્રેય, ૪ હંસ, ૫ કુમાર, ૬ યજ્ઞ, સુયજ્ઞ, ૭ નારદ, ૮ પૃથુ, ૯ ત્રિવિક્રમ, ૧૦ હયગ્રીવ, ૧૧ નરનારાયણ, ૧૨ ધન્વંતરી, ૧૩ મોહિની, ૧૪ શ્રીકૃષ્ણ, ૧૫ વ્યાસ અને ૧૬ ધર્મ.

**દ્રવિડ પ્રદેશ અને મહારાષ્ટ્રમાં વિષ્ણુનાં સ્વરૂપો—**

દ્રવિડ પ્રદેશ અને મહારાષ્ટ્રમાં વિષ્ણુના સ્વરૂપો નીચેના નામે પૂજાય છે.


**દ્રવિડ પ્રદેશ**

૧. વ્યંકટેશ ૨ વરદરાજ ૩ રંગનાથ ૪ વિઠોબા.


**મહારાષ્ટ્રમાં**—બાલકૃષ્ણ, વેણુગોપાલ, ગોવર્ધનધારી, કાલિયા મર્દન.

**ઉત્તરભારત**—ઉત્તર ભારતમાં તે બાલ સ્વરૂપે પૂજાય છે.

દશાવતારયુક્ત પુરુષાકાર વિષ્ણુ



NARAYAN



દશાવતાર સહ વરાહ ભગવાન, છઠ્ઠી શતાબ્દિ

વિષ્ણુના ૨૪ નામ અને તેમના આયુધો—


| નામ | નીચેનો જમણો હાથ | ઉપરનો જમણો હાથ | નીચેનો ડાબો હાથ | ઉપરનો ડાબો હાથ |
|---|---|---|---|---|
| ૧ કેશવ | પદ્મ | શંખ | ગદા | ચક્ર |
| ૨ નારાયણ | શંખ | પદ્મ | ચક્ર | ગદા |
| ૩ માધવ | ગદા | ચક્ર | પદ્મ | શંખ |
| ૪ ગોવિંદ | ચક્ર | ગદા | શંખ | પદ્મ |
| ૫ વિષ્ણુ | ગદા | પદ્મ | ચક્ર | શંખ |
| ૬ મધુસૂદન | ચક્ર | શંખ | ગદા | પદ્મ |
| ૭ ત્રિવિક્રમ | પદ્મ | ગદા | શંખ | ચક્ર |
| ૮ વામન | શંખ | ચક્ર | પદ્મ | ગદા |
| ૯ શ્રીધર | પદ્મ | ચક્ર | શંખ | ગદા |
| ૧૦ ઋષિકેશ | ગદા | ચક્ર | શંખ | પદ્મ |
| ૧૧ પદ્મનાભ | શંખ | પદ્મ | ગદા | ચક્ર |
| ૧૨ દામોદર | પદ્મ | શંખ | ચક્ર | ગદા |
| ૧૩ સંકર્ષણ | ગદા | શંખ | ચક્ર | પદ્મ |
| ૧૪ વાસુદેવ | ગદા | શંખ | પદ્મ | ચક્ર |
| ૧૫ પ્રદ્યુમ્ન | ચક્ર | શંખ | પદ્મ | ગદા |
| ૧૬ અનિરૂદ્ધ | ચક્ર | ગદા | પદ્મ | શંખ |
| ૧૭ પુરુષોત્તમ | ચક્ર | પદ્મ | ગદા | શંખ |
| ૧૮ અધોક્ષજ | પદ્મ | ગદા | ચક્ર | શંખ |
| ૧૯ નરસિંહ | ચક્ર | પદ્મ | શંખ | ગદા |
| ૨૦ અચ્યુત | ગદા | પદ્મ | શંખ | ચક્ર |
| ૨૧ જનાર્દન | પદ્મ | ચક્ર | ગદા | શંખ |
| ૨૨ ઉપેન્દ્ર | શંખ | ગદા | પદ્મ | ચક્ર |
| ૨૩ હરિ | શંખ | ચક્ર | ગદા | પદ્મ |
| ૨૪ કૃષ્ણ | શંખ | ગદા | ચક્ર | પદ્મ |

ભગવાન વિષ્ણુની વિવિધ પ્રકારની પ્રતિમાઓ પૂજાય છે તેમાંથી કેટલીક પ્રતિમાઓના સ્વરૂપો આ પ્રમાણે હોય છે.

કેટલીક જગ્યાએ વિષ્ણુની દ્વિભૂજા, ચતુર્ભૂજા અને અષ્ટભૂજાઓવાળી મૂર્તિઓ

જોવા મળે છે. કેટલીક જગ્યાએ યોગેશ્વર વિષ્ણુ, ક્ષીર સમુદ્રમાં અનંતકાળ સુધી સૂતેલા અનંત શયન અને શેષશાયી જળશાયી પણ જોવા મળે છે.

યુગ્મમૂર્તિઓમાં લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ અને ગોપાલ સુંદરીની મૂર્તિઓ જોવા મળે છે. આ ઉપરાંત વિષ્ણુનું નિરંજન નિરાકાર સ્વરૂપ શાલીગ્રામ સ્વરૂપે પણ પૂજાય છે.




[ લક્ષ્મીનારાયણ ]

**વિષ્ણુપ્રતિમાના પ્રકાર અને સ્થાન—**

વિષ્ણુ પ્રતિમાના યોગ, ભોગ, વીર અને અભિચારક એમ ચારપ્રકાર ગણાવ્યા છે. તે દરેકનાં સ્થાન જુદાં જુદાં છે. સ્થાનના ૧ સ્થાન ૨ આસન ૩ શયન એવા ત્રણ ભેદો છે.

વિષ્ણુ પ્રાસાદની ચારે તરફના દ્વારના પ્રતિહાર (દ્વારપાલ) આઠ કહ્યા છે. તેઓ વામન સ્વરૂપનાં છે. પૂર્વમાં—ચંડપ્રચંડ, દક્ષિણમાં—જયવિજય, પશ્ચિમમાં—ધાતાવિધાતા અને ઉત્તરમાં—વિઘાત ભદ્ર

**વિષ્ણુનું વાહન—**વિષ્ણુનું વાહન ગરુડ પક્ષી છે. તેની પર વીરાસનમાં બેઠેલા હાથમાં કુંભ ધારણ કરેલ વિષ્ણુનું એક સ્વરૂપ કહ્યું છે.

**લોકપાલ**—લોકપાલ પાંચ કહ્યા છે. ૧ ઇન્દ્ર ૨ યમ ૩ વરુણ ૪ કુબેર ૫ બ્રહ્મા.

**શિવપ્રતિમાઓઃ—**

**ચંડનાથ**-પ્રાસાદની પીઠ જેટલો ઊંચો શિવ નિર્માલ્યનું જળનું પાણી પીતો ભીમકાય ચંડ, તેને ચંડનાથ કહે છે. ( ચિત્ર જુઓ પા. નં. ૫૬. લોકપાલ માટે જુઓ પાનું ૭૧, ૭૨ )

**અવ્યક્ત વ્યક્તાવ્યક્ત લિંગ**

૧. **રત્નલિંગ**—નવ રત્નો પ્રસિદ્ધ છે. જેમકે (૧) માણેક (૨) મોતી (૩) પ્રવાલ (૪) પન્નુ (૫) પદ્મરાગ [ પોખરાજ ] (૬) હીરક [ હીરો ] (૭) ઇન્દ્રનીલ [ **નીલમ** ] (૮) ગોમેદક (૯) વૈંડૂર્ય. આ સિવાય સ્ફટીક મણીને મણી તરીકે રત્ન ગણવામાં આવે છે. શિલ્પીઓ રત્નલિંગ માટે બહુધા નીચે પ્રમાણેનાં રત્નો વાપરે છે: ૧ હિરક, ૨ પન્નું, ૩ વૈડૂર્ય, ૪ પદ્મરાગ, ૫ ઇન્દ્રનીલ, ૬ મણી ( સ્ફટીક ) ૭ પ્રવાલ

૨. **ધાતુલિંગ**—સપ્તધાતુઃ-સોનું, ચાંદી, તાંબુ, સીસું, કલાઈ, જસત, લોહ આ મિશ્રધાતુના લિંગને સપ્ત લોહલિંગ કહે છે.

૩. **કાષ્ટલિંગ**—કાષ્ટ એટલે લાકડાનું લિંગ.

૪. **પાષણલિંગ**-પાષાણના રાજલિંગ પ્રાસાદના પ્રમાણુસર થાય છે.

૫. **વક્ત્રલિંગ**-મુખલિંગ

૬. **પાર્થિવલિંગ**-પૂજા માટે માટીના કરેલા ક્ષણિક લિંગ

**શાશ્વતલિંગ—**

૧ **સ્વયંભૂલિંગ**-ભૂમિમાં સ્વયં કુદરતી દેવનિર્મિત લિંગને સ્વયંભૂ લિંગ કહે છે.

૨ **બાણલિંગ**-કુર્કટના ઈંડાની આકૃતિનું કુદરતી પવિત્ર જળસ્થાનમાંથી પ્રાપ્ત થયેલું લિંગ.

**રાજલિંગ ( ઘટીત ) લિંગના ૧૦ પ્રકાર—**

૧ સમલિંગ, ૨ વર્ધમાન, ૩ શૈવાધિક, ૪ સ્વસ્તિક, ૫ સર્વદેશિક, ૬ ત્રૈરાશિક, ૭ સહસ્રલિંગ, ૮ ધારાલિંગ, ૯ શૈવેષ્ટલિંગ, ૧૦ મુખલિંગ.

**રાજલિંગના ચતુર્વિધ વિષ્કંભ-**

૧ સુરગણાર્ચિત ૨ અનાદ્ય ૩ આદ્ય ૪ સર્વસમ.

મુખલિંગના પૂર્વાદિ દિશા ક્રમે નામો—

મુખલિંગને અવ્યક્તાવ્યક્ત અને અન્ય લિંગને અવ્યક્ત લિંગ કહે છે.

૧ સદ્યોજાત ૨ વામ ૩ અઘોર ૪ ઈશાન ૫ તત્પુરુષ આ પાંચે મુખને પંચબ્રહ્મની સંજ્ઞા આપી છે.

લિંગશિરોવર્તન–લિંગના મસ્તક ભાગની આકૃતિના અન્ય પ્રકારો–છત્રાભ, શ્રીવત્સ, ત્રપુષાભ, શત્રુમર્દન કકુંટાંડક, વિશાલાક્ષ બાલલેંદુ, પુંડરિક બુદ્બુદાકૃતિ.

**લિંગના પાંચ સૂત્ર–**

૧. લિંગના ફરતી પરિધનું પહેલું સૂત્ર
૨. જળાધારીથી ઉપડતું ગોળાઈમાં બીજુંસૂત્ર
૩. જળાધારીની પહોળાઈનું ત્રીજું સૂત્ર
૪. ભૂમિથી લિંગના ઉદયનું ચોથું સૂત્ર
૫. લિંગથી પ્રનાલ સુધીની લંબાઈનું પાંચમુંસૂત્ર.

**રાજલિંગ, ઘટિતલિંગના ઉદયના ત્રણ ભાગ**

૧. નીચે ચોરસ બ્રહ્મભાગ તે ભૂમિમાં સ્થપાય.
૨. મધ્યનો અષ્ટાંશ વિષ્ણુભાગ તે પીઠીકામાં જળાધારીમાં સ્થપાય.
૩. ઉપરનો શિવભાગ તે જળાધારી ઉપર રહે.

૧. **બ્રહ્મશિલા–**
રાજલિંગ પધરાવતા નીચે ભૂમિમાં મૂકવામાં આવતી ચપટ થરની શિલા (વોઈસ).
૨. કુર્મશિલા પ્રાસાદના પ્રારંભકાળે શિલારોપણ વિધિમાં મધ્યમાં પધરાવાતી શિલા.
૩. વિષ્કુંભ–પહોળાઈ.

**પીઠિકા, જળાધારીના દશપ્રકાર અને નામ સ્વરૂપ :–**

૧. સ્થંડિલા–ચોરસ, એક મેખલા યુક્ત.
૨. વાપી–બે મેખલા યુક્ત ચોરસ.
૩. યક્ષી–ત્રણ મેખલા યુક્ત ચોરસ.
૪. વેદી–એક મેખલા યુક્ત લંબચોરસ.
૫. મંડલ–એક મેખલાવાળું ગોળ.
૬. પૂર્ણચન્દ્રા–બે મેખલાવાળું ગોળ.
૭. વજ્ર–અષ્ટાંશ.
૮. પદ્મા–( સોળાંશ ) ષોડશાંશની એક મેખલા યુક્ત.
૯. અર્ધચંદ્રા–એકમેખલાયુક્ત અર્ધગોળ.
૧૦. ત્રિકોણ–એક મેખલાયુક્ત ત્રિકોણાકાર.

૧. **અવ્યક્ત**–સ્વયંભૂ બાણલિંગ, તેને અવ્યક્ત કહે છે.
૨. **વ્યક્તાવ્યક્ત** લિંગ અને–રાજલિંગને મુખલિંગ કહે છે.

**શિવ (મહેશ)ના વ્યક્ત સ્વરૂપ—**

શિવના પ્રમુખ વ્યકત બાર સ્વરૂપો કહ્યા છે.

(૧) સદ્યોજાત (૨) વામદેવ (૩) અઘોર (૪) તત્પુરૂષ (૫) ઈશ (૬) મૃત્યુંજય (૭) કિરણાક્ષ (૮) શ્રીકંઠ (૯) અહિર્બુધ્ન્ય (૧૦) વિરૂપાક્ષ (૧૧) બહુરૂપ (સદાશિવ) (૧૨) ત્ર્યંબક

અપરાજિતસૂત્રમાં અગિયાર રુદ્ર કહ્યા છે.

દ્રવિડ પ્રદેશમાં શિવના નીચેનાં સ્વરૂપો પૂજાય છે.—

૧. ચન્દ્રશેખર ૨. ઉમામહેશ્વર ૩. વૃષભારૂઢ ૪. નાટય (નટરાજ) ૫. કલ્યાણસુંદર ૬. ભિક્ષાટન મૂર્તિ ૭. કામદહન મૂર્તિ ૮. કાલહર મૂર્તિ ૯. મૃત્યુંજયમૂર્તિ ૧૦ ત્રિપુરારિમૂર્તિ ૧૧ જલંધર હરમૂર્તિ ૧૨. બ્રહ્મશિરઃચ્છિતૃમૂર્તિ ૧૩. ગજાસુર સંહાર મૂર્તિ ૧૪. વીરભદ્રમૂર્તિ ૧૫. હરિહરમૂર્તિ ૧૬. અર્ધનારીશ્વર મૂર્તિ ૧૭. કિરાતાર્જુનમૂર્તિ ૧૮. કંકાલસૂતિ મૂર્તિ ૧૯. ચંડેશાનુગ્રહમૂર્તિ ૨૦. સોમાસ્કંદ મૂર્તિ, ૨૧. એકપાદ મૂર્તિ ૨૨. સુખાસીનમૂર્તિ ૨૩. દક્ષિણામૂર્તિ ૨૪. લિંગોદ્ભવમૂર્તિ ૨૫. શરભમૂર્તિ ૨૬ તાંડવમૂર્તિ.

આ સિવાય ૧ રાવણાનુગ્રહ ૨ વિષ્ણુઅનુગ્રહ ૩ સંહાર મૂર્તિ ૪ અંધકારસૂરમર્દન ૫ મહાકાલ

શિવ, વિષ્ણુ, બ્રહ્મા, સૂર્ય અને ચંદ્રની સંયુક્ત મૂર્તિ હરિહરવિષ્ણુ શિવ.

**અર્ધનારીશ્વર**-ઉમા મહેશનું સંયુક્ત સ્વરૂપ એક રૂપ.

**ઉમા મહેશ**-શિવના ડાબા ખોળામાં બેઠેલા ઉમા

**હરિહર પિતામહ**-વિષ્ણુ, શિવ અને બ્રહ્માનું ત્રીરૂપ

**ચંદ્રાર્ક પિતામહ**-ચંદ્ર સૂર્ય અને બ્રહ્માનું ત્રીરૂપ

**શિવનારાયણ**-શિવ અને વિષ્ણુનું સ્વરૂપ.

**સૂર્ય હરિહર પિતામહ**-સૂર્ય, વિષ્ણુ રૂદ્ર અને બ્રહ્માનું ચતુઃરૂપ.

**કૃષ્ણકાર્તિકી**-કૃષ્ણ અને કાર્તિક

શિવના અઠ્ઠાવીશમાં અવતારરૂપ લકુલીશનો અવતાર પુરાણોમાં કહ્યો છે. તે પાશુપત સંપ્રદાયના સ્થાપક કહ્યા છે. લિંગની આગળ આસનસ્થ મૂર્તિના એક હાથમાં દંડ, અને બીજામાં બીજોરૂં કે ભસ્મ હોય છે.

ભૈરવ એ શિવનું સ્વરૂપ છે. તેની ઉપાસના નીચલા થરના સમાજમાં પ્રચલિત છે.

ચોસઠ ભૈરવ કર્મકાંડમાં અને ધર્મશાસ્ત્રમાં છે. તેના સ્વરૂપો રુદ્રયામલ ગ્રન્થમાં આપેલા છે. ક્ષેત્રપાલ અને ભૈરવ એ ભિન્ન સ્વરૂપો છે.

| | |
|---|---|
| ૧. ભૈરવ | ૯ બટુક ભૈરવ |
| ૨. સ્વચ્છંદ ભૈરવ | ૧૦ સ્વર્ણાકર્ષણ |
| ૩. ચંડ ભૈરવ | ૧૧ રુદ્ર ભૈરવ |
| ૪. ક્રોધ ભૈરવ | ૧૨ અસિતાંગ ભૈરવ |
| ૫. ઉન્મત ભૈરવ | ૧૩ કપાલ ભૈરવ |
| ૬. ભિષણ ભૈરવ | ૧૪ સંહાર ભૈરવ |
| ૭. માર્તંડ ભૈરવ. | ૧૫ કાલ ભૈરવ |
| ૮. ઉચ્છિત ભૈરવ. | |

અપરાજિત સૂત્રમાં ૨૧ તાલના પ્રચંડ સ્વચ્છંદ ભૈરવનું સ્વરૂપ પચાસ હાથવાળું આપેલું છે.

શિવનું વાહન નંદી છે.

શિવપ્રાસાદના ચારે તરફના દ્વારના પ્રતિહાર કહ્યા છે તે નીચે પ્રમાણે છે.

પૂર્વ–નંદી મહાકાય, દક્ષિણ–હેરંભભૃંગી, પશ્ચિમ–દુર્મુખ પાંડુર, ઉત્તર–શીત–અસીત.

ચારગજના પ્રાસાદમાં બાણુ લિંગ પધરાવી શકાય છે. ચારગજથી મોટા પ્રાસાદમાં પ્રાસાદના પ્રમાણથી રાજલિંગનું નિર્માણ કરવું. રત્નલિંગો નાના હોય તો પણ દોષો કહ્યા નથી.

**ગણેશ—**

ઓમકારનું પ્રતિક છે. ધર્મ અને ઉપાસના ક્રિયાકાંડમાં ગણેશનું પ્રથમ પૂજન થાય છે. મુખ હાથીનું સૂંઢવાળું, મોટું પેટ, બે નેત્ર, કોઈમાં ત્રણનેત્ર કહ્યા છે. સામાન્ય રીતે ચાર ભૂજાઓ કહી છે. પરંતુ સ્વરૂપ ભેદે વિશેષ ભૂજાઓ કહી છે. વાહન ઉંદરનું કહ્યું છે. તે વિઘ્ન હર્તા દેવ કહ્યા છે. મુદ્‌ગલપુરાણમાં ગણપતિના બત્રીશ સ્વરૂપ કહ્યા છે.

| | |
|---|---|
| ૧. બાલ ગણપતિ | ૧૭ એકાક્ષર ગણપતિ |
| ૨. તરૂણ ગણપતિ. | ૧૮ વરદ ગણપતિ |
| ૩. ભકત ગણપતિ. | ૧૯ ત્ર્યક્ષર ગણપતિ |
| ૪. વીર ગણપતિ. | ૨૦ ક્ષીપ્ર ગણપતિ |
| ૫. શકિત ગણપતિ | ૨૧ હરિદ્રા ગણપતિ |
| ૬. દ્વિજ ગણપતિ | ૨૨ એકદંત ગણપતિ |
| ૭. સિદ્ધ ગણપતિ | ૨૩ સૃષ્ટિ ગણપતિ |
| ૮. ઉચ્છિષ્ઠ ગણપતિ | ૨૪ ઉદ્દંડ ગણપતિ |
| ૯. વિઘ્ન ગણપતિ | ૨૫ ઋણમોચક ગણપતિ |
| ૧૦. ક્ષીપ્ર ગણપતિ. | ૨૬ ઢુંઢિ ગણપતિ |
| ૧૧. હેરંબ ગણપતિ | ૨૭ દ્વિમુખ ગણપતિ |
| ૧૨. લક્ષ્મી ગણપતિ | ૨૮ ત્રિમુખ ગણપતિ |
| ૧૩. મહા ગણપતિ | ૨૯ સિંહમુખ ગણપતિ |
| ૧૪. વિજય ગણપતિ | ૩૦ યોગ ગણપતિ |
| ૧૫. નૃત્ત ગણપતિ | ૩૧ દુર્વા ગણપતિ |
| ૧૬. ઉર્ધ્વ ગણપતિ | ૩૨ સંકષ્ટહર ગણપતિ. |

સામાન્ય રીતે ગણપતિના ચાર હાથમાં આયુધ તરીકે ૧. દંત ૨. પરશુ ૩. પદ્મ. અને ૪. મોદક હોય છે.

ઉપરોકત ૩૨ સ્વરૂપમાં પાશ, અંકુશ, માળા, રત્નપાત્ર, ધરો, વરદ અભય, બીજોરૂ, નાગ, શેરડી, ધનુષ, બાણુ, ફળ, કુંભ, ખડગ, મુદ્દગલ, શંખ, ચક્ર, પુષ્પ, તલવાર, ગદા એમ આયુધો કહ્યા છે.

ઉપરોકત ગણુપતિના વર્ણ, રકતવર્ણ, શ્વેતસિંદૂર, પિંગલ, નીલ, સ્વર્ણ ગૌર, પીતવર્ણ, શ્યામવર્ણ એમ જુદા જુદા કહ્યા છે.

ગણુપતિની બે ભૂજાની ચાર ભૂજાની, છભૂજાની આઠભૂજાની અને દશભૂજાની મૂર્તિઓ મળે છે.

**કાર્તિક સ્વામી**–સ્કંદ સુબ્રહ્મણ્ય–તેના ૧૭ સ્વરૂપો શૈવાગમશેખરમાં કહ્યુ છે.

| | |
|---|---|
| ૧. જ્ઞાન શક્તિ સુબ્રહ્મણ્ય | ૯. ષણ્મુખે સુબ્રહ્મણ્ય |
| ૨. સ્કંદ સુબ્રહ્મણ્ય | ૧૦. તારકા સુબ્રહ્મણ્ય |
| ૩. અગ્નિજાત સુબ્રહ્મણ્ય | ૧૧. સેનાની સુબ્રહ્મણ્ય |
| ૪. સૌરભેય સુ બ્રહ્મણ્ય | ૧૨. ગૃહ ,, |
| ૫. ગાંગેય સુબ્રહ્મણ્ય | ૧૩. બ્રહ્મચારી ,, |
| ૬. શરવણોદ્દભવ સુબ્રહ્મણ્ય | ૧૪. દેશિક ,, |
| ૭. કાર્તિકેય સુબ્રહ્મણ્ય | ૧૫. ક્રૌંચભેદન ,, |
| ૮. કુમાર સુબ્રહ્મણ્ય | ૧૬. શિખિવાહન ,, |

સ્કંદ—કાર્તિક સ્વામીનું વાહન મયૂર છે.

અપરાજિત સૂત્રમાં કહ્યું છે કે બાર ભૂજાના કાર્તિકેયની ખેટ ( નગરમાં )માં સ્થાપના કરવી. ચાર ભૂજાના કાર્તિકેયની ગામમાં સ્થાપના કરવી.

બે ભૂજાના કાર્તિકેયની વનમાં સ્થાપના કરવી.

**દેવપરિકર :—**

तोरणं चोपरिष्टात्तु विद्याधर समन्वितम् ।
देवदुन्दुभि संयुक्त गंधर्वमिथुनान्वितम् ।
पत्रवल्लि समोपेतं सिंहव्याघ्रसमन्वितम् ।

—मत्स्यपुराण, अ. २५८

દેવતાની મૂર્તિની ઉપર પરિધિના ભાગમાં વિવિધ આકૃતિઓવાળું પરિકર કરવામાં આવે છે. તેવું મત્સ્ય પુરાણુમાં વિધાન છે. તેમાં ગંધર્વ યુધિનો સિંહ, વાઘ તથા દેવ-દુંદુભી ઈત્યાદિ આકૃતિઓ કરવી.

**દેવી શક્તિ :—**

દેવી સત્વ, રજસ્ અને તમસ એ ત્રિગુણુ પ્રકૃતિ સ્વરૂપ છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવના પરમ તેજમાંથી પુનરાવતાર પામેલું તેજ એ શક્તિ મનાય છે. જગતમાં તેના સ્વરૂપો સેંકડો નામોથી પૂજાય છે.

**સપ્ત માતૃકાઓ :—**

(૧) બ્રાહ્મી (૨) મહેશ્વરી (૩) કૌમારી (૪) વૈષ્ણવી (૫) વારાહી (૬) ચામુંડા (૭) ઈન્દ્રાણી. આ સપ્ત માતૃકાઓની મૂર્તિ એક પંકિતમાં હોય છે. તેની આગળ વિરેશ્વર અને છેડા પર ગણપતિની મૂર્તિ હોય છે.

ચોવીશ ગૌરીસ્વરૂપ દિપાર્ણવમાં આપેલા છે.

(૧) તોતલા દેવી (૨) ત્રિપુરા (૩) સૌભાગ્ય (૪) વિજયા (૫) ગૌરી (૬) પાર્વતી (૭) શૂલેશ્વરી (૮) લલિતા (૯) ઈશ્વરી (૧૦) મનેશ્વરી (૧૧) ઉમા (૧૨) વીણા (૧૩) હસ્તિની દેવી (૧૪) ત્રિનેત્રા (૧૫) કમલાદેવી (૧૬) કુલકલા (૧૭) જંઘા (૧૮) ત્રૈલોકય વિજયા (૧૯) કામેશ્વરી (૨૦) રક્ત નેત્રા (૨૧) ચંડી (૨૨) જૂંભિની (૨૩) જ્વલપ્રભા (૨૪) ભૈરવી.

**બાર ગૌરી સ્વરૂપ :–** દેવતા મૂર્તિ પ્રકરણમાં નીચે પ્રમાણે કહ્યાં છે (૧) ઉમા (૨) પાર્વતી (૩) ગૌરી (૪) લલિતા (૫) શ્રીયા (૬) કૃષ્ણા (૭) હેમવંતી (૮) રંભા (૯) સાવિત્રી (૧૦) ત્રિખંડા (૧૧) તોતલા (૧૨) ત્રિપુરા.

**વિવિધ દેવીઓ :—**

(૧) મહાલક્ષ્મી (૨) ક્ષેમંકરી (૩) હરસિદ્ધિ (૪) ચામુંડા (૫) રક્ત ચામુંડા (૬) કાત્યાયની (૭) મહિષાસુર મર્દિની (૮) લક્ષ્મી (૯) મહાલક્ષ્મી (૧૦) મહાસરસ્વતી (૧૧) અન્નપૂર્ણા (૧૨) ગંગા (૧૩) જમના (૧૪) શીતલા (૧૫) પંચલિલયા (૧૬) લિલયા (૧૭) લીલા (૧૮) લીલાંગી (૧૯) લલિતા (૨૦) લીલાવતી.

**સરસ્વતી સ્વરૂપ :—**

દીપાર્ણવમાં સરસ્વતીનાં દ્વાદશ સ્વરૂપો કહ્યાં છે તે નીચે મુજબ છે.

(૧) સરસ્વતી ( પ્રથમ ) (૨) દ્વી સરસ્વતી (૩) કમલા રુકમણી (૪) જયા (૫) વિજયા (૬) સારંગ (૭) તુંબરી (૮) નારદી (૯) સર્વ મંગલા (૧૦) વિદ્યાધરી (૧૧ સર્વ-વિદ્યા (૧૨) સર્વ પ્રસન્ના.

દ્વાદશ સરસ્વતી સ્વરૂપ (દેવતા મૂર્તિ પ્રકરણ) —

(૧) મહાવિદ્યા (૨) મહાવાણી (૩) ભારતી (૪) સરસ્વતી (૫) આર્યા (૬) બ્રાહ્મી (૭) મહાધેનુ (૮) વેદ ગર્ભા (૯) ઇશ્વરી (૧૦) મહાલક્ષ્મી (૧૧) મહાકાળી (૧૨) મહા સરસ્વતી.

સરસ્વતીનું વાહન હંસનું છે.

**વિવિધ દેવીઓ :—**

| | |
|---|---|
| યોગેશ્વરી | હરસિદ્ધિ |
| કૃશોદરી | નંદા |
| કાલી | પીઠવક્ષી |
| અંબા | ભદ્રા–સુભદ્રા |
| અંબિકા | મંગલા |
| ભુવનેશ્વરી | જયા–વિજયા |
| મહાકાલી | ઘંટાકર્ણી |
| ભદ્રકાલી | રૌદ્રી |
| ભૂદેવી–પૃથ્વી | કૃષ્ણા |

**નવદુર્ગા :—**

(૧) મહાલક્ષ્મી (૨) નંદા (૩) ક્ષેમકરી (૪) સર્વતી (૫) મહારુદ્રા (૬) ભ્રમાણી (૭) સર્વ મંગલા (૮) રેવતી (૯) હરસિદ્ધિ

**ચોસઠ યોગિનીઓનાં નામ :—**

હેમાદ્રિવ્રત ખંડ–અને મયદિપીકા પ્રમાણે :—

## પ્રકરણ-૧૧

# જૈન ચોવીશ તીર્થંકરનાં લાંચ્છન તથા યક્ષ-યક્ષણી

| ક્રમ | વર્ણ | તીર્થંકર | લાંછન | યક્ષ | યક્ષણી |
|---|---|---|---|---|---|
| ૧. | હેમવર્ણ | ઋષભદેવ | વૃષભ | ગોમુખ યક્ષ-ગાયનું મુખ-હાથીનું વાહન માળા-પાશ-ફળ- સુવર્ણ-વર્દ | ચક્ર-અપ્રતિચક્ર-ચક્રેશ્વર ગરૂડનું વાહન-હેમવર્ણ ચક્ર, પાશ, બાણ, વરદ આઠ હાથ-ચક્ર, ધનુષ વજ્ર, |
| ૨. | હેમવર્ણ | અજિતનાથ | હાથી | મહાયક્ષ-ચારમુખ હાથીનું વાહન-શ્યામ પાશ-માળા-મુદગલ, વર્દ-શક્તિ-અંકુશ ફળ-અભય. | અજીતા-ગૌરવર્ણ ગાયનું વાહન- પાશ-વર્દ અંકુશ ફળ. |
| ૩. | હેમવર્ણ | સંભવનાથ | અશ્વ | ત્રિમુખ-ત્રણનેત્ર મયૂરવાહન-ગદા, નકુલ, અભય, નાગ, ફળ, શક્તિ | દુરિતાહી-શ્વેત વર્ણ-ઘેટાનું વાહન-માળા વર્દ ફળ-અભય. |
| ૪. | હેમવર્ણ | અભિનંદન | વાંદરો | ઇશ્વર-શ્યામવર્ણ હાથીનું વાહન-માળા ફળ-અંકુશ-નોળિયો | કાલિકા-શ્યામવર્ણ કમળનું આસન- પાશ વર્દ-અંકુશ નાગ. |
| ૫. | હેમવર્ણ | સુમતીનાથ | ક્રૌંચપક્ષી | તુંબરૂ-સુવર્ણ વર્ણ ગરૂડનું વાહન-શક્તિ વરદ-પાશ-ગદા | મહાકાલી-હેમવર્ણ પદ્માસન-પાશ વર્દ અંકુશ-ફળ |
| ૬. | રક્તવર્ણ | પદ્મપ્રભુ | રક્તકમળ | કુસુમ-નીલવર્ણ હરણનું વાહન-ફળ અભય-માળા-નકુલ | અચ્યુત-નરવાહન શ્યામવર્ણ-બાણ- વરદ-ધનુષ અભય |

| ક્રમ | વર્ણ | તીર્થંકર | લાંછન | યક્ષ | યક્ષણી |
|---|---|---|---|---|---|
| ૭. | હેમવર્ણ | સુપાર્શ્વનાથ | સ્વસ્તિક | માતંગ–હાથીનું વાહન–લીલોવર્ણ–પાશ–ફળ–અંકુશ–નોળિયો | શાન્તા–હાથીનું વાહન સોનાવર્ણ–માળા-વર્દ–શૂલ–અભય |
| ૮. | શ્વેતવર્ણ | ચંદ્રપ્રભુ | ચંદ્ર | વિજય–લીલોવર્ણ–હંસનું વાહન–ચક્ર મુદગલ | ભૃકુટિ–પીત્તવર્ણ વરાલનું વાહન–મુદગલ – ખડગ ઢાલ–ફરશી |
| ૯. | શ્વેતવર્ણ | સુવિધિનાથ | મગર | અજીત–શ્વેતવર્ણ કાચબાનું વાહન–અંકુશ–ફળ–નોળિયો | સુતારા–શ્વેતવર્ણ નંદીનું વાહન-માળા –વર્દ–અંકુશ–કુંભ |
| ૧૦. | હેમવર્ણ | શીતલનાથ | શ્રીવત્સ | બ્રહ્મા–ચારમુખ–ત્રણ નેત્ર–કમળનું વાહન–મુદગલ–પાશ–ફળ–નોળિયો–ગદા–અંકુશ માળા | અશોકા–કમળનું વાહન–લીલોવર્ણ –પાશ–વર્દ–અંકુશ–ફળ–માળા |
| ૧૧. | હેમવર્ણ | શ્રેયાંશનાથ | ગેંડો–ખડ્ગ પક્ષી | ઈશ્વર–ત્રિનેત્ર–નંદી વાહન ગૌરવર્ણ–ગદા–ફળ–નોળિયો, માળા | માનવી–શ્વેતવર્ણ સિંહનું વાહન–મુદગલ–વરદ અંકુશ–કમળ |
| ૧૨. | રક્તવર્ણ | વાસુપૂજ્ય | પાડો | * કુમાર–હંસનું વાહન શ્વેતવર્ણ–બાણ–ફળ-ધનુષ–નોળિયો, | પ્રચંડા–શ્યામવર્ણ અશ્વ વાહન–શક્તિ–વરદ–ગદા –કમળ. |
| ૧૩. | હેમવર્ણ | વિમલનાથ | વરાહ | ષણ્મુખ–છમુખ–મોરનું વાહન–શ્વેત-વર્ણ–ફળ–ખડગ–ચક્ર ધનુષ, ઢાલ, અંકુશ–અભય–નોળિયા. | વિદીતા–નીલવર્ણ –કમળનું આસન –પાશ–બાણ–નાગ–ધનુષ. |

| ક્રમ | વર્ણ | તીર્થંકર | લાંછન | યક્ષ | યક્ષણી |
|---|---|---|---|---|---|
| ૧૪. | હેમવર્ણ | અનંતનાથ | શ્યેનપક્ષી | પાતાલયક્ષ–ત્રણમુખ ત્રણ નેત્ર–રક્તવર્ણ–મગરનું વાહન–પાશ ખડગ્–કમળ માળા–નકુલ–બેટ–ઢાલ | અંકુશા– કમળનું આસન–શ્વેતવર્ણ ખડગ્–પાશ–અંકુશ–ઢાલ. |
| ૧૫. | હેમવર્ણ | ધર્મનાથ | વજ્ર | કિન્નર–ત્રણ મુખ–રાતો વર્ણ–કાચબાનું વાહન–અભય–ગદા–ફળ–માળા–કમળ–નકુલ | કંદર્પા– પિન્નગા–ગૌરવર્ણ–માછલી-નું વાહન–અંકુશ–કમળ–અભય. |
| ૧૬. | હેમવર્ણ | શાંતિનાથ | મૃગ | ગરૂડ–વરાહનું વાહન–શ્યામવર્ણ–કમળ–ફળ માળા–નકુલ. | નિર્વાણી –કમળનું આસન–ગૌરવર્ણ-કમળ–પુસ્તક–કમળ–કમંડળ. |
| ૧૭. | હેમવર્ણ | કુંથુનાથ | બકરો | યક્ષ–ગંધર્વ–હંસનું વાહન–શ્યામવર્ણ–પાશવર્દ–અંકુશ–ફળ | બાલા– અચ્યુતા–ગૌરવર્ણ–મયૂરનું વાહન– ત્રિશૂલ–ફળ–પદ્મ–ભૂશંડી |
| ૧૮. | હેમવર્ણ | અરનાથ | નંદ્યાવર્ત | યક્ષેંદ્ર–છમુખ–ત્રણ નેત્ર–શંખનું વાહન શ્યામવર્ણ–અભય–મુદ-ગલ બાણ–ફળ–અંકુશ ત્રિશૂલ–ઢાલ–ધનુષ–માળા | ધરણી–કમળનું આસન–શ્યામ–વર્ણ–પદ્મ–ફલ–માળા–પાશ. |
| ૧૯. | નીલવર્ણ | મલ્લિનાથ | કુંભ કલશ | કુબેર–ગરૂડજે વા,ચાર મુખ–હાથીનું વાહન–અભય–ત્રિશૂલ–ફરશી વરદ–પંચરંગીવર્ણ–ઇન્દ્ર ધનુષ જેવોવર્ણ માળા–મુદગલ–શકુનિ ફળ. | વૈરોટયા–શ્યામ-વર્ણ–કમળ પર આસન–માળા–વર્દ–શકુનિ ફળ |

| ક્રમ | વર્ણ | તીર્થંકર | લાંછન | યક્ષ | યક્ષણી |
|---|---|---|---|---|---|
| ૨૦. | શ્યામવર્ણ | મુનિસુવ્રત | કુર્મ કાચબો | વરૂણી–ચારમુખ–ત્રણ નેત્ર–નંદીનું વાહન–શ્વેતવર્ણ–શકુનિ–બાણ–ગદા–ફળ પરશુ ધનુષ–કમંડળ–નોળિયો. | વારદત્તા–ભદ્રાશન ગૌરવર્ણ–માળા–વરદ-ત્રિશૂલ-ફળ. |
| ૨૧. | સુવર્ણવર્ણ | નેમિનાથ | નીલકમલ | અભય–ભૃકુટિ–વૃષભ અવતાર–ચારમુખ–ત્રણ નેત્ર–મુદગલ–શકુનિ ફળ–માળા–વજ્ર–ફરશી –નોળિયો. | ગાંધારી હંસનું વાહન–શ્વેતવર્ણ–ખડગ્–વરદ–કુંભ –ફળ |
| ૨૨. | કૃષ્ણવર્ણ | નેમનાથ | શંખ | ગોમેધ–ત્રિમુખ–છમુખ કૃષ્ણ–પુરૂષાસન–ચક્ર પરશુ–માતુલિંગ–શકુનિ–ત્રિશૂલ–નકુલ | કમ્પોડી–અંબિકા હેમવર્ણ–સિંહવાહન અંકુશ–નાગ–આમ્રલુંબ–પુત્ર– |
| ૨૩. | નીલવર્ણ | પાર્શ્વનાથ | સર્પ | પાર્શ્વયક્ષ–ગજમુખ–શ્યામવર્ણ–કૂર્મવાહન સર્પ–ફળ–નોળિયો. | પદ્માવતી–સુવર્ણ-વર્ણ–કુર્કટસર્પા–સન–અંકુશ-કમળ ફળ. |
| ૨૪. | સુવર્ણ | મહાવીર સ્વામી વર્ધમાન સ્વામી | સિંહ | માતંગ–કૃષ્ણવર્ણ–હાથીનું વાહન–નકુલ –ફળ. | સિદ્ધાંબિકા–હરિ-ન્દ્રવર્ણ–સિંહનું આસન–અભય–પુસ્તક–વીણા-ફળ |

જૈનનાં સ્થાપત્યમાં (૧) સમયસરણ (૨) મેરૂગિરી (૩) અષ્ટાપદ અને (૪) નંદીશ્વર દ્વીપ રચના થાય છે. આ બધાની વિસ્તૃત સમજ નીચે પ્રમાણે છે.

**૧. સમવસરણ :–**

પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે દેવો સમવસારણોની રચના કરે છે. ગોળ અગર ચોરસ તેને ત્રણ પગથિયાં જેવા વપ્ર કિલ્લાઓ થાય છે તેમની પર મણીપીઠ પર પ્રભુ દેશના (ઉપદેશ) આપે છે. મણીપીઠ ઉપર અશોક વૃક્ષ હોય છે.

૨. મેરૂગિરિ :-

ગોળાકારમાં ઉજાણીનાં વનો, પર્વતો અને ગુફાની આકૃતિ કોરે છે. તે પર ચુલિકા પીઠ પર પ્રભુને બેસાડીને તે પર દેવો અભિષેક કરે છે. ચુલિકાની ટોચ પર શાશ્વત જૈન ચૈત્ય હોય છે.

૩. અષ્ટાપદ :-

પ્રથમ તીર્થંકર ઋષભદેવના નિર્વાણ બાદ અગ્નિસંસ્કાર અષ્ટાપદ પર્વત ઉપર કર્યો. ત્યાં તેમના પુત્ર ભરત ચક્રવર્તીએ સિંહનિષધા નામે પ્રાસાદની રચના વર્ધકી રત્ન (સ્થપતિ) પાસે કરાવી. આઠ પગથિયાં પર મણિ પીઠિકા કરાવી. તે પર પૂર્વમાં બે, દક્ષિણમાં ચાર, પશ્ચિમે આઠ અને ઉત્તરે દશ એમ ૨૪ તીર્થંકરની પ્રતિમાઓ પધરાવવી. આવું અષ્ટાપદનું સ્વરૂપ કહેલું છે.

૪. નંદીશ્વર દ્વીપ :-

નંદીશ્વર દ્વીપમાં બાવન કૂટના પર્વતો છે. પ્રત્યેક કૂટ પર ચારમુખનાં ચાર દ્વારવાળાં ચૈત્ય છે. ચારે દિશામાં ચાર અંજનગિરિ છે. તેની ફરતાં તેર તેરની સંખ્યામાં ચારે બાજુ પર્વતો છે. તે પ્રત્યેક પર ચોમુખની ચચ્ચાર પ્રતિમાઓ સ્થાપેલી હોય છે. કુલ ૧૩ × ૪ = ૫૨ આ બાવન કૂટ પર ચાર ચાર પ્રતિમાઓ મળી કુલ ૨૦૮ પ્રતિમાઓ અને મધ્યમાં મેરૂ પર ચાર શાશ્વત જીન મળી કુલ ૨૧૨ બિંબની સ્થાપના થાય.

શાસ્ત્રોમાં એકેકગિરિચૈત્યમાં ૧૨૪ બિંબ પધરાવવાનું કહેલું છે. તેવા બાવન (૫૨) ગિરિ પર ૧૨૪×૫૨=૬૪૪૮ કુલ છ હજાર ચારસો અડતાલીસ બિંબ નંદીશ્વરદ્વીપમાં કહેલાં છે.

શાશ્વત જીનમાં ચાર, (૧) ઋષભાનન, (૨) ચંદ્રાનન, (૩) વારિષેણ, (૪) વર્ધમાન એ ચાર મુખ્ય ગણાય છે.

જૈનોની ષોડશ વિદ્યાદેવીઓ : -

| | |
|---|---|
| ૧. રોહિણી | ૯. ગૌરી. |
| ૨. પ્રજ્ઞપ્તિ | ૧૦. ગાંધારી |
| ૩. વજ્રશૃંખલા | ૧૧. મહાજ્વાલા |
| ૪. વજ્રાંકુશી | ૧૨. માનવી |
| ૫. અપ્રતિચક્રા | ૧૩. વૈરોટયા |
| ૬. પુરૂષદત્તા | ૧૪. અચ્છુતા |
| ૭. કાલી | ૧૫. માનસી |
| ૮. મહાકાલી | ૧૬. મહામાનસી |

**પાંચ પૂજ્ય વીરાદિ :-**

(૧) મણિભદ્ર (૨) ક્ષેત્રપાલ (૩) ઘંટાકર્ણ (૪) પદ્માવતીદેવી, અને (૫) સિદ્ધચક્ર.

**જૈન અષ્ટમંગળ :-**

૧. સ્વસ્તિક
૨. નંદ્યાવર્ત
૩. દર્પણ
૪. મત્સ્યયુગ્મ
૫. કુંભ.
૬. શ્રીવત્સ
૭. ભદ્રાસન
૮. વર્ધમાન

**ચૌદ સ્વપ્ન : -**

૧. હસ્તિ
૨. નંદી
૩. સિંહ
૪. લક્ષ્મીજી
૫. પુષ્પમાલા
૬. ચંદ્ર
૭. સૂર્ય
૮. ધ્વજા
૯. કુંભ
૧૦. પદ્મસરોવર
૧૧. ક્ષીરસાગર
૧૨. દેવવિમાનગૃહ
૧૩. રત્નસમુદ્ર
૧૪. ધૂમ્ર વગરનો અગ્નિ

**જીનાયતન :-**

ચોવીશ જીનાયતન=૮+૮+૮ દેવ. કુલ ૨૪ જીનાયતન.

બાવન જીનાયતન બે પડખે ૧૭, + ૧૭, પાછળ નવ, આગળ આઠ મુખ્ય અને દેવ કુલ બાવન જીનાયતન.

બોત્તેર જીનાયતન–બાજુમાં ૨૫–૨૫ તથા પાછળ અગિયાર અને આગળ દશ મુખ્ય દેવ મળી કુલ બોત્તેર જીનાયતન.

**જૈન પ્રતિમા અને પરિકર :-**

જીન પ્રતિમા બેઠી અને ઊભી હોય છે.

**આસનસ્થ**=બેઠેલી

**ઉર્ધ્વસ્થ**=ઊભી મૂર્તિ. તેને કાર્યોત્સર્ગ કહે છે.

**મસૂર**=પાટલી.

આસનસ્થ પ્રતિમાની પહોળાઈ કરતાં ઊંચાઈ સવાઈ હોય છે.

**બદ્ધ પદ્માસન**–પલાંઠીવાળેલી હોય અને ઉપર બે હાથ રાખેલા હોય તેવી મૂર્તિ.

**ઉષ્ણીષ**–જૈન મૂર્તિના મસ્તક ઉપર ટોપ જેવો ભાગ હોય છે તે.

**શ્રીવત્સ**–છાતીમાં ઉપસેલો ભાગ.

**અર્હંત**-પરિકર સાથેની પ્રતિમા હોય તે.

**સિદ્ધમૂર્તિ**-જે જીન પ્રતિમાને પરિકર ન હોય તેવા જીન સિદ્ધ કહેવાય.

**કાર્યોત્સર્ગ**-ધ્યાનસ્થ, ઉભી જીન મૂર્તિ, તેને કાર્યોત્સર્ગ કહે છે.

**મૃગયુગ્મ**-જીન પરિકરની નીચે આસન પાટલીમાં મધ્યમાં ધર્મચક્ર અને સામસામા મૃગયુગ્મ હોય છે.

**ધર્મચક્ર**-જીન પરિકરના આસનના મધ્યમાં કરાતી ગોળ ચક્રાકૃતિ ધર્મચક્રની બે બાજુ મૃગયુગ્મ

**પરિકર**-પરિકરના મુખ્ય ત્રણ ભાગ છે. (૧) સિંહાસન. (૨) બે બાજુ બાહિકા અને તેમાં ઈન્દ્ર કે કાઉસગ્ગ (૩) મૂર્તિ ઉપરનો ગોળ, જેને છત્રવટો કહે છે તે.

આમ જીન મૂર્તિનાં, આવૃત્ત-અલંકૃત શિલ્પ છે.

**મલ્લિકા તોરણ**-પરિકરના ઉપરના ભાગમાં હોય તે. તેમાં વિરાલી તિલક અને નક્ર-મગરની આકૃતિ તેમજ બાહિકામાં હાથી પણ થાય.

**સિંહાસન**-મધ્યમાં ધર્મચક્ર, મૃગયુગ્મ, બે બાજુ બે હાથી, તેમ જ બે સિંહ થાય. તેના મધ્યમાં શાસન દેવીનું રૂપ થાય. તેની નીચે પાટલીમાં નાનાં નવગ્રહોનાં રૂપો થાય.

સિંહાસનમાં બે તરફ યક્ષ-યક્ષણીનાં સ્વરૂપ થાય.

**જૈન પ્રતિમાનું સમચતુરસ્ત્ર સૂત્ર-:**

જૈન પ્રતિમા સમચતુરસ્ત્રસૂત્રમાં વિગત નીચે પ્રમાણે થાય છે.

પહેલું **સૂત્ર**=બે પલાંઠીની લંબાઈનું.

બીજું સૂત્ર=ડાબાખભાથી જમણા ગોઠણ સુધીનું સૂત્ર.

ત્રીજું સૂત્ર=જમણાખભાથી ડાબા ગોઠણ સુધીનું સૂત્ર.

ચોથું સૂત્ર=ગાદી પાટલી ઉપરથી કેશ સુધીનું સૂત્ર.

**જૈન અષ્ટ પ્રાતિહાર્ય.**

૧. અશોક વૃક્ષ. ૨. દેવ પુષ્પવૃષ્ટિ. ૩. દિવ્ય ધ્વની વાજીંત્ર ૪. ચામર ૫. આસન સિંહાસન ૬. ભામંડળ ૭. દુંદુભિ વાજીંત્ર. ૮. છત્ર.

આ અષ્ટ પ્રાતિહાર્ય જીન પ્રભુની સાથે હોય છે. તેથી તેના પરિકરમાં આ અષ્ટ પ્રાતિહાર્યનો સમાવેશ થાય છે.

પરિકરમાં નીચેનાં લક્ષણો હોય છે.

**માલાધર**=છત્રવટામાં બે બાજુ માલાધારણ કરેલ દેવ સ્વરૂપ.

**ભામંડલ**=છત્રવટામાં મુખ પાછળ વૃત્તાકૃતિ, તેજનું વર્તુલ હોય છે તે.

**છત્રવૃત્ત**=છત્રવટામાં પ્રભુના ઉપર ગોળ છત્ર, લામસા જેવું હોય તે.

**મણિબંધ**=૧. છત્રની નીચે ઝાલર. ૨. હાથ અને કાંડા વચ્ચેનો ભાગ.

**પાવરી**=પટ્ટી–પાટલી.

**ઝાલરી**=ઝાલર-છત્રવટાની નીચે થાય તે મણિબંધ જેવું.

**ડમરુ**=ઢોલ–વાજીંત્ર

**કેવળજ્ઞાન મૂર્તિ**=ઉગ્ર તપશ્ચર્યાને અંતે જ્ઞાન પ્રાપ્તિ થાય તે અવસ્થા.

**રથિકા**=છત્રપટની, છત્રવટા ઉપર પહેલી રૂપની ગંધર્વ પંક્તિ, બીજી હંસ પંક્તિ, અને ત્રીજી અશોક પત્રના પાંદડાની પંક્તિ એમ રથિકા થાય છે.

**બાહિકા–વાહિકા.**

પરિકરની બે બાજુના ભાગ જેમાં મધ્યમાં કાઉસગ્ગ કે ઈન્દ્રની મૂર્તિ ઉભી થાય તેના છેડા પર ગજ, સિંહ, વિરાલિકા, ચામર, કળશધારી નાનાં સ્વરૂપ થાય તે.

**ઢંકુધારા**=ઢાંકણીની આકૃતિનું છત્ર. ગલતીના આકારના ઉપરા ઉપરી ત્રણ છત્ર થાય.

## દેવાનુચર–અસુરાદિનાં એકવીશ સ્વરૂપો :–

દેવાનુચર જુદા જુદા પ્રકારના છે. દેવકોટિ, ઋષિકોટિ અને ક્ષેત્રપાલ કક્ષાના હોય છે. અનુચર કક્ષાનાં પાંચ (હનુમંત, યક્ષ યક્ષિણી, પિતૃ અને વૈતાલાનું ઉત્તર પૂજન થાય છે. તે પછીના ચાર ઉત્તરાનુચર, વિદ્યાધર, કિન્નર, ગંધર્વ, અપ્સરા, દેવાંગના એ મધ્ય કોટિના મનાય છે. દેવતાઓમાં ત્રણ પ્રતિસ્પર્ધી, દાનવ, અસુર અને રાક્ષસ એ અધમ કોટિનાં ગણાય છે. ભૂત, પ્રેત પિશાચ, શાકિની એ ચારે પ્રેત યોનિમાં ભટકતા અને લુપ્ત થતાં નીચ યોનિનાં જીવ છે. આ સર્વનું વર્ણન શિલ્પગ્રંથોમાં કહ્યું છે.

દેવોનાં અનુચર યક્ષ, યક્ષણી, નાગ, હનુમંત અને વૈતાલની પ્રતિમાઓ, ભાવિકલોક ફળની આકાંક્ષાએ મંદિર બાંધી પૂજન કરે છે. ચોસઠ યોગિનીઓ અને બાવન વીર, વૈતાલનાં મંદિરો બાંધેલાં જોવામાં આવે છે. વૈતાલનું એક મંદિર ઉત્તર ગુજરાત ઊંઝા ગામે એકાંડિક શિખરવાળું વર્તમાનમાં વિદ્યમાન છે. આવાં મંદિરોની બાહ્ય ભીંતો પર દાનવ, અસુર, રાક્ષસ, ભૂત–પ્રેતની પ્રતિમાંઓ ઉત્કીર્ણ હોય છે. પરંતુ આવાં મંદિરો બહુ જ અલ્પ મળે છે, એવા પ્રકારની મૂર્તિઓ બનતી હતી તેના અનેક પ્રમાણો શિલ્પશાસ્રોમાં મળે છે. તેવાં ચિત્રકર્મની રચનાનો આદેશ શિલ્પ ગ્રન્થોમાં મળે છે.

જૈન સંપ્રદાયમાં આગમ ગ્રન્થોમાં દેવવાદના ચાર પ્રધાન વર્ગ કહ્યા છે. ૧. જ્યોતિષી (સૂર્યનવગ્રહાદિ) ૨. વૈમાનિક (ઇન્દ્રાદિ દેવ ) ૩. ભુવનપતિ (અસુર અને નાગ એમ વર્ગ) અને ૪. વ્યંતર (જેમાં યક્ષ, યક્ષણી, ગાંધર્વ, વિદ્યાધર, રાક્ષસ, પિશાચ અને ભૂતાદિ આવે છે.)

## પ્રકરણ-૧૨

## ભારતના પ્રાચીન પ્રદેશોનાં વર્તમાનમાં નામ

સિન્ધુપ્રદેશ=સિંધ
ખુમાણ=અપરસિંધ, મુલતાન.
સૌવિર=સિંધની ઉપરનો પ્રદેશ.
ગુર્જર,સૌરાષ્ટ્ર=ગુજરાતનો વિભાગ
આનર્તકચ્છ
સહયાદ્રિદ=કોંકણુપરનો પશ્ચિમ ઘાટ
દંડકારણ્ય=પંચવટી, નાસિક, દક્ષિણાપથ
કર્ણાટક=કન્નડ, ધારવાડ વિજાપુર, બદામી,
ઐહોલ, બેલુર, હલીબડ, સોમનાથપુર
કોંકણ=રત્નાગિરી, અપરપશ્ચિમ ઘાટ
વિદર્ભ=મધ્યપ્રદેશ, વરાડ
દશાર્ણ=મધ્યપ્રદેશ, ઉત્તરમાલવા.
મુખ્યનગર વિદિશા.
મહાકોશલ=જબલપુર નજીક
ડાહલ નો પ્રદેશ.
કૌશાંબી=અયોધ્યાની નીચેનો પ્રદેશ
વત્સદેશ=દક્ષિણ ઓરિસા,
કલિંગ=ઉડિયા.
ઉત્કલ=ઉત્તર ઓરિસા
દક્ષિણકોશલ=ઉત્કલની પશ્ચિમનો પ્રદેશ.
જનસ્થાન=કલિંગથી પશ્ચિમનો ભાગ
ઉત્તરકોશલ=કાશી, અયોધ્યાની ઉત્તરનો પ્રદેશ.
અંગ=ઉત્તર બંગાળ, મુખ્યનગર ચંપા
બંગ=દક્ષિણ બંગાળ, સુવર્ણ
ગૌડ પુંડ્ર=પશ્ચિમબંગાળ

તામ્રલિપી નગર=વર્તમાન કલકત્તા
કોંગોદમંડલ=દક્ષિણમાં ગંજામ.
કિષ્કિંધા=બેલારી જિલ્લો, હમ્પી, વિજયનગર
ચૌલ=તામિલનાડુ. મદ્રાસનો પ્રદેશ. તાંજોર,
મુખ્યનગર, કાંચી,
પાંડય=રામેશ્વર તરફનો પ્રદેશ,મદુરાઈ
કેરલ=મલબાર
મગધ=પટણા અને ગયા જીલ્લાનો પ્રદેશ,
દક્ષિણ બિહાર.
વૈશાલી=ઉત્તર બિહાર, ગંગાપાર
વિદેહદેશ=મિથિલા
સુરસેન=મથુરાનો પ્રદેશ
સાલ્વ=રાજસ્થાન
શાકંભરી=રાજસ્થાન
વૈરાટ=મત્સ્યદેશ=જયપુર, અલવર, ભરતપુરનો
પ્રદેશ રાજધાની વિરાટનગર.
કુરુઓનો દેશ=હસ્તિનાપુર, પ્રાચીન આર્યાવર્ત
સ્થાણેશ્વર=દિલ્હીની ઉત્તરે શ્રીકંઠપ્રદેશ
મુખ્યનગર સ્થાણેશ્વર
મદ્રદેશ=પંજાબ,મુખ્યનગર શાકલનગર,
સિયાલકોટ
અવસ્થા=પંજાબ
કૈકેય=પંજાબ બીયાસ અને સિંધુ નદી પાસેનો
પ્રદેશ જેલમ પર રાજગૃહ
ગાંધાર=પંજાબની વાયવ્યનો પ્રદેશ મુખ્યનગર
તક્ષશિલા.
તક્ષશિલા=તક્ષશિલા.
પુરુષપુ=પેશાવર

તુરાય=અફઘાનીસ્થાન

પાતાલનગર=નગરકોટ, પાતાલનગર

કાન્યકુબ્જ=કનોજ, ફરુખાબાદ

વગ્મીઓનો પ્રદેશ=વિદેહદેશની પ્રજાનું પ્રજાતંત્ર. બુદ્ધ અને મહાવીર કાળ

મલ્લદેશ=ગોરખપુર જિલ્લો. મુખ્યનગર પાવા અને કેશાવતી

ચેદી=બુંદેલખંડ પાસેનો પ્રદેશ મુખ્યનગર સુકતીમતી

જયંત અવંતિ=માળવા, માલવદેશ

સુરાષ્ટ્ર=આનર્ત ગુજરાતનો ભાગ. વર્તમાન કાઠિયાવાડ

કામરૂપ=આસામ

કલિંજર=મધ્યપ્રદેશ, ખજુરાહો, કનોજનગર

અંતર્વેદિ=ગંગા જમના વચ્ચેનો ઉત્તર પ્રદેશ

ઇન્દ્રદ્વીપ=બ્રહ્મદેશ

લક્ષ=તામ્રપર્ણી

ગભસ્તિમાન=સુમાત્રા, સુવર્ણદ્વીપ

નાગદ્વીપ=નિકોબાર

વરુણ દ્વીપ=બોર્નીયો

યવદ્વીપ=જાવા

મલયદ્વીપ=મલાયા

પ્રાગજ્યોતિપૂ=આસામ

પુંડ્ર=બંગાળનો પશ્ચિમભાગ

પાંચાલ=અયોધ્યાને મથુરા વચ્ચેનો પ્રદેશ કેટલાક વર્તમાન જયપુર અને અંબરનો પ્રદેશ માને છે.

બ્રહ્માવર્ત=પંજાબમાં સપ્તસિંધુનો પ્રદેશ તેમાં સરસ્વતી પવિત્ર ગણાતી તે તરફનો પ્રદેશ

પાંચાલદેશ=હાલના બદાઉન, ફરૂકાબાદ પાસેનો પ્રદેશ મુખ્ય શહેર કાંપિલ્ય નગર

હિમાશ્રય=હિમાચલ પ્રદેશ

સાંભર=જયપુરથી દક્ષિણનો પ્રદેશ

લાટ=ગુજરાત

વૈરાજ્ય=વરાડ પ્રાન્ત

કાશીદેશ=મુખ્યનગર વારાણસી કાશી.

મહાનીલ=દ્રવિડ, શ્રીશૈલ પર્વતનો પૂર્વ કિનારો

## સંખ્યા-સંજ્ઞા-સંકેત

(૧) એક શબ્દ, રૂપ, ચંદ્ર, મૂર્તિ, ઇન્દુ, મોક્ષ, વિશ્વંભર, શશિ, કૈવલ્ય, ભુ, વ્યોમ, ભૂમિ.

(૨) બે, પક્ષ, યુગ્મ, કર, અક્ષિ, વિહગ, વિપ્રાણ, નયન, યમ, ભુજ, હસ્ત, તાન, યુદ્ધ, ધુંગોલક દસ્ર.

(૩) ત્રણ, અગ્નિ, રામ, કાલ, વિધિ, હરનેત્ર, ગુણ, રુદ્રાક્ષ, શૂલ, વર્ગ, ભુવન, ત્રિલોક નય, ઋતુ, વિધિ

(૪) ચાર, યુગ, વેદ, દિશા, ભાગ, જાતિ, વર્ણ, તુર્ય, તુરીય, નિગમ, વાક્ય, વાદ્ય, અબ્ધિ ખ્યાતિ.

(૫) પાંચ, ઇષુ, તત્ત્વ, ઇન્દ્રિય, શંભુ, ચક્ર, ક્ષેત્ર, ભૂત, બાણ, વાસ્તુ, શર.

(૬) છ, દર્શન, રસ, રાગ, આગમ, ઋતુ, કર્મ, અંગ, તર્ક શત્રુ ચક્ર, મુખ.

(૭) સાત, પાતાલ, મુનિ, ધાતુ, લોક, નાક, સમુદ્ર, ઋષિ, સ્વર, પર્વત સાગર, અદ્રિ સૂર્યોશ્વ સ્વર્ગ.
(૮) આઠ, નાગ, અશ્વ, વસ્તુ, ગણુ, શૈલ, પદ્મદલ ગજ
(૯) નવ, અંગ, દ્વાર, ગ્રહ, નંદ, સૂત્ર, ખંડ ભક્તિ,
(૧૦) દશ, દિક્, નાડી, પંક્તિ, પ્રાદુર્ભાવ. દિગ્ દિશા
(૧૧) અગિયાર, રુદ્ર, ત્રિષ્ટુભ, એકાદશ
(૧૨) બારશ, વિતસ્તિ, મુખ, તાલ, યમ, અર્ક, રાશિ, જગતી સૂર્ય, ભાનુ, ભાસ્કર દિવાકર રવિ માસ, ઈન
(૧૩) તેર, અતિજગતી, વિશ્વ
(૧૪) ચૌદ, મનુ, શક્ર, ઇન્દ્ર, ભુવન. લોક
(૧૫) પંદર તિથિ પંચદશ
(૧૬) સોળ, અષ્ટિ, ઈન્દુકલા, ક્રિયા, ષોડશ સોળકલા,
(૧૭) સત્તર, અત્યષ્ટિ, સપ્તદશ, ધન
(૧૮) અઢાર, સ્મૃતિ, ધૃતિ, અષ્ટાદશ પુરાણુ
(૧૯) ઓગણીઈશ, અતિધૃતિ, એકોન વિંશતિ
(૨૦) વીસ, કૃતિ, વિષ્કુ, વિંશતિ, નખ, અંગુલય
(૨૧) એકવીશ, પ્રકૃતિ, એકવિંશતિ, મૂર્છના સ્વર્ગ
(૨૨) બાવીસ, આકૃતિ, દ્વીવિંશતિ
(૨૩) ત્રેવીસ, વિકૃતિ, ત્રયો વિંશતિ,
(૨૪) ચોવીસ, જીન,
(૨૫) પચ્ચીસ, પંચવિંશતિ, તત્ત્વ, અતિકૃતિ,
(૨૬) છવ્વીસ, ષડવિંશતિ, અહોકૃતિ,
(૨૭) સત્તાવીશ, સપ્તવિશંતિ, નક્ષત્ર, ભ,

વૃક્ષ કાષ્ટ

પ્લક્ષ, અશ્વત્થ=પીંપળો
ખાદિર=ખેર
અર્જુન=રૂખડો સાગર
આમ્ર: કામુંક=આંબો, અતિ સૌરભ
મુનીદ્ર=અગસ્તિયા
સ્ફૂર્જક-કા, તિંદુક = ટીંબરવો, કાલસ્કંધ, રિતિસાર, સારક ધોળો કાલ સ્કંધ

શમી=ખીજડો
વંજુલા, અશોકા=આસોપાલવ
સર્જ-સાલ-શાક, કાર્ય અશ્વકર્યા-સસ્થ =સાગ સંબરા
શાલ=શાળ
મધુવૃક્ષ, મધુક=મહૂડો
સરલ, દેવદારૂ =દેવદાર

અગર, શીશપ=શિસમ, શિંશપા, તર્કારી,
હરિંદ્ર=હળદરવો

ગંધસાર, મલયજ-ચંદન=સુખડ

સુરતરુ, કલ્પવૃક્ષ,=આંબો રસાલ, સહકાર,
અતિસૌરભ આમ્ર

નિમ્બ=લીમડો

રક્ત ચંદન=રક્ત ચંદન (રતાંજલી)

હિન્તાલ=હરતાળ

અગુરુ=અગરૂ

બાલતનય-ગાયત્રી, દંતધાવન-ખદિર }=ખેર

તિંતડી=આંબલી અમ્લિકા

તર્કારી=શીશમ

તિલપર્ણીશ=સુખડ

કુકુભ, શાલ્મલિ=સાજડ, અર્જુન વૃક્ષ, વિચ્છિલા

પૂરણી, મોમા, સ્થિરાયુ

તિષ્ઠ ફલા—આમલકી=આમલી

ચિંચા, અમ્લિ, અમ્લિકા આંબલી

પદ્મક=પતંગનું લાકડું, લાલરંગનું

કર્પૂર=કપૂર

શ્રીપર્ણી-કાશ્મીરી, ભદ્ર કર્ણ }=સીવણી

કાવેદુ કુલક=લાલટીંબરવો

પિચ્છિલા, અગર, શિરીષા }=શીશમ

શિરીષા, કપિલા, ભંડિલ }=શિરીષ-કાળો સરસડો સ્થિરકામમાં વાપરવું.

રોહિ-રોહિતક, પ્લીહ-શત્રુ }=રોહિડો.

તિલપર્ણી,-પત્રાંગમ, રક્ત ચંદન. }=રતાંજળી.

વંશિકમ્-અગરુ,રાજાહંસ, કાલાગુરુ }=અગર

રંભા=કેળ

ખર્જુરી=ખજુરી

દાડમિ=દાડમ

બદરી=બોરડી

બીજપુર=બીજોરૂં (લીમ્બુડી)

ઉદમ્બર=ઉંબરો

વટ=વડ

કર્ણધાર=કણેરી કરણ

મુનિદ્ર=અગસ્તિ, અગથીયો.

ઈક્ષુદંડ=શેરડી

પલાશ=ખાખરો

ચંપક=ચંપો.

કુંદ=મોગરો.

નિર્માલિક=નરમામી, સોના જેવા પીળાવૃક્ષ.

શ્રીપર્ણી=શીવણી,સવન, સફેદ રંગ.

પદ્મક=પતંગનું લાલ લાકડું

કેતકી=કેતકી (કેવડો)

પ્લક્ષ=પીંપળ

તગર=તગર

જુત=રૂખડો આંજણ

શાકપાદપ=ભદ્રક

ભદ્રદાર ક્રકિતિસમ=પીતદારૂ, લાલપેન

સ્વાદુ કણ્ટક-વિકંકત, સ્નુવાવૃક્ષ, શિરીષા-કપિતરૂ }સવન મંણ્ડિલ-શિરીષ

# વાસ્તુ–નિઘંટુ શિલ્પશાસ્ત્રીય કોષ

## (વાસ્તુ નિઘંટુમાં આવતા શબ્દોના અર્થ)

### અ

અક્ષ : સં. (પું–ન.) (૧) માળાનો મણકો, રુદ્રાક્ષનો મણકો, (૨) રમવાનો પાસો (૩) ધરી (૪) આંખ (૫) જ્ઞાનેન્દ્રિય (૬) (પું) ઉ. ધ્રુવથી દ. ધ્રુવ સુધી જતુ ગર્ભીય સૂત્ર, અક્ષાંશ (૭) શિલ્પીનો ગજ કામઠું (સં. कम्बा ઉપરથી) (૮) બહેડાંનું વૃક્ષ (૯) ત્રાજવાની દાંડી.

અક્ષક : સં. પું. (૧) આંબલીનું ઝાડ (૨) બહેડાંનું વૃક્ષ.

અક્ષમાલા : સં. (સ્ત્રી) રુદ્રાક્ષની માળા, અ થી ક્ષ સુધીના અક્ષરોની કલ્પેલી માળા.

અક્ષર : સં. (પું) વર્ણ, હરફ, દસ્કત (વિ) (ન.) અવિનાશી. (ધામ) (પું) બ્રહ્મલોક, મોક્ષ.

અક્ષસૂત્ર : સં. ન. રુદ્રાક્ષની માળા, મધ્ય સૂત્ર.

અક્ષિ : સં.ન. (ગુજરાતીમાં સ્ત્રી) આંખ,–કોશ (પું) આંખનો ગોખલો, ડોળો, તારક.

અખટ : પું. (શિ. કા.) પીપળાનું વૃક્ષ

અગ : સં. (પું) વૃક્ષ, પર્વત, (વિ) ગમન ન કરી શકે તેવું. અગમ્ય.

અગમ : સં. (વિ) (अ + गम) અગમ્ય, ઈન્દ્રિયાતીત (૨) (ન) ભવિષ્ય.

અગરુ : (ન) અગર, ચંદન, સુખડ, સીસમનું વૃક્ષ, ગૂગળનું વૃક્ષ.

અગરુશિંશપા : સીસમનું વૃક્ષ.

અગાર : સં. (ન) ઘર, નિવાસસ્થાન (જૈ) છુટ, અપવાદ.

અગ્નિ : સં. (પું) (૧) આગ, ઊર્જા- (૨) પ્રકાશ અને ઉષ્ણતાનો કે અગ્નિકોણનો અધિષ્ઠાતા દેવ, (૩) પંચ મહાભૂતોમાંનું તેજતત્ત્વ (૪) જઠરાગ્નિ, પાચકતત્ત્વ.

અગ્નિકુમાર : (પું) અગ્નિ મારફત ઉત્પન્ન થયેલો પુત્ર –કાર્તિકેય (૨) જઠરાગ્નિને વધારે એવું એક ઔષધ.

અગ્નિગર્ભ : (વિ) જેમાંથી અગ્નિ જન્મે એવું, (૨) અરણી, (૩) ચકમક, (૪) સૂર્યકાન્ત મણિ.

અગ્નિપંચક : સં. ન. પાંચ પ્રકારનો અગ્નિ, અન્વાહાર્ય પચન કે દક્ષિણ, ગાર્હપત્ય, આહવનીય, સભ્ય અને આવસથ્ય.

અગ્નિપ્રસ્તર : સં. પું. અગ્નિ જનક પાષાણ, ચકમક.

અગ્નિશિખ : સં. વિ. દીપક જેવું બાણ, તીર.

અગ્ન્યસ્ત્ર : (સં.) પું. અગ્નિ વરસે તેવું એક બાણ.

અગ્ન્યાષ્ટ : (શિ.) યજ્ઞ યાગ કરવાની જગ્યા.

અઘોર : સં. (વિ) અતિભયાનક, ઘાતકી, ભાનસાન-વગરનું, ઘણું સખત કે મુશ્કેલ.

અંઘ્રિ : સં. પું. (૧) પગ, (૨) વૃક્ષનું મૂળ, (૩) પદ્યનું ચરણ, વસ્તુનો ચતુર્થાંશ.

અજ : સં. (વિ) નહિ જન્મેલું, અનાદિ, (પું) બકરો, બ્રહ્મા, કામદેવ, ચંદ્ર, રામચંદ્રજીના દાદાનું નામ.

અજા : સં. (સ્ત્રી) માયા, કુદરત, બકરી.

અજિતા : સં. (સ્ત્રી) નહિ જીતાયેલી સ્ત્રી, (જૈ) (૨) શ્રી અભિનંદન સ્વામીની મુખ્ય સાધ્વી.

અજિન : (ન) મૃગચર્મ, કાળિયારનું ચર્મ, કોઈપણ ચર્મ.

અજિર : (ન) ઘરનું આંગણું, ફળિયું.

અજિરુક્ષ : (સં. વિ.) રૂક્ષગતિવાળું, કઢંગી ચાલ વાળું.

અઞ્ચલ : સં. (પું) (૧) પાલવ, વસ્ત્રનો છેડો, (૨) છેડો, (૩) આંખનો ખુણો.

અટ્ટ : સં. (વિ) (૧) ઘણું ઊંચું, મોટું, (૨) બુરજ અટારી, કિલ્લા ઉપરની દેવડી, (૩) મહેલ (૪) અનાજ.

અટ્ટક : સં. વિ. ઘણું મોટું, બુરજ, મહેલ.

અટ્ટન : સં. ન. (૧) એક જાતનું હથિયાર, (૨) અનાદર.

અટ્ટાલક : સં. પું. ઝરુખો, અટારી, સૌથી ઉપરનો માળ.

અટ્ટાલિ : સં. સ્ત્રી. રવેશ, ગેલેરી, છજુ.
અટ્ટાલિકા : સં. (સ્ત્રી) (૧) અટારી, નીચી અગાશી (૨) ઇંટો વડે બનાવેલ રાજમહેલ.
અતિગૃહક : સં. ન. ઘણું ઉંચું ઘર, અગાશી.
અતિચાર સં. (પું) અતિક્રાન્ત, અતિક્રમ.
અતિમર્મ : સં. ન. વાસ્તુ ક્ષેત્રના નાડી વંશ અનુવંશ, શિરા રેખાનું સંધિ સ્થળ, મહાચર્ય.
અતિષમ : સં. વિ. અત્યંત સમથળ, સપાટ.
અતીત : સં. (વિ) પર થયેલું, વટાવી ગયેલું, ગત, વિતેલું.
અતૃષ્ણા : સં. (સ્ત્રી) તૃષ્ણાનો અભાવ.
અત્યાયત : સં. વિ. ઘણું લાંબુ, ઘણું દૂર.
અથર્વણ્ : વિ. (૧) અથર્વવેદને લગતું, (૨) અથર્વવેદનો પુરોહિત–આથર્વણ્.
અદિતિ : સં. (સ્ત્રી) (૧) દેવોની માતાનું નામ, (૨) પૃથ્વી, (૩) વાણી.
અદ્રિ : સં. (પું) (૧) પર્વત, (૨) પત્થર, (૩) વૃક્ષ, (૪) મેઘ, (૫) સૂર્ય.
અદ્રિજ : સં. (વિ) પર્વતમાં ઉપજેલું, પત્થરમાંથી થયેલું.
અદ્રિસાર : સં. (પું) લોખંડ.
અધર : સં. (વિ) નીચેનું, (પું) નીચલો હોઠ,–હોઠ.
અધઃ : સં. અ. નીચે, નીચેનું સ્થળ, તળે.
અધિવાસ : સં. (પું) મુખ્ય રહેઠાણ, ખુશબો.
અધિવાસન : સં. ન. દેવની પ્રતિષ્ઠા કરવી તે, શરીરે સુગંધી લગાવીને વસ્ત્રો પહેરવાં તે, પ્રતિષ્ઠામાં આવતી ક્રિયા.
અધિષ્ઠાન : સં. ન. સ્થળ, રહેવાની જગ્યા, વસતિ, નગર.
અધોમુખ : સં. (વિ) નીચા મોં વાળું, (ન) નીચુ મુખ.
અધ્યર્ક : સં. વિ. પૂજક, પૂજા કરનાર.
અધ્યર્ધ : સં. ન. જેનો અર્ધો ભાગ થઈ શકે તેવું, (૨) અર્ધા કરતાં વધારે.
અધ્યર્ધશત : સં. ન. દોઢસોની સંખ્યા, (૨) દોઢ.
અધ્યા : (દે) (પું) પ્રકરણ, અધ્યાય.

અનન્ત : સં. (વિ) અપાર, (પું) વિષ્ણુ, રૂદ્ર, બ્રહ્મા, શેષનાગ, બળરામ, આકાશ, જૈનોના ચૌદમાં તીર્થંકર
અનન્તવેદી : સં. (પું) શેષનાગ પર પોઢનાર વિષ્ણુ.
અનન્તસૂનુ : સં. (પું) શિવ (અનંત)ના પુત્ર કાર્તિકેય.
અનન્તા : સં. (સ્ત્રી) પૃથ્વી, (૨) (વિ. સ્ત્રી.) પાર વિનાની, (૩) અપારપણું.
અનન્તશયન : સં. (સ્ત્રી) ગંગા અને યમુના વચ્ચેનો પ્રદેશ, બ્રહ્માવર્ત.
અનામિકા : સં. (સ્ત્રી) ટચલી આંગળી પાસેની આંગળી
અનાહતપદ : સં. ન. યોગીની ભાષામાં અનાહતચક્રનું હૃદય પાસેનું સ્થાન. શિલ્પમાં મૂર્તિના હૃદય પ્રદેશનો ભાગ.
અનિરુદ્ધ : સં. (વિ) (ન.) રોકેલું, રોકાય નહિં તેવું, (પું) કૃષ્ણનો પૌત્ર.
અનિલ : સં. (પું) પવન.
અનુગ : સં. (વિ) પાછળ ચાલનારૂં, અનુચર, અનુકૂળમિત્ર.
અન્નવ્યવહાર : સં. (પું) ખાનપાનનો સંબંધ.
અન્યોન્ય : સં. (વિ) પરસ્પર, એકમેક.
અન્વાયતન : સં. ન. મુખ્ય દેવાલયની સાથેની નાની દેરી; (વિ.) વિસ્તૃત.
અન્વેષક : સં. (વિ) તપાસનાર, (પું) હિસાબ તપાસનાર, શોધક.
અનાભ : સં. (વિ) નાભિ–કેન્દ્ર વિનાનું.
અનુગ્રહ : સં. (પું) કૃપા, ઉપકાર, અનુકૂળતા.
અનુગામિન્ : સં. (વિ) અનુગમન કરનારું, અનુયાયી, અનુચર, સેવક, સહાયક મિત્ર.
અનુચર : સં. (પું) પાછળ ચાલનાર ચાકર, સહાયક.
અનુજ : સં. (વિ) પછી જન્મેલું, (પું) નાનો ભાઈ.
અનુદર : સં. વિ. જેનું ઉદર બહુ જ ઓછું છે તે, જેનું પેટ ફુલ્યું ન હોય તે.
અનુરક્તિ : સં. (સ્ત્રી) આસક્તિ, સ્નેહ, પ્રીતિ.
અનુરથ્યા : સં. વિ. અનુરાગ કરવા યોગ્ય, પ્રીતિ પાત્ર.

અનુરંજન : સં. (ન) ખુશ કરવું તે, વિનોદ, પ્રસન્ન કરવું તે.

અનુરાધા : (સ્ત્રી) વિશાખા પછીનું નક્ષત્ર, તે નામનું નક્ષત્ર.

અનુવેશ : સં. પું. (૧) પડોશીની પાસેનું ઘર, (૨) મોટાને છોડીને નાનાનો વિવાહ કરવો તે.

અનુષ્ઠાન : સં. ન. શાસ્ત્ર અનુસાર કરવું તે, વ્રત વગેરે આચરવું તે, વિધાન, વિધિ.

અનૂપ : સં. (વિ) જળમય પ્રદેશ, જળના કિનારાનો પ્રદેશ.

અપચર : સં. (વિ) હીણું આચરણ કરનાર, કુમાર્ગગામી.

અપદ્વાર : સં. (ન) પાછલું બારણું; ગુહ્ય.

અપપર્ણ : સં. (વિ) પાંદડાં વિનાનું, જેનાં પાંદડાં ખરી પડયાં હોય તેવું.

અપરાજિતા : (સ્ત્રી) એક ઔષધી, (સં) દુર્ગા, દુર્વા, અશ્વગંધા, ઈશાન દિશા.

અપરાન્ત : સં. પું. પશ્ચિમ દિશાનો છેડો, પશ્ચિમ છેડે આવેલો પ્રદેશ.

અપર્ણા : સં. (સ્ત્રી) પાર્વતી.

અપલ : સં. વિ. માંસરહિત, દુબળું.

અપવર્ક : ન. (અપવરક (સં. ન.)) ઘરની અંદરનું વાસગૃહ, ઓરડો.

અપવર્ગ : સં. (પું) સમાપ્તિ, અંત, મોક્ષ, પૂર્ણતા.

અપવેશ્મ : સં. ન. શૌચાલય, નિકૃષ્ટ ઘર.

અપ્સરા : સં. (સ્ત્રી) સ્વર્ગની વારાંગના, (વિ) અતિ સુંદર સ્ત્રી.

અપ્સરસ્ : સં. (સ્ત્રી) સ્વર્ગની વારાંગના.

અપસવ્ય : સં. ન. શરીરનો જમણો ભાગ, (વિ. ન.) પ્રતિકૂળ, વિપરીત, વિરુદ્ધ.

અપાચી : સં. (સ્ત્રી) પશ્ચિમ દિશા, (૨) દક્ષિણ દિશા.

અપિ : સં. (અ) પણ, વળી, સંભાવના સ્વીકાર.

અપ્નસ : સં. ન. કર્મ, ક્રિયા.

અપ્રસારિતપાદ : સં. વિ. જેના પાયા વિસ્તારેલા ન હોય તેવું મકાન, જેના પગ ફેલાવેલા નથી તેવું.

અબ્જ : (વિ) (સં) સંખ્યા સો કરોડ, (પું) તેની સંખ્યા, (ન) જલજ કમળ.

અબ્દુર્ગ : (સં) (પું) ચોફેર પાણીથી રક્ષાયેલો કિલ્લો.

અબ્ધિ : સં. (પું) સમુદ્ર.

અભય : (સં.) (વિ) નીડર, (પું) (ન.) ભયનો અભાવ સંરક્ષણ, આશ્રય.

અભ્યસન : સં. નં. પુનરાવર્તન. એક જ કામ વારંવાર કરવું તે, આવર્તન કરવું તે.

અભ્ર : (સં) (ન) વાદળ. આકાશ,

અભિચાર : (સં). (પુ) શત્રુને નુકસાન કરવા સારું થતો મંત્ર પ્રયોગ.

અભિષેક : (પુ) (સં) જલસિંચન કે તેની વિધિ. (મૂર્તિ અથવા નવારાજા ઉપર); સ્નાન.

અભિસૃજ : સં. ક્રિ. તજવું, છોડવું, દાન કરવું, આપવું.

અભિસૃજતિ : સં. ક્રિ. તે આપે છે, દાન કરે છે, છોડે છે.

અભીપ્સિત : સં. (વિ) ઇચ્છેલું, પ્રિય.

અભીર : (સં) (પુ) ગોવાળિયો આહીર.

અમ્લ : (સં) (વિ) ખાટું તેજાબ, એસિડ, ખટાશવાળું.

અમ્લફલ : (સં) (ન) આંબલીનું વૃક્ષ.

અમેધ્યતા : (વિ) યજ્ઞ માટે અયોગ્યતા, અપવિત્રતા. અપવિત્ર હોવાપણું.

અયન : (સં) (ન) ગતિ (ન) વિષુવવૃત્તની દક્ષિણમાં અને ઉત્તરમાં દેખાતી સૂર્યનીગતિ, એ ગતિને લગતો વખત ૭ માસ.

અયસ્ : (સં) લોખંડ (પું) પાસો, ચિત્રાનું વૃક્ષ, અગ્નિ.

અયસ્કાર : સં. મિ. લોખંડ ઘડનાર, લુહાર.

અયોમુખ : સં. વિ. લોખંડના ફળાવાળું હથિયાર, હળ, બાણ વગેરે; મજબૂત ચાંચવાળું પક્ષી.

અયુત : (સં) (વિ) જોડાયેલું નહિ એવું છુટું (વિ) (ન.) દશ હજારની સંખ્યા.

અયૂપ્ય : સં. પું. લીમડો, જંબીર, લીંબુડી (વિ) યજ્ઞ માટેનો થાંભલો જેમાંથી ન થાય તેવું વૃક્ષ કે લાકડું.

અર : (વિ) (સં) ઉતાવળું, ત્વરિત (પુ) આરો (પૈડાનો) પૈડાનું લાકડું.
અરઘટ્ટ : (પુ) (સં) રેંટ; મોટો કૂવો.
અરણિ : (સં) (સ્ત્રી) એક જાતનું વૃક્ષ
અરર સં. ન. કમાડ, બારણું, ઢાંકણ, વાંસનો પોટો.
અરરિ : સં. ન. કમાડ, બારણું.
અરલી : (અરરિનો અપભ્રંશ)
અરવિંદ : (સં) (ન) કમળ, (પું) એક છન્દ, સારસ પક્ષી, તાંબું.
અરવિંદફૂલપ્રભ : કમળના ફૂલજેવું.
અરિત : સં. વિ. ઉતાવળિયું, ત્વરિત.
અરિષ્ટાગાર : સં. ન. સૂતિકાગૃહ, સૂતિકાને રાખવાનો ઓરડો.
અર્ક : સં. પું. આકડો, અરગનું વૃક્ષ, સૂર્ય, વિષ્ણુ, ઉત્તરાફાલ્ગુનીનક્ષત્ર, બારની સંખ્યા.
અર્કસુનુ : સં. પું. શનિ, યમ, કર્ણ, સુગ્રીવ, અશ્વિનીકુમાર, યમુના નદી.
અર્ગલા : સં. (સ્ત્રી) સાંકળ, આગળો, ભોંગળ, તે નામનું દેવીસ્તોત્ર.
અર્ગલિકા : સં. (સ્ત્રી) નાની સાંકળ, નાનો આગળો,
અર્ઘ્ય : સં. વિ. પૂજાયોગ્ય, સત્કારયોગ્ય; પૂજા સત્કારની સામગ્રી.
અર્ચન : સં. ન. પૂજન; પૂજા, સત્કાર.
અર્ચા : સં. સ્ત્રી. પૂજા, સત્કાર, પ્રતિમા, મૂર્તિ.
અર્ચિસ્ : સં. સ્ત્રી. જ્વાળા, કાન્તિ, તેજ.
અર્જુન : સં. પુ. ત્રીજો પાંડવ, સાદડનું વૃક્ષ.
અર્જુનધ્વજ : સં. પું. અર્જુનના રથધ્વજમાં રહેલા હનુમાન.
અર્ણ : સં. વિ. ગતિશીલ; (ન.) પાણી.
અર્ણલ : સં. પું. સમુદ્ર;
અર્ધ : સં. વિ. અડધુ, અર્ધભાગ.
અર્ધચંદ્ર : સં. પું. આઠમનો ચંદ્ર, અર્ધાચંદ્રના આકારનું; અર્ધગોળ, અર્ધગોળફળાવાળું બાણ.
અર્ધાર્ધ : સં. વિ. અડધાનો અડધોભાગ; એક ચતુર્થાંશ.
અર્ધશત : સં. વિ. સોનો અડધો ભાગ, પચાસની સંખ્યા.
અર્બુદ : સં. પું. આબુ પર્વત, શરીરમાં પડેલું ચાંઠું ગાંઠ, (ન.) દસ કરોડની સંખ્યા.
અર્હંત : પું. (સં. अर्हत्) તીર્થંકર, જૈન દેવ; (વિ.) પૂજવા યોગ્ય.
અરિ : શત્રુ.
અરિચિત્ત : સં. નં. શત્રુનું ચિત્ત ?
અરિધેનુકા (અસિધેનુકા) : સં. સ્ત્રી. નાની તલવાર; છરી;
અલંકાર : સં. પુ. શિલ્પમાં રચાતાં આભૂષણો, અલંકરણો.
અલિદ્દ્વાર અલિંદદ્વાર : સં. નં. આંગણાંમાંથી ઘરમાં પ્રવેશનું દ્વાર, મુખ્ય બારણું.
અલિંદ : સં. अलिक નં. પ્રાસાદની શુકનાસાવાળો ભાગ; ન. મસ્તક; કપાલક (વિ.) જૂઠું.
અલિંદ : સં. પું. ઓટલો; બારણા બહારનો ચોક, આંગણું.
અવખાત સં. ન. ઊંડો ખોદેલો ખાડો.
અવગાહ : સં. પું. સ્નાન; અંદર પેસવું તે, નહાવું તે.
અવઘટ્ટ : સં. પું. જમીન અંદરની ગુફા કે છિદ્ર, બાકોરુ.
અવતંસ : સં. પું. મસ્તકનો અલંકાર, કાનનો અલંકાર, વિ.) સર્વોચ્ચ.
અવદંક : સં. अवटंक પુ. ઉપનામ, અટક.
અવનિ : સં. સ્ત્રી. ભૂમિ, પૃથ્વી, આંગળી.
અવન્તિ : સં. સ્ત્રી. ઉજ્જયની નગરી.
અવ્યય : સં. વિ. વિકારરહિત, અવિનાશી.
અવ્યક્ત : સં. વિ. સ્પષ્ટ ન થએલું, ખુલ્લું ન થએલું, (ન.) નિરાકાર બ્રહ્મ, પરમાત્મા.
અવ્યગ્ર : સં. વિ. સ્વસ્થ, વ્યાકુળતારહિત.
અવલષક : અવલક્ષક પુ. નકશા વગેરેમાં નિશ્ચિત સ્થાન બતાવનાર પટ્ટી; સોટી;
અવલંબ : સં. પું. ટેકો, આધાર, ટેકો લેવાનું સાધન.
અવલંબન : સં. ન. ટેકો, આધાર, ટેકો લેવાની ક્રિયા.

અવલોકન : સં. ન. આગળ પાછળ જોવું તે, ચારે બાજુ જોવું તે; જોવું, અનુસંધાન કરવું.

અવશેષ : સં. પું. બાકી રહેલું, બચેલું, બાકી.

અવસ્કર : સં. પું. વિષ્ટા, મળ, મેલ.

અવસ્તાર : સં. પું. પડદો, કનાત, ડેરો, પાથરવું તે.

અવસ્થા : સં. સ્ત્રી. દશા; સ્થિતિ; આકાર.

અવસ્થા ચતુષ્ટય : સં. ન. જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એમ આત્માની ચાર અવસ્થાઓ.

અવાન : સં. વિ. સુકું ફળ, સુકોમેવો.

અવામિ : (સં. अवामिन् વિ.) અનુકૂળતાવાળું, જમણી બાજુનું; બેડોળ.

અવાર્થતા : સં. સ્ત્રી. વિરુદ્ધાર્થતા; ઉલટો અર્થ હોવો તે.

અવિષ્કૃ सं. आविष्कृ આવિષ્કાર કરવો, ઉત્પન્ન કરવું, શોધી કાઢવું.

અવિષ્ટન્ : आवेष्टन : ન. (શિ) પ્રાસાદની મંડોવર-માંની મેખલાઓ, વીંટાળવાનું વસ્ત્ર.

અશીતિ : સં (સ્રી) એંશીની સંખ્યા.

અશોક : સં. પું. આસોપાલવ, બકુલ; (વિ) શોક વિનાનું, (ન) પારો.

અશ્વ : સં. પું. ઘોડો; પુરુષની એક જાતિ.

અશ્વગોષ્ઠ : સં. ન. ઘોડાર, ઘોડાનો તબેલો.

અશ્વત્થ : સં. પું. પીંપળો, પીપરનું વૃક્ષ.

અશ્વિનીકુમાર : સં. પું. ઘોડીના રૂપે રહેલી સરણ્યુથી થયેલા બે સૂર્યના પુત્રો; દેવોના વૈદ્ય.

અશ્લીલ : સં. ન. અસુંદર, અભદ્ર, લજ્જાસ્પદ; શોભારહિત.

અશ્લીષ્ટ : સં. ન. સંબંધરહિત, ન જોડાયેલું.

અશ્મન્ : સં. પું. પત્થર, ખડક, પર્વત.

અશ્મસાર : સં. વિ. પત્થર જેવું કઠણ; લોઢું.

અષ્ટદિક્પાલ : સં. પું. પૂર્વાદિ આઠ દિશાઓના પાલક દેવો, અનુક્રમે ઇન્દ્ર, અગ્નિ, યમ, નિઋતિ, વરુણ, વાયુ, કુબેર અને ઈશાન (શિવ).

અષ્ટદિગ્ગજ : સં. પું. આઠ દિશાઓના રક્ષક આઠ હાથીઓ–ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક એ નામના અનુક્રમે પૂર્વાદિ દિશાઓના રક્ષક હાથી.

અષ્ટધાતુ : સં. પું. આઠ ધાતુઓ, સોનું, રૂપું, તાંબું, રંગ (જસત) સરાદ (કલાઇ), સીસુ, લોઢું અને પારો કે ગંધક.

અષ્ટપ્રતિહાર્ય : આઠ દ્વારપાલ.

અષ્ટમંગલ : સં. ન. આઠ મંગલકારક પદાર્થો, સિંહ, વૃષભ, હાથી, કલશ, વ્યજન (પંખો) વૈજયન્તી (પુષ્પમાલા), ભેરી (ભેર), દીપ (દીવો).

અષ્ટરસ : સં. પુ. કાવ્ય નાટકાદિમાં પ્રસિદ્ધ આઠ રસ – શૃંગાર, વીર, કરુણ, અદ્ભુત, હાસ્ય, ભયાનક બીભત્સ અને રૌદ્ર

અષ્ટલોહ : સં. ન. સુવર્ણ વગેરે આઠ ધાતુઓ – સુવર્ણ, રજત, તામ્ર, સીસું, કલાઈ, બંગલોહ, તીક્ષ્ણ લોહ અને લોહ.

અષ્ટસૂત્ર : સં. ન. વાસ્તુ મંડળના મર્મ, ઉપમર્મ આદિ બતાવતાં આઠ સૂત્ર; શિરા, મહાવંશ; અનુવંશ, વંશ, મર્મ, ઉપમર્મ, સંધિ, અનુસંધિ.

અષ્ટાદશન્ : સં. વિ. અઢારની સંખ્યા.

અષ્ટાદશપુરાણ : સં. ન. અઢાર પુરાણો–બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ, ભાગવત, નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્યત્, બ્રહ્મવૈવર્ત, લિંગ, વરાહ, સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ, બ્રહ્માંડપુરાણ.

અષ્ટાપદ : સં. પું. સોગઠાબાજીનો ચોપાટ ચિતરેલું પાટિયું; સુવર્ણ, કરોળિયો, શરભ, કૃમિ, ખીલો. (જૈ.) એક પર્વતનું નામ.

અષ્ટાંગ : (સં) (ન) આઠ અંગ : આઠ અંગવાળું.

અસ્ત્ર : સં. ન. ફેંકી શકાય તેવું હથિયાર, બાણ વગેરે.

અસ્ત્રિ : વિ. અસ્ત્ર ધારણ કરનાર.

અસલ : સં. ન. લોઢું, અસ્ત્ર; અસ્ત્ર ફેંકવામાં ઉપયોગી ધનુષ્ વગેરે.

અસ્મન્ : (સં. अश्मन् ) પથ્થર.

અસિ : સં. પું. તલવાર.

અસિત : સં. પું. કાળોરંગ, વિ. કાળારંગનું

અસ્થિ : સં. ન. હાડકું.

અસિધેનુ : સં. સ્ત્રી. છરી, નાની તલવાર.
અસુર : સં. પું. દેવના વિરોધી; દૈત્ય, તમોગુણી; જીવધારણ કરનાર.
અસુરાચાર્ય : સં. પું. શુક્રભાર્ગવ, અસુરોના પુરોહિત, એકઋષિ.
અંગનાપ્રિય : સં. પું. : અશોક વૃક્ષ; (વિ.) સ્ત્રીઓને પ્રિય પદાર્થ
આંગળ : સં. अंगुल : પુ. ન. આંગળ; આગળું, આંગળી, જેટલું માપ.
અંગાર : સં. પું. અગ્નિનો અંગારો, તણખો; કોલસો.
અહિ : સં. પું. સર્પ, સૂર્ય, રાહુ, વૃત્ર, દુષ્ટ, ઠગ, પૃથ્વી, ગાય.
અહિછત્રા : સં. સ્ત્રી. અહિચ્છત્રા કે અહિચ્છત્ર નામનું નગર જે પ્રાચીન કાંપીલ્ય દેશમાં હતું.
અહિર સં. : વિ. आहीर–आभीर ભરવાડની એક જાત. (સં. અહિહ–અહિને મારનાર ઈન્દ્ર, સર્પને મારનાર ગરુડ, મોર, નોળિયો.)
અહોરાત્ર : સં. ન. રાત્રી અને દિવસ.
અંકુર : સં. પું. બીજનો ફણગો; પાણી, ફૂલની કળી.
અંગ : સં. ન. શરીર; શરીરનું અવયવ; ભાગ, અવયવ, ગૌણ.
અંગદ : સં. પું. બાજુબંધનો અલંકાર; વાલિનો પુત્ર,
અંગના–સં. સ્રી. સ્ત્રી, નારી.
અંગારક : સં. પું. અંગારો; મંગળ; ભાંગરો.
અંગિરા : (સં. અંગિરસ્–પુ.) તે નામે એક ઋષિ; તેમનું ગોત્ર.
અંગુલ : સં. પું. આંગળી, આંગળું; આંગળાનું માપ.
અંગુલિમુદ્રા : સં. સ્ત્રી. નામના અક્ષર કોતરેલી આંગળીની વીંટી.
અંગુલીય : સં. : ન. આંગળી; તેટલું માપ; વીંટી.
અંગુષ્ઠ : સં. પું. અંગૂઠો.
અંજલિ : સં. પું. ખોબો; અંજલિ–ખોબાનું માપ.
અંતકવેધ : સં. अन्तर्वेध પુ, વસ્તુના અંદરનાભાગનું માપ; તેવા માપ માટેનું સાધન; તેવું માપ કરનાર; અંતર્વેધને બદલે શિલ્પીઓમાં વપરાતો અશુદ્ધ શબ્દ.
અંતરાલ : સં. ત્રિ. મધ્ય, વચલો ભાગ; અંદરનું; બે દિશા વચ્ચેનો ખુણો.
અંધક : સં. પું. તે નામનો અસુર; એક યાદવ.
અંબક : સં. પું. પિતા, (ન.) આંખ; તાંબું.
અંબર : સં. ન. તે નામનું સુગંધિ દ્રવ્ય, આકાશ; અબરખ.
અંબરમણિ : સં. પું. સૂર્ય.
અંબરિક : સં. आंबरिक ત્રિ. અંબર નામે સુગંધિત પદાર્થ વિશેનું, ઘરના વિતાન અંગેનું. (ચંદરવો)
અંબાલિકા : સં. સ્ત્રી. હાથીની અંબાડી, કાશિરાજની પુત્રી, પાંડુરાજાની માતા.
અંબિકા : સં. સ્ત્રી. હાથીની અંબાડી; કાશિરાજની પુત્રી, ધૃતરાષ્ટ્રની માતા.
અંબુ : સં. ન. પાણી.
અંબુજ : સં. પું. શંખ, સારસપક્ષી, (ન.) કમળ, (વિ.) પાણીમાં ઉત્પન્ન થનાર, (પું.) ચંદ્ર.
અંભોજ : સં. પું. શંખ; ચંદ્ર; સારસપક્ષી; (ન) કમળ; વિ. પાણીમાં ઉત્પન્ન થનાર.
અંભોરુહ : સં. ન. કમળ, ઉપર પ્રમાણે.
અંશુ : સં. પું. કિરણ, પ્રકાશ, પ્રભા, ભાગ, કૂંપળ, સૂર્ય; આકડો.
આકર : સં. ન. ખાણ.
આકર્ણ : સં. અ. કાનસુધી, કર્ણપર્યંત.
આકર્ણતિ (શુદ્ધ आकर्णयति–आकर्ण-સાંભળવું) તે સાંભળે છે.
આકાશ : સં. પું. આકાશ; અંતરિક્ષ; પંચમહાભૂતોમાંનું શબ્દગુણવાળું એક મહાભૂત, શૂન્ય, ખાલી, છિદ્ર, પરબ્રહ્મ.
આક્રંદ : સં. પું. મોટેથી રડવું, મોટેથી બોલવું, દુઃખથી વિલાપ કરવો, મોટેથી બોલાવવું.
આખુ : સં. પું. ઉંદર, ભુંડ, ચોર.
આગમ : સં. પું. પ્રાપ્તિ, ઉત્પત્તિ, દસ્તાવેજ, તત્ત્વ

સમજાવનારું શાસ્ત્ર, વેદ, વ્યાકરણમાં પ્રત્યયવગેરેની આગળ લગાડાતો એક કે વધારે વર્ણોનો સમૂહ, તંત્રશાસ્ત્ર.

આગાર : સં. ન. ઘર, મહાલય, ગૃહસ્થાશ્રમ;

આગ્યુ : આગિયું : ન. ધૂપપાત્ર; આગ રાખવાનું પાત્ર.

આતપત્રક : સં. પું. છત્ર, છત્રી.

આત્મજ : સં. પું. પુત્ર, કામદેવ.

આત્માંગુલ : સં. પું. પોતાની આંગળી, પોતાની આંગળી પ્રમાણેનું લંબાઈનું માપ.

આધાન : સં. ન. વિધિપૂર્વક સ્થાપન કરવું તે, અગ્ન્યાધાન, ગર્ભાધાન.

આધા : સં. आ+धा આધાન કરવું તે,

આધારશિલા : સં. સ્ત્રી. ચણતરના આધાર તરીકે પાયામાં મૂકેલ શિલ્પ, પથ્થર; મુખ્ય આધાર.

આધિભૌતિક : સં. ત્રિ. પંચમહાભૂતોની સૃષ્ટિ અંગેનું, સૃષ્ટિને લીધે થનારું.

આનક : સં. પું. દુંદુભિ, મોટું નગારું, મૃદંગ, ગરજતો મેઘ.

આનન : સં. ન. મુખ, કપાળ ગાલ આંખો વગેરે જેમાં હોય એવો મસ્તકનો આગળનો ભાગ.

આનર્ત : સં. પું. નૃત્યશાળા; નૃત્ય; તે નામનો દેશ; પાણી, જળમય પ્રદેશ. ઉત્તર ગુજરાતનું પ્રાચીન નામ.

આપગા : સં. સ્ત્રી. નદી, મોટો જળપ્રવાહ.

આપણ : સં. પું. હાટ, દુકાન, પીઠ, બજાર.

આપપણ : ન. પોતાપણું.

આપવત્સ : સં. પુ. વાસ્તુ.
મંડળમાં આવતા એક દેવનું નામ.

આપ્યાન : સં. ન. પ્રીતિ, વૃદ્ધિ, પુષ્ટિ.

આભરણ : સં. ન. અલંકાર; ઘરેણું, શોભા.

આભા : સં. સ્ત્રી. શોભા, બાવલ(ળ) નામનું વૃક્ષ.

આભિચારી : સં. વિ. મારણ પ્રયોગ કરનાર, તે વિશેનું.

આભૂષણ સં. (ન) અલંકાર, ઘરેણું.

આભ્યન્તર સં. વિ. અંદરનું, વચ્ચેનું.

આમલક : સં. પું. આમળાનું વૃક્ષ, આમળાનું ફળ.

આમલસારા : પું. આમલસારો, શિખરની ઉપર આવતો ચક્રાકાર ભાગ, એકજાતનો ગંધક.

આમાશય : સં. પું. હોજરી; શરીરમાં રહેલી કોથળી જેમાં ખાધેલો ખોરાક એકઠો થાય તે.

આમુખ : સં. ન. પ્રસ્તાવના, શરુઆતનું.

આમ્ના : સં. आम्नाय, પું. શાસ્ત્ર પરંપરા, વેદ પરંપરા સંપ્રદાય.

આમ્બ : સં. अम्ल વિ. ખાટું.

આમૃશ : સં. आमृष्ट ત્રિ. ઉડકેલું, ઉજળું કરેલું, ઘસેલું; ઘૂંટેલું.

આમ્ર : સં. પું. આંબાનું વૃક્ષ; (ન.) આંબાનું ફળ, કેરી.

આય ; સં. પું. અંતઃપુરનો રક્ષક, કંચુકી, લાભ, આવરો. સ્ત્રી. ઘર બનાવતાં તેની શુભાશુભતા માટે કાઢવામાં આવતો અંકસંજ્ઞા.

આયત : સં. વિ. લાંબું, દીર્ઘ, ખેંચેલું; વિસ્તારેલું.

આયતન : સં. ન. સ્થાન, નિવાસ, દેવાલય, અગ્નિ-શાળા.

આયતિ : સં. સ્ત્રી. લંબાઈ, દીર્ઘતા, પરિણામ, ભવિષ્ય.

આયન્ : आयन ન. અયન સંબંધી, યતિ સંબંધી.

આયમ્ : સં. आयम् લંબાઈ, નિયમન, ખેંચીને લંબાવવું તે.

આયસ્ : अयस् ન. લોઢું.

આયસ : સં. ત્રિ- લોઢાનું બનેલું, લોઢું.

આયાત : સં. વિ. વિસ્તરેલું, લાંબું, ખેંચીને લાંબું કરેલું, દૂરનું.

આયીન : વિ. (સં. आयिन्) લાભકારક, જનારુ.

આયુધ : (ન) હથિયાર;

આયુધાગાર : સં. ન. શસ્ત્રાસ્ત્રો રાખવાનું સ્થાન.

આરકૂટ : સં., પું. ન. પિત્તળ, પિત્તળનું ઘરેણું, પિત્તળનું બનેલું.

આરામ : સં. પું. બાગ, કૃત્રિમ વન.

આરચિત્ : સં. ત્રિ. રચેલું, સુંદર રચના વાળું, બનાવેલું.

આરૂઢ : સં. વિ. ઊગેલું, ચઢેલું, ઉત્પન્ન થએલું.
આરોપ : સં. પું. આરોપણ, આળ, ચઢાવવું, આરોપવું તે, મિથ્યા જ્ઞાન.
આરોપયતિ : સં. તે આરોપે છે.
આરોહણ : સં. ન. ચઢવું, સવાર થવું, ચઢવાનું સાધન, પગથિયું.
આર્યા : સં. સ્ત્રી. ઉત્તમ સ્ત્રી, માન આપવા યોગ્ય સ્ત્રી, સાસુ, પાર્વતી દેવી; આર્યા નામે છંદ.
આલય : સં. પું. મોટું મકાન, આધાર, સાંધો.
આલાપ : સં. પું. વાતચીત, બોલવું તે, સંગીતમાં સ્વર સાધના કરવી તે.
આલિ : સં. સ્ત્રી. શ્રેણી, પંક્તિ, પાળ, સેતુ.
આલિખિત : સં. ત્રિ. ચિતરેલું, આલેખેલું, દોરેલું.
આલિય/આલિંઢ : (સં. आलीढ) એક પ્રકારનું આસન; બાણ ફેંકતાં કરવામાં આવતી એક પ્રકારની શરીર સ્થિતિ.
આલીનક : સં. ન. કલઈની ધાતુ, (વિ.) ભેટેલું, સંધાએલું, ચોંટેલું, મિશ્ર, એકઠું થએલું.
આલેખ : સં. પું. નકશો, લેખ, દસ્તાવેજ.
આલેખન : સં. ન. નકશો દોરવો, ચિત્રણ કરવું તે, લખવું તે.
આલેખ્ય : સં. ન. ચિત્ર, ચિતરવા યોગ્ય, કોતરવા, લખવા યોગ્ય.
આલોકન : સં. ન. દર્શન, ચારે બાજુ જોવું તે, તપાસ.
આલંબન : સં. ન. આધાર.
આવરણ : સં. ન. ઢાંકણ, આચ્છાદન, છાઈ દેવું તે, છુપાવવું તે.
આવર્ત : સં. પું. સંશય, સંસાર, ચિન્તા, પાણીમાં થતી ભમરી, આવર્તન, પાછું લાવવું તે.
આવર્તતે : પાછું ફરે છે, ભમરીઓ ઉત્પન્ન કરે છે.
આવારિ : સં. વિ. પાણી ભરેલું, પાણી વાળું, પાણીના ઉંચા તળવાળું.
આવાસ : સં. પું. ઘર, નિવાસ.
આવાહન : સં. ન. બોલાવવું, સંમાનપૂર્વક બોલાવવું.
આવિષ્કર (आविष्कार) : શોધી કાઢવું, ખુલ્લું કરવું. બહાર કાઢવું.
આવિષ્કરોતિ : તે બહાર કાઢે છે, શોધી કાઢે છે, ખુલ્લું કરે છે.
આવેષ્ટન : સં. ન. વીંટાળવું, ઢાંકણ, આવરણ.
આશર : સં. પું. અગ્નિ, રાક્ષસ.
આશુગ : સં. પું. બાણ, (વિ.) ઝડપથી જનાર, (પું.) વાયુ, સૂર્ય, આકડાનું વૃક્ષ
આશ્રમ : સં. પું. તપસ્વી મુનિનું નિવાસસ્થાન, તપોવન, બ્રહ્મચર્ય વગેરે જીવનની ચાર અવસ્થાઓ, મઠ.
આશ્લેષ : સં. પું. સંબંધ, સાંધો, આલિંગન જોડાણ
આસજન : (सं. आसंजन) સંબંધ, જોડાણ, યોજના; ગોઠવણી.
આસ્તન : સં. અ. મૂર્તિના સ્તનસુધીનો ભાગ, सं आस्थान મંડપ
આસન : સં. ન. સ્થિતિ, બેસવાના આધારરૂપ લાકડાનો પાટલો, ઊનનું વસ્ત્ર વગેરે
આસનપટ્ટ : સં. પું. બેસવા માટેનો ઊન કે લુગડાનો પટ્ટો. (વસ્ત્રી)
આસન્દી : સં. સ્ત્રી. નાનો પાટલો, ખુરશી, માંચી વગેરે; ઓટલી;
આસન્દિકા સં. સ્ત્રી. નાની ખુરશી, ખાટ
આસ્ય : સં. ન. મુખ, મોઢુ. મુખની અંદરનું, મુખ માંના ઉચ્ચારણનાં સ્થળો
આસ્થા : સં. સ્ત્રી. બેસવાની સ્થિતિ, સ્થિરતા,
આસિત : સં. વિ. બેઠાડેલું, સ્થાપેલું, ગોઠવેલું.
આસ્તીર્ણ : સં. ત્રિ. પાથરેલું, બિછાવેલું, ફેલાવેલું.
આંગણ : ન. (सं. अंगनम्) આંગણું, ચોક,
ઇજ્યા : સં. સ્ત્રી. યજ્ઞયાગ, હોમાત્મકપૂજા, દાન,
ઇદાનીમ્ : સં. અ. અત્યારે, હમણાં, વર્તમાનસમયમાં.
ઇદાનીંતન : સં. ત્રિ. અત્યારેથએલું; વર્તમાન સમયમાં થએલું, અત્યારનું.
ઇન્દ્રિયાર્થ : સં. પુ. તે તે જ્ઞાનેન્દ્રિયનો અનુભવપ્રદેશ. દા. આંખ–જોવું, ઇન્દ્રિયનો વિષય.

ઇન : સં. પું. સૂર્ય, સ્વામી; માલિક; આકડાનું વૃક્ષ.
ઇન્દુ : સં. પું. ચંદ્ર,
ઇન્દ્ર : સં. પું. દેવોનો મુખ્ય, દેવરાજ, પ્રકાશમાન.
ઇન્દ્રિય : સં. ન. જ્ઞાનપ્રાપ્તિનું સાધનભૂત આંખ, કાન વગેરે; ક્રિયાના સાધનભૂત હાથ પગ વગેરે.
ઇરિત : ન (सं. ईरित.) પ્રેરેલું, ફેંકેલું. કહેલું; ગએલું.
ઇલા : સં. સ્ત્રી. પૃથ્વી, ગાય, વાણી, વૈવસ્વતમનુની પુત્રી અને બુધની પત્ની.
ઇલિકાકાર : સં. પું. માટીની વસ્તુઓ ઘડનાર,
ઇલી : સં. સ્ત્રી. તલવાર, કટાર.
ઇલોક : (इहलोक) પૃથ્વીલોક,
ઇક્ષિકા : સં. સ્ત્રી. ઇક્ષિણ, દર્શન, જોવું; વિચારવું.
ईक्षण : સં ન. દૃષ્ટિ, નેત્ર, જોવું તે,
ઇદૃતર : સં. ईदृक्तर : ત્રિ. વધારે આવું, આ પ્રકારનું; ઘણું સાદૃશ્યવાળું;
ઇન્ધન : સં. ન. બળતણ, લાકડું ઉદ્દીપનકરનાર વસ્તુ.
ઇપ્સિત : સં. ईप्सित ત્રિ. ઇચ્છેલું,
ઇષુ : સં. પું. બાણ.
ઇષ્ટિકા : સં. સ્ત્રી. ઈંટ, ઇષ્ટિ, નાનો યજ્ઞ,
ઇષુધિ : સં. પું. બાણ રાખવાનો ભાથો.
ઇષ્ટ : સં. ત્રિ. ઇચ્છેલું, (ન.) યજ્ઞાદિધર્મકૃત્ય, ઈંટ.
ઇહ : સં. અ. અહીં, આ સ્થળે.
ઇયમ્ : સં. સ્ત્રી. આ.
ઉક્ષવર : સં उक्षत्तर : પું નાનો બળદ; વાછરડો; સં. उक्षवर : પુ. ઉત્તમ બળદ. શ્રેષ્ઠ બળદ,
ઉગ્ર : સં. ત્રિ. તીક્ષ્ણ, ઉત્કટ, મહાદેવ, સરગવાનું વૃક્ષ, ધાણા; વછનાગ વિષ :
ઉચ્ચ : સં. વિ. ઊંચું, મહાન, ગ્રહોની ઉચ્ચરાશિ, ઊંચું સ્થાન.
ઉચ્ચૈસ્ : સં. અ. ઊંચે, ઊંચું, ઊંચાઈ;
ઉચ્ચાટન : સં. ન. સ્થાનભ્રષ્ટ કરવું, ઉશેટી દેવું, કાઢી મૂકવું, એ પ્રકારનું અભિચાર કર્મ.
ઉચ્છ્રય : સં. પું. ઊંચાઈ
ઉચ્છ્રાય : સં. પુ. ઊંચાઈ
ઉચ્છૃતિ : સં. સ્ત્રી. ઊંચાઈ;
ઉચ્છ્રિત : સં. ત્રિ. ઊંચે ઉઠાવેલું; ઊંચું થએલું; ઊંચે ગએલું, ઊંચું.
ઉચ્છ્રિતવેધ : સં. પું. ઊંચાઈનું માપ
ઉચ્છેદ : સં. પું. કાપવું, છેદવું, મૂળમાંથી નષ્ટ કરવું,
ઉચ્છાલક : વિ. ઉછાળનાર, ઊંચે ચઢાવનાર, ફેંકનાર.
ઉજ્જવલ : સં. વિ. ઊજળું, માંજેલું, સ્વચ્છ, સોનું; શૃંગારરસ.
ઉદ્દજ : સં. વિ. દુઃખમાંથી ઉત્પન્ન થએલું.
ઉડુપ : સં. પું. હોડી; તરાપો.
ઉત્કર : સં. ઢગલો; સમૂહ; ફેલાવવું તે, ઉકરડો.
ઉત્કલ : સં. વિ. ભાર ઉપાડનાર; (પું.) ઓડીસા પ્રદેશ,
ઉત્કીર્ણ : સં. વિ. કોતરેલું, કોતરીને લખેલું, વીંધેલું,
ઉત્કૃષ્ટ : સં. વિ. ઉત્તમ, ઉત્કર્ષવાળું, ખડેલું, વખાણવાયોગ્ય.
ઉત્કૂટ : સં. પું. છત્ર;
ઉત્ખનન : સં. ન. ખોદકામ, સંભાળપૂર્વક ખોદવું તે; પ્રાચીન અવશેષ ખોદી કાઢવાની ક્રિયા.
ઉત્ખાત સં. उत्खात् ન. મૂળમાંથી ખોદી નાંખેલું, ખોદેલું ચણતર માટે ખોદેલો પાયો.
ઉત્તર : સં. ન. જવાબ, આક્ષેપનો પ્રત્યુત્તર, ઊતરવું તે, (પું.) ઉત્તર દિશાનો પ્રદેશ, (ત્રિ.) પાછળનું, ઊંચેનું, ઉપરનું વધારે.
ઉત્તરકૌશલ : પું. અયોધ્યા નગર આજુબાજુનો પ્રદેશ.
ઉત્તરાસંગ : સં. પું. ઉત્તરીય વસ્ત્ર; શરીરે ઓઢવાનું વસ્ત્ર, ઉત્તર દિશાનો સંગ;
ઉત્તરીય : સં. ન. શરીરના ઉપરના ભાગે પહેરવા ઓઢવાનું વસ્ત્ર.
ઉત્તરંગ : સં. ન. ઓતરંગ, બારણાનો ઉપરનો ભાગ. તેનું લાકડું.
ઉત્તસ્ (उत् + तस् ?) : સં. અ. ઉંચે; ઉંચાણમાં;
ઉત્તાન : સં. ત્રિ. ચતું, છતું, ઉપર રહેલા મુખવાળુ.
ઉત્તાનપાદ : સં. ત્રિ. ચતા પગવાળું, (પું.) સ્વયંભુ-મનુનો પુત્ર,

**ઉત્તુંગ** : સં. ત્રિ. ઘણું ઊંચું. અતિ ઉન્નત; મહાન.
**ઉત્થ** : સં. ત્રિ. ઊંચું, ઊંચું ઉડનારું; ઊભું રહેનાર; ઉત્પન્ન થએલું.
**ઉત્થલ** : ( **उत् + स्थल** ) ન. ઊંચું સ્થળ;
**ઉત્પથ** સં. વિ. ઊંચો માર્ગ, ઉલટો માર્ગ, ન્યાય-વિરુદ્ધ માર્ગ.
**ઉત્પલ** : સં. ન. કમળ; વિ. માંસ રહિત, દુબળું, સૂકું.
**ઉત્પલા** : સં. સ્ત્રી. કુષ્ટરોગ મટાડનાર ઔષધિ વિશેષ.
**ઉત્સર્ગ** : સં. પું. સામાન્ય વિધાન;
**ઉત્સેધ** : સં. પું. ઊંચાઈ, ઉન્નતિ, (ત્રિ.) ઊંચું.
**ઉત્સેધાંગુલ** : સં. પું. ઊંચાઈનું આંગળમાં માપ, ઊંચી આંગળી.
**ઉત્સંગ** : સં. પું. ખોળો, શરીર કે મકાનનો મધ્યભાગ, ઉપરનો ભાગ.
**ઉત્રંસ** : સં. પું. કાન કે મસ્તકનો અલંકાર, દ્વાર ઉપર કરેલી આલંકારિક કોતરણી, ઉપરનો સુશોભિત ભાગ.
**ઉથમર્મ** : **उत्थ+मर्म** ન. ઉંચે રહેલો મર્મભાગ, સાંધો જોડાણ.
**ઉથરસ** : પુ. ઓથાર; ઉપરા ઉપરી આવતો થર.
**ઉદક** : સં. ન. પાણી, જળાશય.
**ઉદકભ્રમ** : સં. પું. પાણીમાં થતો આવર્ત, પાણીની ભમરી.
**ઉદકાન્તર** : સં. ન. જળાશય અને બાંધકામ વચ્ચેનું અંતર.
**ઉદ્ખલ** : (સં. **उत्खला**) ન. એક પ્રકારનો સુગંધિત પદાર્થ.
**ઉદ્ગમ** : સં. પું. ઉત્પત્તિ, ઊંચે જવું, ઊંચાઈ.
**ઉદ્ગાલ** : સં. પું. પાણી જળાશયમાંથી ખેંચી કાઢવાનો કાંઠે.
**ઉદ્ય** : સં. પું. ઉગવું, ઉઠવું, ઊંચા થવું, ઊંચાઈ.
**ઉદધિ** : સં. પું. ઘડો, સમુદ્ર.
**ઉદન્** : સં. **उदन्** ન. જળાશય; પાણી.
**ઉદપાન** : (સં. **उद्पान**) ન. જળાશય, વાવ, કુવો.
**ઉદ્** : સં. અ, ઊંચે, ઊંચું.
**ઉદ્ભિન્ન** : સં. વિ. ખોદી કાઢેલું, જમીન ફાડી નિકળેલું, ફાડેલું, ખોદેલું.
**ઉદય** : (સં. **उदच्**) ઉત્તર દિશા તરફનું, ઊંચું, ઊંચેનું.
**ઉદર** : સં. ન. પેટ, અંદરનો ભાગ, વચલો ભાગ, (ત્રિ.) થોડુંક, અલ્પ.
**ઉદ્ક્રમ** : સં. (**उत्क्रम**) પું. ચઢતો ક્રમ.
**ઉદાત્ત** : સં. વિ. ઊંચું, મોટું, ભવ્ય, સમર્થ.
**ઉદિચ્ય** : (સં. **उदिच्य**) વિ. ઉત્તર દિશાનું, ઉત્તરમાં થએલું, ઉત્તરમાં રહેનાર.
**ઉદીચી** : સં. સ્ત્રી. ઉત્તર દિશા.
**ઉદ્યાન** : સં. ન. ઊદ્યાન, બાગ, વાડી.
**ઉન્નત** : સં. વિ. ઊંચું.
**ઉન્નતિ** : સં. સ્ત્રી. ઊંચાઈ, ચઢતી.
**ઉન્માન** : સં. ન. ઊંચું માપ, ઊંચાઈનું માપ, માપવાનું સાધન ગજ કાટલાં વગેરે.
**ઉન્મિલ** : (સં. **उन्मील**) વિકાસ, ફુલવું, ખુલવું.
**ઉન્મિલન** : (સં. **उन्मीलन**) ન. વિકસવું, ખુલવું, ઉઘડવું.
**ઉન્મિષિત** : સં. વિ. વિકસેલું, ખીલેલું, ઊઘડેલું.
**ઉન્મેષ** : સં. પું. ઉઘાડ, વિકાસ.
**ઉપકાર્ય** : સં. વિ. ઉપકાર યોગ્ય, પું. તંબુ.
**ઉપકાર્યા** : સં. સ્ત્રી. રાવટી, તંબુ,
**ઉપકુલ્યા** : સં. સ્ત્રી. નાની નીક, નાની પરનાળ, ગંદા પાણીની નીક,
**ઉપત્યકા** : સં. સ્ત્રી, પર્વતની તળેટી, ઊંચાણ પાસેની સપાટભૂમિ.
**ઉપગ્રીવ** : સં. વિ. ગ્રીવા પાસેનું, ગરદન પાસેનું.
**ઉપનયન** : સં. ન. સમીપ લાવવું તે, તે નામનો સંસ્કાર, જનોઈ.
**ઉપનિષદ્** : સં. સ્ત્રી. બ્રહ્મવિદ્યા, રહસ્ય, વેદનો અન્તિમ ભાગ.

ઉપનિષ્કર : સં. પું. રાજમાર્ગ, ધોરી રસ્તો, મોટો રસ્તો.

ઉપભદ્ર : સં. ન. નાનું મંડળ; નાનું સુશોભન;

ઉપમાન : સં. ન. સાદૃશ્ય વડે થતું જ્ઞાન, જેની સાથે સરખામણી કરવાની હોય તે, સમાન ગુણ–સાધર્મ્ય વડે થતું જ્ઞાન.

ઉપમાતૃ : સં. વિ. ઉપમાન વડે જ્ઞાનગ્રહણ કરનાર, સાધર્મ્ય કે સાદૃશ્ય દ્વારા થતા જ્ઞાનનો ગ્રાહક.

ઉપલ : સં. પું. પત્થરનો ટુકડો, કાંકરો, મેઘ.

ઉપવન : સં. ન. બાગ; વન પાસેનો પ્રદેશ.

ઉપવેદ : સં. પું. વેદ સમાન શાસ્ત્ર આયુર્વેદ ધનુર્વેદ ગાંધર્વવેદ વગેરે.

ઉપવંશ : (સં. પું. વાંસનું કાંડ, શેરડીનું કાંડ,) મોટા કુલ કુટુમ્બનો પેટાવંશ, બરુ; વસ્તુ મંડળમાં આવતી રેખા; નાનીવળી.

ઉપસ્થ : સં. પું. ન., : મધ્યભાગ, વચલો ભાગ, પુરુષનું ગુહ્યેન્દ્રિય; (વિ.) પાસે-સમીપમાં રહેનાર.

ઉપસ્થાન સં. ન. સમીપ જઈ સ્તુતિ કરવી; સેવા કરવી; સમીપે રહેવું; ઉપાસનાનું સ્થાન–મંદિર.

ઉપાનહ : સં. સ્ત્રી. પગરખું, જોડો, મોજડી વગેરે.

ઉપાંગ : સં. ન. મુખ્ય અંગને ઉપયોગી નાનું અંગ.

ઉભય : સં. ત્રિ. દ્વિત્વયુક્ત; બે પણાવાળું; બે અંગોવાળું. બન્ને

ઉરસ્ : સં. ન. છાતી, વક્ષઃસ્થળ; બળ; બળવાળું.

ઉરસ્ત્રાણ : સં. ન. છાતીનું રક્ષણ કરનારું બખ્તર.

ઉરસિજ : સં. સ્તન.

ઉરુ : સં. વિ. વિશાળ, પહોળું, વિસ્તારવાળું, મોટું.

ઉરુઘંટા : સં. સ્ત્રી. વિશાળ ઘંટ, ઘંટ આકારનું.

ઉરુબંધ : સં. પું. વિશાળ બંધન, મજબુત બંધન.

ઉરુમંજરી : સં. સ્ત્રી. શિખરની જાંઘમાં મુકાતું માંજરનું સુશોભન;

ઉરુશૃંગ : સં. ન. વિશાળ શિખર, ઊંચું શિખર.

ઉરુસૂત્ર : સં. ન. માપમાટેનું મોટું સૂત્ર–દોરી.

ઊર્ધ્વ : સં. ત્રિ. ઊંચું, ઉપરનું, ઉંફરું, ન ગોઠવાએલું.

ઊર્ધ્વસ્થ : સં. ત્રિ. ઊંચે રહેલું ઊંચે બેઠેલું.

ઉર્વદ્રિત : સં. उर्वरित ત્રિ. ફલેલું ફુલેલું; સફળ; ફલદ્રુપ;

ઉલૂખલ : સં. ન. ખાંડણિયો;

ઉલૂક : સં. પું. ઘુવડ; ઇન્દ્ર; (ન.) એકજાતનું ઘાસ.

ઉલ્લોચ : સં. પું. ચંદરવો.

ઉલ્વ : સં. પું. ગર્ભની ઓર, ગર્ભની આસપાસ રહેલી માંસની ગાદી.

ઉષ : સં. પું. ગુગળ, રાત્રીનો શેષભાગ, (ન.) એક જાતનું લવણ. સંધ્યાકાળ, કામી

ઉષક : સં. પું. ગુગળ

ઉષ્ણીષ : સં. પું. પાઘડી, મુગટ, ટોચ

ઉષર : સં. ન. ખારવાળી ભૂમિ, ખારોપાટ, અનઉપજાઉ ભૂમિ.

ઉષ્ટ્ર : સં. પું. ઊંટ, બળદ, આખલો.

ઉસ (સં. ऊष) જુઓ ઉષ.

ઉસવેધ પું. ઉસનું માપ.

ક : સં. પુ. બ્રહ્મા, અગ્નિ, કામદેવ, રાજા, ચિત્ત, શરીર, મોરપક્ષી, જળ, મેઘ, (ન.) કલ્યાણ, મંગળ

કક્ષ : સં. પું. ; ઓરડો, અંતઃપુર; મકાનનો અંદરનો ભાગ, છેવટનો ભાગ, ઉત્તરીય વસ્ત્રનો છેડો, દોરડું, પાપ.

કક્ષા : સં. સ્ત્રી. ઓરડો, કંદોરો, કાંચીનો અલંકાર, મધ્યભાગ કટિમેખલા,

કક્ષ્યા : સં. સ્ત્રી. મહાલયનું આંગણું, ઉત્તરીય વસ્ત્ર, કંદોરો, કટિમેખલા;

કખ્ખાલ : સં. कक्षालय : ન. પડખેનો ખંડ; પડખેનું મકાન

કક્ષાભવ : સં. ત્રિ. ઉત્તરીયના છેડાનું.

કાચ : સં. પું. કાચ

કટ : સં. પું. હાથીનો લમણો, ગંડસ્થળ, પાનીનુંઘાસ, સાદડી, શ્રેણી, મધ્યભાગનો પાછળનોભાગ.

કટક : સં. ન. કડું; હાથે પહેરવાનો અલંકાર, મધ્યભાગ; સ્થચક્ર;

કટકવલેલુ— પર્વત શિખર ઉપરની સપાટ ભૂમિ.

કટિ : સં. સ્ત્રી. કેડ, મધ્યભાગ,

કટિત્ર : સં. ન. કેડ ઉપરનું વસ્ત્ર, કંદોરો.

કટિશંખલા : સં. સ્ત્રી, કટિમેખલા, કંદોરો.
કટિસૂત્ર : સં. ન. કટિમેખલા, કંદોરો
કડંબ : સં. પું. છેડો, પ્રાન્તભાગ,
કણપ : સં. પું. ગોળી વગેરે કણફેંકનારું એક યંત્ર,
કણેતાલી : સ્ત્રી. ભીંતમાં ચણેલી, પક્ષીઓને બેસવાની દાણા ચણવાની જગા.
કલિપય : સં. ત્રિ. कतिपय કેટલુંક, અમુકમાપનું, માપેલું.
કત્સવર : સં. ન ખભો, ખાંધ. સ્કંધ.
કાત્યાયની : સં. સ્ત્રી. સ્ત્રી યતિ, સંન્યાસિની; દુર્ગા,
કદલ : સં. પું. કેળ, શિમળો; (ન.) કેળું-
કદલિકા : સં. સ્ત્રી. કેળ
કદલી : સં. સ્ત્રી. કેળ
કદંબ : સં. પું. કદંબવૃક્ષ; હળદરનો છોડ, ( ન. ) ટોળું, સમૂહ
કનક : સં. ન. સુવર્ણ; (પું.) સોનચંપો, ખાખરો; લાખનું વૃક્ષ,
કનિષ્ઠા : સં. સ્ત્રી. નાની બહેન, સૌથી નાની સ્ત્રી, ટચલી આંગળી,
કનિષ્ઠિકા : સં. સ્ત્રી. ટચલી આંગળી,
કનીનિકા : સં. સ્ત્રી. આંખની કીકી; ટચલી આંગળી
કાન્યકુબ્જ : સં. ન. એક નગરનુંનામ, કનોજ.
કંડવારણી : સં. સ્ત્રી. ( ખાણિયો ? )
કંદ : સં. પું. ગાંઠમૂળ, કંદ-સૂરણ બટાટા વગેરે, કંદમૂળ.
કંદર : સં. પું. પર્વતની ગુફા, ઊંડાણવાળો પ્રદેશ,
કંધરા : સં. સ્ત્રી. ગ્રીવા, ગરદન
કપાટ : પું. : કમાડ, બંધ કરવાનું સાધન, દ્વાર,
કપાટપુટ : સં. ન. કમાડની જોડ બારણાની જોડી.
કપાટાશ્રય : સં. ત્રિ. કમાડને આધારે રહેલું.
કપાલ : સં. પું. ન. માટીનાવાસણનો નીચેનો ભાગ, ખોપરી, ભાલપ્રદેશ, માટીની તાવડી.
કપાલભૃત : સં. ત્રિ. ખોપરી કે રામપાત્ર ધારણ કરનાર ભિક્ષુક; ( પું. ) શિવ, ભૈરવ.
કપાલિન્ : સં. પું. શિવ, ભૈરવ.
કપિરુદ્ર : સં. પુ. હનુમાન
કપિશીર્ષ : સં. ન. પ્રાકાર કે દુર્ગનો અગ્રભાગ, કાંગરો,
કપિલોહ : સં. ન. પિત્તળ.
કપિલા : સં. સ્ત્રી. રાતાપીળા-પિંગળા રંગની ગાય, શીશમનું વૃક્ષ.
કપોલ : સં. પું. ગંડસ્થળ, ગાલ, લમણો.
કાપાલિક : ખોપરી કે રામપાત્ર ધારણ કરનાર ભિક્ષુક, તે નામે એક શૈવ સંપ્રદાયનો સંન્યાસી,
કમઠ : ( સં कमठ ) પુ. કમંડળ, જળપાત્ર કાચબો; કમાડ
કમલ : સં. ન. કમળપુષ્પ, કાંસું, તાંબું.
કમલાકર : સં. પું. કમળોવાળું જળાશય, કમળોનો સમુહ.
કમલાસન : સં. પું. કમળ પર સ્થિત બ્રહ્મા.
કમલાસના : સં. સ્ત્રી. લક્ષ્મી.
કરપાત્ર : સં. ન. કરવત, વહેરવાનું હથિયાર, એક પ્રકારની જળક્રીડા.
કરપલ્લવ : સં. પું ખુલ્લી હથેળી, હાથની આંગળી, હાથ રૂપી કોમળ પાંદડું, હાથ રૂપ કમળ.
કરપાત્ર : સં. ન. હાથનો ખોબો, હાથ રૂપ પાત્ર, એક પ્રકારની જળક્રીડા.
કરપુટ : સં. ન. જોડેલા બે હાથનો સંપુટ, બે હાથ જોડી કરેલ નમસ્કાર, ખોબો, હાથ રૂપ પડિયો.
કરભ : સં. પું. હાથી ઊંટ કે કોઈ જાનવરનું બચ્ચું. કાંડાથી આંગળી સુધીનો હાથ.
કરસહ : સં. પું. નખ, તલવાર.
કરવીર : સં. ધોળી કરેણ કે કણેર, એક પ્રકારની તલવાર, એ નામે તીર્થ.
કરાલ : સં. વિ. અતિ ભયંકર, ખુબ ઊંચું, (પું.) શ્યામ તુલસી.
કરીર : સં. પું. કેરડો, વાંસનો અંકુર, ગમે તે અંકુર.
કરેણુ : સં. પું. હાથી, કરેણનું વૃક્ષ, (સ્ત્રી.) હાથણી.
કરોટ : સં. ન. માથાની ખોપરી.
કરોટક : સં. પું. એક પ્રકારનો સર્પ.
કરારોટ : સં. પું. વીંટી, આંગળીનું આભૂષણ.
કર્કટ : સં. પું. એક જાતનું ક્ષુદ્ર ફળવાળું વૃક્ષ; કરચલો નામનું જંતુ, ત્રાજવાની દાંડીનો ખીલો

કર્કોટક : (कर्कटक ?) સં. પું. શેરડીનો સાંઠો, કપાસ લોઢવાનું યંત્ર, ક્ષુદ્ર ફળવાળું વૃક્ષ, કરચલો.
કર્ચ : સં. પું. શિલ્પમાં કમાનની બે બાજુઓ–કમાનો માટે શિલ્પીઓએ વાપરેલો શબ્દ.
કર્ણ : સં. પું. કાન, ભૂમિતિ પ્રમાણે ચોરસના સામસામા કોણને જોડતી રેખા; વહાણનું સુકાન.
કર્ણઘંટા : સં. સ્ત્રી. કાને પહેરેલું ઘંટડી આકારનું આભૂષણ.
કર્ણવેષ્ટન : સં. ન. કાનનું એક પ્રકારનું આભૂષણ.
કર્ણદર્દરિકા : સં. સ્ત્રી. કાનને મધુર લાગે એવી વાંસળી; દેડકાની જેમ ફૂલી ગએલો કાન.
કર્ણપીપલી : સં. સ્ત્રી. (कर्ण पिप्पली) પીપર કે પીંપળના આકારનો કાન.
કર્ણા : સં. સ્ત્રી. શિખરમાં ખુણાઓમાં પડતી રેખા કર્ણરેખા.
કર્ણાક : સં. પું. કર્ણરેખા.
કર્ણાટ : સં. પું. કર્ણાટક દેશ.
કર્ણિક : સં. ન. શિખરમાં આવતી કર્ણરેખા.
કર્તન : સં. ન. કાપવાની કે કાતરવાની ક્રિયા; કાતરવાનું સાધન; કાતર; કાપણી.
કર્તની : સં. સ્ત્રી. કાતર, કાપણી, છેદવાનું સાધન.
કર્તવ્ય : સં. ન. અવશ્ય કરવા યોગ્ય કામ, ફરજ.
કર્તિકા : સં. સ્ત્રી. કાપવા – છેદવાનું સાધન.
કર્તૃ : સં. ત્રિ. કરનાર, કર્તા, કાપનાર, છેદનાર, નાની તલવાર.
કર્તૃકા : સં. સ્ત્રી. નાનું ખડ્ગ, કાપણી, છરો.
કર્દ : સં. પું. કાદવ, પંક.
કર્પટ : સં. પું. ન. ફાટેલું વસ્ત્ર, ચીંથરું, જીર્ણ વસ્ત્ર. ગેરુઆ રંગનું વસ્ત્ર.
કર્પાર : (સં. कर्पर) પું. ઘડાનું ઠીકરું, ઘડાની ઠીબ, ખોપરીનું ગોળ હાડકું, ઉંબરાનું વૃક્ષ.
કર્પાસ : સં. પું, કપાસનો છોડ, કપાસ.
કર્મક : સં. ત્રિ. કડિયો કર્મચારી.
કર્મકર : સં. ત્રિ. મહેનતાણું લઈ કામ કરનાર, પગારદાર સેવક, યમ, પગ.
કર્મકાર : સં. ત્રિ. લુહાર, સેવા કરનાર; કારીગર.
કર્મર : સં. પું. વંશલોચન.
કર્માન્તિક : સં. ત્રિ. વિધિને અંતે થનાર કે કરાનાર કાર્ય; સેવક, ચાકર.
કર્મશાલા : સં. સ્ત્રી. કારીગરે કામ કરવાનું સ્થળ, કહોડ, કારીગરી શિખવાની શાળા.
કર્મેન્દ્રિય સં. ન. ક્રિયા કરનાર ઈન્દ્રિય, જીભ, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિય.
કર્વટ : સં. પું. ન. ઘણાં ગામડાંવાળા પ્રદેશનું મુખ્ય નગર, પ્રાંતનું નગર, પરગણાનું મુખ્ય નગર.
કલધૂત : સં. कलधौत ન. રૂપું, ચાંદી.
કલશ : સં. પું. ઘડો, કુંભ, મોટો લોટો, બત્રીસ શેરનું એક માપ.
કલા/કલાડિયો : સં. સ્ત્રી. ચન્દ્રમંડળનો સોળમો ભાગ; એ પળનો સમય; કળા; કપટ.
કલાનિધિ : સં. પું. ચંદ્ર; કપૂર.
કલાપ : સં. પું. સમૂહ, જથ્થો, મોર પિચ્છ, કંદોરાનું આભૂષણ; બાણનો ભાથો; મોતીની સેર.
કલાપિન્ : સં. પું. મોર; વડનું વૃક્ષ; ચંદ્ર.
કલાભૃત્ : સં. ત્રિ. કળાઓ જાણનાર, ચંદ્ર.
કલાવિદ્ : સં. ત્રિ. કળા જાણનાર.
કલિંગ : સં. પું. મોટો સફેદ પોપટ, કાકાકૌવા, પીંપળો, કાંચકાનું વૃક્ષ, ઈન્દ્ર જવ.
કલિંજ : સં. પું. ચટાઈ, સાદડી.
કલિંઝર : સં. પું. કમંડળ, પાણી રાખવાનું સાધન.
કલેવર : સં. ન. શરીર.
કલંબ : સં. પું. કદંબ વૃક્ષ, બાણ, ફળનું ડીંટું, ફળનું છાંડિયું.
કલ્પ : સં. પું. રચના, ગોઠવણી; વિકલ્પ; કલ્પ વૃક્ષ, બ્રહ્માની દિવસનો કાલ; વિધિશાસ્ત્ર.
કલ્પતરુ : સં. પું. ઈષ્ટ આપનાર વૃક્ષ; ઇચ્છા પૂરી કરનાર દેવ વૃક્ષ.
કલ્પલતા : સં. સ્ત્રી. વાંછિત વસ્તુ આપનારી દૈવી લતા; દાનમાં અપાતી સુવર્ણની વેલ.

કલ્કિ : સં. પું. વિષ્ણુનો દશમો અવતાર જે હવે પછી થશે તે.

કલિકશ : સં. પું. કલિ અથવા પાપનો નાશ, દૂર કરનાર.

કવચ : સં. પું. શરીરની રક્ષા કરનાર, બખ્તર; ઢાલ; ભોજપત્રનું વૃક્ષ; તેની ત્વચા–તજ; મંત્રદ્વારા રક્ષા કરવી તે તેનું સ્તોત્ર.

કવટી : સં. સ્ત્રી. નાનું કમાડ, કપાટ: દ્વારનું ઢાંકણ, નાનું બારણું.

કવસ : સં. પું. કવચ; બખ્તર;

કવાટ : સં. ન. કમાડ, દ્વાર.

કવીન્દ્ર : સં. પું. કવિઓમાં શ્રેષ્ઠ.

કશલ : (સં. कशलाति गृह्णाति) : ત્રિ. ચાબુક ધારણ કરનાર; અશ્વપાલ; અશ્વોને શિખવનાર.)

કશ્યપ : સં. પું. કશ્યપ ઋષિ; એક પ્રકારનો મૃગ; (ત્રિ.) મદ્ય પીનાર.

કષાય : સં. પું. ન. તુરો સ્વાદ કે રસ; મનની નિર્મળતાનો ભંગ કરનાર દોષ; આસક્તિ; ભગવો રંગ.

કરતીર : સં. ન. કથીર, લોઢું.

કકચ : સં. પું. કરકચનું વૃક્ષ; કેરડો: કરવત;

ક્યારોહ : સં. પુ. મંડી; બજાર; દુકાન.

ક્રૂર કાક : સં. ત્રિ. કાગડા જેવું નિર્દય.

ક્રોડ સં. પું. વક્ષસ્થળ; વૃક્ષની બખોલ; બે ભુજાની વચ્ચેનો ભાગ.

કાકા : સં. સ્ત્રી. ચણોઠી; ધોળી પિલુડી.

કાકપદ : સં. પું. કામશાસ્ત્રમાં ગણાવેલું એક આસન.

કાકપક્ષ : સં. પું. ગ્રીવાની નીચે પહોંચે એવા કેશ; ઓડિયાં; જુલ્ફાં.

કાદંબ : સં. પું. એક પ્રકારનો હંસ; (ત્રિ.) સમૂહ વિષેનું.

કાન્ત : સં. ત્રિ. પતિ; પ્રિયતમ; કામદેવ; ચંદ્ર: વસંત; કપૂર; સુંદર; મનોરમ.

કાપાલી : (સં. कपालिन्) : એક માહેશ્વર સંપ્રદાયનો યોગી.

કામદપીઠ : સં. ન. વાંછિત વસ્તુ આપનાર સ્થાન વિશેષ; દેવ કે યોગીનું તેવું સ્થાન.

કામદ વાસ્તુ : સં. ન. ઈષ્ટ આપનાર સ્થાન.

કામરૂપ : સં. પુ. તેનામે એક દેશ; આસામ; (ત્રિ) ઈચ્છા પ્રમાણે રૂપધારણ કરનાર.

કાય : સં. પું. શરીર; કનિષ્ઠિકા અને અનામિકાનો વચલો મૂળભાગ; સમુદાય.

કાયોત્સર્ગ : સં. પુ. શરીરનો ત્યાગ; યોગદ્વારા શરીરનો ત્યાગ કર્યાનું સ્થળ.

કારાગાર : સં. ન. બંધનાગાર; કેદખાનું.

કારાગૃહ : સં. ન. કેદખાનું.

કારુ : સં. ત્રિ. કવિ: કલાકાર: કારીગર; શિલ્પી.

કારુક : સં. ત્રિ. કલાકાર; કારીગર.

કાર્તિક : સં. પું. ચંદ્ર પૂર્ણિમાએ કૃત્તિકામાં હોય તેવો માસ–કારતક; કાર્તિકેય.

કાર્તિકસ્વામી : સં. પું કાર્તિકેય શંકરના પુત્ર, દેવસેનાપતિ.

કાર્પટ : સં. પુ. જીર્ણવસ્ત્રનો ટુકડો, જીર્ણવસ્ત્ર પહેરેલ દરિદ્ર,

કાર્મુક : સં. ત્રિ. કામ કરવામાં સમર્થ; (પુ.) ધનુષ્ય; ધવલ કે ધોળા ખેરનું વૃક્ષ, મહાનિંબવૃક્ષ;

કાર્ષાપણ : સં., પું. ન. એંશી રતિભારનું માપ; સોળ માસાભારનું માપ; તેટલા વજનની સુવર્ણમુદ્રા.

કાર્ષ્ણાયસ : સં. પુ. કાળું લોખંડ; (ત્રિ.) કાળા લોઢામાંથી બનાવેલું.

કાલ : સં. પું. સમય; યુગ; અવધિ; કાસમર્દ વૃક્ષ; (ત્રિ.) કાળું; (ન.) કાળું લોઢું; કૃષ્ણાગરુ.

કાલદંડ : સં. પું. જ્યોતિષશાસ્ત્રોક્ત એક યોગ; યમનો દંડ; મૃત્યુની સજા.

કાલલોહ : સં. ન. કાળું લોખંડ.

કાલાયસ : સં. ન. કાળું લોખંડ.

કાશ્યશર્કરા : સં. સ્ત્રી. કાશીની સાકર; કાશીમાં બનેલી સાકર; કાશીની ગંગાની કાંકરી.

કાષ્ટ : સં. ન. લાકડું, ઈંધન; બાંધકામ ઉપયોગી લાકડું.
કાષ્ટકર્ણ : (સં. ત્રિ. લાકડાના કાનવાળું, બહેરું )
કાષ્ટદારૂ : સં. પુ. દેવદારનું વૃક્ષ
કાષ્ટનક્ષ : સં. ન. લાકડાનું પગરખું; ચાખડી; ખડાઉ.
કાષ્ઠા : સં. સ્ત્રી. દિશા; આંખના પલકારા જેટલો સમય; હદ; સીમા;
કાસાર : સં. પુ. તળાવ; જળાશય.
કાંસ્ય : સં. ન. કાંસાનીધાતુ; કાંસાનું વાજિંત્ર; કાંસાનો પ્યાલો.
કાંસ્યવાત : सं कांस्यावात
કીચક : સં. પું. પોલોવાંસ; વાંસળી બને એવો વાંસ;
કિરાત : સં. પુ. એક વનવાસી મનુષ્યજાતિ; ભિલ્લ; તે રૂપમાં રહેલ શિવ; એક જાતનો જંગલી લીમડો.
કિરીટ : સં. પું. એક પ્રકારનો મુકુટ; મુગટ; પાઘડી; ફાળિયું.
કિલિસ : સં. किलित ત્રિ. ખીલા મારેલું; જડેલું;
કિશોરક : સં. ત્રિ. દસથી પંદર વર્ષની વયનું, તેવડો છોકરો કે છોકરી.
કિષ્કિંધા : સં. સ્ત્રી. કિષ્કિંધા નામની વાનરરાજ વાલીની રાજધાની.
કિષ્કુ : સં, સ્ત્રી. એક વહેંતનું માપ, બાર આંગળનું માપ;
કિંચિત્ : સં. ત્રિ. કંઈક; થોડુંક;
કિન્તુ : સં. અ. પરન્તુ; પણ;
કીલ : સં. પુ. ખિલો, ખૂંટો.
કીલક : સં. પુ. ખિલો, (ન.) એક પ્રકારનું સ્તોત્ર,
કીલકા : સં. સ્ત્રી. અમુક પ્રકારનો કામશાસ્ત્ર વિહિત રતિબંધ; અગ્નિજ્વાળા
કીલવેધ : સં. પું. ખિલામાટેનું છિદ્ર; ખિલાને લીધે થએલું છિદ્ર.
કીર્તિમુખ : સં. પું. એક યક્ષનું નામ.
કીર્તિવક્ર : સં. कीर्तिवक्त्र પું. કીર્તિમુખ.
કીર્તિસ્તંભ : સં. પું. કીર્તિસૂચક સ્તંભ.
કુક્કુટ : સં. પું. કૂકડો; કુક્કુટાસન.
કુકુભ : સં. (कुक्कुभ) પુ. જંગલી કુકડો.
કુક્ષ : સં. પું. કૂંખ; પેટ.
કુક્ષિ : સં. પું. કૂંખ; પેટ.
કુચ : સં. પું. સ્તન; થાનેલો.
કુટ : સં. પું. ગઢ; પર્વત પરનો કિલ્લો; કોટ, ઘડો, કળશિયો.
કુટલ : સં. ન. ઘરનું છાપરું.
કુટ્ટિમ : સં. પું. ન. રત્નજડિત ભૂમિ; ચુનાના છોવાળી ભૂમિ ; દાડમનું વૃક્ષ; ફરસબંધ ભૂમિ.
કુટુંબ : સં. ન. કુળ; જ્ઞાતિ; એક પૂર્વજનો પરિવાર.
કુઠાર : સં. પું. કુહાડો.
કુડ્ય : સં. ન. ભીંત.
કુડ્મલ : સં. પું. પુષ્પની કળી.
કુનદિકા : સં. સ્ત્રી. નાની—ક્ષુદ્ર નદી; નહેર.
કુપથ : સં. પું. ખરાબ માર્ગ, દૂષિત માર્ગ, અયોગ્ય વ્યવહાર.
કુપીદ : (સ. कुपिन्द) પું. વણકર; સાળવી.
કુબ્જ : સં. ત્રિ. ખુંધ, ખુંધવાળો માણસ, વાંકું, વાંકી તલવાર.
કુબેર : સં. પુ. યક્ષરાજ; ધનપતિ દેવ; કુરૂપ શરીર વાળું.
કુમાર : સં. પું. કાર્તિકેય, રાજપુત્ર , પાંચ વર્ષનો બાળક.
કુમારક : સં. પું. ઉપર પ્રમાણે.
કુમુદ : સં. ન. પોયણું, ધોળું કમળ; દક્ષિણનો દિગ્ગજ; ગુગળ.
કુમુદામ : સં. कुमुदाम ત્રિ. કુમુદ જેવું.
કુમુદાકાર : સં. ત્રિ. ધવલ કમલના આકારનું.
કુરસ : સં. પું. ખરાબ રસ, એક પ્રકારનું મદ્ય, (ત્રિ.) ખરાબ રસવાળું.
કુરંગ : સં. પું. મૃગ, હરિણ.

કુરંટી : સં. સ્ત્રી. પીળાં ફુલવાળો કાંટા શળિયો નામે વનસ્પતિ;

કુર્પર : સં. પું. કોણી; ઢીંચણ; ઘુંટણ.

કુલતિલક : (સં. कुलतिलक) ત્રિ. કુળની શોભારૂપ મનુષ્ય.

કુલાલ : સં. પુ. કુંભાર; જંગલી કુકડો.

કુલિશ : સં. પું. ઇન્દ્રનું વજ્ર, એક જાતનું રત્ન થોરનું વૃક્ષ.

કુવલ : સં. ન. કમળ, મોતી, બોરડીનું વૃક્ષ, પાણી, સર્પનું પેટ.

કુવિર : સં. कुवेर ત્રિ. કદરૂપું.

કુસરિતા : સં. સ્ત્રી. ક્ષુદ્રનદી; વહેળિયું

કુલ્યા : સં. સ્ત્રી. નીક, પરનાળ; બાધિસો ધોરિયો.

કુશ સં. પું. દર્ભ; જોતરું; પાણી; રામનો પુત્ર.

કુશસ્થલી : સં. સ્ત્રી. કાન્યકુબ્જ નગર, તે પ્રદેશ.

કુશૂલ : સં. પું. ધાન્યનો કોઠાર.

કુંજ : સં. પું. લતાઓથી ઢંકાએલું સ્થાન; લતામંડપ.

કુંજર : સં. પુ. હાથી; ઉત્તમ હાથી.

કુષ્ઠ : સં. પુ. એક પ્રકારનો ત્વચારોગ: ધોળા લાકડાવાળું એક વૃક્ષ;

કુહર : સં. ન. ગુફા, છિદ્ર, બાકું, રતિક્રીડા,

કૂક્ષિદવેધ : (સં. कुक्षिद्वेध ? કે कुक्षिवेध ?)

કૂચ : સં. પુ. કુચ; સ્તન, થાનેલો.

કૂટ : સં. ન. પર્વતની ટોચ; ત્યાં રહેલો કિલ્લો; છળ

કૂટાગાર (સં. कूटागार ?) ગુપ્તગૃહ, અગાશી,

કૂન્ત (સં. कुन्त પુ. ભાલો, બરછી) ?

કૂપ : સં. પુ. કુવો, મોટોખાડો, નૌકાનો મધ્યસ્તંભ.

કૂપવેધ : (સં. પુ. કુવાનું માપ કે નિરીક્ષણ) ?

કૂમ : સં. ન. સરોવર

કૂર્મ : સં. પુ. કાચબો, વિષ્ણુનો અવતાર,

કૂર્મશિલા : સં. સ્ત્રી. મકાનના પાયામાં મુકાતી કૂર્મ દેવની પૂજા કરેલી ઇંટ

કૃકવાકુ : સં. પુ. કુકડો, મોર, કાકીડો.

કૃણુ : સં. પું. ચિત્રકાર, રંગરેજ

કૃત : સં. ત્રિ. કરેલું, સાધેલું, ભણેલું, પુરતું, પૂર્ણ, સત્યયુગ, સેવક.

કૃતાંજલિ : સં. ત્રિ. જેણે હાથ જોડી નમસ્કાર કર્યા છે તે; (પુ.) લજામણીનો છોડ.

કૃપાણ : સં. પુ. તલવાર, કિરપાણ.

કૃપાણિકા : સં. સ્ત્રી. નાનું કિરપાણ.

કૃશ : સં. ત્રિ. પાતળું, દૂબળું, થોડું

કેતુ : સં. પુ. પતાકા, કેતુગ્રહ, ચિહ્ન, (ત્રિ.) ઊંચું, શ્રેષ્ઠ.

કેયૂર : સં. પુ. બાજુબંધનું આભૂષણ, બાહુબંધ.

કેરવ : સં. પું. હંસ.

કેલિકા : સં. સ્ત્રી. ક્રીડા, રમત, અશોકવૃક્ષ,

કેવલશિવમૂર્તિ : સં. નં. માત્ર શિવનીજ મૂર્તિ હોય એવું મંદિર, માત્ર શિવ જ સર્વને અંતે છે એવી માન્યતા.

કેશ : સં. પુ. વાળ, અંબોડો; સુગંધીવાળો.

કેશકલાપ : સં. પુ. કેશનો જથ્થો, અંબોડો.

કેશરીકર્મ : સં. નં. કેસરિજાતિનું શિખર બનાવવાનું કામ

કેસરીશિખર સં. ન. એક જાતનું દેવાલયનું શિખર.

કેશાન્ત : સં. પુ. દાઢીમૂછના વાળ સર્વપ્રથમ ઉતારવાનો એક ધાર્મિક સંસ્કાર.

કૈકર : સં. किंकर ત્રિ૰ સેવક.

કૈકેય : સં. પુ. કૈકયદેશનો રાજા.

કોંકણ : (સં. कोङकण) પુ. કોકણપ્રદેશ.

કોકિલા : સં. સ્ત્રી. માદા કોયલ; કાકોલી નામે વનસ્પતિ.

કોટર : સં. પુ. બખોલ, વૃક્ષ ભીંત વગેરેમાંની બખોલ.

કોટિ : સં. સ્ત્રી. અગ્રભાગ, છેડાનો ભાગ, ધાર, ધનુષ્યનો અગ્રભાગ, સો લાખની સંખ્યા, પ્રકાર, વર્ગ

કોણ : સં. પુ. ખુણો, વીણાવગાડવાનો મિજરાબ, સારંગીનો ગજ, બે દિશા વચ્ચેનો ભાગ,

કોણવેધ : સં. પું. ખુણાનું માપ, ખુણો માપવો તે
કોદંડ : સં. પું. ધનુષ
કોલ : સં. પું. ઓરડી, ચવક કે કોલ નામે વૃક્ષ; કોલ નામે વન્યજાતિ, તીઆમરીનો છોડ
કોવિદ : સં. પું. વિદ્વાન, જ્ઞાતા, પંડિત
કોશ : સં. પું. તલવારનું મ્યાન, ખજાનો, ઢાંકણ આવરણ, શબ્દ સંગ્રહ
કોશપાલ : સં. પું. ખજાનાનો રક્ષક, અધિકારી
કોશાગાર : મૂલ્યવાન વસ્તુઓ રાખવાનું મકાન
કોષ : સં. પું. કોશ
કોષ્ઠ : સં. પું. કોઠો; ઘરનો વચલો ઓરડો, કોઠાર; કોઠી; રાતો કોઢ.
કોષ્ઠક : સં. પું. કોઠો, વખાર, કોઠાર.
કોસંબી : (સં. कौशाम्बी) સ્ત્રી. વત્સદેશની રાજધાની મધ્યદેશની એક નગરી
કૌબેર : સં. ત્રિ. કુબેર વિશેનું, કુબેરને લગતું; એક એક જાતનું સફેદ લાકડાવાળું વૃક્ષ દૂધી કે ધવ.
કૌમોદક : સં. પું. વિષ્ણુ; પૃથ્વીને આનંદ આપનાર.
કૌમોદકી : સં. સ્ત્રી. વિષ્ણુની તે નામની ગદા.
કૌલિક : સં. પુ. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ કુલ સંપ્રદાયનો અનુયાયી; તે સંપ્રદાયના પ્રવર્તક શિવ.
કૌષેય : સં. ન. રેશમી વસ્ત્ર;
કંક : સં. પું. એક જાતનું પક્ષી; તેનું પીછું; મોટો આંબો; ક્ષત્રિય;
કંકણ : સં. ન. હાથનું આભૂષણ; મુકુટ; જલકણ.
કંકચમા कंकचमू : સં. સ્ત્રી. પક્ષીઓનો સમૂહ; બાણાવળીઓની સેના;
કંકર : સં. ત્રિ. નિશ; ખરાબ; (ન.) છાશ; કાંકરો.
કુંઠિત : સં. ત્રિ. બુઠ્ઠું; ગતિકરવાને અસમર્થ અવરુદ્ધ.
કુંડ : સં. ન. પાણી સંઘરવા ચણેલો ખાડો; અગ્નિ માટેનો ચણેલ ખાડો; તાંબાનું નાનું કુંડપાત્ર જારજ સંતાન
કુંડલ : સં. પું. કાનનું આભૂષણ; કુંડળ, ગોળાકાર; કડું;
કુબ્જિન : સં. ત્રિ. કુબ્જ—પોચણા વિશેનું
કુંભ : સં. પું. ઘડો; હાથીનું લમણું; ગૂગળ; નસોતર નામે વનસ્પતિ.
કુંભકાર : સં. પું. કુંભાર; રાની કુકડો, ઘડો બનાવનાર
કુંભી : સં. સ્ત્રી. નાનો ઘડો, હાંડલી; એરંડો નેપાળાનું વૃક્ષ.
ખગ : સં. પું. પક્ષી, સૂર્ય, બાણ, આકાશચારીવાયુ; (ત્રિ.) આકાશચારી
ખગેન્દ્ર : સં. પું. પક્ષિરાજ ગરુડ
ખગેશ્વર : સં. પું. ગરુડ
ખટકીદ્વાર : સં. નં. બે બારણાંવાળું દ્વાર ?
ખટ્વી : સં. સ્ત્રી. નાનો ખાટલો, ખાટલી.
ખટ્વા : સં. સ્ત્રી. ખાટલો
ખટ્વાંગ : સં. નં. ખાટલાનું અંગ, ઈસ, ઉપળું વગેરે શિવનું એક આયુધ.
ખડ્ગ : સં. પું. તલવાર; ગેંડાનું શીંગડું.
ખદ : સં. પું. સ્થિરતા; આચ્છાદન; ભક્ષણ
ખદિર : સં. પું. ખેરનું વૃક્ષ
ખન : સં. ત્રિ. ખોદનાર; ઉંદર; ખાતર પાડનાર; ખોદવાની કોશ, કોદાળી.
ખનન : સં. ન. ખોદવાની ક્રિયા.
ખનિ : સં. સ્ત્રી. ખાણ; ખાડો; ધાતુ વગેરેની ખાણ.
ખની : સં. સ્ત્રી. ધાતુ વગેરેની ખાણ.
ખનિત : (સં. खात) ત્રિ. ખાડો; ખાણ; ખોદેલું.
ખર : સં. ત્રિ. કઠોર, તીવ્ર; ઉગ્ર; (પુ.) ગધેડો, ખચ્ચર, ધમાસો નામે વનસ્પતિ
ખર્વ : સં. ત્રિ. ટૂંકું, ઠીંગણું; નીચું; નાનાકદનું; દસ અબજની સંખ્યા
ખર્વટ : સં. પું. પર્વત અને નદીના સાંનિધ્યવાળું નગર, નજીકનું ગામ
ખરશિલા : સં. સ્ત્રી. કઠણ પત્થર
ખલ્વ : સં. પું. એક જાતનું દાળવાળું અનાજ, ચણા; વાલ
ખલ્વશાળા : સં. સ્ત્રી. ચણા, વાલ વગેરે કઠોરનો કોઠાર
ખલીપાટ : સં. પું. ખોળ, તેલીબિયાંના કુચાનો રોટલો

ખાત : સં. ન. ખોદાણ; ખોદેલું; તળાવ; ખાઈ; ઘરનો આરંભ કરતાં પાયા માટે કરેલું ખોદાણ

ખાતક : સં. પું. ખોદનાર; દેવાદાર; સૈન્યને ચીરનાર ફાટફુટ પડાવનાર

खातसिद्धि : સં. સ્ત્રી. મકાન માટેના પાયાનું ખોદકામ; તેની પૂરી થયેલી ક્રિયા

ખાદિક : (સં. खादक) ત્રિ. ખાઉધરો; ભક્ષણ કરનાર દેવાદાર.

ખાન : સં. ન. ભોજન; ભક્ષણ; ખાવું તે

ખેચર : સં. પું. પક્ષી; આકાશગામી દેવો; સૂર્ય; ગ્રહો; નક્ષત્રો;

ખેટક : સં. પું. ખેડુતોનું ગામ; આકાશચારી; શિકાર શિકાર કરનાર;

ખેર : સં. खदिर પું. ખેરનું વૃક્ષ; તેનું લાકડું; ખેરનો કાથો;

ખોખોરક : (સં. खोरक પું. ઘોડાનો તાવ ?)

ખંડ : સં. પું. ટુકડો; ખડી સાકર; કાંકરા મીઠું;

ખંડદલ : સં.ન. ટુકડાનો ભૂકો; દળેલી સાકર મીઠું આદિ,

ખંડિત : સં. ત્રિ. તુટેલું; ભાંગેલું; તોડેલું;

ખંદચ્છદ : સં. પું. વૃક્ષપર્ણનો ટુકડો; પક્ષીની પાંખનો ટુકડો તમાલપત્રનો ટુકડો

ખુમ્જક : (સં. खुञ्जाल पुं. દેવતાડનું વૃક્ષ

ખુરક : સં પું. તલનો છોડ

ખુરપાણ ; સં. ત્રિ. અસ્ત્રો કે છરી જેના હાથમાં છે તે

ખુરમાણ : (સં. खुरपाण)

ગજ : સં. પું. લંબાઈનું એક માપ–ગજ; હાથી; ઔષધ પકવવાની ભઠ્ઠીનો ખાડો.

ગજકર્ણ : સં. પું. ગજકર્ણી નામે વનસ્પતિ;

ગજતાલુ : સં. નં. હાથીનું તાળવું.

ગજદંતવેધ : ખીલી કે ખુંટી માટેનું કાણું; હાથી દાંત ઉતારવા તે;

ગજદંત : સં. પું. હાથીનો દાંત, ખુંટી; ખીટી; વાંકીખુંટી;

ગજપૃચ્છાકૃતિ : સં. ત્રિ. હાથીના પૂંછડા જેવા આકારવાળું

ગજપૃષ્ટ : સં. નં હાથીની પીઠ

ગજવિધિ : સં. પું. માપવાની ક્રિયા

ગજહસ્ત : સં. પું. હાથીની સૂંઢ

ગજહસ્થિ : સં. राजहस्तिन ત્રિ. હાથીની સૂંઢના પ્રમાણનું શિલ્પમાં માપસાધન ગજપ્રમાણની હાથવાળી મૂર્તિ, દીર્ઘબાહુ,

ગણેશ : સં. પુ. ગણોના સ્વામી શિવ; ગણપતિ

ગદા : સ. સ્ત્રી. એક પ્રકારનું આયુધ; પાટલવૃક્ષ

ગભસ્તિમાન્ : સં. गभस्तिमत् પું. સૂર્ય; આકડાનું વૃક્ષ

ગરિષ્ટ : સં. ત્રિ. વધારેમાં વધારે વજનવાળું ભારવાળું; અત્યંત ભારે; અત્યંત ઉત્તમ

ગરૂડ : સં. પું. ગરૂડપક્ષી; વિષ્ણુનું વાહન રાજમહાલનો એક પ્રકાર; એક પ્રકારનો સૈન્ય વ્યુહ

ગર્ભમંડપ : સં. પું. દેવાલયની અંદરનો મંડપ; ગભારો

ગર્ભલોપ : સં. પું. ગર્ભનો નાશ; ગર્ભપાત; અંદરનો ઓરડો ન દેખાવો તે

ગર્ભારિકાગર્વ : સં. પું. અભિમાન

ગર્વવહ : સં. ત્રિ. અભિમાની

ગણ : સં. પું. સમૂહ; નાની સેના,

ગહ્વર : સં. ન. ગુફા ઊંડી ખીણ; લતાકુંજ;

ગવ્યૂતિ : સં સ્ત્રી. બે ગાઉનું અંતર;

ગવાક્ષ : સં પું. ગોખ; ઝરૂખો, વાતાયન; ગોખરૂ

ગવેક્ષક : સં. ત્રિ. તપાસ કરનાર તપાસ રાખનાર; સંશોધક

ગસિયું : ન. ઓજાર ઘસવાનો પહાણો.

ગહન : સં ન. ગાઢ વન; દુર્ગમ, કિલષ્ટ સમજાય તેવું દુર્બોધ.

ગ્રહ : સં. પું. સૂર્ય વગેરે ગ્રહ સૂર્યચંદ્રનું ગ્રહણ; ગ્રહણ કરવું; સમજણ;

ગાથા : સં. સ્ત્રી. ગીત; એક પ્રકારનો છંદ ચાર્યા વગેરે; પદ્ય;

ગ્રામ : સં. પું. ગામ; સંગીતના સ્વરોનો સમૂહ, સમુદાય

ગાયત્રી : સં. સ્ત્રી. એક વૈદિક છંદ; એક વૈદિક મંત્ર; ખેરનું વૃક્ષ;
ગ્રાવા : (સં. ग्रावन्) પું. પત્થર; પર્વત;
ગિરિ : સં. પું. પર્વત; મેઘ; વૃક્ષ;
ગિરિશ : સં. પું. શિવ.
ગિરિજા : સં. સ્ત્રી. હિમવાન ગિરિની પુત્રી પાર્વતી.
ગીતમોદિની : સં. સ્ત્રી. ગીત વડે આનંદ કરનાર યક્ષી; યક્ષકે ગંધર્વ જાતિની સ્ત્રી.
ગ્રીવા : સં. સ્ત્રી. ડોક; કંધરા.
ग्रासपट्टी સં. ગ્રાહપટ્ટી : દેવાલયમાં આવતો વિચિત્ર મકરાકૃતિનો થર;
ગુણગ : સં. ત્રિ. ગુણનો સ્વીકાર કરનાર; ગુણ-દોરી વડે નિર્વાહ કરનાર, કડિયો;
ગુણિની : સં. સ્ત્રી. ગુણવાન સ્ત્રી; ધનુષ્યની પ્રત્યંચા
ગુર્જર સૌરાષ્ટ્ર : સં. પું. ગૂજરાત અને સૌરાષ્ટ્ર.
ગુરુ : સં. ત્રિ. ભારે; વજનદાર; પૂજ્ય; મોટું દીર્ઘ સ્વર,
ગુલ્ફ : સં. પું. પગની ઘૂંટી;
ગુલ્મ : સં. પું. નાની સેના, વૃક્ષ વેલાઓનું ઝૂંડ; દર્ભકાસ વગેરે ધાતુ.
ગુહ : સં. પું. કાર્તિકેય; એક નિષાદરાજ; ગુહ-ગુફા;
ગૂઢ માર્ગ : સં. પું. ગુપ્ત માર્ગ; ભોંયરૂં વગેરે ઢંકાયેલો રસ્તો;
ગૃહ : સં. ન. ઘર.
ગૃહ્યા : સં. સ્ત્રી. મળદ્વાર, ગુદા; ઘરકામ કરનારી સ્ત્રી; અસ્વતંત્ર સ્ત્રી; ઘરમાં પાળેલ મેના વગેરે માદા.
ગૃહાશ્મન્ : સં. પું. વાટવા સારૂ ઘરમાં રાખેલ પત્થર;
ગૃહસંઘટ્ટ : સં. પું. એક બીજા સાથે સંકળાએલાં ઘરોનો સમૂહ.
ગ્રૈવેય : સં. ન. ગ્રીવામાં પહેરવાનું આભૂષણ;
ગોકર્ણ : સં. પું. સર્પ; એક પ્રકારનો મૃગ; ખચ્ચર; તે નામનું એક તીર્થ; ગાયનો કાન;
ગોકિલ : સં. પું. મૂસળ; સાંબેલું; હળ.
ગોગંધ : સં. ત્રિ. ગાય જેવી ગંધવાળું; તે નામે એક વનસ્પતિ;
ગોગોલક : સં. गोगोलक પું. ગવાક્ષ; વાતાયન; બારી જાળિયું.
ગોદારણ : સં. ન. ખોદવી તે; ખોદવાની ક્રિયા;
ગોધિ : સં. પું. એક જાતનો સાપ; ઘો; કપાળ.
ગોપતિ : સં. પું. આખલો; એક વનસ્પતિ; શિવ;
ગોપન : સં. ન. ગુપ્ત રાખવું તે; રક્ષણ કરવું તે.
ગોપનધી : સં. ત્રિ. છુપાવવાની બુદ્ધિ-વૃત્તિવાળું;
ગોપુર : સં. ન. કિલ્લાનું મુખ્ય દ્વાર; નગરનું પ્રવેશદ્વાર.
ગોરા : સં. સ્ત્રી. ગોરોચના; ગૌરચંદન.
ગોવિશી (સં. गोविक : સ્ત્રી. ગાયનું છાણ )
ગૌણ : સં. પું. લાક્ષણિક અર્થ; અપ્રધાન.
ગૌડ : સં. ત્રિ. ગોળનો દારુ; ગોળની રસી.
ગૌડપુટ્ટ : (સં. गौडपुड्ड : ગૌડોમાં શ્રેષ્ઠ )
ગૌરી : સં. સ્ત્રી. ગૌરવર્ણવાળી સ્ત્રી; હિમાલયની પુત્રી પાર્વતી ધોળી દુર્વા; કોથમીર.
ગંડાર્ગ (સં. शण्डाङ्ग પું. ગેંડો ?)
ગંધર્વ : સં. પું. ઘોડો; કસ્તૂરીમૃગ; દેવજાતિ;ગાયક
ગાંડિવ : સં. ન. અર્જુનનું ધનુષ, કોઈ પણ ધનુષ
ગાંધર્વ : સં. ત્રિ ગંધર્વ સંબંધી; પરસ્પર સંમતી સ્ત્રીપુરૂષે કરેલો વિવાહ; દેવજાતિ; ગાયક; ગાયન
ગાંધાર : સં. પું. ગાન્ધાર દેશ; ગાન્ધાર સ્વર; ગાંધારવાસી;
ગુંઠન : સં. ન. વીંટવું; ઢાંકવું;
ગુંફ : સં. પું. બાજુ બંધનું આભૂષણ; ગૂંથણી.
ગ્રંથિ : સં. સ્ત્રી. ગાંઠ; વાંસ વગેરેની ગાંઠ;
ઘટ : સં. પું. ઘડો, કુંભ રાશિ;
ઘટા : સં. સ્ત્રી. નદીનો ઓવારો-ઘાટ; હાણ લેવાનું સ્થળ
ઘટપલ્લવ : સં. ન. ઘડામાં મુકેલું પલ્લવ-પાંદડું.
ઘટમાળા : સં. સ્ત્રી. રહેંટયંત્ર, સતત અંત વિહીન પ્રક્રિયા.
ઘટિકા : સં. સ્ત્રી. એક ઘડીનો સમય; નાનોઘડો; સાઈઠ પળનું એક સમય માપ;

ઘન : સં. પું. મેઘ; ઘણ; (ન.) લોઢું; કાંસાનું વાદ્ય કાંસી જોડા વગેરે. (ત્રિ.) ગાઢ, નિબિડ, લંબાઈ પહોળાઈ, ઉંચાઇનો; ગુણાકાર સરખી બાજુની આકૃતિ;

ઘન ક્ષેત્રફળ : લંબાઈ, ઊંચાઈ અને ઊંડાણ એમ ત્રણ માપનો ગુણાકાર;

ઘનવીસી : ન. વીસ ઘન જેટલું માપ;

ઘની : સં. ઘનિન ત્રિ. ઘન માપવાળું;

ઘૃણા : સં. સ્ત્રી. દયા; તિરસ્કાર.

ઘ્રાણ : સં. ન. નાક; ગંધ લેવાનું ઈન્દ્રિય; સુંઘેલું

ઘૃષ્ટ : સં. ન. ચંદન; ઘસેલું, વાટેલું.

ઘોટકાનાં ગૃહ : સં. ન. ઘોડાર; અશ્વશાળા

ઘ્રોણા : (સં. घोणा સ્ત્રી. મોટું નાક, ઘોડાનું નાક;

ઘંટા : સં. સ્ત્રી. ઘંટડી, ઝાલર; ઘંટ.

ઘંટાધર : ઘંટ ધારણ કરનાર;

ઘંટા પથ : સં. પું. મોટો માર્ગ રાજમાર્ગ.

ઘંટાલુંબ : સ્ત્રી. ઘંટ લટકાવવાનો આંકડો; ઘંટની કડીવાળુ ઝુંમરના આકારનો ઘુંમટ.

ઘંટાવેધ : પું. ઘંટ લટકાવવાનું છિદ્ર–છેદ.

ઘંટિકા : સં, સ્ત્રી. નાની ઘંટડી.

ઘુંટ : સં. પું. પગની ઘૂંટી.

ચકિત : સં. ત્રિ. ભયભીત; આશ્ચર્યમૂઢ; ફિક્કું; ધોળું

ચક્ર : સં. પું. ચક્રવાક ચકવો પક્ષી; પૈડું; સમુદાય; વર્તુળાકાર;

ચક્રિકા : સં. સ્ત્રી. શિલ્પમાં જલેબીના આકારનું સુશોભન,

ચક્રદ્વાર : સં. પું. તે નામે એક પર્વત; ગોળાઇવાળું દ્વાર.

ચક્રધર : સં. પું. વિષ્ણુ; ગ્રામપુરોહિત; ચક્રવર્તીરાજા

ચક્રપાણિ : સં. પું. વિષ્ણુ.

ચક્રપાદ : સં. પું. ચક્રો વડે ચાલનાર ગાડું રથ આદિ હાથી.

ચક્રવર્તિન્ : સં. ત્રિ. અનેક રાજાઓના સમૂહ પર પર સત્તા ભોગવનાર સમ્રાટ સાર્વભૌમ રાજા.

ચણ્ડ : સં. ત્રિ. અતિ ક્રોધી; અતિ ઉષ્ણ; (પું.) આમલીનું વૃક્ષ; કોકમનું વૃક્ષ.

ચત્ત્ર : સં. चत्वे

ચત્વર : સં. નં. આંગણું; આંગણામાં કરેલો યજ્ઞ મંડપ; ચારે કોર બાંધેલો ઘર આગળનો ફળિયા નો ભાગ.

ચત્વારિંશત્ : સં. ત્રિ. ચાલીસની સંખ્યા.

ચતુરંગ : સં. ન. ચોપાટની રમત; શતરંજની રમત; તે રમવાનું સાધન; ચાર અંગો અશ્વ, રથ, ગજ, પદ્ધતિવાળું સૈન્ય.

ચતુરંગુલ : સં. ન. ચાર આગળનું માપ; (ત્રિ.) તેટલા માપનું.

ચતુરસ્ત્ર : સં. ત્રિ. ચોખુણ; ચતુષ્કોણ.

ચતુર્ગુણ : સં. ત્રિ. ચારગણું.

ચતુર્દશ : સં. ત્રિ. ચૌદની સંખ્યા

ચતુર્દિશ : સં. ત્રિ. ચારેય દિશાઓ; ચારેય દિશામાં

ચતુર્ધા : સં. અ. ચાર પ્રકાર; ચાર ભાગમાં.

ચતુર્મુખ : સં પું. ચારમુખવાળા બ્રહ્મા; (ત્રિ.) ચારેય તરફ ખુલે તેવું; ચારેય તરફ મુખવાળું.

ચતુર્વર્ગ : સં. પું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનો સમૂહ.

ચતુર્વર્ણ : સં. પું. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ ચાર વર્ણો.

ચતુર્વિધ : સં. ત્રિ. ચાર પ્રકારનું.

ચતુર્વિધા : સં. સ્ત્રી. ચાર પ્રકારની.

ચતુરાનન : સં. પું. ચાર મુખવાળા બ્રહ્મા.

ચતુષ્ક : સં. નં. ચારનો સમૂહ;

ચતુષ્કોણ : સં. ત્રિ. ચાર ખુણાવાળી આકૃતિ; જેને ચાર ખુણા હોય તેવું સ્થળ.

ચતુષ્કિકા : સં. સ્ત્રી. ચાર વસ્તુઓનો સમૂહ.

ચતુષ્ટય : સં. ન. ચારનો સમૂહ.

ચતુષ્પથ : સં. પું. ચાર રસ્તા ભેગા મળતા હોય તેવું સ્થાન.

ચતુષ્પદી : સં. સ્ત્રી. ચાર ચરણવાળું પદ્ય; ચોપાઈ ચાર પગવાળાં પશુની માદા ગાય ઘોડી વગેરે.

ચતુઃ શાલ : સં. ન. ચારે દિશામાં રહેલાં સામસામે આવેલાં ઘર જેમની વચ્ચે ચોક હોય.

ચતુઃશાલગૃહ : સં. ન. વચ્ચે ચોકવાળા નિવાસોવાળું ઘર.
ચપટ : સં. પુ. ચપેટા; લપડાક; થપ્પડ.
ચય : સં. પું. ઢગલો; સમૂહ, કોટ પ્રકારનો પાયો; ચયન, પુષ્પ વગેરે વિણવાંતે;
ચરણ : સં. પું. પગ; ચતુર્થાંશ; વેદનીશાખા; (ન) અનુષ્ઠાન, આચરણ;
ચર્પટ : સં. પું. લપડાક; થપ્પડ; તેજસ્વી; તીખું; મોટું.
ચર્મ : સં. ન. ચામડાની ઢાલ.
ચર્મન્ : સં. ન. ત્વચા; ચામડી;
ચર્મકાર : સં. ત્રિ. ચામડાનું કામ કરનાર, મોચી
ચલાચલ : સં. ત્રિ. અસ્થિર; ચંચળ; ચપળ સ્થાવર જંગમ કાગડો.
ચંડ : સં. વિ. તીક્ષ્ણ; અતિક્રોધી.
ચંદન : સં. પું. ન. સુખડનું વૃક્ષ; સુખડ ઘસી બના વેલ તિલક વગેરે માટે અનુકૂળ લેપ.
ચંદ્ર : સં. પું. ચંદ્ર, ચંદ્રનો ગ્રહ; સોનું; કપૂર;
ચંદ્રઘોષા : સં. સ્ત્રી. ઘુંમટની છતમાં મુકાતી પુતળી;
ચંદ્રભાસ : સં. ત્રિ. ચંદ્ર જેવી કાન્તિવાળું; ધવલ ઉજ્વલ,
ચંદ્રભૂતિ : સં. ન. ચાંદી; રૂપું.
ચંદ્રમૌલિ : સં પું. ચંદ્રને મસ્તકે ધારણ કરનાર શિવ; ત્રિ. મસ્તકે ચંદ્રકનું આભૂષણ ધારણ કરનાર.
ચંદ્રશાલા : સં. સ્ત્રી. અગાશી, ચાંદની અનુભવાય તેવો ઘરનો ભાગ;
ચંદ્રશેખર : સં પું. શિવ.
ચંદ્રહાસ : સં. પું. રૂપું, ચાંદી, રાવણની તે નામે તલવાર.
ચંદ્રાવલિકર્તા : ચંદ્રાવલી ગ્રંથનો લેખક;
ચંદ્રાસ : चन्द्राभास કૃત્રિમ ચંદ્ર ચંદ્ર જેવું;
ચાતુર્વર્ણ્ય : સં. ન. બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ ચાર વર્ણો ચાર વર્ણોનો સમૂહ તેમનો ધર્મ.
ચાપ : સં. પું. ન ધનુષ; વૃતખંડ; ત્રિ. અર્ધગોળ.
ચામર સં. પું. ન ચમરી. ગાયના વાળનો પંખો; વાયુ દોળવાનું સાધન.
ચામુંડા : સં. સ્ત્રી. દુર્ગાદેવીનું એક સ્વરૂપ; ચંડ અને મુંડ દૈત્યને હણનારી દેવી.
ચારપથ : સં. પું. રાજમાર્ગ; મોટો રસ્તો; જ્યાં સૌ ફરી શકે એવો રસ્તો.
ચાલ : સં. પું. ઘરનું છાપરું;
ચાલિકાકાર સં. ત્રિ. કોઈ વિષય સમજવાસારુ તે વિશે શંકા કરનાર.
ચિત્ય : સં.ત્રિ. ભેગું એકઠું કરવા યોગ્ય; વીણવા યોગ્ય, ચિતા સંબંધી.
ચિત્રક : સં, ત્રિ. ચિત્રકાર; (પું.) ચિત્તો; એક પ્રકારનો મૃગ; (ન.) તિલક, ચાંલ્લો.
ચિત્રાલય : સં. ન. ચિત્રોની સંગ્રહ શાખા; ચિત્રકલા શિખ્યાનું સ્થાન.
ચિત્રલેખા : સં સ્ત્રી. ચિત્રની રેખા; તે નામે એક સ્ત્રી.
ચિત્રશિખંડક : સં. પું. સપ્તર્ષિના સાત તારા; (ત્રિ) સુંદર કેશવાળું; જટાધારી.
ચિપિટ : સં. ત્રિ. ચિબા નાકવાળું.
ચિપ્પિકા : સં. સ્ત્રી. રાત્રે વિચરનાર એક કીટ-કીડો
ચિબુક : સં. પું. અધરોષ્ઠ નીચેનો ભાગ; દાઢી ઠોડી
ચીર : સં. ન. વસ્ત્ર, વસ્ત્રનો ટુકડો; જીર્ણ વસ્ત્ર; વૃક્ષની છાલ.
ચીવર : સં. ન. ભિક્ષુકનું વસ્ત્ર; લંગોટી આદિ.
ચૂડાલ : સં. ત્રિ. શિખાધારી; ચોટલીવાળું; (ન.) મસ્તક.
ચૂડામણિ : સં. પું. મસ્તકે ધારણ કરવાનો મણિ;
ચૈત્ય : સં. ન. જિનમંદિર; બૌદ્ધમંદિર; ગમે તે મંદિર; (પુ.) અશોક વૃક્ષ.
ચૈલ : સં. ન. વસ્ત્ર; કાપડ; વસ્ત્ર અંગેનું.
ચૈલિકા : સં. સ્ત્રી. ચેલી; શિષ્યા.
છત્વર : સં. પું. છાદન; ઢાંકણ; ઘર; નિવાસ
છત્ર : સં. ન. છત્રી; આચ્છાદન;
છત્રવીર : સં. પું. છત્રધારી વીરપુરુષ ?
છદ : સં. પું. આચ્છાદાન; વૃક્ષનું પાંદડું; પક્ષીની પાંખ; તમાલપત્ર; તમાલવૃક્ષ.
છદિ : સં. સ્ત્રી. ઘરનું આચ્છાદન; છાપરું; રથનો પડદો; ઢાંકણ.

છાદ : સં. ન. ઝરતું. આચ્છાદાન; છાપરું.
છાધકી : સ્ત્રી. છાદડી; છાપરું;
**છાદ્યગૃહ** : સં. ન. આચ્છાદનવાળું ઘર; ? છતવાળું ઘર કે મંદિર; છત; છાપરું;
છાયા : સં. સ્ત્રી. છાંયડો, પડછાયો; અંધારું; સૂર્યની પત્નીનું નામ;
છાયાગૃહ : છાંયડાવાળું, છાંયડામાં રહેલું ઘર, અંધારાવાળું ઘર
છીદ્ર : સં. ન. કાણું; ખાડો; બાકું: દોષ; નબળું સ્થાન;
છિદિ : સં. ત્રિ. કુહાડી; કાપણી; છેદનકરનાર; વજ્ર.
છુબુક : સં. ન. ચિબુક; હડપચી; લમણો.
છુરિકા : સં. સ્ત્રી. છરી; નાની તલવાર;
છંદ : સં. પું. મરજી; સ્વેચ્છા; અભિલાષા; અભિપ્રાય; એકાન્ત;
છાંદન : (સં. छन्दन) ન. ખડિયાનું ઢાંકણ.
જગતી : સં. સ્ત્રી. પૃથ્વી; ભૂમિ; બાર અક્ષરનો એક વૈદિક છંદ; ગઢ; કિલ્લો.
જઘન : સં. ન. જાંઘ; નિતંબ; (વિ.) છેવટનું પાછળનું.
જઘના : સં. સ્ત્રી. જંઘા,
જઘન્ય : સં. ત્રિ. છેવટનું; પાછળનું નિંદ્ય; નીચ; અધમ.
જય : સં. સ્ત્રી. વાળનો સમૂહ; ગુંચવાએલા વાળનો જથ્થો; વડની વડવાઈ.
જટાજી : સં. ન. જટાનો જથ્થો; મોટી જટા.
જટિલ : સં. ત્રિ. જટાવાળું; જટાધારી.
જટિન્ : સં. ત્રિ. જટાધારી.
જઠર : સં. ન. પેટ; ઉદર; (ત્રિ.) કઠણ; બાંધેલું.
જન ; સં. પું- મનુષ્ય; માનવસમૂહ; મનુષ્યલોક;
જનાર્દન : સં. પું. વિષ્ણુ; ઈશ્વર; શાલગ્રામ વિષ્ણુ; (ત્રિ.) લોકોને પીડનાર.
જય : સં. પું. વિજય; જીત; વશ કરવું;
જયદા : સં. સ્ત્રી. વિજય આપનારી.
જયંત : સં. પું. ઈન્દ્રનો પુત્ર; શિવ; (વિ.) વિજયશાળી;
જયંતિકા : સં. સ્ત્રી. ઈન્દ્રની પુત્રી; દુર્ગાદેવીનું એક સ્વરૂપ; પતાકા;
જલધિ : સં. પું. સમુદ્ર અંકોવાળી સંખ્યા;
જલપટ્ટિકા : સં. સ્ત્રી. જમીનમાં પડેલો જળની પટ્ટી.
જલવીથી : સં. સ્ત્રી. જળમાર્ગ; ગૃહમાંથી બહાર પાણી કાઢવાનો માર્ગ;
જલશાયિન્ : સં. પું. વિષ્ણુ; નારાયણ; ત્રિ.) પાણી પર સુનાર.
જલાધાર : સં. પું. જળાશય;
જલાષ્ટિલા : સં. સ્ત્રી. ચતુષ્કોણ મોટું તળાવ.
જવનિકા : સં. સ્ત્રી. પડદો; અપટી; ચક; કનાત.
જલાન્તર : ન. જળનો અંદરનો ભાગ
જલાધિપ : સં. પું. જળનો સ્વામી વરુણ
જલાશય : સં. ન. તળાવ, કૂવો વાવ વગેરે જળના આધાર,
જાડ્ય : સં. ન જડતા; આળસ.
જાનુ : સં. ન ઢીંચણ; ઘુંટણ.
જાહ્નવી : સં. સ્ત્રી. જહ્નુની કન્યા ગંગા;
જામદગ્ન્ય : સં. પું. જમદગ્નિના પુત્ર રામ, પરશુરામ,
જાલંધર : સં. પું. તે નામે એક દૈત્ય; તેનામે એક યોગી.
જિન : સં. ત્રિ. વિજયી; જીતનાર; અત્યંત વૃદ્ધ; જૈન તીર્થંકર;
જિહ્વા : સં. સ્ત્રી જીભ.
જિજ્ઞાસુ : સં. ત્રિ. જાણવા ઈચ્છનાર
જીમૂત : સં. પું. મેઘ; તે નામે એક મલ્લ; વિ. પાલન કરનાર,
જીમૂતવાહ : સં. પું. તે નામે એક વિદ્યાધર: પવન;
જીર્ણ : સં. ત્રિ. જુનું, વૃદ્ધ; ઘસાએલું; ફાટેલું તુટેલું.
જીર્ણોદ્ધાર : સં. પું. જૂનાને સમારી નવું કરવું; જૂનાને ઉદ્ધારવું.
જીવા : સં. સ્ત્રી; પ્રત્યંચા; ઘેરી; જીવતી નામે વેલ; ડોડી;
જીવાયતન : સં. ન. જીવનું નિવાસ સ્થાન–શરીર.
જૈન : સં. ત્રિ. જિનને અનુસરનાર; એક જૈન તીર્થંકર.
જંઘા : સં. સ્ત્રી. જાંઘ; પ્રાસાદમાં પીઠ ઉપરનો ભાગ
જંઘિકા : સં. સ્ત્રી. જાંઘ; પ્રાસાદમાં પીઠ ઉપરનો ભાગ.

જાંગલ : સં. પું. વનછાયો પ્રદેશ; મોટું વન વન્ય પશુનું માંસ; ઓછા પાણી અને ઘાસવાળો ગરમ પ્રદેશ.

ઝલ્લક : (સં. પું. झल्लरी : ખંજરી ?) કાશીજોડાનું વાદ્ય.

ઝાલર : સં. झालरी : સ્ત્રી. ઝાંજ; ખંજરી.

ટંક : સં. પું. તલવારનું મ્યાન; જાંઘ; સાથળ; (ન.) એક ચાંદીનો સિક્કો; ટોચ; શિખર

ટંક્ક : સં. પું. ચાંદીનો એક ચલણી સિક્કો.

ટંકાર : સં. પું. ધનુષની દોરીનો અવાજ; યશ; આશ્ચર્ય,

ટાંકર : સં. પું. તે નામનું વૃક્ષ; (ત્રિ.) ખલ; લુચ્ચું; વ્યભિચારી.

ટાંકૃત : સં. ન. ટંકારનો ધ્વનિ;

ડિંગ ડિંગ : ટન ટન ધ્વનિ.

ડમરૂ : સં. પું. ડમરુ વાદ્ય;

ડાહલ : સં. પું. ત્રિપુર પ્રદેશ.

ઢક્ક : સં. પું. ધર્મશાળા; ઢક ઢક અવાજ; ગુણ વિહીન.

ઢક્કા : સં. સ્ત્રી. ડમરુ; મોટું ઢોલ.

ઢુંઢિ : (સં. ढुण्ढि) પું. કાશીમાં આવેલા એક ગણેશ; ગણપતિ;

ઢીંકુલી : બં. સ્ત્રી. પગથી ચલાવાય એવો ખાંડણિયો;

ઢંકધારા : સ્ત્રી. ગળતીમાંથી ટપકતાં જળબિંદુ; ગળતી;

તટ : સં. પું. ઊંચો કિનારો; (ત્રિ.) ઊંચું.

તટાક : સં. પું. તળાવ.

તડાગ : સં. પું. તળાવ

તત્ત્વ : સં. ન. સાર; રહસ્ય; મૂળ; સત્ય; ચિત્ત;

તત્ત્વજ્ઞ : સં. પું. તત્ત્વને જાણનાર;

તત્રત્ય : સં. ત્રિ. તે સ્થળનું; ત્યાંનું.

તતિ : સં. સ્ત્રી. પંક્તિ, સમૂહ

તથાગત : સં. પું. બુદ્ધ; (ત્રિ.) તે પ્રમાણે ગયેલું.

તન : સં. પું. વિસ્તાર; ફેલાવ

તનુજ : સં. ત્રિ. ઔરસ સંતાન.

તનુ : સં. ન. શરીર

તપોનિધિ : સં. પું. મોટો તપસ્વી; તપના ભંડારરૂપ

તપોનિષ્ઠ : સં. ત્રિ તપમાં નિષ્ઠા રાખનાર; તપમાં મગ્ન રહેનાર.

તપોવન : સં. ન. તપમાટેનું વન; તપસ્વી જ્યાં રહે છે વન;

તરુણ : સં. ત્રિ. યુવાન, તાજું; નવું;

તર્જની : સં. સ્ત્રી. અંગૂઠા પાસેની હાથની આંગળી સાદેશિકા.

તલ : સં. ન. તળિયું; ઊંડાણ; પ્રમાણ; માપ.

તલમાન : સં. ન. તળિયા સુધીનું માપ.

તલિત : સં. ત્રિ. સ્થાપેલું; દઢ કરેલું.

તલિમ : સં. ન. છત; ચંદરવો; પર્યંક; શય્યા

તલ્લમ : અ. પ્રાસાદનું તળિયું; ભોંય તળિયું;

તલરૂપ : સં. ત્રિ. સપાટ; સમતલ; તળિયાના રૂપનું

તલચ્છદ : સં. પું. ચંદરવો;

તલવેધ : સં. પું. તળિયાનું માપ; તેનું અવલોકન

તલવક : સં. પું. તાવડો, તવો.

તહાસર ?

તાટંક : સં. પું. એક કર્ણ ભૂષણ; કર્ણફૂલ

તાદશ : સં. ત્રિ. તેના જેવું.

તાન : સં. પું. વિસ્તાર, ફેલાવ; ગાયનનું એક અંગ.

તામ્ર : સં. ન. તાંબુ; (ત્રિ.) તાંબા જેવા લાલરંગનું રક્ત ચંદન;

તામ્રકૂટ : સં. પું. ન. તંબાકુ;

તામ્રરસ : સં. પું. તાંબાનો રસ.

તારાધિપ : સં. પું. ચંદ્ર

તાર્ક્ષ્ય : સં. પું. ગરુડ

તાલ : સં. પું. લય યુક્ત ધ્વનિ; તાડનું વૃક્ષ.

તાલધ્વજ : સં. પું. જેના ધ્વજમાં તાડનું ચિહ્ન છે તે;

તાલપત્ર : સં. ન. તાડનું પાંદડું; લખવા માટે વપરાતું તાડપત્ર

તાલાવન : સં. ન. તાડનું વન

તાલવૃંત : સં. પું. તાડનો વીંઝણો; પંખો

તાલિક : સં. પું. હાથનો ખુલ્લો પંજો; થપ્પડ; તાળી; મુદ્રા—મહોર;

તાલિકા : સં. સ્ત્રી. યાદી; નામાવલી; તાળી; તાત્રવલ્લી કે કાળીમૂસળીની વનસ્પતિ,
તાલુ : સં. ન. તાળવું.
તાલુવેધ ?
તાવત્ : સં. અ. તેટલું; તેટલા સમયમાં; પુરતું; ત્યારે; તે સમયે; ત્યાં
તિક્ત : સં. પું. કડવો રસ; કુટજ વૃક્ષ; (ત્રિ.) કડવું; સુગંધવાળું;
તિકાક ?
તિગ્માંશુ : સં. પું. સૂર્ય; આકડો; (ત્રિ.) ઉષ્ણ કિરણ વાળું.
તિન્તિડી : સં, સ્ત્રી. આમલીનું વૃક્ષ; આમલી.
તિન્તિણી : સં. સ્ત્રી. આમલી
તિરયૂ : ?
તિરશ્ચીન : સં. ત્રિ. આડું; વાંકું; તિરછું,
તિરસ્કરિણી : સં. સ્ત્રી. પડદો; આચ્છાદન; તંબુની કનાત.
તિર્યક્ : સં. અ. તિરછું.
તીર : સં. પું. જલાશયનો કાંઠો; કિનારો; તટ. (પુ.) કલાઈ; સીસું; બાણ;
તીર્થ : સં. ન. પવિત્ર ક્ષેત્ર; નદી વગેરે ઓળંગવાનો ઘાટ; પવિત્ર જલાશય; પૂજનીય;
તીર્થકૃત્ : સં. પું. ભવ ઓળંગવાનો રસ્તો બતાવનાર તીર્થંકર; જ્ઞાની ઉપદેશક
તીર્થંકર : સં. પું. તીર્થકૃત્
તીક્ષ્ણધાર : સં. પુ. તલવાર
તુરગ : સં. પું. ઘોડો, ત્વરાગામી અશ્વ.
તુરીય : સં. ત્રિ. ચતુર્થ, ચોથું, જાગ્રત સ્વપ્ન સુસુપ્તિ પછીની ચોથી અવસ્થા.
તુરંગ : સં. પું. અશ્વ, ઘોડો.
તુરંગમ : સં. પું. અશ્વ, ઘોડો.
તુરંગમુખ : સં. પું. ઘોડા જેવા મુખવાળો યક્ષ, કિન્નર.
તુલ : સં. પું. ઇન્દ્ર, (ન.) તોલ, વજન.
તુલવિધ : સં. પુ. તુલાદાનનો વિધિ.
તુલા : સં. સ્ત્રી. ત્રાજવું, સમાનતા, સમધારણ, ત્રાજવાની દાંડી, કાટલાં, તુલારાશિ, બાંધકામનું માપ, ઘરનો મોભ.
તુલાકોટિ : સં. સ્ત્રી. સ્ત્રીના પગનું ઝાંઝર, નૂપુરનું આભૂષણ.
તુલાધાર : સં. ત્રિ. તોલ કરનાર વેપારી, તુલારાશિ, સૂર્ય, ત્રાજવાને પકડવાનો મુઠો.
તુવર : સં. પું. તુરો રસ, તુરૂં, મૂછ વિનાનો પુરૂષ, તુવર ધાન્ય, શિંગડાં ન ઉગ્યાં હોય એવું નાનું પશુ.
તૂણી : સં. સ્ત્રી. બાણનો ભાથો, ગુહ્ય ભાગે થતી પીડા.
તૂણીર : સં. પું. બાણનો ભાથો.
તુરીપ : સં. ત્રિ. ત્વરિત પ્રસરનાર, ફેલાઈ જનાર.
તૂર્ય : સં. ન. વાજિંત્ર, ગમે તે પ્રકારનું વાદ્ય, ચતુર્થ, ચોથું.
તૂલિકા : સં. સ્ત્રી. ચિત્રકારની પીંછી, દિવેટ, રૂની તળાઈ કે રજાઈ, ધાતુ ગાળવાનું પાત્ર, ધાતુની સળી.
તૃણ : સં. ન. ઘાસ, તણખલું.
તૃણકેતુ : સં. પું. વાંસનું વૃક્ષ, વાંસ, તાડનું વૃક્ષ.
તૃણચ્છેદ : સં. પું. ઘાસ કાપવાનું દાતરડું, ઘાસ કાપવાનું કામ.
તૃણછાદ્ય : સં. ન, ઘાસથી છાઈ શકાય તેવું છાપરું
તૃપલ : સં. ન. પત્થર, કાંકરો, હરડે બહેડાં આમળાં એ ત્રિફળા.
તૈલયંત્ર : સં. ન. ઘાણી, તેલીબિયાં પીલવાનું યંત્ર.
તોડકા : સં. પું. તોડનાર, ચૂંટનારી.
તોદન : સં. ન. આરવાળી લાકડી, પરોણો, ભોંકવું, ભોંકવા–ચૂંટવાથી થતી પીડા.
તોય : સં. ન. જળ, પાણી.
તોયાધાર : સં. ન. જળાશય.
તોરણ : સં. પું. ન. મુખ્ય દ્વાર, મોટું દ્વાર, દ્વારનું સુશોભન, બારણે ટાંગેલું તોરણ, ગ્રીવા ગરદન,
તંત્રક : સં. ન, વસ્ત્ર, વણેલું વસ્ત્ર.

તુંગ : સં. પું. શિવ, પુન્નાગ વૃક્ષ, નાળિયેરી, ઊંચું ઉચ્ચ સ્થાન, ગેંડો, પુષ્પનાં કેસર.

તુંડ : સં. પું. શિવ, (ન.) મુખ, ચાંચ, સૂંઢ.

તુંડિકા : સં. સ્ત્રી. મુખ. ચાંચ, સૂંઢ, ઘિલોડું, તેનો વેલો.

તુંદ : સં. ન. પેટ, ફાંદ, (સ્ત્રી.) ડૂંટી.

તુંદિ : સં. ન. પેટ, ફાંદ.

તુંબરૂ : સં. ન. તે નામે એક ગંધર્વ.

ત્રિક સં. ન. ત્રણનો સમૂહ, પીઠનું એક હાડકું, ગોખરૂં.

ત્રિકોણ સં. ત્રિ. ત્રણ ખુણાવાળો પદાર્થ, આકૃતિ, ત્રૈકાલિક : સં. ત્રિ. ત્રણે કાળમાં હોય તેવું, સનાતન.

ત્રપુ : સં. ન. સીસું, કલાઈ.

ત્રપુષ : સં. ન. કલાઈ, સીસું, કાકડી.

ત્રિપુરાન્તક : સં. પું. ત્રિપુર અસુરને મારનાર શિવ

ત્રૌપલ : (સં. ત્રોતલ ન. એક પ્રકારનું યંત્ર ?)

ત્રિપુટ : સં. પું. મકાઈનું ધાન્ય, બાણ, કાંઠો, કિનારો, મોગરાનો છોડ, મલ્લિકા.

ત્રિપાદ : સં. ત્રિ. પરમેશ્વર, તાવ.

ત્રિદશ : સં. ત્રિ. ત્રણ ગણા દસ–ત્રીસ, પું. તેત્રીસ દેવો.

ત્રિધા : સં. અ. ત્રણ પ્રકારે, ત્રણ ભાગમાં.

ત્રય : સં. ન. ત્રણનો સમૂહ, ત્રણ અંગ ભાગવાળું

ત્રવું : ત્રવું ન. ટીન, કલાઇની ધાતુ, તેનું પતરૂં, કલાઈ ચઢાવેલું વાસણ.

ત્રપુસ ? સં. ન. ટીન, કલાઈ.

ત્રિયષ્ટિ : સં. સ્ત્રી તે નામે એક ક્ષુદ્ર વનસ્પતિ (ન) ત્રણ પાયાવાળી બેઠક.

ત્ર્યકૂલ ?

ત્ર્યયાંગન : સં. ન. સ્ત્રીઓના આવાસનું આંગણ.

ત્રયોદશ : સં. વિ. તેરની સંખ્યા.

ત્રાણ : સં. ન. બખ્તર, રક્ષણ કરવું તે.

ત્રિભુવન : સં. ન. સ્વર્ગ, અંતરિક્ષ, પૃથ્વી એ ત્રણ લોકો.

તિમિર : સં. ન. અંધકાર, અંધાપો, આંખની ઝાંખનો રોગ.

ત્રિમૂર્તિ : સં. પું. બ્રહ્મા, વિષ્ણું, શિવ એ ત્રણ મૂર્તિ સ્વરૂપવાળા પરમેશ્વર, ત્રણ મૂર્તિનો સમૂહ.

ત્રૈલોક્ય : સં. ન. ત્રણ લોકનો સમૂહ.

ત્રિલોચન સં. પું. ત્રણ આંખવાળા શિવ. (ત્રિ.) ત્રણ આંખવાળું.

ત્વષ્ટ : સં. પું. ત્વષ્ટા દેવ, વિશ્વકર્મા, સુથાર.

ત્રિવિક્રમ : સં. પું. ત્રણ પગલાં ભરનાર સૂર્ય વિષ્ણુનો વામન અવતાર, બલદેવ.

ત્રિવર્ગ : સં. પું. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થનો સમુદાય.

ત્રિશૂલ : સં. પું. ન. ત્રણ અણીવાળું શૂળ, ભાલો.

ત્રિશ : (સં. ત્રિંશત્) વિ. ત્રીસ.

ત્રિંશત્ સં. વિ. ત્રીસ.

ત્રિશિષ : (સં. ત્રિશીર્ષ) ન. ત્રણ માથાંવાળું, ત્રિશૂલ

ત્રુટિત : સં. ત્રિ. તૂટેલું.

દક્ષિણ : સં. ત્રિ. અન્યની ઇચ્છાનુસાર વર્તનાર, ઉદાર, સરળ, ચતુર, દક્ષિણ દિશાનું, જમણું, દક્ષિણાગ્નિ.

દક્ષિણાચલ : સં. પું. દક્ષિણ દિશાનો પર્વત, મલયાચલ.

દક્ષિણામૂર્તિ : સં. પું. શિવ, શિવની એક મૂર્તિ.

દક્ષ : સં. ત્રિ. ચતુર, ચપરાક, હોશિયાર, વિદ્વાન, યોગ્ય, (પું.) દક્ષ પ્રજાપતિ, મહાદેવ, અગ્નિ, નંદિ, કુકડો.

દક્ષાર્ણ : (સં. દશાર્ણ પું. મધ્યદેશમાં એક પ્રદેશ ?)

દક્ષિણ કોશલ : સં. પું. દક્ષિણ તરફનો કોસલ દેશ

ઉદકસાધન : સં. ન. દિશા નિશ્ચિત કરવી, દિશા જાણવાનું યંત્ર.

દક : સં. ન. ઉદક, પાણી, સ્ફટિક.

દગ્ધ : સં. ત્રિ. બળેલું.

દિગંબર : સં. ત્રિ. દિશારૂપ વસ્ત્રવાળું, નગ્ન, (પું) જૈનોનો એક સંપ્રદાય.

દિગ્ધ : સં. ત્રિ. લેપેલું, ચોપડેલું, વિષલિપ્ત.

દિઙ્મૂઢ : સં. ત્રિ. ભ્રાન્ત, કઈ દિશાએ જવું, કયો માર્ગ લેવો એ વિષયમાં જેને ભ્રમ થયો હોય તેવું.

દિઙ્મૂખ સં. ન. દિશાનો આરંભનો ભાગ, (ત્રિ.) દિશા તરફ મુખ રાખનાર, તે તરફ વળેલું.
દગ્ધાં : સં. સ્ત્રી. એ નામની તિથિ, સૂર્ય જે દિશામાં હોય તે દિશા, એક સુવાસિત ઘાસ.
દિગ્વક્ર : (दिग्वक्त्र ? જે તે દિશા તરફ મુખ હોય તેવું, તેવી રાશિ !)
દિગૂશદ : સં. दिक्शक પું. જે તે દિશાનો સ્વામી દિગ્પતિ, દિક્પાલ
દીર્ઘમાન : સં. ન. લંબાઈનું માપ
દચ્છદ : સં. પુ. દાંતને ઢાંકનાર ઓઠ દંતચ્છદ.
દાઢિકા : સં. સ્ત્રી. દાઢી, દાઢનો દાંત, દાઢી મૂછ
દંતછદ : સં. दन्तच्छद પું. ઓઠ
દત્ : સં. પું. દાંત
દત્ત : સં. ત્રિ. આપેલું
દૈત્ય : સં. પું. દિતિનો પુત્ર, દૈત્ય, દૈતેય, રાક્ષસ
દાનવ : સં.પું. દનુનો પુત્ર, દાનવ, રાક્ષસ
દિનેદિને : સં. અ. દિવસે દિવસે, દરરોજ
દુન્દુભિ : સં. પું. મોટું ઢોલ, મોટું નગારું
દિન : સં. ન. દિવસ
દીપચીન : સં. ન. કપૂર, કપૂરનો દીવો
દીપાલય : સં. પું. દીપગૃહ, દીવાદાંડી
દીપાલયવેધ : સં. પું. દીપસ્તંભનો વેધ, દેવદર્શનમાં દીપસ્તંભ આડો આવે તે.
દીપવેધ : સં. પું. ઉપર પ્રમાણે
દીપ : સં. પું. દીવો, ચિત્રાનું વૃક્ષ
દીપક : સં. પું. દીવો, જીરું, ચિત્રાનું વૃક્ષ, જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર ઔષધ,
દીપમાલા : સં. સ્ત્રી. દીવાઓની શૃંખલા, દીવા ગોઠવવાનો સ્તંભ
દૌઆરિક : સં. ત્રિ. દ્વારપાળ, પ્રતીહારી
દામન : સં. ન. દામણ, પશુને બાંધવાનું દોરડું, દોરડા અંગેનું
દર : સં. પું. ભય, ત્રાસ, (ન) શંખ, વિષ (સ્ત્રી.) ગુફા
દર્દરીક : સં. ન. મુરલી, વાંસળી, મુખવાદ્ય
દર્પણ : સં, પું. દર્પણ, અરીસો, આયનો, આંખ, (ત્રિ.) ગર્વ કરાવે તેવું.
દર્શવિતૃ : સં. ત્રિ. દરશાવનાર; બતાવનાર, પ્રેરક, માર્ગદર્શક
દારવ : સં. ત્રિ. લાકડા વિશેનું લાકડામાંથી બનાવેલું
દારુ : સં. ન. લાકડું, હળ, દેવદાર વૃક્ષ, પિત્તળ,
દીસ્તલોહ ?
દીર્ઘ : સં. ત્રિ. લાંબુ, બે માત્રાનો અક્ષર, ગુરુ અક્ષર
દુર્ગ : સં. પું. કિલ્લો, કોટ, (ત્રિ.) જ્યાં જવું કઠણ હોય તેવું સ્થાન,
દુર્ભેદ્ય : સં. ત્રિ. ભેદવું કઠણ, ન ભેદાય તેવું, ન ભાંગી શકાય તેવું.
દ્વારકંટક : સં. પું. ન. કમાડ, બારણાનું ઢાંકણ.
દુર્મુખ : સં. પું. તે નામે એક વાનર, મહાદેવ. (વિ) અણગમતા મુખવાળું, કુરૂપમુખવાળું અપ્રિય-કઠોર બોલનાર,
દર્દરી : સં. સ્ત્રી. મુરલી, વાંસળી
દર્શન : સં. ન. આંખ, બુદ્ધિ, દર્પણ, શાસ્ત્ર, દર્શન કરવું તે. તત્ત્વજ્ઞાન શાસ્ત્ર,
દ્વારવેધ : સં. પું. બારણાનું માપ,
દૃષ્ટિ : સં. સ્ત્રી. આંખ, જોવાની ક્રિયા
દીર્ઘતા : સં. સ્ત્રી. લંબાઈ, લંબાઈનું માપ
દરી : સં. સ્ત્રી. ગુફા, ખીણ
દારુણ : સં. ત્રિ. ભયંકર, નિર્દય, તીક્ષ્ણ, કઠોર
દીર્ઘિકા : સં. સ્ત્રી. નાની વાવ,
દીર્ણ : સં. ત્રિ. વિદારેલું, ચિરેલું, ફાડેલું, તોડેલું.
દુરોદર : સં. પું. જુગાર, ધૂત, જુગારી, જુગારનો દાવ
દ્રવ્ય : સં. ન. વસ્તુ, ધન
દુર્ગ્રહ : સં. ત્રિ. પકડવું મુશ્કેલ, ન સમજાય તેવું, મેળવવું મુશ્કેલ.
દ્રાઘિષ્ઠ : સં. ત્રિ. અત્યંત દીર્ઘ, વધારેમાં વધારે લાંબુ
દ્રાઘિયાન્ : સં. પું. વધારે દીર્ઘ, બેની સરખામણીમાં વધારે લાંબુ
દ્રાવિડ : સં. ત્રિ. દ્રવિડ દેશને લગતું, દ્રવિડ દેશમાં રહેનાર,
દ્રુમ : સં. પું. વૃક્ષ,
દ્રોણ : પુ. એંશી તોલાના એવા બત્રીસ શેરનું માપ, પાંદડાંનો પડિયો કૌરવ-પાંડવોના શસ્ત્રાસ્ત્ર ગુરુ

દ્રોણ ચારસો ધનુષ લાંબુ પહોળું જળાશય, કાગડો, વીંછી, જલપૂર્ણ મેઘ, લાકડાનો રથ, અરણિ
દ્રોણી : સં. સ્ત્રી. એકસો અઠ્ઠાવીસ શેરનુ. માપ દ્રોણની પત્ની, બે પર્વતો વચ્ચેની ઊંડી ખીણ, નાનો પડિયો, નાની નાવડી, ગાય વગેરે ગૃહ-પશુઓની ગમાણ.
દ્રૌણિ : સં. પું. દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા
દલિત : સં. ત્રિ. ખુલેલું, વિકસેલું, ફાડેલું, દળેલું,
દૂલાશ : સં. પું. ધનુષ, કામઠું, ચાપ
દલ : સં. ન. ટુકડો, અર્ધોભાગ મ્યાન, સેનાની ટુકડી ખાખરાનું વૃક્ષ, તમાલપત્ર
દોલા : સં. સ્ત્રી. હિંડોળો, પારણું, દોલાયંત્ર પાલખી, મેજો
દોલ : સં. પું. હિંડોળો, હિંચવાની ક્રિયા, દોલ ઉત્સવ
દિવંકર : દિવસકર; સૂર્ય,
દેવસ્થાન : સં. ન. દેવોની પ્રતિષ્ઠા જ્યાં હોય તેવું મંદિર, આલય.
દેવકુલિકા : સં. સ્ત્રી. નાનું દેવળ
દ્વિશાલગૃહ : સં. નં. બે ઓરડાવાળું ઘર
દિવ્યા : સં. સ્ત્રી. આંબલી, કેશતાવરીનું વૃક્ષ, બ્રાહ્મી જીરું કે શ્વેત દુર્વા હરડે
**દેવસદી** : સં. ન. દેવાલય, ગર્ભગૃહ
દ્વિપ : સં. પું. હાથી નાગકેસરનું વૃક્ષ,
દ્વાર : સં. ન, બારણું, પ્રવેશ સ્થાન, મુખ પ્રવેશનો ઉપાય,
દ્વિવજક : સં. પું. સોળ ખુણાવાળું ઘર
દ્વારવેધ : સં. પું. દ્વાર અને મૂર્તિ સીધી રેખામાં ન હોય તે;
દેવ પ્રદક્ષિણા : સં. નં. દેવાલયનો પ્રદક્ષિણા માર્ગ પ્રદક્ષિણા કરવી તે
દ્રવિડ : સં. પું. દ્રવિડદેશ દ્રવિડવાસી
દ્વિજ : સ. ત્રિ. બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય જેઓ જનોઈ પહેરે છે, પક્ષી, અંડજ
દેવસ્થાન વેધ : સં. પું. દેવસ્થાન બનાવવા સારું ભૂમિમાં પાયાનું ખોદકામ
દ્વાદશભૂમ્યોદય : સં. द्वादशभूम्युदच्च બાર માળ-મજલી થાય તેટલી ઊંચાઈ
દેવી સ્વરૂપ : સં. ન. દેવીની મૂર્તિ દેવીનો આકારરૂપ ત્રિ. દેવ સમાન રૂપવાળું.
દેવાંગ : સં. નં. દેવનું અંગ, (ત્રિ.) દેવસમાં અંગો-વાળું,
દેવકન્યા : સં. સ્ત્રી. દેવની પુત્રી
દિવ્યાંગના : સં. સ્ત્રી. દેવી દેવલોકની પત્ની, સ્વર્ગની સ્ત્રી,
દેવ : સં. પું. દિવ્યલોકમાં રહેનાર, સુર દેવતા, રાજા, સ્વામી,
દેવકુલ : સં. ન. દેવળ, દેવાલય, મંદિર, દેવસ્થાન
દેવક્ષેત્ર : સં. નં, દેવનો વાસ જ્યાં હોય તેવું સ્થાન ક્ષેત્ર,
દેવતા : સં. સ્ત્રી. દેવ
દેવદારુ : સં. પું. દેવદારનું વૃક્ષ
દેવયોષા : સં. સ્ત્રી. દેવાંગના, દેવલોકની સ્ત્રી, દેવની પત્ની,
દેવસેના : સં. સ્ત્રી. દેવોની સેના
દેવાલય : સં. ન. દેવસ્થાય
દૈવજ્ઞ : સં. પું. જયોતિષી, ભવિષ્યવેત્તા
દ્વય : સં. ન. બે નો સમૂહ.
દ્વારપાલ : સં. પું. પ્રતીહારી, દ્વારરક્ષક.
દ્વિ : સં. ત્રિ. બે
દ્વિગુણ : સં. ત્રિ. બમણું, બેગણું.
દ્વિતીય : સં. ત્રિ. બીજું, બીજા ક્રમનું.
દ્વિધા : સં. અ. બે પ્રકારે, બે ભાગમાં.
દ્વૈપાયન : સં પું. દ્વિપમાં જન્મેલ વેદવ્યાસ કૃષ્ણ દ્વૈપાયન.
દસ્યુ : સં. પું. દસ્યુનામે પ્રાચીન માનવજાતિ, (ત્રિ) લૂંટારો, દુષ્ટ, ચોર, કર્મભ્રષ્ટ.
દશા : સં. સ્ત્રી સ્થિતિ, દીવાની વાટ
દશાવતાર : સં. પું. વિષ્ણુના દસ અવતારો.
દશાર્ણ : સં. પું. દશાર્ણ નામે પ્રદેશ.
દિશા : સં. સ્ત્રી. પૂર્વઆદિ દસ દિશાઓ.
દેશ સં. પું. સ્થાન, ભૂમિભાગ, પ્રદેશ.

દશદિક્પાલ : સં. પું. દસ દિશાઓના રક્ષક દેવો.
દશક : સં. ન. દસનો સમૂહ, દસની સંખ્યા, દસ પ્રમાણનું.
દશન : સં. પું. દાંત, બખ્તર, પર્વતનું અણિયાળું શિખર.
દશનચ્છદ : સં. પું દાંતને ઢાંકનાર ઓઠ, ઓષ્ઠ.
દશમ : સં. ત્રિ. દસમું, દસમા ક્રમનું.
દોસ : સં. પું. હાથ, કર
દ્રષ્ટિવેધ : સં. પું. આંખ વડે માપ સમજવું તે, દષ્ટિ વડે અવલોકન કરવું, નિશ્ચિત કરવું તે.
દોષન્ : સં. પું. ન. હાથ.
દોષાતન : સં. ત્રિ. રાત્રેધનાર હોનાર.
દેહલિ : સં. સ્ત્રી. ઘરનો ઉમરો.
દેહ : સં પું. શરીર, લીંપણ.
દેહબદ્ધ : સં. ત્રિ. શરીરમાં બંધાએલું રહેલું.
દેહલી : સં. સ્ત્રી. ઘરનો ઉમરો.
દંડ : સં. પું. દંડો, ચાર હાથનું માપ, શિક્ષા, પ્રાયશ્ચિત.
દંષ્ટ્રાલ : સં. ત્રિ. મોટા દાંતવાળું, હિંસક.
દંડહસ્ત : સં. ત્રિ. જેના હાથમાં દંડ છે તેવું.
દંડપાણિ : સં. ત્રિ. જેના હાથમાં દંડ છે તેવું.
દંડવાસિન્ : સં. પું. દ્વારપાલ, ગામનો દંડનાયક, ફોજદાર.
દંડવદિન્ : સં.પું. દ્વારપાલ, સેનાપતિ, દાંડ, ન્યાયાધીશ
દંત : સં. પું. દાંત
દંપતિ : સં. પું. (દ્વિવચન) પતિપત્ની.
દંતવેધ : સં. પું. દાંત ઉખાડવો તે.
દંડકારણ : સં. ન. દંડ થવાનું કે કરવાનું કારણ, અપરાધ.
દંડાર્છિધ ?
દંતપત્ર : સં. ન. એક પ્રકારનું કાનનું આભૂષણ. હાથી દાંતનું કર્ણાભૂષણ, કુંદ પુષ્પ.
દંતવસ્ત્ર : સં. નં. ઓઠ.
દંતોલી : (दंतावलि ?)
દંભ : સં. પું. ડોળ, ખોટો દેખાવ, કપટવેશ, શઠતા, લુચ્ચાઈ, અભિમાન.
દુંદુભિ : સં. પું. નગારું.
દશ્રૂ : સં. ત્રિ. જોનાર, દર્શન કરનાર.
દ્રષદ્ : સં. સ્ત્રી. પત્થર, વાટવાનો નિસાતરો,
દ્રષ્ટિ : સં. સ્ત્રી. દર્શન, નજર, જોવાની ક્રિયા.
દ્રષ્ટિ વિક્ષેપ : સં. પું. કટાક્ષથી જોવું, જોવામાં વિઘ્ન આવવું.
ધાતુ : સં. પું. શરીરમાં રહેલ સાત તત્ત્વો માંસ, અસ્થિ, મજ્જા, મેદ, રક્ત, વીર્ય, મેદ એ ધાતુ ખનિજ સુવર્ણાદિ, વસ્તુ, આત્મા, ત્રિ.) ધારણ કરનાર.
ધાત્રી : સં. સ્ત્રી. ધાવ, માતા, ઉપમાતા, આંબળાનું વૃક્ષ.
ધાતુવિષ્ : સં. ન. સીસું, કલાઇ.
ધનદ : સં પું. કુબેર, (ત્રિ.) ધન આપનાર.
ધનપતિ : સં. પું. કુબેર, ધનનો સ્વામી.
ધનુષ : સં. નં. બાણ ફેંકવાનું યંત્ર, કામઠું, ચાર હાથનું માપ.
ધનુઃકાંઠ : સં. ન. ધનુષની ટોચ, છેડો.
ધન્વંતરિ : સં. પું. દેવોના વૈદ્ય. આયુર્વેદના અધિષ્ઠાતા દેવ, ઉત્તમ વૈદ્ય.
ધાની : સં. સ્ત્રી. આધાર, પિલુડાનું વૃક્ષ,
ધનુઃ : સં. ન. (धनुस) ધનુષ
ધાન્યગાર : સં. પું. ધાન્ય સંઘરવાનો કોઠાર.
ધાન્ય : સં. ન. અનાજ, ધાણા, તલભારનું એક વજન
ધનાગાર : સં. ન. ધન સંઘરવાનો કોઠાર
ધમક : સં. પું. ધમણ વડે કામ કરનાર લુહાર.
ધૌમક : સં. ત્રિ. ધુમાડાવાળું, ધુમાડાવાળા સ્થાને થનાર હોનાર.
ધર : સં. ત્રિ. ધારણ કરનાર, આધાર.
ધારાગૃહ : સં. ન. ફુવારાવાળું ઘર, સ્નાનગૃહ.
ધારાયંત્ર : સં. ન. ફુવારો.
ધુરંધર સં. પું. ધૂંસરી વહેનાર બળદ, મહાન, સમર્થ શ્રેષ્ઠ.
ધર્મચક્ર : સં. નં. ધર્મનું પ્રવર્તન, તે સૂચવનારું ચંદ્ર
ધર્મયજ્ઞ : સં. પું. ધર્મજનક યજ્ઞ, ધર્મ માટે કરેલ યજ્ઞ
ધરણીશિલા : સં સ્ત્રી. આધાર શિલા, પાયામાં પૂરેલો પત્થર.

ધારણાશિલા : સં. સ્ત્રી. આધાર શિલા.
ધ્રુવ : સં. ત્રિ. સ્થિર, અચલ, પું. તે નામે રાજા.
ધારણા : સં. સ્ત્રી. સ્મરણ યુક્ત બુદ્ધિ, સ્થિરતા, કલ્પના, મનની સ્થિરતા.
ધારા : સં. સ્ત્રી. પ્રવાહીની ધાર, પ્રવાહ, સતત ગતિ
ધૂર્જટિ : સં. પું. મહાદેવ, શિવ.
ધવલગૃહ : સં. ન. મોટું મહાલય, મ્હેલ.
ધ્વજદંડ : સં. પું. ધ્વજા માટેનો દંડ.
ધ્વજ : સં. પું. ધજા વાવટો.
ધ્વજાધાર : સં. પું. ધજા ધારણ કરનાર, ધજાધારી.
ધીવન : સં. ત્રિ. બુદ્ધિમાન.
ધીવર : સં. પું. માછીમાર.
નક્ : સં. અ. રાત્રે.
નકુલ : સં. પું. શિવ, નોળિયો, પાંડવોમાંનો એક ભા, દેવ.
નિકટ : સં. વિ. નજીકનું, પાસેનું, નજીક, સમીપ.
નિકાય : સં પું. નિવાસ, સમૂહ, લક્ષ્ય.
નિકરણ : સં. નં. નિશ્ચય, દુઃખ ઉત્પન્ન કરનાર)
નિકુંજ : સં. પું. લતામંડપ, લતા ગૃહ.
નિકેતન : સં. નં. નિવાસ, ઘર.
ત્રિકૂટ : સં. પું. ત્રણ શિખરોવાળો પર્વત્ર, (ન.) ત્રણ ટેકરીવાળું સ્થળ.
નિકાય્ય : સં પું. ઘર, નિવાસ.
નિકૃષ્ટ : સં. ત્રિ. અધમ, નીચ, હલકું.
નખ : સં. પું. આંગળાના નખ.
નિખાત : સં ત્રિ. ખોદીને દાટેલું, ખાડો.
નિખર્વ : સં. ત્રિ. નિખર્વની સંખ્યા.
નગ : સં પું. પર્વત, વૃક્ષ, (ત્રિ,) સ્થાવર.
નગર : સં. ન. નગર, શહેર.
નગરી : સં. સ્ત્રી. નગર શહેર.
નાગપાશ : સં.પુ. નાગો વડે બંધન કરવું તે; વરૂણનું આયુધ;
નગલોક : સં. પું. નાગોનો નિવાસ દેશ: પાતાલ.
નાગદંત : સં. પુ. ખીંટી, ખિલો.
નાગર : સં. ત્રિ. નગરમાં રહેનાર, સભ્ય.
નિગમ : સં. પું. સમૂહ, વહેપાર;
નિગ્રહ : સં. પું. રોકવું, મર્યાદિત કરવું, પરાજય;
નાગદંશ : સં. પું. સર્પદંશ.
નાગવીથ : સં. સ્ત્રી. નાગોનો માર્ગ
નિઘંટ : સં. निघटु પુ. શબ્દ કોશ, પર્યાયિકોશ
નિઘ્ન : સં. ત્રિ. અધીન, ગુણાકાર કરેલું, પરત
નટવર : સં. ત્રિ. શ્રેષ્ઠ નટ
નિટલ : સં. પું. કપાળ, ભાલ પ્રદેશ.
નાટિકા : સં. સ્ત્રી. ચારેઅંકોનું એક ઉપરુપક; નાનું નાટક.
નિલ : સં. પું. કપાળ, ભાલ પ્રવેશ,
નાડીયુગ સં. ન. બે ઘટિકા જેટલો સમય.
નિતંબ : સં. પું. શ્રેણી, કટિ–કેડની પાછળનો ભાગ મધ્ય, કટિ.
નિતંબની સં. नितबिनी સ્ત્રી. સુંદર કટિપ્રદેશવાળી સ્ત્રી, સુંદર નિતંબવાળી સ્ત્રી,
નૃત્યાંગના : સં. સ્ત્રી. નર્તકી, નાચનારી સ્ત્રી.
નદ : સં. પુ. મોટી નદી
નાદ : સં. પું. ધ્વનિ, શબ્દ.
નિધાન : સં. ન. આધાર, આધાર પર મૂકેલ,
નિધિ : સં. પું. ભંડાર, મોટો જથ્થો, કોઠાર,
નૂપુર : સં. નં. પગનું ઝાંઝર
નિપ : સં. પું. કદંબવૃક્ષ, કળશ, ઘડો.
નભશ્ચર : સં. ત્રિ. આકાશમાં ગમન કરનાર, દેવ ગંધર્વ આદિ, વાયુ, પવન.
નાભિ : સં. સ્ત્રી. દૂંટી, મધ્યભાગ, (પુ.) ચંદ્રનો મધ્યભાગ, કસ્તૂરીમૃગ, મહાદેવ, તેન મનો રાજા
નાભિચ્છંદ : સં. ત્રિ. કેન્દ્રાનુસારી, પ્રસાદનો એક પ્રકાર,
નાભિચ્છંદોચ્ચ : સં. પુ. નાભિચ્છંદની કે તેટલી ઊંચાઈ
નમુચિ : સં. પું. કામદેવ, ઈન્દ્રનો શત્રુ અસુર એક
નમેરુ : સં. પું. રુદ્રાક્ષનું વૃક્ષ, સુર પુન્વગ વૃક્ષ,
નિમ્ન : સં. ત્રિ. નીચું, નીચેનું, ઊંડુ, હલકું, નીચ
નેમ : સં. ત્રિ. સમય, અવધિ, વાયદો, અડધોભાગ, ટુકડો કપટ, ધૂર્તપણું,
નિમિષ : સં. પું. આંખનો પલકારો, તેટલો સમય, ઈશ્વર.

નિમીલ : સં. નં. આંખ બંધ કરવી
નિમીલન : સં. નં. આંખ બંધ કરવી, નિદ્રા કરવી
નિમેષ : સં. પું. આંખનો પલકારો
નય : સં. નં. નીતિ, રાજનીતિ, તર્ક
નિયમન : સં. પું. અટકાવવું, રોકવું તે, વશ કરવું તે.
નિવૃત : સં. નં. ઉત્તરીય વસ્ત્ર
નિયોક્તૃ : સં. ત્રિ. નિયોજન કરનાર, નિમણુક કરનાર, કામે લગાડનાર, વ્યવસ્થા કરનાર,
નરયાન : સં. નં. મનુષ્યવડે ચાલતું વાહન
નારામ નારાચ : સં. પું. બાણ, તીર,
નિર્ગમ : સં. પું. બહાર નિકળવું, બહાર જવાનું દ્વાર, ચાલ્યા જવું.
નિર્દર : સં. ત્રિ. નિર્ભય, ભય રહિત.
નિર્દિષ્ટ : સં. ત્રિ. નિર્દેશ કરેલું, બતાવેલું, જણાવેલુ
નિર્વાણ : સં. નં. શાન્તિ, શાન્ત થએલ, અસ્ત, વિનાશ, મોક્ષ, મુક્તિ, વિશ્રાન્તિ]
નિર્વાદ : સં. પું. લોકવાદ, નિંદા.
નિર્વ્યૂઢ : સં. ત્રિ. સંપૂર્ણ થએલું, તૈયાર થએલું, અપ્રતિબંધ, યથેષ્ટ.
નિરાકાર : સં. ત્રિ. આકારરહિત, ઈશ્વર
નિરુપણ : સં. ન. જોવું, તપાસવું વર્ણવવું.
નૃત્ય : સં. નં. ભાવદર્શન પૂર્વકનું નર્તન,
નર્દન : સં. નં. ગર્જના, મોટે અવાજે બોલવું,
નિર્બલા : સં. સ્ત્રી. બળ વિનાની સ્ત્રી, અબળા,
નિરાધાર : સં. ત્રિ. આધાર વિનાનું, આશ્રય વિનાનું
નિરાગસ્ : સં. ત્રિ. નિરપરાધ, નિષ્પાપ;
નિરોધ : સં. પું. રૂકાવટ, રોકવું તે, રૂંધી રાખવું. પકડી રાખવું તે
નિર્ઋતિ : સં. પું. મૃત્યુનો દેવ, નૈઋત્ય દિશાનો અધિપતિ, સ્ત્રી પાપ, અધર્મ, અશુભ.
નિર્ગમ : સં. પુ. બારણું, નિકળી જવું તે નિકાસ.
નિર્દર : સં. ત્રિ. નિર્ભય, નિર્લજ્જ, (પુ.) ઝરણું,
નિર્દરિ : સં. સ્ત્રી. પર્વતની ગુફા
નિર્માણ : સં. ન. રચના, બનાવટ
નિર્વાણ : સં. નં. શાન્તિ, મૃત્યુ, મોક્ષ,
નિરધ્ર : સં. નીરધ્ર ત્રિ. પોલાણ વિનાનું, નક્કર,
નાલિકા : સં. સ્ત્રી. નાડિકા, ઘટિકા, એક ઘડી જેટલો સમય, નળી, નાળ,
નલકીલ : સં. પું. પગના નળાનો આધાર ઢીંચણ, ઘૂંટણ,
નીલવ્યોમન : (ન) ભૂરા રંગનું આકાશ
નાલિમંડપ : સં. પું. સ્થળ કમળો નો મંડપ,
નિલય : સં. નં. નિવાસગૃહ, ઘર, રહેઠાણ
નાલિહીન : ત્રિ. નળી વિનાનું, પોલાણ વિનાનું,
નિલિંપ : સં. નિલિંપ પું. દેવ.
નવદ્વાર : સં. નં. નવ છિદ્રોવાળું શરીર, નવ દ્વાર વાળું શરીરરૂપ નગર.
નવરસ : સં. પું. શૃંગાર આદિ નવ નાટ્ય રસ
નવધા : સં. અ. નવ પ્રકારે, નવરીતે, નવ ભાગમાં,
નીવિ : સં. સ્ત્રી. કેડે બાંધેલી વસ્ત્રની ગાંઠ, નાભિ, વસ્ત્રની ગાંઠ,
નવદુર્ગા : સં. સ્ત્રી. દુર્ગાદેવીનાં નવ સ્વરૂપો
નવગ્રહ : સં. પું. આકાશચારી નવ ગ્રહો,
નિવિડા : સં. સ્ત્રી. વાંકાનાકવાળી સ્ત્રી, ચીબાના કવાળી સ્ત્રી,
નિર્વ્યૂહક : સં. ત્રિ. ગોઠવણી વિનાનું, યોજના વિહીન
નવાંગ પ્રસાદ : સં. પું. શિલ્પ પ્રસિદ્ધ નવ અંગો વાળું મહાલય
નિવસતિ : સં. સ્ત્રી. નિવાસસ્થાન, ઘર,
નિવેશ : સં. પું. પ્રવેશ, છાવણી, નિવાસગૃહ,
નિવેશન : સં. પું. પ્રવેશ, છાવણી નાખવી તે,
નિશાગૃહ : સં. નં. શયનગૃહ
નિશિત : સં. ત્રિ. તીક્ષ્ણ, તીવ્ર, ધારદાર,
નિશ્રયણી : સં. સ્ત્રી. નિસરણી, સીડી.
નિશાતટ નિશાતટ : સં. પું. રાત્રીનો છેવટનો ભાગ,
નિશા : સં. સ્ત્રી. રાત્રી.
નિશાચર : સં. ત્રિ. રાત્રિચારી, રાક્ષસ ભૂત, દિ, રાત્રે ફરનાર પશુપક્ષી
નિશાપતિ : સં. પું. ચંદ્ર.
નિશાંત : સં. પું. રાત્રીનો અંતભાગ, રાત્રીનો છેલ્લો પહોર,

નિષ્ક : સં. પું. એક તોલા સોનાનો સિક્કો, સુવર્ણ મુદ્રા, એકસો સાઠ કે એકસો સાઠ તોલાનું વજન, એક પલ,

નસ્ : સં. સ્ત્રી. નાક, નાસિકા

નાસા : સં. નાસિકા

નાસિકા : સં. સ્ત્રી. નાક

નિસર્ગ : સં. પું. સ્વભાગ, કુદરત, સૃષ્ટિ.

નિસ્ત્રિંશ : સં. પું. ખડ્ગ, મોટી તલવાર.

નિઃશ્રયણી : સં. સ્ત્રી. નિસરણી, સીડી.

નિઃશ્રેણી : સં. સ્ત્રી. નિસરણી, સીડી.

નિષધા : સં. સ્ત્રી. નિષધ દેશની સજધાની

નષ્ટશીર્ષ : સં. ત્રિ. જેની ટોચ–અગ્રભાગ ભાગી ગયો હોય તેવું, જેનું માથું તુટી ગયું હોય તેવું.

નિષ્ણાત : સં. ત્રિ. કુશળ, પ્રવીણ, સિદ્ધ હસ્ત, હોશિયાર.

નિષ્પન્ન : સં. ત્રિ. બનેલું, તૈયાર થયેલું ઘડેલું.

નંદકિ : સં. સ્ત્રી. પીપર ઔષધિ.

નંદની : સં. નંદિની સ્ત્રી. દુર્ગા દેવી, વશિષ્ઠની ગાય, કન્યા, પુત્રી,

નંદીશ્વરદ્વીપ : સં. ન. મહાદેવના નિવાસરૂપ દ્વીપ, પ્રસિદ્ધ નૃત્યાચાર્ય નંદીશ્વરના નિવાસરૂપ દ્વિપ.

નંદિવર્ધન : સં. પુ. શિવ, મિત્ર, પુત્ર પખવાડિયાનો છેલ્લો દિવસ, આનંદ વધારનાર.

નંદન : સં. પું. પુત્ર, શિવ વિષ્ણુ.

નંદ : શિલા સં. સ્ત્રી. ખાતમાં સ્થપાતી એક શિલા, નંદા.

નંદિશ : સં. પું. નંદિપર બેસનાર શિવ.

નંદા : સં. સ્ત્રી. દુર્ગાદેવીનું એક સ્વરૂપ પાણીનું મોટું વાસણ–નાંદ–નણંદ.

નંદ : સં. પું. આનંદ, ઈશ્વર, મૃદંગ, એક પ્રકારની વીણા,

નંદી : સં. સ્ત્રી. દુર્ગાદેવીનું એક સ્વરૂપ, સ્વર્ગનું ઉદ્યાન, આનંદ.

નંદિકા : સં. સ્ત્રી. નંદા તિથિ, પાણીની માંદ, આનંદ, હર્ષ.

પક્ષદ્વાર : સં. ન. ગૌણ દ્વાર, મુખ્યની બાજુનું દ્વાર,

પક્ષ : સં. પું. પખવાડિયું, પાંખ, પીંછું, ઘર.

પિચુમન્દ : સં. પું. લીમડાનું વૃક્ષ.

પીચ : સં. ન. નીચેનું જડબું.

પિચ્છ : સં. ન. પીછું.

પિંજર : સં. ન. પાંજરૂં માળો

પટ : સં. પું. વસ્ત્ર, ચિત્રિત વસ્ત્ર, તામ્રપટ, છાપરું, બેટી

પટલ : સં. ન. છાપરૂં, છજું, વાંસની ટોપલી, તિલક, ટીલું, આંખનું પડળ, પડદો ગ્રંથ, ઢગલો

પટલક : સં. નં–સમૂહ, જથ્થો, ઢગલો,

પટહ : સં. પું. ન ઢોલ, નગારું, (પુ.) આરંભ, આઘાત,

પટ્ટ : સં. પું. રંગેલું વસ્ત્ર, રેશમી ... પટ્ટો પાયે, ઢાલ.

પટ્ટન : સં. ન. નગર, શહેર, પટ્ટણ.

પટ્ટિકા : સં. સ્ત્રી. પટ્ટી, પાટી, લાંબું ... વસ્ત્ર, પટ્ટો.

પુટ : સં. પું. બે કોડિયાં કે શકોરાં ઉપર નીચે મૂકી બનાવેલું પાત્ર, સંપુટ, આચ્છાદન, પટ, પાંદડાંનો પડિયો પરસ્પર જોડાણ, મેળ.

પુટભેદ : સં. પું. પાણીમાં થતો વમળ, નગર, નદીનો વાંક,

પુટભેદન : સં. ન. નગર, શહેર.

પેટ : સં. પું. નેતર વગેરેની પેટી, ટોળું, ભેગું કરનાર, લંબાવેલો હાથ,

પોટ : સં. પું. ઘરનો પાયો, મકાન માટેની ભૂમિ

પટ્ટોદર : સં. નં ઢાલનો અંતર્ગોળ ભાગ, પટ્ટાનો વચલો ભાગ.

પેટક (સં. पेटक + ) પું. પટારો, મોટી પેટી;

પટ્ટકુટી : સં. સ્ત્રી. નાનો તંબુ.

પટલ : સં. ન. સમૂહ, છાપરું, વાંસની ટોપલી, ઢગલો.

પટહ : સં. ન. પું. ઢોલ, નગારું, દુન્દુભિ.

પાટ : સં. સ્ત્રી. પહોળાઈ વિસ્તાર,

પિટ : સં. પું. પટારો, ધાન્ય મૂકવાનો દાબડો–ડબો, છાપરું.

પટવાસ : સં. પું. તંબુ. રાવટી,
પટ્ટી : સં. સ્ત્રી. કાપડની પટ્ટી, ઘોડાને બાંધવાનો તંગ-
પટ : સં પું. વસ્ત્ર, પડદો, છજું, છાપરું.
પટીર : સં. ન. ચાળણી, ખેતર, ચંદન, ખેર.
પટ્ટબંધ : સં. પું. પાઘડી, ફેંટો, માથે બાંધવાનું વસ્ત્ર.
પેટિકા : સં. સ્ત્રી. પેઢી, નાની પેટી.
પીઠ : સં. ન. આસન
પીટ્ટિકા : પ્રા. સ્ત્રી. પેટી, નાની પેટી,
પીઠિકા : સં. સ્ત્રી. નાનું આસન, બાજઠ
પણ્યકાર : સં. પું. વેપારી,
પાણિ : સં. પું. હાથ.
પૂર્ણચંદ્ર : સં. પું. પૂર્ણિમાનો ચંદ્ર, સોળેય કળાનો પૂરો ચંદ્ર.
પતાકા : સં. સ્ત્રી. ધ્વજ, નાની ધજા, ચિહ્ન,
પતન : સં. ન, નીચે પડવું, પડતી થવી ભ્રષ્ટ થવું. નીચે સ્થાનમાં આવવું. પતિત થવું.
પત્રિન્ : સં. પું. બાણ, પક્ષી, બાજ પક્ષી રથી,
પત્રશાખા : સં. સ્ત્રી. પાંદડાં ભરી ડાળી.
પત્રછાધ (સં. પત્રશાક ન. પાંદડાનું શાક ?)
પુત્ર : સં. પું. દિકરો, પુરૂષ સંતાન,
પાતાલનગર : સં. ન. પાતાલલોકનું નગર.
પત્રદારક : સં. પું. કરવત,
પત્રપરશુ : સં. પું. છીણી
પ્રતિષ્ક : સં. પું. ગુપ્તદૂત, જાસૂસ.
પથિન્ : સં. પું. માર્ગ રસ્તો, પથ.
પથ : સં. પું. માર્ગ, રસ્તો.
પદ : સં. ન. માર્ગ, પગલું, સ્થાન, અધિકાર
પાદ : સં. પું. પગ, ચતુર્થાંશ,
પાદનલ : સં પું. પગના નળાનું હાડકું.
પાદુકા : સં. સ્ત્રી. પગે પહેરવાની લાકડાની ચાખડી.
પાદોન : સં. ત્રિ. પોણો ભાગ, આખામાં એક ચતુર્થાંશ ભાગ ઓછો.
પુદલ : સં. પુદ્ગલ ન. આકૃતિ, શરીર, મૂર્તિ.
પદલોપ : સં. પું. સ્થાન લોપ, મહિમા ભ્રંશ.
પાદજાલક : સં. ન. જાળ જેવાં મૂળ, જાળ જેવો જોડેલો પગ,
પાદાંગુષ્ઠ : સં. પું. પગનો અંગૂઠો.
પાદબાણ : સં. પું. પગેથી ફેંકેલું બાણ
પદ્ધતિ : સં. સ્ત્રી. માર્ગ, રસ્તો, રિસ્તો, પ્રકાર વિધિ ક્રમ.
પિધાન : સં. ન. આચ્છાદન, ઢાંકણ. ગ્રહણ
પન્નગ : સં. પું. સર્પ.
પિંડ : સં. પું. પિંડો, ગોળ, ભેગું કરેલું, શરીર.
પિનાક : સં. ન. શિવનું ધનુષ.
પિનાકિન સં. પું. પિનાક ધારણ કરનાર શિવ.
પીન સં. ત્રિ. જાડું, સ્થૂલ.
પાનપાત્ર : સં. ન. મદ્યપાન કરવાનો કટોરો.
પ્રાન્ત : સં. પું. છેડો, છેવટનો ભાગ, પ્રદેશ.
પિપ્પલ : સં. પુ. પીપળાનું વૃક્ષ.
પાપક્ષય : સં. પું. પાપનો નાશ.
પૌર્વાપર્ય : સં. ન. કયું પ્રથમ અને કયું ત્યાર પછી એ પ્રકારનો ક્રમ, તે પ્રકારનો વિવેક.
પદ્મ : સં. ન. કમળ, રક્ત કમળ.
પદ્મિની સં. સ્ત્રી. ચાર પ્રકારની સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ સ્ત્રી
પદ્મક : સં. ન. કમળોનો સમૂહ, પદ્મકુષ્ટ નામે વનસ્પતિ.
પંકજ સં. ન. કમળ.
પદ્મગર્ભ : સં. પું. પદ્મયોનિ બ્રહ્મા.
પદ્મશિલા : સં. સ્ત્રી. પદ્માકાર પત્થર
પદ્મછત્રોપ : સં. ત્રિ. કમળના આકારના છત્ર જેવું. સં. ન. પદ્મ આકારનું આભૂષણ.
પદ્મ છંદો : સં. પું. પ્રાસાદનો એક પ્રકાર.
પદ્મપાણિ : સં. પુ. વિષ્ણુ હાથમાં કમળવાળા બુદ્ધ, જેના હાથમાં કમળ હોય તે કોઈ પણ
પદ્મદલ : સં. ન. કમળની પાંદડી.
પર્યંક સં. પું. પલંગ, ઢોલિયો.
પર્યાય : સં. સમાનાર્થ શબ્દ, વિકલ્પ.
પીયુષ : સં. ન. અમૃત.
પર્યંત : સં. પું. છેડો.
પર્યંક : સં. પુ. પલંગ, ઢોલિયો.
પર્યાકુટી : સં. સ્ત્રી. મુખ્ય પ્રાસાદની ચારે કોર આવેલી કુટીઓ, નિવાસગૃહો, નાની દેરીઓ.

પર્યંત : ( સં. **પર્યન્ત** પું. છેડો, કિનારો, સ્ત્રી ?
**પરશુ : સં.** પુ. કુહાડો, **ફરસી.**
**પરશ્વધ : સં.** પું. કુહાડો, ફરસી
**પરામર્શ : સં.** પું. વિચારણા, વિવેચન, સહન કરવું, ક્ષમા કરવી.
**પરાસુ : સં.** ત્રિ મૃત, ગતપ્રાણ, મરેલું
પરિકર : સં. પું. પરિવાર, સમારંભ, તૈયાર થવું. કેડ બાંધવી, સજ્જતા, વિવેક.
પરિખા : સં. સ્ત્રી. ખોદેલી ખાઇ, ચારે બાજુ ખોદેલો ખાડો,
**પરિઘ : સં.** પુ. મુદ્દગર, ગદા, લોખંડની લાકડી, ભૂંગળ,
**પરિચર : સં.** ત્રિ. સેવક,
પરિણાહ : સં. પું. વિસ્તાર, પહોળાઈ
**પરિધાન : સં.** નં. પહેરવાનું **વસ્ત્ર**, નાભિ નીચે **પહેરવાનું વસ્ત્ર,**
**પરિપાટી : સં.** સ્ત્રી. અનુક્રમ, પદ્ધતિ, **પ્રણાલી,** રિવાજ, પરંપરા
પરિવાર : સં. પું. કુટુમ્બ, મિત્રવર્ગ, આચ્છાદન, વિંટળાઈ રહેલું.
પરિવાહ : સં. પું. પાણીનો પ્રવાહ, મોટીનીક, પૂર
પરિવેષ : સં. પું. ઘેરાવ, વેષ્ટન, ગોળાકારે વિંટળાવું
પરિષ્કૃ : સં. ત્રિ. સાફસફ કરવું. શણગારવું, શોભાવવું.
પર્જન્ય : સં. પું. મેઘ, વૃષ્ટિ, ઇન્દ્ર, વિષ્ણુ મેઘ ગર્જના,
**પારદ : સં. પું.** પારા, **વિ, પાર પમાડનાર**
પારિતોષિક : સં. નં. યોગ્યતાના સ્વીકારરૂપે આપેલી **ભેટ, ઈનામ,** બક્ષીસ
પારિહાર્ય : સં.ત્રિ. તજી શકાય એવું, તજવાયોગ્ય,
પાર્થિવ : સં. ત્રિ. માટીમાંથી બનેલું, (પું) રાજા, પૃથ્વીપતિ
પુર : સં. નં. મોટું નગર. કોટકિલ્લાવાળું શહેર, ઘર, અગ્રભાગ,
પુરન્દર : સં. પુ. ઇન્દ્ર, કિલ્લા તોડનાર, જગરો ભાંગનાર,
પુરી : સં. સ્ત્રી. નગર, શહેર, શરીર
**પુરૂષાર્થ : સં.** પુ. મનુષ્યે મેળવવા યોગ્ય બાબતો, **ધર્મ, અર્થ,** કામ અને મોક્ષ એ ચાર **પુરૂષાર્થ,**
પૂર્ત : સં.ન. વાવ કુવા ધર્મશાળા આદિ લોકપયોગી બાંધકામ, પૂર્ણ કરેલું,
પ્રાગ્ગ્રિવાદિ : સં.પુ. આગદિવ વગેરે પ્રસાદના પ્રકારો,
પ્રત્યંગ : સં, નં શરીરનું અવયવ, હાથ પગ આદિ
પ્રાસાદપુરૂષ ( સં.પું. મહાલય કે દેવમંદિર રૂપી પુરૂષ જેમાં પુરૂષની જેમ વિવિધ અંગો હોય.
પર્વ : સં. **પર્વન** ન. ગાંઠ, અન્થી, ઉત્સવ, તહેવાર, **દર્શ પૂર્ણમાસ** યજ્ઞનો સમય.
**પ્રતિહાર : સં.** પુ. બારણું, **દ્વારપાળ, જાદુગર,**
**પ્રતિમા** (સ્ત્રી) ૧ મૂર્તિ, આકૃતિ,
**પરિકર : સં.** પું. દેવમૂર્તિની ચારેબાજુનું સુશોભન, તે માટેનું સ્થાન,
**પ્રકાર : સં** પું. ભેદ, પ્રકાર, **વિશિષ્ટતા.**
પ્રસાદના છંદ : સં. પું. ભેદ પ્રકાર,
પ્રાસાદ પુરૂષ : સં. પું. પ્રાસાદનો અધિષ્ઠાતા દેવ જેનું સ્થાપન દેવાલયના શિખરમાં કલશની નીચે આમલ સારામાં કરાય છે.
પ્રહાર : સં પું. આઘાત, માર.
પૂર્ણબાહુ : સં. ત્રિ. લાંબા આજાનું હાથવાળું
**પ્રતિકાય : સં.** પું. **લક્ષ્ય,** નિશાન, પ્રતિમા, છબી.
**પ્રવેશ : સં.** પું. અંદર જવું તે, પેસવું તે.
પ્રાદેશ : સં. પું. વહેંત, ફેલાવેલી તર્જની અને અંગુઠા વચ્ચેનું અંતર.
**પુરુષ : સં.** પું. નર, મનુષ્ય, આત્મા, પરમાત્મા, સેવક
**પ્રમાણકુંભ : સં.** પું. માપનો ઘડો, કલશ
**પુરંજર : સં.** પું. કાખ, બગલ.
**પુરસ્કાર : સં.** પું. સત્કાર, સ્વીકાર.
પુરા : સં. અ. પહેલાં, પૂર્વના સમયમાં
પ્રકીર્ણ : સં. ન. વેરેલું, વિસ્તારેલું પરચૂરણ, વિસ્તાર
પ્રકોષ્ટ : સં. પું. હાથનો કોણીથી કાંડા સુધીનો ભાગ, ઘરના દરવાજા પાસેનો ભાગ,
પ્રગંડ : સં. પું. ખભાથી કોણી સુધીનો હાથનો ભાગ,

પ્રગંડી : સં. સ્ત્રી. યોદ્ધાઓની છાવણી, કિલ્લો, તેવું ગામ.
પલાશ : સં. પું. ખાખરો, કેસૂડો, માંસ ભક્ષક;
પલ્લવ : સં. ન. પાંદડું, તાજું પાંદડું, કૂંપળ, કૂંપળવાળી ડાળ,
પલ્લિકા : સં. સ્રી. ઘણું નાનું ગામ, ઘર, ઝૂંપડું
પ્લક્ષ : સં. પું. પીંપળો,
પ્લવ : સં. પું. હોડી, તરાપો, જળચર પક્ષી દેડકો,
પવિ : (પવિ) સં. પું. ઈન્દ્રનું વજ્ર, વજ્રધારી ઈન્દ્ર,
પીવર : સં. ત્રિ. સ્થૂલ, પુષ્ટ, મોટું,
પવીર : સં. પું. આયુદ્ધ, હળની અણી.
પૂર્વ : સં. ત્રિ. આગળનું, અગ્રભાગનું, પૂર્વ દિશાનું જમણું
પશુપતિ : સં. પું. મહાદેવ; પશુઓ રાખનાર
પાશિન : સં. ત્રિ, પાશધારી, ફાંસો બનાવનાર કે વાપરનાર, પાશનું આયુધ રાખનાર
પાશુપત : સં. ત્રિ. એક શૈવ સંપ્રદાય શિવને માનનાર પશુપતિ અંગે નું.
પાશ : સં. પું. ફાંસો
પિશંગિકા : સં. સ્ત્રી ફિક્કાશ, શ્યામતાવાળી પીળાશ
પાંસુ : સં. ધૂળ, રજ
પુસ્તક : સં. ન. પોથી, પુસ્તક
પુષ્કર : સં. ન. હાથીના સૂંઢનો અગ્રભાગ, કમળ, જળ, સુશિર વાદ્યનું મુખ, તે નામે તીર્થ, બિલીનું વૃક્ષ.
પુષ્પિકા : સં. સ્ત્રી. પુસ્તકને અંતે પરિચયાત્મક ઉપસંહાર, દાંતની છારી,
પુષ્પઘાતક : સં. ત્રિ. પુષ્પોનો નાશ કરનાર, તેવો રોગ
પુષ્પદંત : સં. પું. શિવનો એક ગણ, જૈન, દિગ્ગજ એક નાગ પુર દ્વારનો અધિપતિ દેવ;
પુષ્પક : સં. ન. કુબેરનું વિમાન, રત્નકંકણ, સમડી પ્રાસાદનો એક પ્રકાર.
પુષ્ય : સં. ન. એક નક્ષત્રનું નામ.
પુષ્પક : સં. ન. મંજરી,
પુષ્પકાદિ : સં. પું. પુષ્પક વગેરે પ્રાસાદના ભેદો,
પૂષ્ણ : સં. પૌષ્ણ ત્રિ. પૂષા વિષેનું સૂર્ય વિષેનું.
પુષ્ટચંદ્ર : સં. પું. પૂર્ણ ચંદ્ર, પૂનમનો પૂરો ચંદ્ર,
પૂર્ણા : સં. સ્ત્રી. પાંચમ, દશમ અને પૂર્ણિમા એ તિથિઓ.
પૂર્ણછંદ : (સં. પું. ન. : પૂરેપૂરું ઢાંકણ; ?)
પૃથક્ : સં. ત્રિ. જુદું, ભિન્ન, (અ.) જુદી રીતે
પૃથુ : સં. ત્રિ. પુષ્ટ, મોટું, વિશાળ, (પું.) તે નામે રાજા બહુફળી વનસ્પતિ;
પૃષ્ટ : સં. ત્રિ. છાંટેલું, છંટકારેલું, સીંચેલું.
પંચન્ : સં. ત્રિ. પાંચની સંખ્યા.
પંચગવ્ય : સં. ન. ગાયનાં દૂધ, દહીં, છાણ, મૂત્ર ઘી એ પાંચ પદાર્થો.
પંચતત્ત્વ : સં. ન. મરણ; પાંચપણું; પંચમહાભૂતોમાં મળી જવું.
પંચતત્ત્વ : સં. ન. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ તત્ત્વો
પંચામૃત : સં. ન. દૂધ, દહીં, ઘી, સાકર અને મધ એ પાંચ મધુર પદાર્થોનું મિશ્રણ
પંચાયતન : શિવ, વિષ્ણુ, શક્તિ, ગણપતિ અને સૂર્ય એવા પાંચ દેવોનું મંદિર;
પાંચજન્ય : સં. પું. કૃષ્ણનો શંખ,
પંજર : સં. ન. પાંજરું, માળો.
પંચલીલયા ?
પુંગવ : સં. પું. વૃષભ, આખલો, શ્રેષ્ઠ
પાંશુ : સં. પું. ધૂળ; રજ; ખાતરનો ભૂકો, ખારો,
પાંડુચ્છદ : સં. પું. પાંડુપત્રીનામે સુગંધ, દ્રવ્ય,
પિંડ : સં. પું. લોચો, ગોળો, પિંડો, સમૂહ,
પાંડ્ય : સં. પું. પાંડ્ય દેશનો વાસી, પાંડ્ય દેશ.
પાંચાલદેશ : સં. પું. પાંચાલ પ્રદેશ; ઉત્તરમાં અહિચ્છત્ર પાસેનો પ્રદેશ.
પંક્તિ : સં. સ્ત્રી. રેખા, પરંપરા, શૃંખલા,
પંચધા : સં. અ. પાંચ પ્રકાર, પાંચ ભાગમાં
પાંચાલિકા : સ્ત્રી. ઢીંગલી, લુગડાની પુતળી,
પંચાંગ : સં. ન. તિથિ, નક્ષત્ર, કરણ, યોગ અને વાર એ પાંચ અંગોવાળું તિથિપત્ર.
પાંડુ : સં. ત્રિ. પિળાશ પડતું ફિક્કું, (પું.) તે નામે રાજા.

પ્રઘસા : સં. પ્રઘસા સ્ત્રી. એક માતૃકા દેવી.
પ્રચ્છંદ : (પ્રચ્છદ ?) ઓછાડ, ઢાંકણ) ?
પ્રજનન : સં. ન. યોનિ, ઉત્પત્તિ, જન્મ, (પું.) ઉત્પન્ન કરનાર.
પ્રણાલ : સં. પું. મોટી નીક, નાળું, નાળચું, પરનાળ.
પ્રતિકૃતિ : સં. સ્ત્રી. સાદૃશ્ય, પ્રતિમા, ચિત્ર.
પ્રતિશાખા : સં. સ્ત્રી. દ્વારશાખ સાથે મુકાતી નાની શાખા.
પ્રતિમંચિકા : સં. સ્ત્રી. નાની માંચી, નાનું પીઠ.
પ્રતિષ્ઠાન : સં. ન. વ્રતસમાપ્તિનો વિધિ, નગર, સ્થાન ઠેકાણું.
પ્રતિસર : સં. પું. હાથનું એક આભૂષણ, રાખડી, સૈન્યનો પાછલો ભાગ.
પ્રતિહાર : સં. પું. બારણું, દ્વારપાળ,
પ્રતોલી : સં. સ્ત્રી. શેરી, પોળ, શહેરમાંનો ભાગ, બજાર રાજમાર્ગ.
પ્રત્યાલીઢ : સં. ન. ડાબો પગ પાછળ અને જમણો આગળ એ રીતે ઊભા રહેવાની સ્થિતિ.
પ્રથા : સં. સ્ત્રી. પદ્ધતિ, પરંપરા, ખ્યાતિ.
પ્રથુ : સં. પું. વિષ્ણુ, ચોખાના પૌંવા.
પ્રદેશ : સં. પું. સ્થાન, વિભાગ, હાથની વેંત,
પ્રપાથ : સં. પું. માર્ગ, રસ્તો ધોરી માર્ગ
પ્રપાત : સં. પું. સીધો ઊંચો કિનારો, ધોધ, સીધો ટેકરો પડવું તે.
પ્રબંધ : સં. પું. ગોઠવણી, રચના, મોટો નિબંધ:
પ્રભા : સં. સ્ત્રી. તેજ, દીપ્તિ, કાન્તિ, સ્ત્રીનું નામ,
પ્રભાકર : સં. પું. સૂર્ય, ચંદ્ર, અગ્નિ. કપૂર આકડો.
પ્રયાગ : સં. પું. ગંગા યમુના સંગમ, તે સ્થાન, મોટો યજ્ઞ;
પ્રલંબ : સં. ત્રિ. લટકતું, લટકતાં ફળ; ઘણું લાંબું; વિલંબ.
પ્રલોમની ?
પ્રવધ ?
પ્રવાહણા : સં. સ્ત્રી. પાલખી, શિબિકા, માફો.
પ્રવેશ : સં. પું. પેસવું, અંદર જવું તે.
પ્રસર : સં. પું. : પ્રસરવું. વિસ્તરવું તે.
પ્રસૃત : સં. ત્રિ. વિસ્તરેલું, પ્રસરેલું.
પ્રસૃતા : સં. સ્ત્રી જાંગ, સાથળ.
પ્રસ્તર : સં. પું. પત્થર, ખડક
પ્રસ્તાર : સં. પું. વિસ્તાર મોટો ફેલાવો.
પ્રાકાર : સં. પું. કિલ્લો, કોટ, કોટની ભીંત; ભીંત; વાડ.
પ્રાચીર : સં. ન. ઈંટોની દિવાલ, કિલ્લો.
પ્રાવેશન : સં. ન. શિલ્પશાળા, કામ શાળા; શિલ્પ કામ માટેનું સ્થાન.
પ્રેખ : સં. પ્રેङ्ख : પું. ઝુલો, હિંચકો, દોલા.
પ્રોત્તુંગ : સં. ત્રિ. ઘણું ઉંચું, ઘણું જાડું,
પ્રિયંડુ-ગુ : સં. સ્ત્રી. પ્રિયંગુ લતા, કાંગ, પીપર
પરિવેષ્ટિક : (સં. परिवेष्टक ત્રિ. વીંટનાર, ઘેરનાર ?)
પ્રાસાદ : સં. પું. દેવાલય, રાજમહાલય;
પરશુ : સં. પું. ફરસી કુહાડી.
પ્રવિસ્તર : સં. પું. મોટો વિસ્તાર
પ્રહાર : સં. પું. આઘાત, માર, ઘા.
પ્રતોલ્યા : પ્રતોલી ?
પરમેષ્ઠિન્ : સં. પું. બ્રહ્મા.
પરારુક : સં. પું. પત્થર, પાષાણ.
પરાસ : સં. સ્ત્રી. કથરોટ, મોટી સ્થાલી.
પરિકર : સં. પું. પરિવાર, કેડ, તૈયારી, સહાયક.
પરિકૂટ : સં. પું. નગરના દરવાજા આગળનો ઢાળ.
પરિખા : સં. સ્ત્રી. ખાઈ, કિલ્લાની ચારે તરફનો ખાડો.
પરિગ્રહ : સં. પું. સ્વીકાર, ગ્રહણ કરવું તે,
પરિણાહ : સં. પું. વિસ્તાર
પરિમાણ : સં. ન. માપ.
પરિશિષ્ટ : સં. ત્રિ. વધેલું, બાકી રહેલું, ગ્રંથની પુરવણી.
પરિસહ : સં. परिषह પું. ભૂખ તરસ આદિ સહેવાં તે
પરિવાર : સં. પું. વિસ્તાર, ફેલાવ, કુટુમ્બ આદિનો સમૂહ.
પરુ : સં. પું. સમુદ્ર, સ્વર્ગ, વાંસ વગેરેની ગાંઠ.

પારિપાર્શ્વક : સં. પું. નાટકમાં સૂત્રધારની સાથે રહેનાર નર
પારિભાષિક : સં. ત્રિ. પરિભાષા અનુસારનું.
પરિખ : સં. સ્ત્રી. ખાઈ
પરિઘ / પરિઘષ્ઠ : સં. પું. લોખંડનો દંડો
પ્રાક્ : સં. ત્રિ. પૂર્વનું, પહેલાંનું (અ.) પહેલાંના સમયમાં, પૂર્વમાં,
પ્રદેશ : સં. પું. દેશનો ભાગ, દેશ,
પ્રાસાદપુત્ર : સં. પું. વાસ્તુનો એક દેવ વિશેષ,
પ્રતિરથ : સં. પું. રથસ્થ યોદ્ધા સામે લડનાર બીજો રથી.
પ્રતિકર્ણ : સં. પું. ચતુષ્કોણમાં કર્ણ સામેની રેખા.
પ્રતિભદ્ર : સં. ન. પ્રાસાદમાં ચારે બાજુ મુકવામાં આવતા સુશોભન ગવાક્ષોની રચના.
પ્રકીર્ણ : સં. ત્રિ. પરચૂરણ, વિસ્તરેલું ફેલાએલું, વેરાએલું.
પ્રકોષ્ઠ : સં. પું. નાની ઓરડી, ઓરડાની અંદરની ઓરડી, કહોણી,
પ્રખર : સં. ત્રિ. ઘણું કઠોર, ઘણું તીવ્ર.
પ્રચૂર : સં. ત્રિ. પુષ્કળ, ઘણું.
પ્રજાપતિ : સં. પું. બ્રહ્મા
પ્રજ્ઞા : સં. સ્ત્રી. ઉત્તમ બુદ્ધિ, બુદ્ધિ
પ્રણાલ : સં. પું. પરનાળ, નાળચું, નીક,
પ્રતિકૃત : સં. સ્ત્રી. છબી, નકલ, ચિત્ર, મૂર્તિ
પ્રતિગ્રહ : સં. પું. સ્વીકાર, ગ્રહણ
પ્રતિચ્છંદ : સં. પું. પ્રતિકૃતિ, પ્રતિબિંબ, છબી
પ્રતિપુરુષ : સં. પું. કોઈ ને બદલે રહેલો પુરુષ, (અ.) પ્રત્યેક પુરુષ દીઠ
પ્રતિભા : સં. સ્ત્રી. નવાં સર્જન કરનારી બુદ્ધિ, પ્રત્યુત્પન્નમતિ, પ્રખરબુદ્ધિ, હાજરજવાબી.
પ્રતિમા : સં. સ્ત્રી. સાદૃશ્ય અનુકરણ, ચિત્ર, માટી, પત્થર કે ધાતુમાંથી બનાવેલ મૂર્તિ, પ્રતિબિંબ,
પ્રતિમાન : સં. ન. સમાનતા; સાદૃશ્ય, પ્રતિબિંબ, મૂર્તિ
પ્રતિયાતના : સં. સ્ત્રી. મૂર્તિ, પ્રતિમા, છવિ, ચિત્ર
પ્રતિષ્ઠા : સં. સ્ત્રી. સ્થાપન, સ્થિતિ, સ્થિરતા, ગૌરવ, મોટાઈ, માન, ખ્યાતિ
પ્રતિષ્ઠાપન : સં. ન. પ્રતિષ્ઠા કરવી, સ્થાપના કરવી
પ્રતિક : સં. પું. કાર્ષાપણનામે સુવર્ણમુદ્રા
પ્રતોલિકા : સં. સ્ત્રી. પુરદ્વાર, નગરદ્વાર, મોટો દરવાજો
પ્રજા : સં. સ્ત્રી. સંતતિ, લોકસમૂહ
પ્રચય : સં. પું. ઢગલો, એકઠું કરેલું, સમૂહ
પ્રત્યય : સં. પું. વિશ્વાસ, શ્રદ્ધા, પ્રમાણ પૂર્વકનો નિશ્ચય, જ્ઞાન, પ્રકૃતિને લાગતો પ્રત્યય
પ્રદિશ્ : સં. સ્ત્રી. બે દિશા વચ્ચેનો ખુણો, મુખ્ય દિશા
પ્રવાત : સં. પું. પુષ્કળ પવન, પવનવાળું સ્થાન
પ્રભા : સં. સ્ત્રી. તેજ, કિરણ, દીપ્તિ
પ્રભૃથ : સં. ત્રિ. પોષણ કરનાર, ભરણપોષણ કરનાર.
પ્રમથ : સં. પું. શિવનો ગણ, ઘોડો
પ્રમાણ : સં. ન. જ્ઞાનપ્રાપ્તિનું સાધન
પ્રલંબ : સં. ત્રિ. લટકતું, લાંબું, ઊંચું
પ્રલીન : સં. ત્રિ. ઢંકાએલું, છુપાએલું, મૃત, ચેષ્ટારહિત
પ્રવાલ : સં. ન. પું. પરવાળું, નવો અંકુર, વીણાદંડ
પ્રસર : સં. પું. વિસ્તાર, ફેલાવ, માર્ગ નીકળવાનું સ્થાન; વેગ
પ્રસ્તર : સં. પું. પત્થર, શિલા, ખડક
પ્રાચી : સં. સ્ત્રી. પૂર્વ દિશા, પૂર્વે થયેલી
પ્રાજ્ઞ : સં. ત્રિ. ઉત્તમ બુદ્ધિવાળું
પ્રાલંબ : સં. ન. ગળામાં પહેરેલી લટકતી માળા, હાર આદિ
પ્રાવારક : સં. પું. ઓઢવાનું વસ્ત્ર, શાલ, ખેસ
પ્રાસ : સં. પું. ફેંકવાનું આયુધ, એક પ્રકારનો ભાલો
પ્રાસાદ : સં. પું. મહાલય, દેવમંદિર
પ્રાસાદતલ : સં. ન. મહાલયની અગાશી
પ્રૌઢ : સં. ત્રિ. પૂર્ણ દશામાં રહેલું, પક્વ, પૂરું-વધેલું, પાકટ, ખુબ ઊંચું.
પૌર : સં. ત્રિ. નગરવાસી, પુરવાસી
પૌરસ્ત્ય : સં. ત્રિ. પૂર્વ દિશાનું, પ્રાચીનકાળનું.
ફલક : સં. ન. પાટિયું, લાકડાનું આસન, ઢાળવાળું ઢળતું, (પું) પલંગ

ફણિન : સં. પું. ફણાધારી નાગ, સર્પ
ફર : સં. ન. ઢાલ, પાટિયું
ફલ્ગુ : સં. ત્રિ. લંગડું, વ્યર્થ, નિરર્થક
ફલ : સં. ન. હળની કોશ, અણી, સુતરાઉ વસ્ત્ર, મહાદેવ, બલદેવ, બિજોરાનું બીજ
ફલકછાદ્ય : સં. ન. પાટિયાની છત,
ફાંસાકાર : સં. પું. ચપટો શંકુ આકાર
ફાંસનાકાર : સં. પું. દેવાલયના શિખરનો એક પ્રકાર
ફાંસનાદિ : સં. પું. શિખરનો એક પ્રકાર
ફરશી : (સં. પરશુ. પું) સ્ત્રી. કુહાડી, પરશુ.
બકસ્થલ : સં. ન. જળાશયની વચ્ચેનો દ્વીપ જ્યાં જળચર પક્ષીઓ વિરામ કરી શકે તે
બીજપૂરક : સં. ન. બિજોરાનું ફળ, તેનું વૃક્ષ
બાણ : સં. પું. ધનુષથી ફેંકાય તેવું શસ્ત્ર, તીર
બદર : સં. ન. બોર, બોરડી
બદરિકા બદરી : સં. સ્ત્રી. બોરડી
બાદરાયણ : સં. પું. બદરી વનમાં રહેનાર કૃષ્ણ દ્વૈપાયન.
બુદ્ધ : સં. ત્રિ. જ્ઞાની, પું. ભગવાન સુગત
બુદ્ધિ : સં. સ્ત્રી. બોધ, જ્ઞાન
બોધિ : સં. ત્રિ જ્ઞાની, બુદ્ધ, (પુ.) સુગત, જ્ઞાન, ઉપદેશ
બોધિસત્વ : સં. પું. બુદ્ધનો અવતાર, જ્ઞાનયુક્ત જીવ
બાધ્ય : સં. ત્રિ. નિવારવા યોગ્ય, નિવારી શકાય તેવું, રોકવાયોગ્ય, પીડવા યોગ્ય.
બધિર : સં. ત્રિ. બહેરું.
બદ્ધપદ્માસના : સં. સ્ત્રી. પદ્માસન બાંધી બેઠેલી મૂર્તિ, સ્ત્રી, આદિ
બીભત્સ . સં. ત્રિ. નિંદ્ય, જુગુપ્સાયોગ્ય, ઘૃણાજનક, તે નામે નાટ્યરસ
બર્હિ : સં. પું. દર્ભ
બલભદ્ર : સં. પું. શ્રીકૃષ્ણના મોટાભાઈ, નીલગાય, લોધરનું વૃક્ષ
બિલ : સં ન. કાણું, દર, રાફડો, ભોંયરું, ગુફા, નેતર, ખાડો
બલજ : સં. ન. નગરદ્વાર, ખેતરનું પ્રવેશદ્વાર, ધાન્ય, યુદ્ધ, બળથી ઉત્પન્ન થનાર
બલિક : સં. પું. ઘરના છાપરાનો છેવટનો ભાગ
બાલુકા : સં. સ્ત્રી. રેતી, કાકડી
બાલ્હક : સં. ન. કેસર
બુલ્વ : સં. ત્રિ. તિરછું. વાંકું, આડું.
બહુલ : સં. ત્રિ. પુષ્કળ, અસંખ્ય, (પું.) કૃષ્ણપક્ષ, કાર્તિક માસ, કાળો રંગ, આકાશ
બાહુ : સં. પું. ભુજા, આખો હાથ, બાહુ, બાંય
બાહુલ્ય : સં. ન. બહુપણું, પુષ્કળપણું, બહોળાપણું
બાહુશાલિન્ : સં. ત્રિ. પરાક્રમી, બળવાન્, સુંદર હાથવાળું
બહ્મરંધ્ર : સં. પું. બાણકર્ણ નામે એક નાગ
બ્રાહ્મી : સં. સ્ત્રી. વાણી, ભાષા, સરસ્વતી, બ્રાહ્મીલતા, સોમલતા.
બહિષ્ક : ?
બાહા : સં. સ્ત્રી. હાથ. બાહુ
બાહિક : સં. ત્રિ. બહારનું, સં. : વાહિલક ત્રિ. બાહિલક દેશનું
બૃહત્ : સં. ત્રિ. મોટું, વિશાળ, મહાન, પુષ્કળ, વિસ્તૃત
બ્રહ્મગર્ભ : (સં. બ્રહ્મચર્યા) પું. સૂરજમુખીનું પુષ્પ
બ્રહ્મા : (સં. બ્રહ્મન્) પું. પ્રજાપતિ
બ્રહ્મશિલા : સં. સ્ત્રી. મૂર્તિની નીચે આધાર તરીકે મુકાતી શિલા.
બ્રહ્માવર્ત : સં. પું. મધ્યદેશમાંનો પ્રદેશ વિશેષ
બૃહદ્ઘંટા : સં. સ્ત્રી. મોટો ઘંટ ધારણ કરનાર દેવી,
બિંબ : સં. ન. પ્રતિકૃતિ, સામ્ય, સમાનતા, સરૂપતા,
બંધ : સં. પું. બંધન, રચના
બંગ : સં. પું. બંગાળા દેશ, કલાઈ, સીસું.
ભક્તિ : સં. સ્ત્રી. આરાધના, સેવા, પૂજા
ભીકૂ ?
ભગ : સં. ન. આઠ પ્રકારનું ઐશ્વર્ય, મહત્તા, પદ, સ્થાન, યોની
ભાગ : સં. પું. ટુકડો, વિભાગ

ભાગધેય : સં. પું. કરવેરો, (ન.) ભાગ્ય, નસીબ,
ભુગ્ન : સં. ત્રિ. વળેલું, વક્ર; નમેલું, વળગેલું
ભૃગુ : સં. પું. તે નામે એક મહર્ષિ
ભૃગુનંદન : સં. પું. ભૃગુગોત્રમાં થએલ રામ જામદગ્ન્ય, પરશુરામ
ભૃગુપતિ સં. પું. પરશુરામ
ભૃગુદ્વહ : સં. પું. ભૃગુઓમાં શ્રેષ્ઠ પરશુરામ
ભગાક્ષ : સં. ત્રિ. ભગ આકારની આંખો વાળું
ભગ્ન : સં. ત્રિ. ભાગેલું.
ભાર્ગવી : સં. સ્ત્રી. ભૃગુ ગોત્રમાં જન્મેલી
ભુજ : સં. પું. હાથ
ભુજંગ : સં. પું. સાપ
ભુજમલ : ભુજવલ : સં. નં. ગણિતમાં ભુજ વડે આણેલું પરિણામ.
ભૃતૃ : સં. પું. સ્વામી, માલિક,
ભિત્તિ ; સં. સ્ત્રી. ભીંત, દીવાલ,
ભૃત : સં. ત્રિ. રક્ષેલું, ભરણપોષણ કરેલું. પગાર લેનાર,
ભૃત્ય : સં. ત્રિ. સેવક,
ભૌતિક : સં. ત્રિ. પૃથ્વી વગેરે તત્ત્વનું; તે સંબંધી
ભિત્તિકા : સં. સ્ત્રી. ભીંત.
ભૂતપતિ : સં. પું. મહાદેવ.
ભૂતલ : સં. ન. ભોંય, ભોંયતળિયું, સપાટ ભૂમિ.
ભૂતિકીલ : સં. પું. જમીનમાં ખોદેલી ખાણ.
માતુલિંગ : સં. ન. બિજોરૂં.
ભૂતવીશી : સં. ભુતાવીશી સ્ત્રી. તે નામે એક વનસ્પતિ
ભદ્રિકા : સં. સ્ત્રી. ભદ્રાતિથિ, નવ કે અગિયાર અક્ષર ચરણવાળો છંદ.
ભદ્રા : સં. સ્ત્રી. બીજ, સાતમ, બારશએ ભદ્રા તિથિ શ્વેત દુર્વા, નાગરવેલ, કાળો ઉંબરો.
ભદ્રકા : સં. સ્ત્રી. ભદ્રા, દેવદાર વૃક્ષ,
ભદ્ર : સં. ન. ચંદન, લોઢું, ભૂરું કમળ, કલ્યાણ, મંગળ, કદંબવૃક્ષ, થોર, દેવદાર.
ભદ્રાવલોકન : સં. ત્રિ; મંગળ દર્શનવાળું.
ભદ્રકૂટા : (ભદ્રાભદ્ર ? દેવદાર)
ભદ્રાસન : સં. ન. દેવનું આસન, રાજાનું આસન.
ભામિની : સં. સ્ત્રી. કોપ કરનારી સ્ત્રી.
ભૂમિ : સં. સ્ત્રી. પૃથ્વી, ભોંય,
ભૌમ : સં. ત્રિ. ભૂમિ સંબંધી, (પું.) ભૂમિપુત્ર મંગળ ગ્રહ.
ભૌમવાસર : સં. પું. મંગળવાર
ભર્મ : સં. ન. સુવર્ણ, પીળો ધંતૂરો, વૃત્તિ, પગાર.
ભૂમંડલ : સં ન. સમગ્ર પૃથ્વી.
ભૂમિકા : સં. સ્ત્રી. ભૂમિનો નાનો ટુકડો, આધાર, રચના, વેશ. પ્રસ્તાવના, ચિત્તવૃત્તિ,
ભૂમ્યારોહણ : સં. પું. જમીન પર પથરાય એવી વનસ્પતિ.
ભૂમિનરિ : સં. પું. ભૂમિપુત્ર નરકાસુરને હણનાર કૃષ્ણ.
ભાર : સં. પું. વજન ગુરુત્વ પરિમાણ, વજનનું એક માપ.
ભારતી : સં. સ્ત્રી. ભાષા, વાણી, સરસ્વતી, ભરતે ઉત્પન્ન કરેલ, લખેલ બતાવેલ.
ભાર્ગવ : સં. પું. ભૃગુગોત્રનો, પરશુરામ.
ભૂરિ : સં. ત્રિ. પુષ્કળ, સુવર્ણ.
ભ્રમ : સં. પું. ભમવું, મિથ્યાજ્ઞાન, ભ્રાન્તિ, પાણીની ભમરી.
ભ્રૂ : સં. સ્ત્રી. ભમર.
ભરિત્ર : સં. ન. બે બાહુ જેટલી લંબાઇનું માપ, બે વાંભ,
ભેર : સં. પું. નગારૂં, ભેરી, નોબત.
ભેરી : સં. સ્ત્રી. નગારૂં, ભેર, નોબત.
ભ્રામર : સં. ત્રિ ભમરાઓ કે ભમરીઓને લગતું; (ન.) મધ.
ભ્રમતિકા : સં. સ્ત્રી. દેવાલયની અંદર ગર્ભ ગૃહનો પ્રદક્ષિણા માર્ગ.
ભ્રમવેધ : સં. પું. પાણીની ભમરીનું ઊંડાણ,
ભૈરવ : સં પું. તે નામે શિવનો એક ગણ, ભયંકર ધ્વનિ, ભયાનક રસ, ભૈરવનામ દેવ.
ભરણી : સં. સ્ત્રી. તે નામે નક્ષત્ર, એક પ્રકારની લતા.
ભુવન : સં. જગત, જગતના લોક, આકાશ, જળ.
ભવન : સં. ન. નિવાસ સ્થાન, ઘર, જન્મ, અસ્તિત્વ
ભૌવન : સં. પું. ભુવનનો પુત્ર, વિશ્વકર્મા.

ભુશુંડી : સં. સ્ત્રી. ચામડાની ગોફણ.
ભાષ્ય : સં. ન. સૂત્રગ્રન્થની વ્યાખ્યા.
ભિષજ : સં. પું. વૈદ્ય, રોગની ચિકિત્સા, ચિકિત્સક
ભીષણ : સં. ત્રિ. ભયાનક, દારુણ, (પુ.) ભયાનક રસ, મહાદેવ, હોલો.
ભૂષણ : સં. ન. અલંકાર, આભૂષણ, દાગીનો.
ભૂષા : સં. સ્ત્રી. શણગાર, શોભા, શણગારનું શોભા કરવી.
ભાસ્કર : સં. પું. સૂર્ય, અગ્નિ, આકડો, મહાદેવ, સુવર્ણ.
ભૃંગાર : સં. પું. સુવર્ણ કલશ, સોનાની ઝારી ભૃંગાર વનસ્પતિ લવીંગ, સોનુ.
ભંગી | ભંગિ | : સં. સ્ત્રી. વક્રતા, તરંગ, પ્રકાર, ભેદ, બહાનું રચના, ગોઠવણી, કુટિલતા.
ભંગુર : સં. ત્રિ. ભાગી જવાના સ્વભાવવાળું, વિનાશ શીલ, નાશવંત, વક્ર, કુટિલ.
ભાંડાગર : સં. ન. ભંડાર, વાસણો રાખવાનું સ્થાન, કોઠાર.
ભાંડાર : સં. ન. ભંડાર, કોઠાર.
ભ્રાંત : સં. ત્રિ. મિથ્યા જ્ઞાનવાળું, ભમી ગએલું, ભમતું, ભ્રાન્તિ, ભ્રમ, (પું.) ગાંડો હાથી, ધતૂરો.
ભંજન : સં. ન. ભંગ, નાશ, તોડફોડ
ભ્રંશ : સં. પું. નાશ ભ્રષ્ટતા, પતન.
ભૃત્યા : સં. સ્ત્રી. ભરણપોષણ, ચાકરી, સ્ત્રીચાકર.
ભૃકુટિ : સં. સ્ત્રી. આંખ ઉપરની ભમર વાંકી થઈ તે ભવાં ચઢાવવાં તે ભ્રુકુટી.
ભ્રૂક્ષેપ : સં. પું. ભમર ચઢાવવી, ભમર વાંકી કરી કોઇ સંકેત કરવો.
ભ્રૂભંગ : સં. પુ. ક્રોધથી ભમર ચઢાવવી.
ભ્રૂભેદ : સં. પું. ભમર ચઢાવવી.
ભ્રૂલતા : સ. સ્ત્રી. ભમર
મકર : સં. પું. મગર, મગર આકારની પરમાળ, કુબેર નો એક ભંડાર, મકર રાશિ.
મકરધ્વજ : સં. પું; કામદેવ.
મકરાશ્વ : સં. પું. વરુણદેવ.
મકુટ : સં. પું. મુકુટ, મુગટ.
મગધ : સં. પું. તે નામે દેશ, ભાટ ચારણ.
મઠ : સં. પું. વિદ્યાર્થી, યોગી, સંન્યાસી, બ્રહ્મચારી આદિનું નિવાસ સ્થાન. રથ, દેવાલય.
મણિબંધ : સં. પું. કાંડું અને હાથનો સાંધો, કાંડું
મણિબંધન : સં. ન. કાંડાનું આભૂષણ.
મતંગ : સં. પું. તે નામે એક ઋષિ, મેઘ, શંકરપુત્ર
મત્તવારણ : સં. પું. મદયુક્ત હાથી, મદઝરતો હાથી ગાંડો હાથી.
મત્તાલબ : સં. પું. મહેલને ફરતો કોટ.
મત્સદેશ : સં. મત્સ્ય દેશ પું. હાલના રાજસ્થાનમાં પ્રાચીન વિરાટદેશની પડોશનો દેશ.
મત્સ્યક : સં. પું. માછલું
મતિદ : સં. પું. બુદ્ધિ આપનાર, (સ્ત્રી.) માલકાંકણી
મથાન : સં. ત્રિ. મંથન કરનાર, વલોવનાર
મદલ : સં. મિ. મદવાળું.
મધ્યસ્થાન : સં. ન. મુખ્ય સ્થાન, આગળ પડતું સ્થાન, વચલું સ્થાન.
મધ્યા : સં. સ્ત્રી. મધ્યા નાયિકા, પથમ રજોદર્શન થયું હોય એવી સ્ત્રી
મનુ : સં. પું. એક પ્રજાપતિ, એક યજુર્વેદ શાખા કાર, ધર્મશાસ્ત્રકાર, સ્વયંભુવ આદિ ચૌદ મનુઓમાંના કોઈ એક
મન્વંતર : સં. ન. ચૌદ પૈકી કોઇએક મનુના અધિકારનો ગાળો,
મનુજ : સં. ત્રિ. મનુષ્ય, માણસ.
મનુજન્મન : સં. મિ. માણસ મનુષ્ય.
મનોહર : સં. ત્રિ. ચિત્તને આકર્ષે તેવું સુંદર
મય : સં. પું. એક દાનવ શિલ્પી, ઊંટ, ખચ્ચર
મયુ : સં. પું. કિન્નર, મૃગ,
મરીચિ : સં. પું. તે નામે એક ઋષિ, કિરણ, કૃષ્ણ
મરુત્ : સં. પું. પવન; એક દેવસમૂહ, દેવ;
મરુત્વત્ : સં. પું. ઈન્દ્ર
મરુત્સખ : સં. પું. ઈન્દ્ર, અગ્નિ; ચિત્રક વૃક્ષ
મર્કટાનન : સં. ત્રિ. માંકડા જેવા મુખવાળું. રાતા રંગનું.

મર્કટિકા : સં સ્ત્રી. અઘેડો, અજમો, કરંજ વૃક્ષ, વાંદરી.
મર્કરી : સં. સ્ત્રી. વાંદરી
મર્કટાસ્ય : સં. ત્રિ. માંકડા જેવુ મુખવાળું,
મર્દલ : સં. પું. એક વાદ્ય
મર્મ : સં. પું. શરીરનો કોમળ ભાગ, જીવન સ્થાન રહસ્ય, તત્ત્વ, તાત્પર્ય
મર્મવેધ : સં. પું. શરીરનાં અતિ કોમળ ભાગને વીંધવું તે, રહસ્યફોટ, તાત્પર્ય જ્ઞાન.
મલન : સં. ન. ઓળવું, મળવું, દર્શન કરવું ઘસવું
મલય : સં. પુ. તે નામે દક્ષિણનો એક પર્વત;
મલયદ્વીપ : સં. પું. તે નામે એક બેટ, માલદીપ દ્વિપસમૂહ,
મલ્લતલ : સં. ન. અખાડો, મલ્લયુદ્ધનું સ્થાન;
મલ્લદેશ : સં. પું. તે નામે એક પ્રાચીન દેશ
મલ્લછાદ્યકમ્ ?
મલ્લિકા ?
મષીજલ : સં. ન. શ્યામ રંગનું પાણી, શ્યાહી
મસ્ત : સં. ત્રિ. ઊંચું, (ન.) માથું.
મસ્તક : સં. ન. માથું
મસ્તકમૂલક : સં. ન. ગરદન, ગ્રીવા, ડોક
મહત્તર : સં. પું. વધારે મહાન.
મહાકેવાલ ? મોટીકેવાલ, શિખર અને રંગ મંડપ ઘુમ્મટની વચ્ચેનું બાંધકામ
મહાકોશલ : સં. પું. ઉત્તર દક્ષિણ કોસલ મળીને બનેલો પ્રદેશ,
મહાદેવ : સં. પું. મોટા ભાગ્યવાળુ. મોટી સમૃદ્ધિવાળું.
મહાનસ : સં. પું. રસોડું.
મહાપથ : સં. પુ. રાજમાર્ગ; ધોરીમાર્ગ.
મહાકૂટ : ? શિખરનો ભેદ, ઘણુ ઉંચુ શિખર
મહામર્મ : સં. ન. શરીરનો અત્યંત કોમળ ભાગ કે સંધિ, સૂક્ષ્માર્થ
મહામાંડલિક : સં. પું. મોટો માંડલિક રાજા
મહાભૂત : સં. ન. પૃથ્વી વગેરે પાંચ તત્ત્વો એમની દશ્ય સ્થિતિમાં
મહારથ : સં. પું. અનેકની સાથે લડી શકે એવો રથસ્થ યોદ્ધો,
મહારાજ : સં. પું. નાટ્યમાં રાજા માટેનું સંબોધન મોટો રાજા,
મહાર્થ : સં. પું. વાણીના પાંત્રીસ ગુણોમાંનો એક થોડાશબ્દોમાં મોટો અર્થ કહેવો તે;
મહિષ : સં. પું. પાડો,
મહિષી : સં. સ્ત્રી. પટરાણી, ભેંશ
મહી : સં. સ્ત્રી. પૃથ્વી, મહી નદી
મહીભૃત : સં. પું. રાજા, પર્વત
મહેન્દ્ર : સં. પું. ઈન્દ્ર
માગધ : સં. ત્રિ મગધ દેશનું, (પું.) સ્તુતિ પાઠક સ્તુતિગાનથી નિર્વાહ કરનાર, ધોળું જીરું ભાટ ચારણ.
માચ : સં. પું. માર્ગ, રસ્તો,
માઠ : સં. પું. માર્ગ, રસ્તો.
માડ : સં. પું. માપણી.
માતંગ : સં પુ. હાથી, ચાંડાલ, ભિલ્લ, પીંપળો.
માત્રા : સં. સ્ત્રી. પ્રમાણ, માપ, અલ્પ, થોડું અક્ષર ઉચ્ચારણ કાળનું માપ.
માતુલિક : मातुलक પું. મામો, ધતૂરો. એક પ્રકારની ડાંગર, મીંઢળ.
માનપ્રમાણ : સં. ન. માપનું પ્રમાણ, જુદાંજુદાં માપ
માનસૂત્ર : સં. ન. માપવાની દોરી
માનહીન : સં. ત્રિ. માનરહિત, માનની દરકાર ન કરનાર.
માનસ્ય : સં. ત્રિ. (મનવિષેનું, મનમાં થનાર વિચાર ભાવ આદિ ?.)
માનાધિક : સં. ત્રિ. વધારે પડતું માન અભિમાની;
મામલસાર ? જુઓ આમલસારો
મામલસારીકા ? : જુઓ આમલ સારો
મારુતિ : સં. પું. વાયુપુત્ર હનુમાન્; ભીમસેન
માર્ગ : સં. પું. રસ્તો, માર્ગ, મૃગસંબંધી,

મિલિત : સં. ત્રિ. મળેલું, જોડાએલું, ભેગું થયેલું;
મુકુટ : સં. પું. મુગટ.
મુકુર : સં. પું. આરસો, દર્પણ, પુષ્પની કળી, બોરડીનું વૃક્ષ, મોગરો.
મુક્તા : સં. સ્ત્રી. મોતી, રાસ્તાનામ વનસ્પતિ.
મુક્તિક : સં. **મૌક્તિક** ન. મોતી.
મુખ : સં. ન. મોઢું, જવાનો કે નીકળવાનો માર્ગ, બારણું, નાટ્યમાં એક સંધિ, પ્રધાન, મુખ્ય.
મુખર : સં. ત્રિ. બોલકું, અપ્રિયભાષી, આગળથી બોલી જનાર, કાગડો, શંખ.
મુખવાસ : સં. પું. મોઢું સુવાસિત કરનાર પદાર્થ એલચી વગેરે.
મેખલા : સં. સ્ત્રી. કેડનો કંદોરો, મુંજ વગેરેનું કટિસૂત્ર, પર્વતનો મધ્યભાગ, હોમકુંડનો કંદોરો.
મુખ્યમંડલિક : સં. પું. **મુખ્યમણ્ડલિક** ચારસો યોજન ભૂમિનો રાજાઓમાં મુખ્ય.
મુખ્ય : સં. ત્રિ. અગ્રણી, પ્રધાન, આગળ પડતું.
મુદ : સં. પું. મગનું ધાન્ય, જળકૂકડી,
મઠ–સાતમઠ ?
મેહિ ?
મોડ ?
મેદ ?
મૌક્તિક : સં. ન. મોતી.
મિત્ત : સં. ત્રિ. આપેલું
મેનકા : એક અપ્સરાનું નામ
મિથુન : સં. ન. સ્ત્રી પુરુષનું જોડું, તે નામની રાશિ
મેથિ : સં. પું. ખળામાં પશુને બાંધવાનો ખીલો.
મૈથુન : સં. ન. સ્ત્રી પુરુષનો સંભોગ
મોદક : સં. પું. લાડુ, એહસિંટર જાતિ,
મુદ્ગર : સં. પું. મગદળ, જાડો ધોકો, ગદા, લોઢાનું આયુધ,
મુદ્રા : સં. સ્ત્રી. સિક્કો, મહોર, નૃત્યમાં હસીનો આકાર વિશેષ કોતરેલી વીંટી,
મુરજ : સં. પું. મૃદંગ, પખવાજ, એક પ્રકારનું ઢોલ, નદ્ધવાદ્ય
મેદસ : સં. ન. ચરબી.

મેદની : સં. સ્ત્રી. પૃથ્વી, ભૂમિ, વનસ્પતિ.
મંદારક : સં. પું. પારિજાત, લીમડો, કલ્પવૃક્ષ, એકતીર્થ
મુધા : સં. અ. નિરર્થક રીતે, નિષ્ફળ રીતે.
મેધા : સં. સ્ત્રી. સ્મૃતિ શક્તિવાળી બુદ્ધિ.
મેધાવીન : સં. ત્રિ. બુદ્ધિજીવી.
મૂર્ધ્વકર્ણીકપેરી : **મુર્ધકર્ણાયર્વરી** છત્રીના આકારના કાંઠાવાળો ઘડો)
**મૂર્ધન** : સં. પું. કેશ, વાળ.
**મુર્ધન** : સં. પું. મસ્તક, માથું.
મુનિપિત્તસ **મુનિપિત્તલ** : સં. ન. તાંબુ; માર્ગશીર્ષ માસ વિષ્ણુ.
માર્જન : સં. ન. માંજવું; સાફ કરવું. લુછીને સાફ કરવું, છાંટવું. લોધ્ર વૃક્ષ,
માર્તંડ સં. પું. સૂર્ય, આકડો, ભુંડ.
મૂર્તિ } સં. સ્ત્રી. શરીર, આકૃતિ, મૂર્ત પણું, પ્રતિમા, કઠિનતા;
મૂર્તિમત } : સં. ત્રિ. શરીરધારી, આકારવાળું પ્રત્યક્ષ,
મૂર્ધન્ : સં. પું. મસ્તક, માથું.
મૂર્ધાભિષિક્ત : સં. પું. જેનો રાજ્યાભિષેક થયો હોય તેવો ક્ષત્રિય રાજા.
મૃગ : સં. પું. હરણ; મૃગશીર્ષ નક્ષત્ર;
મૃગદશ્ } : સં. સ્ત્રી. મૃગના જેવી ગોળ મોટી
મૃગનયના } આંખોવાળી સુંદર સ્ત્રી;
મૃણાલ : સં. પું. ન. કમળનો દંડો, કમળનાળ; કમળનાળમાં રહેલ તંતુ.
મૃણાલી : સં. સ્ત્રી. કમળ નાળનો તંતુ કમળ નાળ
મૃત્તિકા : સં. સ્ત્રી. માટી તુવેર
મૃદ્ : સં. સ્ત્રી. માટી.
મૃદંગ : સં. પું. પખવાજ વાદ્ય
મૌર્વી : સં. સ્ત્રી. ધનુષની દોરી; મરડાસિંગ
મેઢ્ર : ઉપસ્થ ઈન્દ્રીય, પુરુષની ગૃહ્ય ઈન્દ્રીય,
મેરુ ગિરિ : સં. પું. મેરુ પર્વત
મૃગવ : **મૃગવક્ત્ર** ? મૃગનુ મોઢું
મૃણાલપત્ર : સં. ન. કમળનું પાંદડું:
મૃગયુગ્મ : (મૃગયુ ?) પ્રતિમાની પાટલીમાં કોતરવામાં આવતા બે મૃગ, મૃગની જોડી.
મેરૂ મંડોવર : મંડોડરનો એક પ્રકાર

મેરવાદિ : મેરુ આદિ પ્રાસાદના ભેદ,
માર્ગવેધ : સં. પું. રસ્તાની માપણી
મૃગ્ગી : (मृङ्गी : ભમરી ?)
મૃરા : ( મૃશ ? )
મરીચિ : સં. પું. કિરણ, તે નામે ઋષિ;
મૃદછાધ : ? માટીનું છત
ચદ્ર : સં. પું. ચંદ્ર નામે દેશ,
મારુત : સં. પું. વાયુ, પ્રાણ અપાન આદિશરીરના
 વાયુ, (ત્રિ.) પવન વિશેનું, (ન) સ્વાતિ નક્ષત્ર
મારુતિ : સં. પું. મરુત્નો પુત્ર, વાયુપુત્ર હનુમાન્,
 ભીમસેન,
માર્ગ : સં. પું. રસ્તો; પંથ, મૃગસંબંધી, માર્ગ-
 શીર્ષમાસ,
મુરલી : સં. સ્ત્રી. વાંસળી વાદ્ય,
મૃણ્મય : સં. ત્રિ. માટીનું બનેલું.
મૃત્તિકા : સં. સ્ત્રી. માટી.
મૃદંગ : સં. પું. પખવાજ
મૃદાકર : સં. પું. માટીનો ઢગલો, ટેકરો
માલતી : સં. સ્ત્રી. જાઈની વેલ, વેલ મોગરો,
 યુવતી, ચાંદની રાત્રી;
મિલન : સં. ન. સંયોગ, મળવું તે,
મૌલિ : સં. પું. માથા ઉપર ઓળીને બાંધેલાવાળ,
 મુકુટ, મસ્તક, ભૂમિ;
મૂલકૂટા ?
માલા : સં. સ્ત્રી હાર
માલાધર : સં. ત્રિ. હાર ધારણ કરનાર
મૂલકર્ણ (मूलकपर्ण) : પુ. સરગવાનું વૃક્ષ ? )
મૂલશિખર : ? મુખ્ય શિખર,
મુલઘંટા ? મુખ્ય ઘંટા
મૂલ : સં. ન. આરંભ સ્થાન, ઉદ્ગમ સ્થાન, જડ,
 મૂળ, મૂડી,
માલ : સં. પું. એક દેશ વનપ્રદેશ, કપટ, વિષ્ણુ,
માલવ : સં. પું. માળવા દેશ, માળવાનો નિવાસી;
મિલિંદ : સં પું. ભમરો
મૂલસ્થાન : સં. ન. મુલતાન નગર; આકાશ ઈશ્વર
મૂષક : સં. પું. ઉંદર, ચોર;

માષ : સં. પું. અડદ ધાન્ય; એક માસાનું વજન;
મષાધાન ?
મુષ્ટિ : સં. પું. હાથની મૂઠી
મિશ્રકાદિ : ? પ્રાસાદ શિખર આદિના ભેદો,
મિષ્ણુ ?
મૃષ્ટિ : સં. સ્ત્રી. ઘસીને કરેલી સફાઈ, ઉકવું તે,
 મંજન;
મૂસલ : સં. ન. સાંબેલું;
મૂસલાયુધ } : સં. પું. બલદેવ
મૂસલિન્ }
માસુરી : સં. સ્ત્રી. દાઢી
મહાનસ : સં. પું. રસોડું, રસોઈ ઘર
માહિષ : સં. ન. ભેંશનું દૂધ ઘી આદિ.
મિહિર : સં. પું. સૂર્ય, મેઘ, વાયુ, ચંદ્ર,
મુહૂર્ત : સં. પું. અહોરાત્રનો ત્રીસમો ભાગ, બે
 ઘડીનો સમય,
મહાદેવ : ?
મહિષી : સં. સ્ત્રી. ભેંશ; મહારાણી.
મહેન્દ્ર : સં. પું. ઈન્દ્ર
મર્દલ : સં. પું. એક વાદ્ય; મૃદંગ.
મિત્ત : સં. ત્રિ. આપેલું
મિથુન : સં. ન. સ્ત્રીપુરુષનું જોડું, તે નામની રાશિ
મિલન . સં. ન. સંયોગ, મળવું તે
મિલિંદ : સં. પું. ભમરો
મિશ્રકાદિ : પ્રાસાદ શિખર આદિના ભેદો
મિહિર : સં. પુ. સૂર્ય, મેઘ, વાયુ, ચંદ્ર
મુક્તા : સં. સ્ત્રી. મોતી રાસ્ના નામની વનસ્પતિ.
મુખ : સં નં. મોઢું, જવાનો કે નીકળવાનો માર્ગ,
બારણું, નાટયમાં એક સંધિ, પ્રધાન, મુખ્ય.
મુખર : સં. બોલકું, અપ્રિય ભાસી, કાગડો શંખ
 આગળથી બોલી જનાર.
મુખવાસ : સં. પું મોઢું સુવાસિત કરનાર પદાર્થ
 એલચી વગેરે.
મુખ્ય : સં. ત્રિ. અગ્રણી, પ્રધાન, આગળ પડતો.
મુદ્ગર : સં. પું. મગદળ, જાડો, ઘોકો, ગદા, લોઢાનું
 આયુધ.

મુદ્રા : સં. સ્ત્રી. સિક્કો, મહોર, નૃત્યમાં હસીનો હસીનો આકાર વિશેષ કોતરેલી વીંટી.
મુધા : સં. અ. નિરર્થક રીતે, નિષ્ફળ રીતે.
મુનિપિત્તસ : સં. ન. તાંબુ.
મુરજ : સં. પું. મૃદંગ, પખવાજ, એક પ્રકારનું ઢોલ નદ્ધવાદ્ય.
મુરલી : સં. સ્ત્રી. વાંસળી, વાદ્ય.
મૂહૂર્ત : સં. પું. અહોરાત્રનો ૩૦મો ભાગ બે ઘડીનો સમય.
મૂર્તિ : સં. સ્ત્રી. શરીર, આકૃતિ, મૂર્તપણું, પ્રતિમા, કઠીનતા.
મૂર્તિમત : સં. ત્રિ. શરીરધારી આકારવાળું પ્રત્યક્ષ.
મૂર્ધન : સં. પું. મસ્તક, માથું.
મૂર્ધાભિષિક્ત : સં. પું. જેનો રાજ્યાભિષેક થયો હોય તેવો રાજા.
મૂર્ધ્વકર્ણીકપેરી : મૂર્ધ્વકર્ણયવરી, છત્રીના આકારના કાંઠાવાળો ઘડો.
મૂલ : સં. ન. આરંભ સ્થાન ઉદ્દગમ સ્થાન, જડ, મૂળ, મૂડી.
મૂલકર્ણ : સં. પું. સરગવાનું વૃક્ષ.
મૂલશિખર : મુખ્ય શિખર.
મૂષક : સં. પું. ઉંદર, ચોર.
મૂલસ્થાન : સં. ન. મુલતાન નગર, ઈન્દ્ર, ઈશ્વર.
મૂસલ : સં. ન. સાંબેલું.
મૂસલાયુધ, મૂસલિન : સં પું. બલદેવ.
મૃગ : સં. પું. હરણ, મૃગશીર્ષ નક્ષત્ર.
મૃગદક્ષ, મૃગનયના : સં. સ્ત્રી. મૃગના જેવી ગોળ મોટી આંખોવાળી સુંદર સ્ત્રી.
મૃગ્યયુગ્મ : (મૃગયુ) પ્રતિમાની પાટલીમાં કોતરવામાં આવતા બે મૃગ, મૃગની જોડી.
મૃગવ : સં. મૃગનું મોઢું.
મૃણાલ : સં. પું. ન. કમળનો દડો, કમળનાળ, કમળનાળમાં રહેલું તંતુ.
મૃણાલપત્ર : સં. નં. કમળનું પાંદડું.
મૃણાવી : સં. સ્ત્રી. કમળનાળનો તંતુ.
મૃત્તિકા : સં. સ્ત્રી. માટી તુવેર.
મૃદ : સં. સ્ત્રી માટી.
મૃદાકર : સં. પું. માટીનો ઢગલો, ટેકરો.
મૃદચ્છાદ : માટીનું છત.
મૃષ્ટિ : સં. સ્ત્રી. ઘસીને કરેલી સફાઈ, ઉડકવું તે મંજન.
મેથિ : સં. પું. ખળામાં પશુને બાંધવાનો ખીલો.
મેદસ : સં. ન. ચરબી.
મેદની : સં સ્ત્રી. પૃથ્વી, ભૂમિ, વનસ્પતિ.
મેધા : સં. સ્ત્રી. સ્મૃતિ, શક્તિવાળી બુદ્ધિ.
મેધાધીન : સં. ત્રિ. બુદ્ધિજીવી.
મેનકા : એક અપ્સરાનું નામ.
મેરવાદિ : મેરુ આદિ પ્રાસાદના ભેદ.
મેરુગિરિ : સં. પું. મેરૂપર્વત.
મેરૂમંડોવર : મંડોવરનો પ્રકાર.
મૈથુન : સં. ન. સ્ત્રી પુરૂષનો સંભોગ.
મોદક : સં. પું. લાડુ એક જાતની જાતિ.
મૌક્તિક : સં. ન. મોતી.
મૌર્વી : સં. સ્ત્રી. ધનુષની દોરી, મરડાસીંગ.
મૌલી : સં. પું. માથા ઉપર ઓળીને બાંધેલા વાળ, મુકુટ મસ્તક, ભૂમિ.
મંદારક : સં. પારિજાત આકડો ધતૂરો સ્વર્ગ હાથી.
મંચ : સં. પું. માંચો, ખાટલો, ઊંચું આસન;
મંચિકા સં. સ્ત્રી. નાનો મંચ, માંચી, નાનો ઓટલો, નાનું આસન.
મંજીર : સં. પું. નૂપુરનું આભૂષણ, ઝાંઝર, વલોણું બાંધવાનો થાંભલો.
મંજૂષા : સં. સ્ત્રી. પેટી, પટારો, અલંકાર મૂકવાની પેટી, મજીઠ.
મંડપ : સં. પું. માંડવો, દેવમંદિર, વિશ્રામ સ્થાન.
મંડળ : સં. ન. વર્તુળ, ગોળાકાર, મોટા રાજાની ચારે બાજુના રાજાઓ.
મંડિત : સં. ત્રિ. સુશોભિત, અલંકૃત
મંડોવર : પ્રાસાદની પીઠિકાથી લઈ છત સુધીનું બાંધકામ તેની ઉપર શિખર આવે છે.
માંડલિક : સં. પું. બસો યોજન ભૂમિનો સ્વામીરાજા
મંદારક : સં. પારિજાત, આકડો, ધતૂરો, સ્વર્ગ, હાથી

મંદારકર છંદોદભવ : છંદનું બાંધકામ.
મંદિર : સં. ન. મહાલય, રાજામહેલ, દેવમંદિર.

## ય

યક : સં. ત્રિ. જે (યતનું પ્રત્યન્ત રૂપ)
યક્ષ : સં. પું. કુબેરનો સેવક, એક મનુષ્યજાત
યક્ષરાજ : સં પું. કુબેર
યક્ષિણી : સં. સ્ત્રી. યક્ષની સ્ત્રી.
યક્ષી : સં. સ્ત્રી. યક્ષ સ્ત્રી.
યક્ષાધિપ : સં પું. કુબેર
યજ : પું. યજ્ઞ, પૂજા.
યતમ : સ. ન. નિગ્રહ કરેલું, વશ કરેલું, બાંધેલું.
યત : સં. ત્રિ. જે અ. જે માટે જેથી.
યતર : સં. ત્રિ. જે બેમાંથી એક બેમાંનું એક.
યત્રતત્ર : સં. અ. જયાં–ત્યાં.
યથાક્રમ : સં. અ. ક્રમ પ્રમાણે આનુપૂર્વી પ્રમાણે.
યથાયથ : સં. અ. યથાયથમ જેમનું તેમ, જેમ હોયતેમ
યથેચ્છ : સં. યથેચ્છમ્ અ. મરજી મુજબ ઇચ્છા પ્રમાણે
યદવધિ : સં. અ. જ્યાં સુધી.
યદા : સં. અ. જ્યારે
યદિ : સં. અ. જ્યારે.
યમ : સં. પું. મૃત્યુનો દેવ સૂર્યનો પુત્ર યમ, નિયમ, વ્રત, બંધન.
યમજૈન : સં. પું. જોડિયા ભાઈઓ.
યમધાર : સં. પું. બે ધારી તલવાર, બે બાજુ ધાર વાળું શસ્ત્ર.
યમલૌ : સં. પું. જોડિયા ભાઈઓ.
યમન : પું. યમદેવ (ન.) બંધન.
યમનિકા : સં. સ્ત્રી. તંબુની દિવાલનું વસ્ત્રી પડદો.
યમચુલીવેધ : વેધનો એક પ્રકાર.
યમત્રીથી : યમનો માર્ગ દક્ષિણ દિશા તરફનો માર્ગ.
યવ : સં. પું. જવ, ધાન્ય, યવની લંબાઇનું માપ.
યવન : સં. ત્રિ. યવન દેશનો રહેવાસી, યવનદેશ વિષે
યવદ્વીપ : સં. પું. તે નામે પ્રસિદ્ધ એક પૌરાણિક બેટ
યષ્ટિ : સં. સ્ત્રી. લાકડી, સોટી.
યજ્ઞકુંડ : સં. પું. હોમ માટેનો કુંડ.
યજ્ઞપુરુષ : સં. પું. યજ્ઞ દ્વારા જેને પૂજાય તે દેવ.
યજ્ઞોપવિત : સં. પું. યુજ્ઞ કરતાં ધારણ કરવાનું ઉપવસ્ત્ર, જનોઈ ઉપવીત.
યાન : સં. ન. વાહન, રથ, ગાડી, આદિ.
યાનકર : સં. પું. વાહન વેરો.
યાનપાત્ર : સં. ન. વહાણ નૌકા.
યામ્ય : સં. ત્રિ. યમ સંબંધી દક્ષિણ દિશાનું
યાવત : સં. અ. જેટલું જયાં જેટલામાં.
યુક્ત : સં. ત્રિ. જોડેલું, સંયોજિત, યોગ્ય.
યુગ : સં. પું. રથની ધૂંસરી, ધૂંસરી, સત્ય, ત્રેતા, દ્વાપર, કલિએ ચારયુગ જોડકું યુગલ.
યુગલ : સં. ન. જોડકું દ્વન્દ્વ, યુગ્મ.
યુગ્મ : સં. ન. જોડકું, યુગલ.
યુગ્મપરિઘ : સં. પું. બે લોહદંડ.
યૂપ : સં. પું. યજ્ઞમાં પશુ બાંધવાનો ખીલો.
યૂપદ્રુમ : સં. પું. યજ્ઞ માટેનો ખીલો બનાવવા માટે ઉપયોગી વૃક્ષ.
યુતક : સં. ન. યુગ્મ, જોડકુ, વસ્ત્રનો જોટો, સ્ત્રીના પાલવનો છેડો વિવાહમા મિત્રતા, આશ્રય, વિરામ આપેલો ભેટ, સૂપડાનો અગ્રભાગ ચરણનો અગ્ર ભાગ.
યોક્ત્ર : સં. ન. જોતરુ, ધૂંસરીએ બાંધવાની દોરી.
યોગ : સં. પું. જોડાણ, મેળાપ, સંધિ, સમય.
યોગ્ય : સં. ત્રિ. લાયક, હોંશિયાર, યોગ્ય.
યોગમુદ્રા : સં. ત્રિ. યોગ સાધનામાં વપરાતી હસ્તમુદ્રા
યોજન : સં. ન. ચાર ગાઉનું અંતર.
યોજના : સં. સ્ત્રી. જોડાણ, ગોઠવણી, નિમણૂંક.
યોનિ : સં.સ્ત્રી. ઉત્પત્તિ સ્થાન, સ્ત્રીનું ગુહ્યાંગ ખાણ
યૌવન : સં. ન. યુવાની.
યૌવન લક્ષણ : સં. ન. યુવાનીની નિશાની.
યંત્ર : સં. ન. યંત્ર, કળ.
યંત્રક : સં. ન. યંત્ર, કળ.
યંત્ર કર્મ કૃત : સં. ત્રિ. યંત્રકામ કરનાર મિકેનિક.
યંત્ર ભેદ : સં. પું. યંત્ર ભાંગી જવું યંત્રનો નાશ.

## ર

રક્ત : સં. પું. રાતો રંગ, આસક્ત થયેલું, કસુંબો, (ત્રિ) અનુરાગવાળું, હિંગળોક, લોહી,

રક્તધરા : સં. સ્ત્રી. લોહીની ધાર.
રક્તબીજ : સં. ત્રિ. રક્તમાંથી જન્મનારા, એકરાક્ષસ
રિક્તા : સં. સ્ત્રી. રિક્તા નામે તિથિ, ચોથ. નોમ, ચૌદશ એ ત્રણ તિથિઓ.
રજ્જુ : સં. સ્ત્રી. દોરી દોરડું.
રજત : સં. ન. ચાંદી રૂપું.
રતિ : સં. સ્ત્રી. આસક્તિ, પ્રીતિ, રમણ, કામદેવની પત્ની.
રત્નિ : સં. પું. મૂઠીવાળેલા હાથનું પ્રમાણ, માપ.
રત્નાકર : સં. પું : રત્નોની ખાણ, સમુદ્ર
રથ : સં. પું. : ઘોડો જોડેલું યાન, રથ, શરીર, નેતર, પગ.
રથપાય : સં. રથપાદ (પું) ચક્રવાક પક્ષી.
રથિકા : સં. સ્ત્રી. રથમાં યાત્રા કરનાર સ્ત્રી.
રથ્યા : સં. સ્ત્રી. શેરી, રથ જાય એવડો માર્ગ.
રથા : સં. શેરી.
રથોપસ્થ ; સં. પું. રથનો મધ્યભાગ, રથમાંથી બેઠક.
રદ : સં. પું. દાંત.
રમા : સં. સ્ત્રી. શોભા, લક્ષ્મી.
રવિલોહ : સં. ન. તાંબુ, કૃષ્ણલોહથી જુદું રક્તલોહ, રક્તાયસ.
રશ્મિ : સં. પું. કિરણ, આંખની પાંપણ, ઘોડાની લગામ, કમળ.
રસ : સં. સં પું. સ્વાદ, પુષ્પ ફળ આદિનો રસ, શરીરમાં અન્નજળ, આદિનું થતું પરિણામ, સાર, સત્વ ગોળ, નાટયરસ.
રસાયન : સં. ન. શરીરના રક્ત આદિ રસોનું ઉદ્ભવ સ્થાન રૂપ ઔષધ કે પદાર્થ, પારો આદિ ધાતુ કિમીયો પું. વાવડિંગ ગરુડ.
રહિત : સં. ત્રિ. વિનાનું સિવાયનું અભાવવાળું તજેલું, વર્જિત
રાજગૃહ : સં. ન. રાજાને રહેવાનું ઘર, રાજમહેલ.
રાજધાની : સં. સ્ત્રી. રાજા જ્યાં રહેતો હોય તે નગર.
રાજમાર્ગ : સં. પું. મુખ્ય રસ્તો, મોટો રસ્તો.
રાજસેવક : સં. પું. રાજાનો સેવક–રાજપુરૂષ, રાજ્યાધિકારી.
રાજપ્રસાદ : સં. પું. રાજાનો મહેલ.
રાજત : સં. ત્રિ. ચાંદીમાંથી બનેલું.
રાજદ્વાર : સં. ન. રાજ દરબાર, રાજ મહેલનો દરવાજો
રાઢા : સં. સ્ત્રી. સં. સ્ત્રી. રાઢ દેશની રાજધાની શોભા.
રામ : સં પું. દશરથ પુત્ર, જમદગ્નિ પુત્ર, વસુદેવ પુત્રરામ.
રાષ્ટ્ર : સં. ન. એક રાજ્યાધિકાર તળેનો દેશ, દેશ.
રાસભાનન–સં. ત્રિ. ગધેડા જેવા મુખ વાળું.
રાસભ : સં. પું. ગધેડું.
રાક્ષસ : સં. પું. રાક્ષસ જાતિનું
રિતિ : સં. સ્ત્રી. શૈલી, પ્રકાર, બળેલું લોઢું સોનાનો મેલ, પિત્તળ, રચના.
રિષ્ટિ : સં. સ્ત્રી. અમંગળ અશુભ (પું) તલવાર
રેખા : સં. સ્ત્રી. પંક્તિ, લીટી (૩૮) રુકમ–સં.ન. સોનું, નાગ કે સરવૃક્ષ ધંતૂરો, લોઢું.
રેત્ય : સં. ન. પિત્તળ.
રુક્ષ : સં. ત્રિ. ચિકાશ વિનાનું, લૂખું સ્નેહ વિનાનું.
રુપ્ય : સિ. ત્રિ. રૂપયુક્ત સુંદર, (ન) રૂપું, ચાંદી, ઉપમેય
રુચક : સં. ન. કાનનું આભૂષણ, સુવર્ણનું આભૂષણ.
રુધિર : સં.ન. લોહી, રક્ત, લાલરંગનું મંગળનો ગ્રહ.
રુદન : સં. રોદન : ન. રોવું તે.
રૂપ : સં. ન. સૌંદર્ય, આકાર, ઘાટ, રંગીન.
રુહક : સં. ન. છિદ્ર, કાણું, બાકોરુ.
ઋતુ : સં. પું. વસંત, વર્ષા આદિ સમય વિશેષ શિયાળો આદિ.
ઋષભ : સં.પું. ઉત્તમ, વૃષભ, ઋષભદેવ જૈન તીર્થંકર
રુદ્ર : સં. પું. શિવ, અગ્નિ, મોટો અવાજ કરતો વાયુ, સૂસવાતો પવન.
રૈવતક : સં. પું. તે નામનો સૌરાષ્ટ્રનો એક પર્વત, ગિરનાર.
રોદન : સં. ન. રોવું તે રુદન કરવું તે.
રોધત્ : સં. ત્રિ. રૂંધનાર, રોકનાર, અટકાવનાર.
રોધસ્ : સં. ન. કિનારો, તટ, કાંઠો.
રોપ : સં. પું. રોપવું તે બાણ, છિદ્ર
રોહણ : સં. પું. પારો, વીર્ય, ચંદનનું વૃક્ષ, ઉગવું પ્રગટ થવું.

રંગશાલા : સં. સ્ત્રી. નૃત્ય નાટય આદિ માટેનું ભવન નાટય ગૃહમાંનો એક ભાગ.

રંગભૂમિકા–સં. સ્ત્રી. નૃત્ય નાટય માટેની ભૂમિ, સ્ટેજ

રંડિકા : સં. સ્ત્રી. વંધ્યા સ્ત્રી; વિધવા, વંધ્ય વનસ્પતિ.

રંધ્ર : સં. ન. છિદ્ર, કાણું, પાતાલ.

## લ

લક : સં. ન. કપાળ, ભાલ પ્રદેશ.

લકુટ : સં. પું. લાકડી, મોટી સોટી, મુદ્દગર.

લકુલીશ : સં. પું. શિવનો એક અવતાર.

લઘુ : સં. ત્રિ, હલકું, નાનું, ત્વરિત, સ્ફૂર્તિવાળું, પચવામાં હલકું, (અ) જલદી, ત્વરિત રીતે.

લઘુતા : સં. સ્ત્રી. હલકાપણું, નાના હોવાપણું

લત્તા : સં. સ્ત્રી, વેલો, વેલ, નાની ડાળ, મોગરો, દૂર્વા.

લલાટ : સં. ન. ભાલ પ્રદેશ, કપાળ, મસ્તક

લલામ : સં. ત્રિ. અલંકારરૂપ, શોભાવે તેવું, મસ્તકનું આભૂષણ.

લલિતકલા : સં. સ્ત્રી. સૌંદર્યની અભિવ્યક્તિ, કરતી કલા નૃત્ય, ચિત્ર ગીત આદિ.

લાઘવ : સં. ન. ટૂંકાણ, હલકાપણું, સ્ફૂર્તિ, આરોગ્ય.

લાટ : સં. પું. તે નામનો દેશ, નર્મદાનો મુખ પ્રદેશ, વસ્તી, વસ્તીનો થાન તાકો–ચતુર પુરૂષ

લાલિત્ય : સં. ન. સૌંદર્ય, કમનીયતા.

લલિત : સં. ત્રિ. સુંદર, આકર્ષક, રમણીય.

લાસ : સં. પું. નૃત્ય, રાસ, રાબ, કાંજી.

લાસ્ય : સં. ન. કોમલ નૃત્ય, મધુર નૃત્વ, નૃત્ય, નૃત્ય ગીત.

લાંધન : સં. ન. હળ.

લંગૂલ : સં. ન. પૂંછડું, પૂછડી

લાંચ્છન : સં. ન. ચિહ્ન, દાગ, મેલ.

લિખ : સં. ત્રિ. લખનાર, લેખક, લહિયો. શિવજીની મૂર્તિ કે જે લંબગોળ આકારની હોય છે. અને અવયવો રહિત હોય છે.

લિંગ : સં. ન. ચિહ્ન, નિશાન, પ્રમાણ, પુરૂષનું ગુહ્યેન્દ્રિય.

લિંગપંચ સૂત્ર : સં. ન. તે નામે એક ગ્રન્થ.

લિંગમુખ : લિંગાકાર પ્રાસાદ

લિપ : સં. ક્રિ. લેપવું, ચોપડવું. દૂષિત કરવું.

લિપિ : સં. સ્ત્રી. મૂળાક્ષર, લેખન, લખાણ, દસ્તાવેજ.

લિપ્સા : સં સ્ત્રી. મેળવવાની ઈચ્છા, લોભ

લિલ્રાસન : સં. ન. સુખાસન, આરામ માટેનું આસન.

લિહા : સં. સ્ત્રી. ચાટણ.

લુંઠિકા : સં. સ્ત્રી. સદાચાર, સદ્‌વર્તન, સારો વહેવાર, ચોરી કરનાર સ્ત્રી. નોકરડી.

લુપ્ત : સં. ત્રિ. ખોવાયેલું, નાશ પામેલું, અદીઠ, ચોરેલું ધન, લૂંટ

લુમ્બિકા : સં. સ્ત્રી. તે નામનું એકવન.

લેખ્ય : સં. ન. લખવા યેગ્ય, ચિતરવા યોગ્ય, લેખ, દસ્તાવેજ

લેખિની : સં. સ્ત્રી. લખવાનું સાધન, લેખણ.

લેજિક : (लेसिक મહાવત)

લેષિક : સં. लेखक લહિયો, સં. लेसिक મહાવત

લેશ : સં. પું. ટુકડો, ભાગ, થોડુંક, કણ, લવ.

લોકપાલ : સં. પું. રાજા, પૃથ્વી આદિ લોકના પાલક દેવ, (ત્રિ.) લોકનું રક્ષણ કરનાર

લોકપૃણ : સં. ત્રિ. લોકમાં જગતમાં વ્યાપનાર, વિસ્તરનાર, જગતને આનંદ આપનાર.

લોપિત : સં. ત્રિ. ખોએલું, છુપાયેલું, અદશ્ય કરેલું.

લોમન : સં. ન. રુવાટું, શેત્ર.

લોહ : સં. પું. ન. લોઢું, કોઈ પણ ધાતુ, આયુધ, લોહી, બકરો, અગર, ચંદન.

લોહબંધ : સં. પું. ગાઢ બંધન, બેડી.

લોહકર : સં. પું. લુહાર, લોઢું ઘડનાર

લંઘન : સં. ન. ઓળંગવું, પાર કરવું તે, અનાદર કરવો તે,

લંબોદર : સં. ત્રિ. મોટા પેટવાળું, (પું.) ગણપતિ

લાંચ : સં. ન. લાંચ રૂશ્વત.

લંબ : સં. ત્રિ. લટકતું, લાંબુ, દીર્ઘ, (પું.) નટ, સીધી ઊભેલી રેખા લંબરેખા.

લંબક : સં. પું. લંબરેખા, સીધી ઊભી રેખા,

લંબમાન : સં. ત્રિ. લટકતું.

લક્ષ : સં. ન. ચિહ્‌ન, નિશાન, લાખની સંખ્યા, બાણ વગેરેનું લક્ષ્ય.

લક્ષણ : સં. ન. ચિહ્‌ન સ્વરૂપનું પ્રતિપાદન કરનાર, શબ્દ કે વાક્ય,

લક્ષ્ય : સં. ન. નિશાન લક્ષ્ય.

લક્ષ્મી : સં સ્ત્રી. વિષ્ણુની ભાર્યા, શોભા, કાન્તિ, હળદર.

વ

વક્ર : સં. ત્રિ. વાંકું, બાંકું, રમણીય.

વક્ત્ર : સં. ન. મુખ.

વક્ત્રાંત : સં. પું. મુખનો છેડો, મુખનો અંદરનો ભાગ, હોઠ.

વક્તવ્ય : સં. ત્રિ. કહેવા યોગ્ય, વર્ણવવા યોગ્ય, પ્રવચન.

વક્રતુંડ : સં. પું. ગણપતિ, વાંકી સૂંઢવાળા ગણપતિ

વક્રિન : સં. પું. વાંકું, વાંકામુખવાળુ, વિપરીત.

વજ્જીઓ પ્રદેશ : પું. વજ્જીઓનો દેશ, લિચ્છવી રાજ્યનો પ્રદેશ.

વજ્ર : સં. પું. ન. હીરો, ઈન્દ્રનું આયુધ, બાળક, ધોળું લોહું, કઠણ મજબૂત.

વજ્રક : સં. પું. હીરો.

વજ્રકીલ : સં. પું. વજ્રનો ખીલો, મજબૂત જડ.

વજ્રલેપ : સં. પું. દૃઢબંધન.

વટ : સં. પું વડવૃક્ષ, વડું, કોડી, ગોળો, મજબૂત દોરી.

વટી : સં. સ્ત્રી. ગોળી, દોરી, એક પ્રકારનું વૃક્ષ.

વટુક : સં. પું. બાળક, બ્રહ્મચારી, એક ભૈરવ.

વત્સે : વત્સા : વહાલી દિકરી, એ શબ્દનું સંબોધન.

વત્સદેશ : સં. પું. મધ્યદેશમાંનું એક રાજ્ય, સોળ નદીના તટનો પ્રદેશ.

વદ્‌ : સં. બોલવું.

વદન : સં. ન. મુખ.

વધૂ : સં. સ્ત્રી. વહુ, પત્ની, નવપરિણીતા, પુત્રની, પત્ની.

વધૂશયન : સં. ન. બારી, ગોખ જાળિયું.

વન : સં. ન. અરણ્ય, વૃક્ષ સમુદાયવાળો પ્રદેશ જળ.

વનમાલા : સં. સ્ત્રી. સર્વ ઋતુઓના પુષ્પોવાળી વચ્ચે વચ્ચે કદંબ ઢીંચણ સુધી લટકતી પાળ.

વનાયુ : સં. અરબસ્તાન આદિ દેશ.

વપુષ્મત : સં. ત્રિ. સુંદર શરીરવાળું, શરીરધારી મૂર્તિમાન સાક્ષાત.

વપુન : દેવ, વપિલ, પિતા.

વયુન : સં. ન. જ્ઞાન બુદ્ધિમતા પ્રત્યક્ષ જ્ઞાનની શક્તિ દેવમંદિર.

વયોરંગ : સં. ન. સીસું.

વર : સં. પું. ઉત્તમ, શ્રેષ્ઠ, પતિ

વરદ : સં. ત્રિ. ઈચ્છેલી વસ્તુ આપનાર, પ્રસન્ન.

વરણ : સં. ન. પસંદગી, નિયુક્તિ.

વરણપ્રિય : સં. ત્રિ. દેવોને પ્રિય, ઈન્દ્રને પ્રિય, વરૂણને પ્રિય.

વરુણ : સં. પું. પશ્ચિમ દિશાના દિક્‌પાલ દેવ જળના અધિપતિ દેવ.

વરટા : સં. સ્ત્રી મધમાખ.

વરાંગ : સં. ત્રિ. સુંદર અંગોવાળું.

વરાહ : સં પું. ભૂંડ, વિષ્ણુનો એક અવતાર.

વરુત્ર : સં. ન. ઉત્તરીય વસ્ત્ર, ખેસ આદિ ઉપવસ્ત્ર.

વરુથ : સં. ન. બખ્તર, વાલ, ચર્મ, નિવાસ.

વર્ગ : સં. પું. શ્રેણી, પ્રકાર, સમુહ, સમાજ.

વરડીકા : સં. સ્ત્રી. નાની વંડી.

વરંડા : સં. સ્ત્રી. વરંડો, ભીંત, વચલો ભાગ દ્વિપ.

વરેણ્ય : સં. ત્રિ. વરણીય, પસંદ કરવા યોગ્ય, સ્વીકાર યોગ્ય, શ્રેષ્ઠ સ્તુતિ કરવા યોગ્ય કેસર.

વરાહ : સં. વિષ્ણુનો અવતાર.

વર્કુટ : સં. પું. ખિલો, આગળો.

વર્ખં : સં. વર્જમ્ અ. વિના, સિવાય, (પું.) વર્જના ત્યાગ.

વર્ણન : સં. ન. ચિત્રણ, શબ્દોથી વર્ણવવું તે.

વર્ણસંકર : સં. ત્રિ. જુદા વર્ણના સ્ત્રી પુરૂષથી થયેલી સંતતિ.

વર્ણતૂલિકા : સં. સ્ત્રી. રંગ પૂરવાની પીંછી, ચિત્ર માટેની પીંછી.

વર્તન : સં. ન. આચરણ, ઉપાય, ધંધો, વર્તનાર.

વર્તક : સં. ત્રિ. વરતનાર, (ન.) લોઢું.
વાક્ય : સ. ન. આકાંક્ષા, યોગ્યતા, સનિધિ યુક્ત પેદાનો અર્થબોધક સમૂહ.
વર્તમાન : સં. ત્રિ. હાલ રહેલું, અસ્તિત્વવાળું જીવતું ચાલુ કાળનું.
વર્તની : સં. સ્ત્રી. માર્ગ.
વત્મેન : સં. ન. માર્ગ, રસ્તો.
વર્તુલ : ત્રિ. ગોળાકાર.
વર્ધકા : સં. સ્ત્રી. વાધણી, વર્ધની, હેડકી, હિક્કા.
વર્ધમાન : સં. ન. બખ્તર, કવચ (પું) ક્ષત્રિયના નામ છેડે આવતું વિશેષણ.
વર્ષત્ર : સં. ન. છત્ર, છત્રી.
વાગ્દેવી : સં. સ્ત્રી. વાણીની દેવી, સરસ્વતી.
વાગમય : સં. ન. વાણીનો વિકાર, સાહિત્ય.
વાચસ્પતિ : સં. પું. બૃહસ્પતિ, વાણી, વિદ્વતામાં નિપુણ, પુષ્ય નક્ષત્ર.
વાજિન : સં. પું. ઘોડો, બળવાન ધાન્યપૂર્ણ.
વાજીંત્ર : સં. વાદિત્ર ન. વાદ્ય, વીણા, વેણુ, મૃદંગ કાંસ્યાદિ વાદ્ય.
વાજિચ્છંદ : પ્રાસાદનો એક પ્રકાર.
વાટિકા : સ્ત્રી. વાડી, બગીચો.
વાતાયન : સં પું. ન. બારી, જાળિયું, ગોખ.
વાદન : સં. ન. વાદ્ય, વાદ્ય વગાડવું તે.
વાદ્ય : સં. ન. વિણા, મુરલી, કાંસ્ય, મૃદંગ વગેરે સંગીતમાં વગાડવા યોગ્ય વાજીંત્ર.
વામ : ત્રિ. ડાબું, (પું.) કામદેવ, મહાદેવ, એક તાંત્રિક સંપ્રદાય.
વામન : સં. ત્રિ. ઠીંગણું, નાનું, ઠૂંકું, દક્ષિણ દિશાનો દિગ્ગજ.
વાયવ્ય : સં. ત્રિ. વાયુ દેવતા અંગેનુ વાયુસંબંધી, વાયુનું
વાયુ : સં. પું. પવન, વાત, વાયુદેવ, શરીરમાની એક ધાતુ.
વાર : સં. પું. દિવસ, વારો, અનુક્રમ, મદિરા પાત્ર, પાણીનું પુર, પાણીનો જથ્થો.
વારિ : સં. ન. જળ પાણી.
વારિમધ્યાત : સં. પાણી વચ્ચેથી, પાણીમાંથી.
વારિરુહ : સં. ન. કમળ.
વારુણી : સં. સ્ત્રી. એક પ્રકારનું મદ્ય, મદિરા વરૂણ દેવની દિશા પશ્ચિમ.
વારંગ : સં. પું. તલવારની મૂઠ.
વાસ : સં. પું. રહેઠાણ મહોલ્લો.
વાસગૃહ : સં. ન. રહેવાનો ઓરડો, કક્ષા.
વાસ્તવ : સં. ન. યથાર્થ સાચુ, ખરૂ.
વાસ્તવ્ય : સં. ત્રિ. રહેનાર ,રહેવાસી.
વાસ્તુકર્મન : સં. ન. બાંધકામ.
વાસ્તુ : સં. ન. વસવાટ કરવાની જગ્યા, ઘર, મહેલ દેવાલય, આદિ, શાસ્ત્ર, વાસ્તુ, સંબંધી શાસ્ત્ર, એક દેવનું નામ'
વાસ્તુવિદ્યા : સં. સ્ત્રી. બાંધકામની વિદ્યા.
વાસ્તુદ્રવ્ય : સં. ન. બાંધકામમાં ઉપયોગી વસ્તુઓ.
વાસ્તુશાંતિ : સં. બાંધકામ પુરુ થયા પછીનું શાન્તિકર્મ.
વાહા : સં. સ્ત્રી. બાહુ ભુજ
વાહિસ્થ : સં પું. ભારવાહક યાન.
વાહિક : સં પું. ભાર ખેચનાર બળદ, ગાડુ.
વિકટ : સં. ત્રિ. ભયંકર, વિશાળ, વિકસેલું એક પ્રકારનું વૃક્ષ.
વિકલ : સં. ત્રિ. અસ્થિર, દુઃખી કળા વિનાનું.
વિકલ્પ : સંશય વિવિધકલ્પના એકને સ્થાને એવી કલ્પના
વિકલા : સં. સ્ત્રી. કળાનો છઠ્ઠો ભાગ. રજસ્વાલા સ્રી વિહ્વળ થયેલી સ્ત્રી.
વિકાર : સં. પું. રૂપાન્તર, ફેરફાર, બગાડ, આવેશ, લાગણી, ભાવ.
વિકીર્ણ : સં. સ્ત્રી વેરવું, પાથરવું અસ્તવસ્ત કરવું.
વિકૃતિ : સં. સ્ત્રી. વિકાર, ફેરફાર, રૂપાંન્તર.
વિકૂણિકા : સં. સ્ત્રી. નાક.
વિગ્રહ : સં. પું. શરીર, મૂર્તિ, યુદ્ધ, વિરોધ.
વિગ્રણ : સં. ત્રિ. નાસિકારહિત.
વિચ્છેદ : સં. પું. કાપવું તે જુદા કરવું તે, વિભાગ વિયોગ.
વિજય : સં પું. અર્જુનનું એક નામ, જય, જીત, જીતવું તે.

વિજયા : સં. સ્ત્રી. દુર્ગાદેવી ભાંગ, એક માતૃકા, હરડે
વિડમ્બ : સં. પું. અનુકરણ, વડંબના, સતામણી, ફજેતી.
વિત : સં. ત્રિ. જાણેલું, જાણીતું, પ્રસિદ્ધ, પ્રસિદ્ધિ.
વિતંડા : સં. સ્ત્રી. મિથ્યાવાદ, પક્ષનું મંડન કર્યા વિના જ પરપક્ષનું ખંડન કરવુ તે વ્યર્થ વિવાદ પરદોષનું વર્ણન, કણેરનું વૃક્ષ.
વિતાન : સં. પું. યજ્ઞ, અવસર, વિસ્તાર, આકાશ, ચંદરવો, છત, ઘુંમટો.
વિતાનક : સં. પું. ચંદરવો છત.
વિતતિ : સં. સ્ત્રી. વિસ્તાર, ફેલાવ, વિસ્તરવું તે.
વિતથ : સં. ત્રિ. ખોટું, મિથ્યા, અસત્ય.
વિતન–વિતનોતિ : વિસ્તારે છે, ફેલાવે છે.
વિદર્ભ : સં. પું. મધ્ય પ્રદેશમાંનો એક પ્રદેશ.
વિદર્ભી : સં. સ્ત્રી. વિદર્ભની રહેવાસી સ્ત્રી.
વિદારક : સં. ત્રિ. વિદારનાર, ફાડનાર, ચીરનાર, વિભાગ કરનાર, પાણીનો બંધ.
વિદિત : સં. ત્રિ. જાણેલું, પ્રખ્યાત, જાણીતું.
વિદિશા : સં. સ્ત્રી. દર્શાર્ણ પ્રદેશની રાજધાની હાલનું ભિલસા.
વિદેહદેશ : સં. પું. મગધ દેશની ઉત્તરે આવેલ એક દેશ.
વિદ્ર : સં ન છિદ્ર, કાણું.
વિદ્રુમ : સં. પું. પરવાળું, પરવાળુનું ઝાડ.
વિદ્યા : સં. સ્ત્રી. જ્ઞાન, શાસ્ત્ર, દુર્ગાદેવી, તંત્રશાસ્ત્રી
વિદ્યાધર : સં. પું. એક દેવયોનિ, વિદ્યા જાણનાર.
વિધા : સં. સ્ત્રી. પ્રકાર, ભેદ, વિધાન, કર્મ, કામ.
વિદ્યાદેવી : સં. સ્ત્રી. જ્ઞાનદેવી, સરસ્વતી.
વિદ્યાધરી : સં. સ્ત્રી. વિદ્યાધર સ્ત્રી.
વિદ્યુત : સં. વિજળી.
વિધન : સં. ત્રિ. નિર્ધન. ધનહીન
વિધાન સં. ન. વિધિ કરવું તે હાથીનો ખોરાક.
વિનસ : સં ત્રિ. નાક વગરનું.
વિના : સ. અ. સિવાય, વગર, વિના.
વીથિકા : સં. સ્ત્રી. ગલી, શેરી, પોળ, પંક્તિ, બજાર.
વીથિ : સં. સ્ત્રી. ગલી, શેરી, બજાર, નાનો માર્ગ, રસ્તો, શ્રેણી પંક્તિ, પોળ.
વીરભદ્ર : સં. પું. શિવનો એક ગણ, અશ્વમેધનો ઘોડો, સુંગધીવાળો.
વીરમુદ્રા : સં. સ્ત્રી વચલી આંગળીએ પહેરવાની વીંટી
વીરાસન : સં. ન બેસવાનો એક પ્રકાર, અઢેલ્યાવિના બેસવું તે.
વીર્ય : સં. ન. પરાક્રમ, શરીરની સર્વશ્રેષ્ઠ ધાતુ બળ, તેજ, પ્રભાવ,
વીશ : સં. પું. પક્ષિઓનો રાજા, ગરુડ,
વીક્ષણ : સં. ન. દૃષ્ટિ નજર આંખ
વૃત : સં. ત્રિ પસંદ કરેલુ, સ્વીકારેલું, વરેલું, નિમેલું, યોજેલું થએલું.
વૃત : સં. ત્રિ. થયેલું વર્તેલું ગોળાકાર ઢાંકેલું (ન.) છંદ, વૃતાન્ત ઇતિહાસ સદ્‌વર્તન.
વૃણાતિ : સં. ક્રિ. વિવરણ કરે છે. સ્પષ્ટ કરે છે. ખુલ્લુ કરે છે.
વૃથા : સં. અ. નિરર્થક, નકામું.
વૃશ્ચન : સં. ન. કાપવું, છેદવું, છેદન, કર્તન,
વૃશ્ચિક : સં. પું. વીંછી, એક પ્રકારનું ડંખ મારનાર જંતુ, કરચલો, વીંછીનું વૃક્ષ.
વૃષ : સં. પું. વૃષભ, આખલો
વૃષ દેવતા : સં. ત્રિ. વૃષભને દેવ માનનાર વૃષભ જેનો દેવ છે તેવુ.
વૃષધ્વજ : સં. પું. શિવ.
વૃષભ : સં. પું. આખલો.
વૃક્ષવેધ : વૃક્ષને લાંધે આવતો વેધ.
વૃક્ષાદન સં. પું કુહાડી ચારોળીનું વૃક્ષ
વેણુ : સં. પું. વાંસની વાંસળી
વેતાલ : સં. પું. એ નામે શિવનો એક ગણ વેતાલ નામે ભૈરવ.
વેત્રધર : સં. પું. કંચુકી, અન્તપુરનો વડો, નેતરની આંટી ધારણ કરનાર.
વેત્રયષ્ટિકા : સં. સ્ત્રી. નેતરની પેટી
વેત્રિન : સં. ત્રિ. નેતરની સોટી ધારણ કરનાર.
વેદ : સં. પું. જ્ઞાન, ઋગ્વેદ આદિ વેદ

વેદાંત : સં. પું. વેદના અંત ભાગરૂપ ઉપનિષદમાં રહેલું જ્ઞાન

વેદિકા : સં. સ્ત્રી. નાની ઓટલી, હોમ માટેનું સ્થંડિલ.

વેધ : સં. પું. વીંધવું છેદ કરવો ઊંડાઈ ઊંડાણનું માપ

વિભૂતિ : સં. સ્ત્રી. ભસ્મ ઐશ્વર્ય સમૃદ્ધિ

વિભૂષા : સં. સ્ત્રી. સુશોભન, શોભા કરવી ને અલંકાર પહેરવો અલંકૃત કરવું, અલંકાર, આભૂષણ.

વિભ્રમ : સં. પું. ભ્રાન્તિ, સ્ત્રીની શૃંગારિકા ચેષ્ટા

વિભ્રમવેધ : સં. પું. ઉતાવળમાં કરેલું અવલોકન,

વિમાન : સં. પું ન. આકાશગામી વાહન, ઘણા મજલાવાળું મહાલય, દેવાલય (ત્રિ) માનરહિત, અપમાન (પું) ઘોડો.

વિમુખ : સં. ત્રિ. વિરૂદ્ધ દિશામાં મુખવાળું, ઉદાસીન વિરોધી.

વિરંચી : સં. પું. બ્રહ્મા

વસ્ત્ર : સં. ન. કપડું પરિધાન

વિરૂપાક્ષ : સં. પું. ત્રણ આંખવાળા શિવ

વિરોચન સં. પું. સૂર્ય, બલિરાજાનો પુત્ર, અગ્નિ, કપુર, ચિત્રાનુંવૃક્ષ, શેહિડાનું વૃક્ષ, પિલુડાનું વૃક્ષ

વિરાટ્ : સં. પું. **વિરાજ** : ક્ષત્રિય, બ્રહ્મનું બૃહન સ્વરૂપ, વિશેષ શોભતું.

વિરક્ત : સં. ત્રિ. વિરાગ પામેલું જેની આસક્તિ જતી રહી છે. તેવું.

વિલ : સં. ન. બિલ, છિદ્ર, કાણું, ખાડો, અંધારો પ્રદેશ.

વિલાસ : સં. પું. સ્ત્રીની મનોહર ચેષ્ટા, કાન્તિ, શોભા, મોજ શોખ

વિલુપ સં. પું. (**વિલોપ**) સંપૂર્ણલોપ, વિનાશ.

વિનિમેષ : સં. પું. આંખ ઉઘાડવા મીંચવાનો વ્યાપાર, તેટલો સમય

વિનિમય : સં. પું. બદલો કરવો. વસ્તુ સાટે વસ્તુ લેવી

વિનિયોગ : સં. પું. કાર્યમાં જોડવું તે પ્રવૃત્ત કરવું જોડવું અનુક્રમે કરવું.

વિપક્ષ : સં. ત્રિ. વિરુદ્ધ પક્ષે રહેલું શત્રુ. (પું) વિરૂદ્ધ પક્ષ.

વિપથ : સં. પું. ઉલટો માર્ગ, કુમાર્ગ, ખોટો રસ્તો

વિપત્તિ : સં. સ્ત્રી. આપત્તિ, સંકટ, વિપદા.

વિપંચિકા : સં. સ્ત્રી. વિણા.

વિપુલ : સં. ત્રિ. પુષ્કળ, પર્યાપ્ત, ઘણું.

વિપાશ : સં. ત્રિ. વિપાશા, બિયાસ કે વ્યાસનામની પંજાબની નદી.

વિભા : સં. સ્ત્રી. તેજ, પ્રભા, શોભા, કાન્તિ.

વિબંધ : સં. પું. કબજીયાતનો રોગ.

વિબુધાગાર : સં. ન. દેવાલય, દેવસ્થાન

વિભાગ : સં. પું. નાનો ભાગ, ભાગનો ભાગ, ટુકડો

વિભક્તિ : સં. સ્ત્રી. વિભાગ કરવાની ક્રિયા વિભાગ ભેદ, નામને લખાતો કારકાર્થ સૂચક પ્રત્યય.

વિભદ્ર : સં. પું. સુંદર, કલ્યાણકારક, મંગલકારી, દેવાલય.

વિભુ : સં. પું. : વ્યાપક, પરમાત્મા, ઈશ્વર, રાજા સમર્થ.

વિભૂ

વિલેખ્ય : સં. ન. ખોદી કાઢવા યોગ્ય, ભૂસી નાંખવા યોગ્ય.

વિલંબિન : સં. ત્રિ. લટકતું, આધાર રહિત.

વિલિખ : સં. ક્રિ. ખોદવું, ભૂસવું, કાઢી નાંખવું.

વિલોકન : સં. ન. ધ્યાનથી જોવું, ચોમેર જોવું જોવું. દષ્ટિ, નજર, આંખ

વિલોકિત : સં. ન. નજર, દષ્ટિ.

વિલોચન : સં. ન. સુંદર લોચન, સુંદર આંખ, મોટી આંખ

વિવધ : સં. પું. ભારવાહી પશુ, રસ્તો, માર્ગ, ભાર, ઘડો.

વિવર : સં. પું. છિદ્ર, ભોંયરૂ, ગુફા.

વિવર્ત : સં. પું. પાણીમાં થતી ભમરી, કેન્દ્રગામી વર્તુળ ગતિ

વિવસ્તિ : સં. સ્ત્રી. દેશનિકાલ, વિવાસન, નિષ્કાસન.

વિશાલ : સં. ત્રિ. : વિસ્તારવાળું, મોટુ, વિસ્તૃત

વિશારદ : સં. ત્રિ. વિદ્વાન, જ્ઞાની, પ્રગલ્ભ, પંડિત

વિશિર્ણ : સં. ત્રિ. જીર્ણ થઈ ગળી પડેલું, નષ્ટ થયેલુ, ખરી પડેલુ. ધ્વસ્ત

વિશિખ : સં. ત્રિ. શિખા વગરનું, બોડુ, કાપેલા મસ્તકવાળુ, બાણ.

વિશિખા : સં. સ્ત્રી, શેરી, પોળ, કોદાળી, પાવડો, દરદીનો ઓરડો.

વિશિપ : સં. ન. દેવાલય, મંદિર.

વિશ્વકર્મન : સં. પું. સૂર્ય, દેવોનો રથકાર દેવ, પરમેશ્વર, સુથાર, કારીગર.

વિશ્વાવસુ : સં. પું. તે નામે એક ગંધર્વ (ત્રિ) સર્વ પ્રકારના ઉત્તમ સાધનનો સ્વામી

વિષમ : સં. ત્રિ. : સમતળ ન હોય તેવું દુર્ગમ.

વિષમપદ : સં. ત્રિ. એકી ચરણવાળુ છંદ ગાયત્રી વગેરે.

વિષમ સ્તંભવેધ એક સંખ્યાના સ્તંભોને લીધે આવતો વેધ દોષ.

વિષ્ઘાતિન : સં. ત્રિ : વિષને રોકનાર ઔષધ.

વિષાણ : સં. ન. શિંગડું, શૃંગ, અણી છેડો

વિષ્ણુ : સં. પુ. જગતના પોષક ત્રિમૂર્તિમાના એક દેવ.

વિષ્કંભ : સં. પું. તે નામનો પંચાગનો એક યોગ, વિસ્તાર, પ્રતિબિંબ, નાટ્યમાં વસ્તુ સૂચનનો એક પ્રકાર, રોકનાર, ખીલો.

વિષય : સં. પું. રૂપ રસ આદિ ઈન્દ્રીય વિષય, દેશ. ઉપભોગ યોગ્ય વસ્તુ જ્ઞાનનો આધારરૂપ વસ્તુ, પદાર્થ.

વિષ્ટર : સં. પું. અર્ધ્ય પૂજન વખત આપવામાં આવતા દર્ભ, બિસ્તરો, વીંટો

વિસર : સં. પું. પ્રસારક, ફેલાવો

વિસર્જન : સં. ન. સર્જનનો નાશ. વિનાશ પ્રલય

વિસંવાદિન : સં. વિરોધી, સમાન ન હોય તેવું;

વિસ્તીર્ણ : સં. ત્રિ. ફેલાયેલુ. વિસ્તરેલું.

વિસ્તૃત : સં. ત્રિ. : વિસ્તરેલુ,

વિસર્પ : સં. પું. રોગચાળો, ફેલાઈ જનારરોગ, ફેલાઈ જનાર, ચાલનાર

વિષ્ટર : આસન

વિહાર : સં. પું. ભ્રમણ આનંદ

વિક્ષેપ : સં. પું. ફેકવું, ઉચે નાંખવું, દૂર કરવું, ત્યાગ કરવો, વિધ્ન, ત્યાગ

વીણા : સં. સ્ત્રી. એક પ્રકારનું તંતુવાદ્ય, તંબૂર, સિતાર વગેરે.

વીતરાગ ; સં. ત્રિ. રાગ રહિત, આસક્તિ રહિત,

વેશ્ર : સં. પું. વેશ્યા, ગણિકા, વેશ્યાવાડો,

વેશ્ય વેશન : પ્રાસાદમાં પ્રવેશ દ્વાર પછી આવતી ડાબાજમણી બેઠકો.

વેશ્મન : સં. ન. ઘર, નિવાસ

વેષ : સં. પું : વસ્ત્ર પરિધાન, પાત્ર ભજવવું તે

વેષ્ટ : સં. પું. વેષ્ટન પાઘડી વિંટાળવું તે

વૈખાનસ : સં. બ્રહ્મચારી, વાનપ્રસ્થ, બ્રહ્મચર્ય, વાનપ્રસ્થવ્રત. તપસ્વી, તપસ્યા.

વૈજયંતી : સં. સ્ત્રી. ધજા, પતાકા, શ્રીકૃષ્ણે પહેરેલી વનમાલા.

વૈજ્ય : (વૈજ્ઞયિ) પુ. એક ચક્રવર્તી રાજા)

વૈતાલ : સં. પું. વેતાલ એક ભૈરવ, ભૂતના આવેશ-વાળું એક છંદ

વૈનતેય : સં. પું. વિનતાનો પુત્ર, અરુણ, ગરુડ

વૈરાટ : સં. ત્રિ વિરાટ અંગેનું, વિરાટનો પુત્ર, ઈન્દ્રગોપ કીડો.

વૈરુપ્ય : સં. ન. કુરૂપતા, કદરૂપાપણું, ભિન્ન સ્વરૂપ હોવુ તે.

વૈવસ્વત : સં. પું. વિવસ્વાનનો પુત્ર, તે કુળનું સંતાન,

વૈશ્રવણ : સં. પું. કુબેર.

વૈશાલી : સં. સ્ત્રી તે નામે લિચ્છવિ પ્રદેશની રાજધાની

વૈશ્વાનરી : સં. સ્ત્રી. અગ્નિ વિદ્યા

વંગ : સં. પું. ગતિ, ઝડપ, અસ્થિરતા.

વંગજ : સં. ત્રિ. બંગાળ દેશમાં ઉત્પન્ન થયેલુ.

વંટ : સં. પું. વાંઢો, અવિવાહિત, દાતરડાનો હાથો

વંટાલ : સં. પું. वण्डाल : વહાણનું સુકાન, પાવડો, યુદ્ધ

વંજુલ : સં. પું. નેતર, વેશ, અશોક વૃક્ષ, સ્થળ કમલ,

વંદના : સં સ્ત્રી. જ્ઞાન; પીડા દુઃખ

વંદી : સં. સ્ત્રી નાનો ઓટલો, અગ્નિ રાખવાની ઓટલી.

વૃંદ : સં. ન સમુદાય, સમૂહ, ટોળું
વંશ : સં. પું. વાંસ કુળ, ગોત્ર.
વંશી : સં. સ્ત્રી વાંસળી.
વંશ છાધ : સં. ત્રિ કપડાંથી ઢંકાઈ તેવું
વ્યક્ત : સં. ત્રિ. સ્પષ્ટ, દેખીતું, દેખાય તેવું.
વ્યગ્ર : વ્યાકુળ, અસ્થિર, આસક્ત એકાગ્ર
વ્યંગ : સં. ત્રિ વિકલાંગ, ખોડવાળું
વ્યય : સં. પું. વપરાશ, ખરચ, વાપરવું ખર્ચ કરવું તે
વ્યાધાન : સં. પું. વિન્ધ અંતરાય, પ્રતિબિંબ, પ્રહાર તે નામે અલંકાર
વ્યન્તર : સં. ન. મનુષ્ય યોનિમાંથી નીકળી ગયેલું, વંતરૂ.
વ્યાઘ્ર : સં. પું. વાઘ, લાલ એરંડો, ચિત્રાનું વૃક્ષ
વ્યક્ત : સં. ત્રિ. ગ્રહણ કરેલું, પકડેલું છોડેલું ફાડેલું
વ્યાપ : સં. ક્રિ. ફેલાવું, વિસ્તરવું.
વ્યાપ્તે : સં. ત્રિ. ફેલાએલું, વિસ્તરેલું
વ્યામ : સં. પું. .પહોળાં કરેલા બે હાથ જેટલું અંતર, વાંભ.
વ્યાલ : સં. પું. સૂર્ય, દુષ્ટ હાથી હિંસી પ્રાણી.
વ્યાસ : સં. પું. વર્તુળને દુભાગતી રેખા સમાસનું વિગ્રહ વાક્ય વેદની વિશેષ વ્યવસ્થા કરનાર કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ
વ્યાસપીઠ : સં, ન. કથાકાર કે પ્રવચન કારનું આસન મંચ.
વ્યોમન : સં. ન. આકાશ.
વ્યોમ મંડળ : સં. ન. સમગ્ર આકાશ. ચોફેર આકાશ
વ્યોમયાન : સં. ન. આકાશ માર્ગે જનાર વાહન, વિમાન
શકટ : સં. પું. ન. ગાડું, રથ, વજનનું એક મોટું માપ
શકટાકાર : સ,. ત્રિ. ગાડાના જેવા આકારનું
શકટિકા : સં. ત્રિ. નાનું ગાડું, ગાડલી, ગાડી.
શક : સં. પું. ઈન્દ્ર કુરજવૃક્ષ, ઘુવડ
શકલ : સં. પું. ન. ટુકડો, ભાગ અવયવ, વૃક્ષની છાલ, તજ.
શક્તિ : સં. સ્ત્રી. સામર્થ્ય શબ્દની અર્થ બોધક વૃત્તિ, એક જાતનું શસ્ત્રી, દેવી, રાજાની પ્રભુ મંત્ર ઉત્સાહ એ શક્તિ.
શકુન : સં. પું. પક્ષી, ગીધ પક્ષી (ન.) શુભા શુભ સૂચક નિમિત્ત
શતકોટી : સં. પું. સો અણીવાળુ ઈન્દ્રનું વજ્ર એકસો કરોડની સંખ્યા.
શતઘ્ની : સં. સ્ત્રી. સેંકડો માણસોને મારી શકે તેવું તોપ જેવું કે બોંબ જેવું આયુધ.
શતધા : સં. અ. સેંકડો પ્રકારે, સેંકડો ટુકડામાં.
શનૈસ : સં. અ. ધીમે, હળવે.
શબ્દ : સં. પું. ધ્વનિ, આર્થક વર્ણ સમૂહ, સંજ્ઞા, નામ
શમ : સં. ક્રિ. શાની થાય છે, ઠરી જાય છે. ઓલવાય છે.
શમી : સં. સ્ત્રી. ખિજડાનું વૃક્ષ.
શમ્યા : સં. સ્ત્રી. રથ વગેરેની ધૂંસરીનો ખીલો, એક યજ્ઞપાત્ર
શ્મશ્રુક્ષા : સં. સ્ત્રી. દાઢી, મૂછ.
શ્મશ્રુ : સં. ન. પુરૂષની દાઢી મૂછ, કૂળી, શીંગ.
શય : સં. પું. શય્યા, પથારી, પલંગ, નિદ્રા હાથ, અર્પ,
શયન : સં. ન. પથારી, નિદ્રા, શય્યા, મૈથુન.
શયનીય : સં. ત્રિ. સુવાયોગ્ય, (ન.) પથારી, શય્યા
શયનીયક : સં. ન. પથારી.
શય્યા : સં. સ્ત્રી. પથારી, પલંગ, ખાટલો, ગૂંથણકામ.
શ્યામ : સં. સ્ત્રી. કાળું, ગાઢું, લીલું, (પુ.) સામાનું ધાન્ય, શ્યામ કે લીલારંગનું મેઘ, કોયલ.
શર : સં. ન. બાણ, બંસનું ઘાસ, મલાઈ, હિંસા.
શરજન્મન : સં. પું. કાર્તિકેય.
શરાસન : સં. ન. ધનુષ.
શરાવ : સં. પું. માટીનું કોડિયું, માટીનું રામપાતર સરાવલું, બે કુડવનું માપ.
શરાસન : સં. ન. બાણ ફેંકવાનું યંત્ર, ધનુષ
શરાવાપ : સં. પું. બાણ પહોંચે તેટલું અંતર, બાણ ફેંકવું તે.
શર્કરા : સં. સ્ત્રી. પથ્થરની કણીવાળી રેતી, સાકર સાકરનો રોગ.
શરુ : સં. પું. બાણ, વજ્ર કોઈપણ આયુધ, ક્રોધ.

શર્કરાલ : સં. ત્રિ. રેતાળ.

શલ : સં. ન. શેળાનો કાંટો, ભાલો, ઊંટ, બ્રહ્મા.

શલાકા : સં. સ્ત્રી. સળી, બાણ, ચિતરવાની પીંછી, વૈદ્યનું એક સળી જેવું શસ્ત્ર

શલિલાના : પાણી અંદર

શલ્ય : ન. જમીનની અંદર રહેલાં હાડકાં, રાખ, આદિ પદાર્થો જે વસવાટ કરનારને હાનિકારક મનાય છે. કાંટો.

શ્લથ : સં. ત્રિ. ઢીલું શિથિલ.

શ્વભ્ર : સં. ન. આકાશ, પોલાણ, રિક્તતા

શશક સં. પું. સસલો.

શસ્ત : સં. ત્રિ. પ્રશંસા યોગ્ય, સ્વીકાર્ય

શસ્ત્ર : સં. ન. પ્રહાર કરી શકાય એવું આયુધ.

શાકિની : સં. સ્ત્રી. દુર્ગાદેવીની એક સહચરી દેવી, શાક થવા યોગ્ય ભૂમિ.

શાકંભરી : સં. ન. દુર્ગાદેવી તે નામનું એક પ્રાચીન નગર.

શાખા : સં સ્ત્રી. વૃક્ષની ડાળી, મુખ્ય જાતનો ઉપ વિભાગ.

શાખા રથ્યા : સં. સ્ત્રી. મુખ્ય શેરીની નાની શેરી, મોટી પોળમાંની નાની શેરી.

શાન : સં. પું. સરાણ, કસોટીનો પત્થર મણિનો પહેલ પાડવાનું યંત્ર, કરવત, ચારમાસા બરોબર એક વજન માપ.

શાર્ઙ્ગ : સં. ન. વિષ્ણુનું ધનુષ.

શારદા : સં. સ્ત્રી. વિદ્યાની દેવી સરસ્વતી, દુર્ગાદેવી, શરદૃઋતુમાં થનાર

શાર્કર : સં. ત્રિ. રેતાળ પ્રદેશ, શેરડી થતો હોય પ્રદેશ (પું) શેરડીમાંથી બનેલું, દૂધનું ફીણ.

શાલા : સં. સ્ત્રી. ઘણા ઓરડાવાળુ ઘર, ઓરડો.

શાલ્વ : સં. પું. શાલ્વદેશ, સિંધ દેશનો એકભાગ, તે દેશનો નિવાસી, ત્યાંનો રાજા.

શાલ ભંજિકા : સં. સ્ત્રી. લાંકડાની પૂતળી વેશ્યા.

શાશ્વતજીન : તીર્થ કરોની ગણના એક ભેદ

શાસક : સં. ત્રિ. શાસન કરનાર, રાજ્ય કરનાર, ઉપદેશ કરનાર નિયમન કરનાર.

શાલાર : સં. ન. નિસરણી, દાદર

શ્લાઘા : સં. સ્ત્રી. પ્રશંસા, લખાણ, યશ

શિખર : સં. ન. પર્વતની ટોચ, છેડો, અણી, વૃક્ષની ટોચ.

શિખી : સં. શિખિન્ પું. મોર, અગ્નિ, કુકડો, બાણ, પર્વત, બળદ

શિખંડિન્ : સં. ત્રિ. પુ. મોર, દ્રુપદનો એક પુત્ર, મોરપિચ્છ, કુકડો, બાણ.

શિબિકા : સં. સ્ત્રી. પાલખી, મેનો.

શિતોપમા : સં. સ્ત્રી. ધોળી સાકર જેવી.

શિબિર : સં. ન. છાવણી કામ ચલાઉ કરેલો નિવાસ છાવણીના તંબૂ.

શિર : સં. ન. મસ્તક, માથું શય્યા અજગર, પીપરી મૂળ

શિરસ્ : સં. ન. મસ્તક, ટોચ, શિખર, મુખ્ય, પ્રધાન.

શિરિ : સં. ત્રિ. હિંસક, (પું) તલવાર, બાણ, પતંગિયું.

શિરોધરા : સં. સ્ત્રી, ગરદન, ગ્રીવા, ડોક.

શિરો વેષ્ટર : સં. ન. પાઘડી, ફેંટો.

શિલા : સં. સ્ત્રી. પત્થર, ખડક, સપાટ, પત્થર, મન : શિલ, ઊંબરો, સ્તંભની ટોચ, મસ્તક.

શિલાંજ : સં. ન. શિલાજિત, શિણરસ, લોઢું.

શિલાટક : સં. પું. ઘરની અગાશી રાફડો, દર.

શિલાચ્છાદ્ય : સં. ત્રિ. પત્થરથી ઢાંકી શકાય તેવું.

શિલાન્યાસ : સં. પું. નવાઆલય, મકાનના પાયામાં સર્વ પ્રથમ પત્થર કે ઈંટ, વિધિપૂર્વક ચણવી મૂકવી તે.

શિલારોપણ : સં. ન. ઉપરનો અર્થ.

શિલાપટ્ટ : સં. ન. પાટ જેવી શિલા.

શિલાવેશ્મન : સં. ન. પત્થરનું મકાન, પર્વતની ગુફા.

શિલી : સં, સ્ત્રી, ઉંબરાનું વૃક્ષ, છત્રાક પુષ્પ, સ્તંભની ટોચ, દેડકી.

શિલીમુખ : સં. ત્રિ. જડ, (પું.) બાણ, ભ્રમર, યુદ્ધ.

શિલ્પ : સં. ન. કારીગરી, કળા.

શિલોચ્ચય : સં. પું. પત્થરનો ઢગલો, પર્વત.

શિલ્પકાર : સં. પું. કારીગર, મૂર્તિકાર ચિત્રકાર, કાષ્ટકાર.
શિલ્પકારક : સં. પું. કારીગર.
શિલ્પયંત્ર : સં. ન. શિલ્પકાર્યમાં ઉપયુક્ત યંત્ર.
શિલ્પ શાલા : સં. સ્ત્રી, કારીગરી કામ કરવાનું સ્થાન, કોઢ, સ્ટુડિયો.
શિલ્પન : સં. પું. કારીગર, કારીગરી.
શ્લિષ્ટિ : સં. સ્ત્રી, આલિંગન, ભેટવું તે, ચોંટી જવું તે.
શિવનાદાદિ : પું શિવનાદ.
શિવિકા : સં. સ્ત્રી, પાલખી, મેનો.
શિવાલય : સં. ન. શિવપ્રધાન દેવ હોય તેવું દેવાલય.
શિશુપાલ : સં. પું. એક પ્રાચીન ચેદી.
શિષ્ટ : સં. ત્રિ. સજ્જન, શિક્ષિત, કેળવાયેલું જ્ઞાની.
શ્રી. : સં. સ્ત્રી, લક્ષ્મી શોભા.
શ્રીકંઠેશ્વર : સં. પું. શિવ, મહાદેવ.
શીત : સં.ત્રિ, ઠંડુ, કપૂર, શિયાળો, આળસુ.
શ્રીધરી : સં. સ્ત્રી, શ્રીધરે રચેલી, ટીકા આદિ.
શ્રીધર : સં. પું. વિષ્ણુ.
શ્રી.પૂજ્ય : સં. પું. લક્ષ્મીએ પૂજવા યોગ્ય, લક્ષ્મીના પતિ.
શ્રી મુખ : સં. પું. સાઠ સંવત્સરોમાંનો એક.
શીર્ણ : સં. ત્રિ. ગળી પડેલું, જીર્ણ થએલું, ઘસાઈગએલું જળ.
શીર્ષ : સં. નં. મસ્તક, માથું.
શીર્ષક : સં. ન. મસ્તક, મથાળુ, પાઘડી, ફેંટો, ફેંસલો, મસ્તકનું હાડકું.
શ્રીવત્સ : સં. પું. વિષ્ણુના વક્ષસ્થળમાં રહેલું ધોળી રુંવાટીનું ચક્ર.
શુક : સં. પું. પોપટ, વેદવ્યાસનો પુત્ર વસ્ત્રનો છેડો, શિરીષવૃક્ષ.
શુકનાસ : પોપટની ચાંચ જેવા વક્ર નાસાગ્ર વાળું.
શુક-શુકી : સં. પું. પોપટ-પોપટી.
શુચિ : સં. ત્રિ. શુદ્ધ, પવિત્ર, ધવલ, સ્વચ્છ.
શુદ્ધ : સં. ત્રિ. શોધેલું, ચોકખું, પવિત્ર.
શુભ : સં. ત્રિ. સારુ, મંગળકારક, મંગલ, કલ્યાણ, શુભકારક, સમય વિશેષ,
શુભ્ર : સં. ત્રિ. ધોળુ' સ્વચ્છ, પવિત્ર, તેજસ્વી.
શ્રવણ : સં. ન. સાંભળવું તે. (પું) તે નામે એક મુનિકુમાર.
શ્રુતિ : સં. સ્ત્રી, વેદ, જ્ઞાન, શ્રવણથી થતું જ્ઞાન, શ્રવણથી થતું જ્ઞાન. રાગનો સ્વર, શ્રવણ.
શુલ્વ : સં, ન. આપવાનું સૂત્ર, દોરી, તાંણુ, વેદીબનાવવાનો વિધિ, ધર્મ.
શ્રુવ : સં. પું. શરનમિ, યજ્ઞપાત્ર, યજ્ઞ.
શુષ્ક : સં. ત્રિ. સુકાએલું.
શુષી : સં. શુષિ સ્ત્રી, પત્થર, રાફડો, છિદ્ર.
શૂકર : સં. પું.-ભૂંડ.
શૂલ : સં. પું' ન. ભાલો, ત્રિશૂલ, શૂળી, પીડા, માંસ શેકવાનો સળિયો.
શેખર : સં. પું. શિખા શિખા, અગ્રભાગ, ચોટલી, મસ્તકે ધારણકરેલી માળા, કુલકે મોતી ચાંદીનો તોરો, એક આભૂષણ.
શ્રેણી : સં. સ્ત્રી. પંક્તિ, હાર.
શ્રેણીભંગ : સં. પું. પંક્તિ તોડવી તે.
શ્વેત : સં. ત્રિ. ધવલ, ધોળું, ઉજવળ.
શૈલ ભિત્તિ : સં. સ્ત્રી, પથ્થર કોતરવાનું ટાંકણું.
શૈલ : સં. પું. શિલાઓનો સમૂહ, પર્વત, ખડક.
શૈલેય : સં. ન. પત્થરમાંથી થતુ. શિલાજીત, એક સુગંધી દ્રવ્ય, શિલાસંબંધી.
શોષ : સં. પું. સુકાવું તે, સુકવવું તે, ક્ષયરોગ, દુબળાપણું, કુશતા.
શ્રૌત : સં. ત્રિ. વેદોક્ત શાસ્ત્રોક્ત વેદવિહિત, ધર્મકર્મ.
શ્રૌત : સં. શ્રોતસ્ : ન. પાણીનો પ્રવાહ પાણી, કર્ણેન્દ્રિય.
શંકર : સં. ત્રિ. કલ્યાણકર પું. શિવ.
શંકુ : સં. પું. ખિલો, થાય, મેલ, છાયા માપવાનો લાકડાનો ખીલો, સાગનું વૃક્ષ.
શંકુતરુ સં. પું. સાગનું વૃક્ષ.
શંખ : સં. પું. એક જળજંતુનું ઘર, શંખ, કુબેરનો એક નિધિ, કપાળનું હાડકું.

શંખપાલ : સં. પું. સર્પ એક નાગ, આકડો.
શંખોદ્ધાર : સં. પું. શંખ નામે રાક્ષસનો જ્યાં ઉદ્ધાર થયો તે દ્વારકા પાસેનો એક દ્વિપ.
શૃંખલા : સં. સ્ત્રી સાંકળ, બેડી, પંક્તિ, હાર, કંદોરો, કટિમેખલા.
શૃંગ : સં. ન. શિંગડું, ટોચ, શિખર, અણી.
શૃંગાટક : સં. પું, ચાર રસ્તા મળે તે ચોક, શિંગોડાનો વેલો, શિંગોડું.
શૃધ્રુ : સં. પું. બુદ્ધિ, ગુદા, નિંદ્ય, જુગુપ્સિત.
શૃલિ : સં. સ્ત્રી, અંકુશ.
શૃંપિડકાગ્ર : સં. ન. સૂંઢનો અગ્રભાગ, કમળનારનો અગ્રભાગ.
શંઢ : સં. ન. નપુંસક વાંઝિયો પુરુષ અંતઃપુરનો એક સેવક બળદ.

**ષ**

ષટ્ક : સં. ન. છ સંખ્યાનો સમૂહ, છ અવયવવાળું.
ષટ્કર્મન્ : સં. ન. બ્રાહ્મણે આચરવાનાં છ કર્મ, અધ્યાપન, અધ્યાગન, યજન, યાજન, દાન અને પ્રતિગ્રહ.
ષટ્કોણ : સં. ત્રિ. છ ખૂણાવાળું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ, ષટ્કોણ યંત્ર, વજ્રની ઔષધી.
ષડ્દર્શન : સં. ન સાંખ્યયોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાન્ત એ છ આસ્તિક દર્શનો.
ષડ્ંગ : સં. પું. ન. શિક્ષા, કલ્પ વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદ એ અંગો સહિતનો વેદ. વેદના છ અંગો. છ અંગવાળું, બે હાથ, બે પગ, મસ્તક અને કટિ એ છ અંગ ગાયનાં દૂધ, દહીં, ઘી, છાણ અને ગૌરેચના એ છ અંગ.
ષડ્રિપુ : સં. પું. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર. શત્રુ સમા ભાવો.
ષડ વક્ર : સં. ત્રિ. છ સ્થળે વાંકુ, જેવા છ વાંકા હોય તે.
ષડ્વિધ : સં. ત્રિ. છ પ્રકારનું છ જાતનું.
ષષ્ઠ : સં. ત્રિ. છઠ્ઠું છઠ્ઠા ક્રમમાં રહેલું.
ષષ્ટિ : સં. સ્ત્રી. સાઠની સંખ્યા, સાઠ.
ષેમ : ક્ષેમ કલ્યાણ
ષોડશ : સં. ત્રિ. સોળની સંખ્યા
ષોડશમાતૃકા : સં. સ્ત્રી. સોળમાતૃકાઓ, સોળશક્તિઓ ગૌરી, પદ્મા, શુચી, મેધા, સાવિત્રી, વિજયા, જયા, દેવસેના, સ્વધા, સ્વાહા, શાન્તિ, પુષ્ટિ, તુષ્ટિ, ધૃતિ, માતર, લોકમાતર, એ સોળ દેવીઓ
ષંડક : સં. ત્રિ. નપુંસક, બળદ
ષડ્સ્રક : છ ખૂણાવાળું ષડ્ભુજ, આકૃતિ

**સ**

સક્થિ : સં. સક્રિય ત્રિ. કામ કરતું ક્રિયાશીલ ગતિશીલ, આળસુ ન હોય તેવું.
સજ્ : સં. સ્ત્રી. હાર–માળા
સત : સં. ત્રિ. સત્ય, સાધુ, પૂજ્ય, અસ્તિત્વમાં રહેલું, અસ્તિત્વ, અભાવ વિરુદ્ધ ભાવ (ન) બ્રહ્મ
સત્વ : સં. ન. અસ્તિત્વ, ભાવ, પ્રાણી, જન્તુ, પશુ, બળ, સત્વ ગુણ.
સપ્તધા : સં. અ. સાત રીતે, સાત ભાગમાં
સપ્ત ધાન્ય : સં. ન. સાત પ્રકારનાં ધાન્ય, વીહિ, યવ, ગોધૂમ, (ઘઉં) મુદ્ગ (મગ) માષ (અડદ) ચણક (ચણા) આદિ.
સપ્તતમ્ : સં. ત્રિ. ન. સિત્તેરમું
સપ્તતિ : સં. સ્ત્રી. સિત્તેર
સપ્તત્રિંશત્ : સં. ત્રિ. સાડત્રીસની સંખ્યા.
સપ્તાંગ : સાત અંગવાળું.
સપ્તદશ : સં. ત્રિ. સત્તરની સંખ્યા
સપ્તન્ : સં. ત્રિ. સાતની સંખ્યા
સપ્ત માતૃકા : સં. સ્ત્રી. સાતદેવીઓ, સાત માતૃકાઓ
સપ્તર્ષિ : સં. પું મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, ભરદ્વાજ, વસિષ્ઠ, વગેરે સાત પુરાતન ઋષિઓ સપ્તર્ષિનું મંડળ
સપ્તશત : સં. ત્રિ. સાતસોની સંખ્યા
સપ્તાશ્વ : સં. પું. સાત અશ્વો જેના રથે છે તે સૂર્ય
સદન : સં. ન. મકાન, ઘર, નિવાસ
સદ્મ : સં. ન. મકાન નિવાસ ઘર
સદ્મન : સં. ન. મકાન, નિવાસ ઘર

સનાતન : સં. ત્રિ. નિત્ય, ત્રણે કાળનું કાયમનું
સપાદ : સં. ત્રિ. ચતુર્થાંશ સહિતનું સવા કે
સમ : સં. ત્રિ. સરખું, સપાટ, સમાન
સમ ચતુર સ્ત્રી : સં. ત્રિ. સમ ચોરસ
સમદલ : સં. ત્રિ. સરખા ભાગવાળું, સરખાદળવાળું જેના બન્નેય ભાગ સરખા હોય તેવું.
સમય સૂચક : સં. ત્રિ. સમયને ઓળખનાર, પ્રસંગ પ્રમાણે કામ કરનારી પ્રત્યુત્પન્નમતિ.
સમસૂત્ર : સં. ન. સમાન રીતે માપ થવું કરવું તે
સમર્પણ : સં. ન. સોંપી દેવું, આપી દેવું, સારી રીતે અર્પણ કરવું.
સમન્તતસ : સં. અ. ચારે તરફ, ચોતરફ, સર્વત્ર
સમાસીન : સં. ત્રિ. બેઠેલું, વિરાજેલું
સમાવૃત્ત : સં. ત્રિ. વીંટળાએલું, ઘેરાએલું પરિવારિત
સમાપન : સં. ન. સમાપ્તિની ક્રિયા, સમાપ્તિ, પૂરૂં કરવું તે.
સમુદ્ર સં. પું. સાગર, દરિયો.
સમુદ્ર ગૃહ : સં. ન. જળાશય વચ્ચે રહેલું મહાલય, ગરમીની ઋતુમાં નિવાસ ઋતુમાં નિવાસ કરવા યોગ્ય ઘર
સમુચ્ચય : સં. પું. સમૂહ, સંકલન, મોટો ઢગલો
સમુચ્છલિત : સં. ત્રિ. ખૂબ ઉછળેલું
સમુચ્છ્રય : સં. પું, ઉંચાઈ પ્રગતિ, સમૃદ્ધિ,
સમુચ્છ્રિત : સં. ત્રિ. ઉંચે ગએલું પ્રગતિ પામેલું સમૃદ્ધ
સમુત્સેધ : સં. પું. ઉંચાઈ
સમસંધિ : સં. ત્રિ. બરાબર જોડાએલું સરખા જોડાણવાળું સમાનતકવાળું
સમુલાવધ : સમૂલવધ : સં. પું. મૂળમાંથીનાશ, સંપૂર્ણનાશ
સમો વસરણ : જેની ચારે બાજુ તીર્થંકરોની મૂર્તિઓ આવતી હોય તેવું શિખરા કૃત શિલ્પ
સમૃદ્ધ : સં. ત્રિ. ઘણું વધેલું, વૃદ્ધિ પામેલું સમૃદ્ધ થયેલું મોટા વૈભવવાળું.
સર : સં. ન. તળાવ, પાણી, દહીંની તર, બાણ, મીઠું, સરવું, ખસવું વહેવું તે.
સરપટ્ટિકા : (સરપત્રિકા) કમળનો વેલો, કમળનુ પાંદડું, મુખ્ય પટ્ટી
સરલ : સં. ત્રિ. સીધું, નિષ્કપટ, સાદું, ઉદાર (પું) વાયુ
સર્પ : સં. પું. સાપ, પેટે ઘસડાઈ ચાલવું તે વક્રગતિ
સરસ : સં. ત્રિ. રસવાળું બીનું પાણીવાળું તળાવ
સરસી : સં. સ્ત્રી. તળાવ બાંધેલું તળાવ સરોવર
સરસ્વતી : સ. સ્ત્રી. વિદ્યાની દેવી એક પ્રાચીન પવિત્ર નદી
સરોવર : સં. ન. મોટું તળાવ, ઉત્તમ તળાવ.
સવિતા : સં. સવિતૃ પું. સૂર્ય, ઉત્પાદક, સૃષ્ટિના ઉત્પાદક
સવિત્ર : સં. ન. ઉત્પત્તિનું કારણ જન્મનું કારણ, માતા-પિતા.
સર્વંત : સર્વંત : અ. ચોતરફ સર્વત્ર. અ. સર્વસ્થળે
સર્વતા ભદ્ર : સં. પું. ન. ચારેય દિશામાં દ્વાર હોય તેવું મકાન દેવ પૂજામાં ઉપયુક્ત
સર્વગ : સં. ત્રિ. ગમે ત્યાં જઈ શકે તેવું સર્વ વ્યાપી ચતુર સ્ત્રી મંડળ
સવ્ય : સં. ત્રિ. ડાબુ
સવર્ણ : સં. ત્રિ. સમાન રંગનું એક જ જાત પ્રકારનું સરખું.
સવ્યમાર્ગ : સં. પું. ડાબી બાજુનો રસ્તો, ઉલટો રસ્તો.
સલ : સં. ન. પાણી, જળ
સલિલ : સં, ન. જળ-પાણી
સશ્મશ્રુ : સં. ત્રિ. દાઢીવાળું મોટા રૂંવાટાવાળું
સ્ત્ર સ્તર : સં. પું. સાથરો, શય્યા, પથારી
સહચર : સં. ત્રિ. સાથે રહેનાર, ફરનાર, ચિત્ર
સહ્યાદ્રિ : સં, પું. સહ્ય પર્વત, મહારાષ્ટ્રનો એક પર્વત
સહસ્ત્રી : સં. ન. હજારની સંખ્યા
સહસ્ત્રાક્ષ : સં. પું. ઈન્દ્ર
સહિષ્ણુ : સં. ત્રિ. સહન કરવાના સ્વભાવનું સહનશીલ.

સ્કંધ : સં. પું. ખભો, ખાંધ, વૃક્ષનું થડ આખલાની ખૂંધ, શરીર બૌદ્ધ તત્ત્વજ્ઞાનના પાંચ સ્કંધ માર્ગ, વૃક્ષ વગેરેનાં મોટા વિભાગ શિક્ષક, ડાહ્યો માણસ મોટી ડાળી, વિભાગ

સ્કંધવેધ : સં. પું. સ્કંધ સમી ઊંચાઈનું માપ, પ્રમાણ

સ્ખલયતિ : સં. ક્રિ. વર્તમાનકાળ, તે સ્ખલિત કરે છે. પાડે છે. ભ્રષ્ટ કરે છે. હલાવી નાંખે છે

સ્તબ્ધ : સં. ત્રિ. થંભી ગયેલું જડ, હલન ચલન ન કરી શકે તેવું અટકેલું રોકેલું

સ્તન : સં. પું. સ્ત્રીનો પયોધર, ધાઈ

સ્તર : સં. પું. થર, તર, પથારી, આચ્છાદન

સ્તૂપ : સં. પું. ટેકરો, દેવ, ગુરુ વગેરેનાં પગલાં કે સ્મૃતિચિહ્ન સંઘરેલ સ્થાન

સ્ત્યાન : સં. ન. ઘનતા, ઘટ્ટતા, સ્નેહ, ચિક્કણતા

સ્તંભ : સં. પું. થાંભલો, આધાર, જડતા, સ્તબ્ધતા

સ્તંભતલ : સં. ન. ઘાટેલા કે ચણેલા થાંભલાનો નીચેનો ભાગ.

સ્તંભન : સં. ન. જડતા, થંભાવી દેવું સ્તબ્ધ કરવું જડ કરવું તંત્ર પ્રસિદ્ધ એક જાતનો અભિચાર પ્રયોગ.

સ્તંભવેધ : સં. પું. સ્તંભનું માપ

સ્તંભિકા : સં. સ્ત્રી. થાંભલી, નાનો આધાર, સ્તંભ

સ્તંભાસન : સં. ન. સ્તંભો પર રચેલી બેઠક આસન

સ્થપતિ : સં. પું. સુથાર, ગૃહશિલ્પી, કાષ્ટકાર

સ્થાણ્વીશ્વર : સં. ન. તે નામનું કાન્યકુબ્જનું નગર

સ્થાપત્ય : સં. ન. સ્થપતિનું કર્મ, સુથારનું કામ, તેનીકલા, ગૃહરચના બાંધકામની વિદ્યા, શિલ્પશાસ્ત્રી, બાંધકામ

સ્થાવર : સં. ત્રિ. સ્થિર, જડ, અચલ, હેરફેર ન કરી શકાય એવી પર્વત ઘર વગેરે સંપત્તિ

સ્પંદ : સં. પું. હિલચાલ, ફરકવું તે હાલવું સંચાર કરવો તે.

સ્પન્દન : સં. પું. રથ. (ન) ઝરવું ટપકવું વહેવું તે

સ્ફટિક : સં. પું. એક પ્રકારનો અર્ધપારદર્શક મૂલ્યવાન પત્થર મણિ

સ્મશાન : સં. ન. મૃત શરીર બાળવા-દાટવાનું સ્થાન

સ્વયંભુવ : સં. સ્વાયંભુવ પું. બ્રહ્મા, પ્રજાપતિનો પુત્ર.

સ્વયંવર : સં. પું. સ્વયંપોતે જ પસંદગી કરવી તે તે એક પ્રકારનો એક વિવાહ

સ્વગત : સં ત્રિ પોતાનામાં રહેલું મનમાં રહેલું પોતાને અંગે, નાટ્યમાં એક પ્રકારની ઉક્તિ, પોતે જ પોતાને બોલે તેવી ઉક્તિ

સ્વસ્તિક : સં. પું. સાથિયાનું ચિહ્ન તેવા આકારનુ ઘર તેવા આકારનું ચૌટું એક પ્રકારનું આસન

સ્વરવેધ : સં. પું શબ્દવેધ અવાજ ઊપરથી લક્ષ્ય વિંધનું તે

સ્વર્ગ : સં. પું. અંતરિક્ષમાં રહેલ દિવ્યલોક,દેવોનું વાસ સ્થાન

સ્વર્ણ : સં. ન. સુવર્ણ સોનું

સ્વધિતિ : સં. સ્ત્રી કુહાડી, વાંસલો

સાકાર : સં. ત્રિ. મૂર્ત, સ્થૂલ, રૂપ, આકારવાળું સાક્ષાત્

સાકેત : સં. ન. અયોધ્યાનગર

સાદૃશ્ય : સં. ન. સરૂપતા, સમાનતા, સમાન આકાર રૂપ હોવું તે

સાધાર : સં. ત્રિ. આધારવાળું, પ્રમાણ સાથેનું

સાધારણ : ત્રિ સામાન્ય

સાધ્ય : સં. પું. એક દેવજાતિ, સાધવા યોગ્ય, પુઆર કરવા યોગ્ય, સાધવાનો મંત્ર (ત્રિ) બનાવવા યોગ્ય, સિદ્ધ કરવા યોગ્ય

સાનુ : સં. પું. શિખર. ટોચ

સામંતરાજ : સં. પુ. અનેક ખંડિયા રાજાઓનો અધિપતિ સમ્રાટ મુખ્ય સામંત

સાયક : સં. બાણ તીર

સાયુજ્ય : સં. ન. જોડાણ, સંમિલન, સંબંધ, સહયોગ એક પ્રકારની મુક્તિ

સાર્થ : સં. ત્રિ. અર્થવાળું (ત્રિ) વેપારીઓને સમૂહ. ટોળું વેપારી.

સારંગ : સં. પું. ચાતક બપૈયો એક પ્રકારનો મૃગ હાથી ભમરો એક જાતનું તંતુવાદ્ય,

સાલાર : સં. ન. ખીંટી અભેરાઈ
સાલા : સં. સ્ત્રી શાલા–ઘર.
સાલ્વ : સં. પુ. તે નામે એક દેશ ત્યાંનો નિવાસી ત્યાંનો રાજા
સાષ્ટાંગપાત : આઠેય અંગો ભૂમિને અટકે એવી રીતે નીચા પડીને તે પ્રકારનો નમસ્કાર
સિકતિત : સં. ત્રિ. સિકતામય, રેતાળ
સિકતા : સં. સ્ત્રી. રેતી, વેળુ, રેતાળ પ્રદેશ.
સિત : સં, ત્રિ. ધવલ, ઉજ્વલ
સ્થિત : સં. ત્રિ. ઉભેલું, સ્થિર, જડ
સ્થિર શિલા : સં. સ્ત્રી. ઘરની પાયાની આધારશિલા
સિદ્ધ : સં. ત્રિ. તૈયાર થયેલુ, નિષ્પન્ન નીપજેલું. બનેલું નિત્ય, ઈશ્વર, સિદ્ધ મેળવનાર તપસ્વી મુનિ એક દેવજાતિ ગોળ, સફર થએલો મંત્ર
સિદ્ધધાતુ : સં. પું. પારો પારદ
સિદ્ધિ : સં. સ્ત્રી. પુર્ણતા. સમાપ્તિ, સફરતા, રાંધેલુ અણિમા આદિઆઠ શક્તિ મોક્ષ, સંપતિ,
સ્નિગ્ધા : સં. સ્ત્રી. સ્નેહાળ સ્ત્રી.
સ્નિગ્ધ : સં. ત્રિ. સ્નેહાળ, ચિકણું, સુંવાળુ, સુંદર.
સ્ફિચ : સં. સી નિતંબ, શ્રેણી, કુલી.
સિંહ : સં. પું. વનરાજ સિંહ, સિંહરાશી, સરગવાનુ વૃક્ષ,) ત્રિ.) શ્રેષ્ઠ.
સિંહસ્થાન : સં. ન. સિંહાસન.
સિંહદ્વાર : સં. ન. મોટું દ્વારા, મુખ્ય દ્વાર.
સિંહાસન : સં. ન. સિંહોની કોતરણીવાળું મોટું આસન રાજાનું આસન.
સિંહાવલોકન : સં. ન. ચોતરફ ધ્યાનથી જોવું તે.
સ્ફીત : સં. ત્રિ. પુષ્કળ પર્યાપ્ત, વૃદ્ધિ પામેલું, સ્થૂળ.
સીમન્ : સં સ્ત્રી, મર્યાદા હદ.
સીમા : સં. સ્ત્રી. સરહદ, મર્યાદા, સીમાડો સીમ છેરો વૃષણ.
સીર : સં. પું. સૂર્ય (ન.) હળ
સીરિન્ : સં. ત્રિ. હળધારી (પું) બળદેવ.
સુગ્રીવ : સં. ત્રિ. સુંદર ગરદનવાળું, (પું) તેનામે એક વાનર.
સુચુટી : સં. સી. ચીપિયો, સાણુસી.
સુચ : સં. સ્ત્રી. સરવો, યજ્ઞમાં વપરાતી ખેરની કડછી.
સુત : સં. પુ. પુત્ર (ત્રિ.) જન્મેલું, ઉત્પન્ન થયેલું નિચોવેલું.
સુધા : સં. સ્ત્રી ચુનો, અમૃત, દૂધ, કળીચુનો, રસ, રસ, આંબો, હરડે.
સુધીર : સં. ત્રિ. ખુબ ધૈર્યવાળુ. ધીરતાવાળુ.
સુધિતિ : સં. સ્ત્રી. કુહાડી, વાંસલો, ફરસી.
સુનંદન : સં. ન. બલદેવનું મૂસલ, (ત્ર.) ઘણો આનંદ આપનાર.
સુપર્ણ : સં. પું. સારી પાંખવાળું પક્ષી ગરુડ.
સુપથ : સં. ન. સન્માર્ગ, સુંદર માર્ગ, સારો રસ્તો.
સુપતાક : સં. ત્રિ. સુંરર પાતકોએ ધજાઓ વડે શણગારેલું.
સુપૂર : સં. ત્રિ. સહેલાઈથી પૂરાય, ભરાય તેવું, જેવાં જલદીપૂર આવે તેવો નાનો વહેળો.
સુપ્રભ : સં. ત્રિ સુંદર પ્રભા, ક્રાન્તિવાળું ઘણું તેજસ્વી.
સ્ફુટ : સં. સ્પષ્ટ ફુટેલું વિકસેલું, તૂટેલું.
સુભદ્ર : સં. ત્રિ. કલ્યાણકારક, મંગલકારક (પું) વિષ્ણુ.
સભામાર્ગ : સં. પું. સભાખંડમાં જવાનો માર્ગ, મહાલયમાં જવાનો માર્ગ લીસોધરો.
સુભગા : સં. સ્ત્રી. સૌભાગ્યવતી સ્ત્રી, તુલસી, બટમોગરો, પતિને પ્રિય સ્ત્રી, હળદર.
સુભગી : સં. સ્ત્રી સુંદર રચના, સુંદર ગોઠવણી.
સદ્મન : સં. ન. ઘર નિવાસ સ્થાન.
સુમન : સં **सुमनम्** ન. પુષ્પ ફુલ
સુયશ : સં. **सुयशम्** ત્રિ. પણું યશસ્વી મોટી કિર્તિવાળું.
સુરસેન : સં. પું. દેવતાઓના નાયક, દેવોની સેનાના નાયક કાર્તિકેય.
સુર : સં. પું. દેવ, સૂર્ય, વિદ્વાન.
સુરંગ : સં. ત્રિ. સુંદર રંગવાળ. (પું. ન.) ભોયરું હિંગળોક, પલંગ.

સુરાંગના : સં. સ્ત્રી. દેવલોકની સ્ત્રી, દેવી.
સુષિર : સં. ન. છિદ્રવાળું, ફુંકથી બનાવાય એવું વાદ્ય મુરલી આદિ.
સૂકર : સં. પું. ભૂંડ, વરાહ, એક પ્રકારનો મૃગ, કુંભાર.
સૂચી : સ.. સ્ત્રી. સોય, ચોટલીનો અગ્રભાગ, યાદી, કોઠો, રચના, દર્ભની અણી. દર્ભ અણી, અગ્રભાગ.
સૂચિમુખ : સં. પું. ન. નોળિયો, ઉંદર, મચ્છર.
સૂડિકા : સં. સી. સુડી.
સૂત : સં. પું. પારો, સારથિ ક્ષત્રિયપિતા અને બ્રાહ્મણી માતાનો પુત્ર. સૂર્ય, આકડો, બંદિ, સ્તુતિ ગાયક, (ત્ર.) ઉત્પન્ન થયેલુ. જન્મેલું.
સૂત્ર : સં. ન, સૂતર, દોરી, માપમાટેની દોરી, અલ્પ શબ્દોવાળી અર્થઘન ઉક્તિ.
સૂત્રપાત : સં. પું. માપણી.
સૂત્રસંપાત : સં. પું. માપણી.
સૂત્રધાર : સં. પુ.. માપ લેનાર શિલ્પી, નાટયમા મુખ્ય નટ, સુથાર, ઇંદ્ર.
સ્થૂલ : સંત્રિ, જાડું, મોટું પુષ્ટ. (પું.) ફણસનું વૃક્ષ.
સ્થૂણા : સ સ્ત્રી, થાંભલો, ખૂંટો, ખિલો, મેખ.
સૂનુ : સં. પું. પુત્ર.
સૂરિ : સં. પું. સૂર્ય, વિદ્વાન, આકડો.
સૂપર્ક : સં. નં. સુરજમુખીનું પુષ્પ, સિદ્ધમાથી પડતું નાનું તેજવર્તુળ.
સૂર્યાશ્વ : સં. પું. સૂર્યના રથે જોડેલો ઘોડો જે હરિત ગાઢ.
સૂર્ય : સં. પું. સૂરજ, સૂર્ય, આકડો.
સૃક : સં. ન. પોયણું કુમુદ, રાત્રિ વિકાસી કમળ.
સૃજન : સં. સર્જન ન. ઉત્પાદક, બનાવવું તે સર્જન.
સૃષ્ટા : સર્જનહાર, ઈશ્વર.
સૃ (સરિત) લં. ક્રિ. ખસવું સહવું સહવું, વહેવું, હાલવું.
સૃષ્ટિમાર્ગ : સત્ત્વગા માર્ગથી, સત્વોમાર્ગ.
સેતુ : સં. પું. પુલ, બે કિનારને જોડતો માર્ગ, પાળો, પાળ, ઘોરિયો.
સોપાન : સં. ન. પગથિયું, નિસરણી.
સોમ : સં. પું. ચંદ્ર સોમલતા, કુબેર, યમ, વાયુ, કપૂર, શિવ, સોમયાગ.
સોમતીર્થ : સં. ન. પ્રભાસ તીર્થ, પ્રભાસ પાટણનું તીર્થ.
સૌકત : સં. ન. રેતાળ પ્રદેશ.
સૌભાગ્યવતી : સં. સ્ત્રી. સૌભાગ્યવતી, જેનો પતિ જીવે છે તેવી સ્ત્રી.
સૌભાગ્ય પદદ્વાર : સં. ન. સારુ ભાગ્ય પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉપાય.
સૌધ : સં. ન, ધોળેલું મહાલય, રાજમહેલ, રૂપુ કળીચુનાનો દૂધિયો પત્થર
સૌમ્ય : સં. ત્રિ સોમ દેવ અંગેનું, મનોહર, શાન્ત. તેજસ્વી, બુદ્ધિગ્રહ.
સૌરિ : સં. પું. સૂર્યનો પુત્ર શનિ, યમ, કર્ણ, સુગ્રીવ આદિ એક વનસ્પતિ.
સૌવીર : સં. પું. તે નામે દેશ, સિંધમાનો એક પ્રદેશ (ન.) બારે નેત્રાંજન, સુરમો.
સંકર સં પું. મિશ્રણ, શુદ્ધિ ભ્રંશ, ભેળસેળ.
સંકર્ષણ : સં. પું. બલદેવ (ન.) ખેચવું ખેંચીને સ્થાનાંતરિત કરવું.
સંક્રાંતિ : સં. સ્ત્રી. સંક્રમણ પ્રવેશ, ગતિ, ગ્રહોનો એક રાશિમાંથી બીજી રાશીમાં પ્રવેશ.
સંકીર્ણ : સં. ત્ર સેળભેળ, અશુદ્ધ, અવ્યવસ્થિત
સંકાશ : સં. ત્ર સદશ, સમાન, તુલ્ય, સમીપનું;
સંકુલ : સં. ન. ગિરદીવાળું, અવ્યવસ્થિત સાંકડું, સમૂહ, યુદ્ધ.
સંક્રમ : સં. પું. એક સ્થળેથી બીજે જવું. પ્રવેશ કરવો, ગ્રહનો રાશિ પ્રવેશ, ગમન, પ્રતિબિંબ
સંક્રમણ : સં. સ્ત્રી. પ્રવેશ પ્રતિબિંબ.
સંગમ : સં. પું. મિલન, સંયોગ જોડાણ.
સંચય : સં. પું. ઢગલો ભેગું કરેલું.
સંચર : સં. પું. ગતિ.
સંચયન : સં. ન, ભેગું કરવું, એકઠું કરવું.
સંચાર : સં. પું. ગતિ, હલન ચલન.
સંજીવન : સં. ન. સારી રીતે જીવવું, પરસ્પર સન્મુખ હોય એવા ચાર ઘરનો સમૂહ

સંતાન : સં. પું. વંશવર્ધક પુત્ર કુળ, વિસ્તાર, કલ્પવૃક્ષ.
સંદર્ભ : સં. પું. રચના, ગ્રંથ, સર્વ સંગ્રહ, જ્ઞાનકોશ.
સંદિગ્ધ : સં. ત્રિ સારી રીતે લેપેલું સંદેહવાળું શંકાસ્પદ.
સંધાન : સં. પું. જોડાણ, સંયોગ સ્થાન ચોરે ભીંતમાં કરેલો છેદ, ખાતર, સંધાન, સલાહ સંપ, એક પ્રકારનો રાજનૈત્તિક ઉપાય.
સંધા : સં. સ્ત્રી. સ્થિતિ પ્રતિજ્ઞા, સાંધવું તે, અનુસંધાન.
સંધિપાત : સં. પું. છેદ કરવો, ફાટ પાડવી, ખાતર પાડવું.
સાંધાર પ્રસાદ : જેમાં ગર્ભગૃહની ફરતે પ્રદક્ષિણાનો માર્ગ હોય તેવો પ્રાસાદ.
સંનદ્ધ : સં. ત્રિ સજ્જ બખ્તરધારી, શસ્ત્ર, સજ્જ વ્યૂહમાં ગોઠવાએલ.
સિંધુપ્રદેશ : સં. પું. સિંધુ નદીના કાંઠાનો પ્રદેશ, સિંધ દેશ.
સંપુટ : સં. પું. બે પાત્ર ભેગા કરી બનાવેલ દાબડો, પટારો.
સંપાત : સં. પું. ભેગવવું, એકઠા થવું સમૂહ.
સંપ્રતિ : સં. અ. હાલ અત્યારે.
સમાર્જની : સં. સી સાવરણી.
સંયમન : સં. ન. સારી રીતે જોડવું, બાંધવું કાબુમાં રાખવું.
સંપ્લવ : સં. પું. પાણીનું પૂર, તરબોળ કરવું તે સારી રીતે તરવું તે.
સંયુક્ત : સં. ત્રિ જોડેલું, જોડાએલું, ભેગું મળેલું.
સંયોગ : સં. પું. જોડાણ, મિલન, પ્રસંગ.
સંવરણા : સં. સી. સંવરણ, (ઢાંકવું તે, આચ્છાદન
સંવ વન : સં. ન. સાથે મળી બોલવું, યાચવું વિચારવું, સ્નેહ કરવો.
સંવજ્ઞ : સંવજ્ઞ બધુ જાણનાર, તીર્થંકરની એક સંજ્ઞા, ઈશ્વર.
સંવસથ : સં. પું. સાથે નિવાસ કરવો તે.
સંવીત : સં. ત્ર જોડાએલું, સંયુક્ત, મળેલું, ઘેરાએલું આવૃત્ત ઢાંકેલું, છુપાયેલું.
સંવિધા સં. સી. પ્રકાર, કર્મ, રચના.
સંવિધાન : સં. ન. કર્મ, રચના
સંવૃત્ત : સ. ત્રિ. ઢાંકેલું, છુપાએલું, ગુપ્ત, સુરક્ષિત
સંવેદ : સં. પું. સહાનુભૂતિ
સંવાસ : સં. પું. શયન, સૂઈ જવું તે
સવ્યાન : સં નં. ઉત્તરીય વસ્ત્ર, ઓઢવાનું વસ્ત્ર
સંશ્રવણ : સં. નં. સ્વીકાર, અંગિકાર
સંસારણા : સ. સ્ત્રી, સંસાર સાથે ચાલવું તે પ્રવાહ ધોરી માર્ગ, સરિયામ રસ્તો, યુદ્ધનો આરંભ
સંસ્કાર : સં. પુ. કેળવણી, ઘડતર, નવા ગુણો મૂકવા તે, રસોઈ
સંસદ : સં. સ્ત્રી. સભા, સભાસ્થાન
સંસ્થા : સં. સ્ત્રી. સ્થિતિ, વ્યવસ્થા સાદશ્ય નાશ
સંસ્થાન : સં. ન. ચારરસ્તા મળે તે ચૌટું સ્થિતિ, ચિન્હ, આકાર, ચરણ
સંસ્થાપક : સં. પું મૂકનાર, ગોઠવનાર સ્થાપના, આરંભ કરનાર
સંસ્મરણા : સં. સ્ત્રી. સંભારવું તે સ્મરણ કરવું તે સ્મૃતિ ચિન્હ
સંહિતા : સં, સ્ત્રી સંગ્રહ મંત્ર સંગ્રહ વેદ, ધર્મ સંગ્રહ, સ્મૃતિ આદિ
સિંહલ : સં. પું. તે નામ એક દેશ
સંહારમાર્ગ : સં. પું વિનાશનો રસ્તો સંક્ષેપનો ઉપાય
સંસ્તર : સં. પું. પાંદડાની શય્યા, પાંદડાવાળી ડાળી શય્યા, પથારી,
સ્તભ : સં. પું થાંભલો, જડતા આધાર
હટ્ટ : સં. ન. હાટ, દુકાન, બજાર, હાડકું
હટ્ટી : સં. સી. હાટડી, દુકાન
હતિ : સં. સ્ત્રી. આઘાત, પ્રહાર, હણવું તે ગુણાકાર કરવો તે વિઘ્ન
હન્ : સં. ક્રિ. હણવું, મારવું.
હનુ : સં. ન. હડપચી, જડબું
હનુવટી : સં. સ્ત્રી હડપચી, જડબું, જડબાનું હાડકુ
હય : સં. પું, ઘોડો

હયગ્રીવ : સં. પું. ઘોડાના મુખનો એક ગંધર્વ, એક રાક્ષસ
હયાનન : સં. પું. હયગ્રીવ, ઘોડાના મુખવાળું
હર : સં, પું. મહાદેવ, અગ્નિ
હરિ : સં. પું. વિષ્ણુ સિંહ કિરણ ઘોડો પોપટ સર્પ, દેડકો, વાનર. યમ વાયુ, ઈન્દ્ર, સૂર્ય. ચંદ્ર કોયેલ; હંસ, લીલું,
હરિત : સં. પું. લીલારંગનું તાજુ
હર્મ્ય : સં, ન. હવેલી, મહાલય
હર્મ્ય પ્રાકાર : સં. પું. મહાલયની ભીંત ચારે ફરતો કોટ
હર્મ્ય શાખા : સં. સ્ત્રી મહાલયનો એક વિભાગ, મહાલયનો નવો વધારો
હસ્ત : સં. પું. હાથ એકહાથ જેટલું માપ, હાથીની સૂંઢ, હસ્ત નક્ષત્ર
હસ્તક્રિયા : સં. સ્ત્રી હાથે કરાતું કામ
હસ્તાંગુલિ : સં. સ્ત્રી. હાથની આંગળી
હસ્તિની : સં. સ્ત્રી હાથણી
હસ્તમુદ્રા : સં. સ્ત્રી હાથવડે કરાતો આકાર અભિનય
હૃદય : સં. ન. હૃદય
હહા : સં. પું. તે નામે એક ગંધર્વ
હૃદ : સં. ન. હૃદય
હૃષીક : સં. ન. ઇન્દ્રિય
હ્રસ્વ : સં. ત્રિ. ટૂંકું નાનું
હીયમાળા : શરમાળ
હિક્કાસૂત્ર : સં. હેડકીની પરંપરા
હિંડોલક : સં. પું. હિંડોળો, હિંચકો, ખાટ
હિરણ્ય : સં. ન. સુવર્ણ ઉત્તમધન, અકુપ્ય ન ખૂટે તેવું ધન
હિરણ્યગર્ભ : સં. પું. પરમેશ્વર, જેના પેટાળમા સુવર્ણ તેવું.
હીન : સં. ત્રિ. ઓછુ, તજેલુ, છોડલુ હલકું, નિંદ્ય
હીરક : સં. પું. હીરો રત્ન
હેતિ : સં. સ્ત્રી, તલવાર, ભાલો, અરજા, જવાલા, કિરણ, તેજ
હેરમ્બ : સં. પું. ગણપતિ, હાથી
હેય : સં. ત્રિ. ત્યાજ્ય, તજવા યોગ્ય, નિંદ્ય
હંસ : પું હંસપક્ષી, સૂર્ય, વિષ્ણુ, પરમાત્મા, ગુરુ એકજાતનો ઘોડો શિવ.
હૈહય : સં. પું તે નામે એક ક્ષત્રિય જાતિ, તે જાતિનો રાજા
ક્ષણ : સં, પું. ઉત્સવ સમયનો એકનાનો વિભાગ
ક્ષાન્તિ : સં. સ્ત્રી ક્ષમા, સહનશીલતા
ક્ષ્મા : સં. સ્ત્રી. પૃથ્વી, ભૂમિ
ક્ષુદ્ર : સં. ત્રિ તુચ્છ
ક્ષોભ : સં. પું તરલતા, ચંચળતા અસ્થિરતા ડહોળાવું તે
ક્ષોભન : સં. ન. અસ્થિરતા કરવી તે
ક્ષૌમ : સં. ન. રેશમી વસ્ત્ર.

# સમાપ્ત

## શિલ્પવિશારદ સ્થપતિ શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા દ્વારા અનુવાદિત સંપાદિત અને પ્રકાશિત શિલ્પશાસ્ત્રના અમૂલ્ય ગ્રંથો

**૧ દીપાર્ણવ :** વિશ્વકર્મા પ્રણીત પ્રાસાદ શિલ્પનો મહાન ગ્રંથ ૭૬+૪૮૮=૫૫૪ પૃષ્ઠોનો મોટી રોયલ સાઈઝનો ૭૫૦ આલેખો (ડ્રોઈંગો) હાફટ્રોન બ્લોક, ફોટા બ્લોક ૧૧૦, મૂળ સંસ્કૃત અધ્યાય ૨૭ તેનો ગુજરાતી અનુવાદ અર્થ અને ટિપ્પણ સાથે, ભરપૂર સંપૂર્ણ વિવરણ સમજ સાથે દળદારગ્રંથ જેમાં અનેક દેવદેવીઓની શિલ્પકૃતિઓ અને પ્લાનો ઈલ્લાસ્ટ્રેશન સાથે આપેલા છે. સ્થપતિ પ્રભાશંકરભાઈના દીર્ઘકાળના સક્રિય અનુભવના નિચોડ રૂપ આ ગ્રંથ ભારતમાં સર્વ પ્રથમ અનારા તરફથી પ્રકાશિત થયેલો છે. તેમના અનુભવની પ્રશંશા વિદ્વાનોએ કરી છે. ૫૦ પૃષ્ઠોની વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવનાનું પઠન કરવાથી સંપાદકની કુશળતા, અનુભવ અને વિદ્વતાનો પરિચય થાય છે. રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે આ ગ્રંથની પ્રશંસા કરી ચાર હજાર રૂા. પારિતોષિક સન્માન સાથે શ્રી સોમપુરાજીને આપીને તેમનું બહુમાન કરેલું છે. ના. જામસાહેબશ્રી, ભૂ. પૂ. ગવર્નર શ્રી. ક. મા. મુનશીજી, પુરાતત્ત્વજ્ઞ શ્રી વાસુદેવશરણજી, શ્રીમદ્ શ્રી શંકરાચાર્યજી અને જૈનાચાર્યશ્રી વિજયોદય સૂરિશ્વરજીએ ગ્રંથની પ્રમાણિકતા અને ઉપયોગિતાની પ્રશંસા કરી છે. ગ્રંથના ઉતરાર્ધમાં જૈનપ્રાસાદ, પ્રતિમા, પરિકર, યક્ષયક્ષણી આદિનાં આલેખનો આપેલાં છે. આ ગ્રંથની પ્રતિઓ અલ્પ રહી છે. હાલ તેનું મૂલ્ય નીચે પ્રમાણે છે. પોસ્ટેજ અલગ.

**દીપાર્ણવ** ભાગ-૧ પૂર્વાર્ધ રૂા. ૧૦૦.

**દીપાર્ણવ** ભાગ-૨ ઉત્તરાર્ધ રૂા. ૪૦

**૨ ક્ષીરાર્ણવ :** વિશ્વકર્મા પ્રણીત. નારદ અને વિશ્વકર્માના સંવાદરૂપ આ ગ્રંથ મહાપ્રાસાદોની રચના માટે અદ્‌ભુત અદ્વિતીય મહાન ગ્રંથ છે. સાંધાર પ્રાસાદો, ચતુર્મુખ મહાપ્રાસાદોનો વિષય સવિસ્તર આપેલ છે. બે ત્રણ ભૂમિ ઉદયના મેઘનાદ મંડપોની રચના, ૯ દશ ભૂમિ ઉદયના પ્રાસાદોની રચના અનેક પ્રકારના મંડપો પૃથક પૃથક પ્રકારના કહ્યા છે. ગ્રંથના ૨૨ અધ્યાયો પ્રાપ્ત થયેલ છે. તેમના ૮૦૦ સંસ્કૃત મૂળ શ્લોક તથા તેનો ગુજરાતી અને હિન્દી અનુવાદ વિવરણ સાથે છે. તેમાં અર્થ સમજણ અને આલેખનો, ચિત્રો નકશાઓ સાથે આપેલ છે. અનેક દેવદેવીઓનાં સ્વરૂપ, બત્રીસ દેવાંગનાઓ લક્ષણ-સ્વરૂપો સાથે તેના આલેખનો નકશાઓ-ફોટાઓ વગેરે આપેલાં છે. ૫૮+૩૨૪=૪૧૨ પૃષ્ઠોનો અલભ્ય દુષ્પ્રાપ્ય અવર્ણનીય ગ્રંથ છે. તેની ભૂમિકા પુરાતત્ત્વજ્ઞ વિદ્વાન ડૉ. મોતીચંદજીએ લખી સંપાદકની અને ગ્રંથની પ્રશંસા કરી છે. મૂલ્ય રૂા. ૫૦ પોસ્ટેજ અલગ

**૩ પ્રાસાદમંજરી :** મૂળ સંસ્કૃત સાથે હિન્દી અનુવાદ આપેલ છે. ૮૦ રેખાચિત્રો, ૨૦ હાફટોન બ્લોક છે. પંદરમી શતાબ્દિમાં મેવાડના મહારાણા કુંભાના સ્થપતિ મંડન સૂત્રધારના કનિષ્ઠ બંધુ "નાથજી" એ આ ગ્રંથની રચના કરેલી છે. તેનું પ્રાસાદસ્તબક-પ્રાસાદમંજરી નામે અનુવાદ સાથે, તેનાં ચિત્રો સહિત સંપાદન કરેલ છે. અભ્યાસની દૃષ્ટિએ ઉત્તમ ગ્રંથ છે. અનેક શિલ્પગ્રંથોનાં પ્રમાણો આપેલાં છે. મૂલ્ય રૂા. ચૌદ, પોસ્ટેજ અલગ.

**૪ પ્રાસાદ મંજરી :** ઉપર મુજબ ગુજરાતી અનુવાદ રૂા. ચૌદ, પોસ્ટેજ અલગ.

**૬ વેધવાસ્તુ પ્રભાકર :** મૂળ સંસ્કૃત, જુદા જુદા શિલ્પ ગ્રંથોના વેધ વિચારના સંગ્રહીત કરેલા

સંસ્કૃત શ્લોકો તથા તેમનો ગુજરાતી અને હિન્દી અનુવાદ. પ્રાસાદ, ભવન, પ્રતિમા આદિ પરના વેધ દોષો (અનેક પ્રકારના) આપેલા છે. ગ્રહસ્થાપન, શલ્યવિજ્ઞાન, દ્વાર, સ્તંભ, પાટ, મુહૂર્ત, ચંદ્ર, વાસ્તુ, વજ્રલેપ, સંક્ષિપ્ત પૂજાવિધિમંત્ર, સૂત્રધાર પૂજન, ગણિત કોષ્ઠક આદિ અનેક વિષયોથી ભરપૂર અલભ્ય સુંદર ગ્રંથ રેખાચિત્રો ફોટાઓ સાથે આપેલો છે. આ ગ્રંથ દીપાર્ણવ, ક્ષીરાર્ણવ અને પ્રાસાદ મંજરી ગ્રંથની પૂર્તિ રૂપે છે. મૂલ્ય રૂા. ૨૦, પોસ્ટેજ અલગ.

**૬ ભારતીય દુર્ગવિધાન :** અનેક પ્રાચીન ગ્રંથોમાંથી દુર્ગ વિષયનું સાહિત્ય એકત્રિત કરેલું છે. શિલ્પના જુદા જુદા ગ્રંથો. પુરાણો, રામાયણ, મહાભારત, કૌટિલ્ય અર્થશાસ્ત્ર, અગસ્ત્ય આદિ ઋષિ મુનિઓના ગ્રંથોમાંથી મૂળ સંસ્કૃત પાઠ પરથી દુર્ગ લક્ષણ, દુર્ગની પહોળાઈ ઉંચાઈ, દુર્ગની આકૃતિ, તેનાં નામો, પ્રતોલ્યાદિ (પોળ) તેના અંગોનાં નામો, શાસ્ત્રીય રીતે આકૃતિ, ચિત્રો, ફોટા વગેરે સાથે સમજાવેલ છે. આ ગ્રંથ શ્રી સોમપુરાજી અને પુરાતત્વજ્ઞ શ્રી મધુસુદનભાઈ ઢાંકીએ સંયુક્ત રીતે લખેલ છે. તેનું મુંબઈના સૌમૈયા પ્રકાશન તરફથી પ્રકાશન થયેલું છે. મૂલ્ય રૂા. ૩૫, પોસ્ટેજ અલગ.

**૭ પ્રાસાદ તિલક :** તેરમી સદીમાં થયેલ સૂત્રધાર વીરપાલ રચિત સુંદરગ્રંથ વિવિધ છંદમાં સંસ્કૃત કાવ્યમાં લખેલ છે. આ અદ્ભૂત ગ્રંથીનીપ્રતો શ્રી સોમપુરાજીના હસ્તલિખિત ગ્રંથ ભંડારમાંથી ફક્ત તેના ચાર અધ્યાયો જેટલી પ્રાપ્ત થયેલી. (મૂળ ગ્રંથ દશેક અધ્યાયનો હોવાનો સંભવ) છે. મૂળ ચાર અધ્યાયો પછી પ્રાચીન ગ્રંથોના આધારે ગ્રંથ પૂર્તિ આપીને સંપૂર્ણ ગ્રંથ આપવા પ્રયાસ કર્યો છે. આ ગ્રંથ પ્રાચ્યવિદ્યામંદિર તરફથી બરોડા યુનિવર્સીટી પ્રેસમાં તેમના ત્રિમાસિક સ્વાધ્યાયમાં છપાવેલો હતો.મૂલ્ય રૂા. ૧૦ પોસ્ટેજ અલગ.

**૮ જૈન દર્શન શિલ્પ :** દીપાર્ણવના ઉત્તરાર્ધ રૂપે છે. જૈનપ્રાસાદ, શિખરો, પ્રતિમામાનો પ્રતિમા લક્ષણ, વર્ણ, લાંચ્છન, પરિકર લક્ષણ, ૨૪ યક્ષ, ૨૪યક્ષણી, ૧૬ વિદ્યાદેવીઓ, દશ દિક્પાળ, નવગ્રહો, જૈનોના ચાર દિશાના આઠ પ્રતિહારો, મણિભદ્ર, ક્ષેત્રપાળ, પદ્માવતી, ઘંટાકર્ણના શાસ્ત્રીય પાઠો અને તે પ્રત્યેકનાં આલેખનો રેખાચિત્રો, જૈનોના શાશ્વતતીર્થો, સમવસરણ, અષ્ટાપદ, મેરૂગિરિ, નંદીશ્વરદ્વીપના શાસ્ત્રીય પાઠો તેમના અનુવાદ, તે પ્રત્યેકના આલેખનો, જૈનોના ૨૪–૫૨–૭૨ અને ૧૦૮ જીનાયતનો, તેમના નકશાઓ, ત્રણે કાળની ચોવીશીઓ તેમના નામ, લાંચ્છન, સિદ્ધચક્ર, ગણધર સંખ્યા, ૐકાર–હ્રીંકારમાં ચોવીસ તીર્થંકર, વર્ણ પ્રમાણે, અષ્ટમંગળ, ચૌદસ્વપ્ન તથા માણેકસ્તંભ આદિ જૈન શિલ્પને લગતું સંપૂર્ણ સાહિત્ય. મૂળપાઠ તથા તેનો અનુવાદ અને રેખાચિત્ર સાથે. આવો અલભ્યગ્રંથ પ્રથમ પ્રકાશિત થયેલ છે. મૂલ્ય રૂા. ૨૦ પોસ્ટેજ પૃથક્.

**૯ ભારતીય શિલ્પ સંહિતા :** પ્રતિમાવિધાન અંગેનો અદ્ભુત ગ્રંથ. પ્રાચીન શિલ્પ ગ્રંથોના આધારે બે વિભાગમાં આપેલ છે. પૂર્વાદ્ધમાં મૂર્તિપૂજા, પ્રતિમામાન, પ્રતિમા તાલમાન–વર્ણ–વાહન હસ્તમુદ્રા, પાદમુદ્રા, આસન, શરીરમુદ્રા, પીઠિકા (સિંહાસન), નૃત્ય ષોડશાભરણ. અલંકાર, આયુધ, પરિકર, વ્યાલ સ્વરૂપો, દેવાનુચર, અસુરાદિ ૧૯ સ્વરૂપો અને બત્રીસ દેવાંગનાઓ આ સર્વના મૂળ સંસ્કૃત પાઠો સાથે અનુવાદ અને તેમના વિસ્તૃત આલેખનો, હજી સુધી આવા સાહિત્યનું પ્રકાશન અલભ્ય અને અમૂલ્ય છે.

ગ્રંથના ઉત્તરાર્ધમાં દેવદેવીઓ આદિ સ્વરૂપો આપેલાં છે. બ્રહ્માનાં ચાર સ્વરૂપો, વિષ્ણુના દશ અવતાર ઉપરાંત ૨૪ અવતારો, વિષ્ણુનાં અન્ય સ્વરૂપો, કૃષ્ણનાં સ્વરૂપો, ચતુર્મુખ વિષ્ણુ, લક્ષ્મીનારાયણ આદિ સ્વરૂપો, શિવ–રુદ્રનાં અવ્યક્ત, વ્યક્ત, વ્યક્તાવ્યક્ત સ્વરૂપો, જ્યોતિર્લિંગ, બાણલિંગ, રાજલિંગ

સહસ્ત્રલિંગ, શતલિંગ, ધારાલિંગ, પાષાણ પરીક્ષા, રુદ્રનાં બાર સ્વરૂપો, ઉમા-મહેશ, દશ સંયુક્ત સ્વરૂપો શિવના અન્ય સ્વરૂપો, નવેક ભૈરવ સ્વરૂપો, નંદી, દેવી, શક્તિ સ્વરૂપો, નવદુર્ગા, સપ્તમાતૃકાઓ, ચંડી આદિ સ્વરૂપો, દ્વાદશ ગૌરી સ્વરૂપો, ચતુર્વિંશની ગૌરી સ્વરૂપો, દ્વાદશ સૂર્ય, ત્રયોદશાદિત્ય સ્વરૂપો, ગણેશના ૨૫ સ્વરૂપો, કાર્તિક, સ્કંદ, વિશ્વકર્મા, યજ્ઞ-વૃષભમૂર્તિ, હનુમંતનાં સ્વરૂપો, દશદિક્પાળ, નવગ્રહો, જૈનતિર્થંકર, યક્ષ-યક્ષિણી, વિદ્યાદેવીઓ, મણિભદ્ર, ઘંટાકર્ણ, ક્ષેત્રપાળ, પદ્માવતી, આઠ દ્વારપાળ, પ્રતિહારો, ચૌદ સ્વપ્ન, અષ્ટમંગળ આદિ આ સર્વના મૂળપાઠ સાથે તેના સેંકડો આલેખનો આપવામાં આવેલાં છે. આવો ગ્રંથ વર્તમાનમાં પ્રથમ પ્રકાશિત થાય છે. તે મુંબઈ સોમૈયા પબ્લિકેશનમાં પ્રકાશિત થયેલ છે.

**૧૦ વાસ્તુસાર :** સૂત્રધાર મંડન વિરચિત અત્યુપયોગીન લઘુગ્રંથ છે. ગુજરાતી ભાષાંતર અને વિવેચન સહિત. મૂલ્ય રૂ. ૩૦, પોસ્ટેજ અલગ.

**૧૧ વાસ્તુનિઘંટુ :** વાસ્તુશાસ્ત્રમાં વપરાતા શબ્દોનાં વિવેચન સાથેનો અભૂતપૂર્વ શ્રી સોમપુરાજી વિરચિત શિલ્પશાસ્ત્રનો શબ્દકોશ. જેનું સંપાદન આચાર્ય ડૉ. હિમ્મતરામ જાનીએ કર્યું છે. પ્રસ્તુત પુસ્તક.

**હવે પછી**

**૧૨** પ્રાસાદ મંજરી મૂળ સહિત. અંગ્રેજી અનુવાદ. પ્રાસાદની જાતિઓ સંપાદકની (હસ્તલિખિત શિલ્પ ગ્રંથોના વિવેચન આદિની) વિસ્તૃત નોટ આપવામાં આવી છે.

**૧૩ વાસ્તુતિલક :** સાતમી આઠમી સદીમાં પંડિત કેશવે લખેલ સુંદર ગ્રંથ. વિવિધ સંસ્કૃત છંદમાં તે કાળના શિલ્પને લગતો છે. ગ્રંથમાં વિવિધતા છે. તેનો વિદ્વાન કર્તા શિલ્પનો જ્ઞાતા જણાય છે. સકલ લોકોપયોગી શિલ્પ એવું તેણે ગ્રંથાન્તે નામ આપેલું છે.

**૧૪ વૃક્ષાર્ણવ :** (૨૦૦૦ શ્લોક પ્રમાણ) આ ગ્રંથનાં પ્રકરણો પ્રાપ્ત થયેલા છે. તે મહા પ્રાસાદોને લગતો અલભ્યગ્રંથ છે.

**૧૫ પ્રાસાદ મંજરી** (અંગ્રેજી અનુવાદ)

**૧૬ વાસ્તુ તિલક** (૪૨૫ શ્લોક પ્રમાણ)

**૧૭ જયપૃચ્છા** (૬૦૦ શ્લોક પ્રમાણ)

**-: પ્રાપ્તિસ્થાન :-**

**શ્રી. ચંદ્રકાન્ત બળવંતરાય સોમપુરા,**
શિલ્પશાસ્ત્રી

૩, પ્રથિક સોસાયટી, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩